જૈનધર્મનો પ્રાણ

પંડિત સુખલાલજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા–૪

જૈનધર્મનો પ્રાણ

લેખક
પંડિત શ્રી સુખલાલજી

સંપાદકો
દલસુખભાઈ માલવણિયા
રતિલાલ દીપચંદ દેસાઈ

: પ્રાપ્તિસ્થાન :
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુંબઈમાં પ્રાપ્તિસ્થાન—

(૧) અશોક કાંતિલાલ કોરા
૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ ૨૬

(૨) મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજી બિલ્ડિંગ, પહેલે માળે
૨૦, પાયધુની, મુંબઈ–૨

પહેલી આવૃત્તિ : ઑગસ્ટ ૧૯૬૨
મહાવીર નિર્વાણ સંવત ૨૪૮૮
વિક્રમસંવત ૨૦૧૮

કિંમત : બે રૂપિયા

પ્રકાશક :
રસિકલાલ કાન્નાભાઈ કોરા
૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ ૨૬

મુદ્રક :
કાંતિલાલ મોતીલાલ દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરજાપુર રોડ, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમપૂજ્યપાદ, પ્રાતઃસ્મરણીય

મુનિમહારાજ

શ્રી પુણ્યવિજયજી મહારાજને

સાદર

સમર્પણ

—કાંતિલાલ કોરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવેદન

વખતને વીતતાં શી વાર લાગે છે?

જોતજોતામાં ભાઈ જગમોહનદાસને ગુજરી ગયા ચાર વર્ષ પૂરાં થયાં. એના પુણ્યસ્મરણ નિમિત્તે શરૂ કરેલી ગ્રંથમાળાનું આજે ચોથું પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે. વર્ષે વર્ષે માળાનો મણકો ફરતો રહે છે, અને ભાઈના સ્વર્ગવાસ-સ્મરણના સંવત્સરને આગળ વધારતો રહે છે!

આ નાની સરખી શુભ પ્રવૃત્તિને સ્વજનો, સ્નેહીઓ, મિત્રો, મુરબ્બીઓ અને વિદ્યાપ્રેમી મહાનુભાવો તરફથી જે મમતાભર્યો આવકાર મળતો રહ્યો છે, તેથી અમારો ઉત્સાહ વધતો રહે છે. એ સૌ મહાનુભાવો પ્રત્યે અમારી ઊંડી કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આ વખતે આ ગ્રંથમાળાના ચોથા પુસ્તક તરીકે અમે પરમપૂજ્ય પંડિતવર્ય શ્રી સુખલાલજીની પ્રજ્ઞા-પ્રસાદી રજૂ કરી શક્યા છીએ એ અમારા માટે વિશેષ આનંદનો વિષય છે. પંડિતજી જેવા ભારત-વિખ્યાત તત્ત્વવેત્તાનું પુસ્તક પ્રકાશિત થવાથી અમારી આ નાની સરખી ગ્રંથમાળા ગૌરવાન્વિત બની છે. આ ગ્રંથમાળાનો પ્રારંભ પણ તેઓશ્રીના 'ચાર તીર્થંકર' પુસ્તકથી જ થયો હતો. પૂજ્ય પંડિતજી તો, એમણે વસાવેલા વિશાળ કુટુંબના વડીલ છે, અને એ કુટુંબમાં બેસવાનું સદ્‌ભાગ્ય અમને પણ સાંપડ્યું છે, એટલે એમનો આભાર તો અમે કેવી રીતે માની શકીએ? અમે હમેશાં એમની આવી મમતાના અધિકારી બની રહીએ એટલી જ અભ્યર્થના કરીએ છીએ.

આ પુસ્તકનું પ્રકાશન કરવાની અનુમતિ આપવા બદલ અમે પૂ. પંડિતજીએ સ્થાપેલ જ્ઞાનોદય ટ્રસ્ટ, અને એના ટ્રસ્ટી મુરબ્બીઓનો હાર્દિક આભાર માનીએ છીએ. આ પુસ્તક એના વાચકને જૈનધર્મની પ્રાણભૂત એવી વિશિષ્ટ માહિતી આપશે, એમાં શંકા નથી.

પૂજ્ય પંડિતજીના વિપુલ સાહિત્યમાંથી લેખોની પસંદગી કરવાનું કામ બહુ મુશ્કેલ હતું. પરંતુ સૌજન્યમૂર્તિ, પંડિત શ્રીયુત દલસુખભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલવણિયા તથા અમારા મિત્ર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ એના સંપાદનનું કામ સ્વીકારીને અમારા કાર્યને સરળ બનાવી દીધું. શ્રી. દલસુખભાઈએ તો પુસ્તકના સંપાદન ઉપરાંત ગ્રંથની ઉપયોગિતામાં ઉમેરો કરે એવી ભૂમિકા પણ લખી આપી છે. આ બન્ને તો અમારા નિકટના મિત્રો અને મુરબ્બીઓ છે, એટલે એમનો આભાર માનવાના બદલે એમની લાગણીની નોંધ લઈને જ અમે સંતોષ માનીએ છીએ.

આ ગ્રંથમાળાનું ત્રીજું પુસ્તક 'પદ્મપરાગ' પ્રગટ થયું ત્યારે અમારાં પૂજ્ય માતુશ્રી હયાત હતાં. એ પુસ્તક તેઓશ્રીને અર્પણ કરવાની મેં એમને જાણ કરી ત્યારે એમના મોં ઉપર સ્વર્ગસ્થ ભાઈ તેમ જ અમારા તરફની મમતાની જે રેખાઓ ઊપસી આવી હતી એ આજે પણ યાદ છે. આ ચોથું પુસ્તક પ્રગટ થાય છે ત્યારે તેઓને સ્વર્ગવાસી થયે (સ્વર્ગવાસ તા. ૨૮-૧૦-૧૯૬૧) દસ મહિના પૂરા થવામાં છે. તેઓની બેઠક અમારા ઘરના પ્રવેશ દ્વારા પાસેના ઓરડામાં હતી. ઘરમાં પેસતાં પહેલાં એમનાં જ દર્શન થાય; અને બહાર જતી વખતે 'બા, બહાર જાઉં છું' એમ કહીને બાના "હા ભાઈ, વહેલો આવજે" એ મમતાભર્યા શબ્દો સાંભળીને જ બહાર જાઉં. જીવનનો એ નિત્યક્રમ થઈ ગયો હતો. પણ આજે એ સ્થાન સૂનું પડ્યું છે અને એ શબ્દો સદાને માટે લુપ્ત થઈ ગયા છે! પણ સંસાર તો સંયોગ અને વિયોગની ફૂલગૂંથણી છે! એમાં અફસોસ શું કરવો? એ પરમ ઉપકારીને અમારા સૌના અંતરનાં પ્રણામ હો!

આ પુસ્તકનું સુઘડ છાપકામ સમયસર કરી આપવા બદલ ચંદ્રિકા પ્રિન્ટરીના સંચાલકોનો, માગ્યા સમયે મનોહર કવર ડિઝાઈન દોરી આપવા માટે જાણીતા કળાકાર શ્રી સી. નરેનભાઈનો અને આ કાર્યમાં સહકાર આપનાર અન્ય સૌ કોઈનો અમે આભાર માનીએ છીએ.

૪૮, ગોવાલિયાટેંક રોડ, મુંબઈ-૨૬
તા. ૨૦-૮-૧૯૬૨

કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપાદકીય

અમારા સહૃદય મિત્ર ભાઈશ્રી કાંતિભાઈ કોરાએ એક નાની સરખી શુભ પ્રવૃત્તિ શરૂ કરી છે: પોતાના સ્વર્ગવાસી નાના ભાઈ શ્રી જગમોહનદાસની સ્મૃતિમાં એમણે એક ગ્રંથમાળા શરૂ કરી છે, અને એમાં દર વર્ષે તેઓ એક પુસ્તક પ્રકાશિત કરે છે. એમના આ શુભ કાર્યમાં, આ પુસ્તકના સંપાદન દ્વારા, અમે અમારો યત્કિંચિત સહકાર આપી શકયા છીએ એ અમારા માટે આનંદનો વિષય છે.

પૂજ્ય પંડિત શ્રી સુખલાલજીએ ધર્મ અને તત્ત્વજ્ઞાન તેમ જ બીજા પણ અનેક વિષયો અંગે, એમની વિશિષ્ટ, વ્યાપક અને તલ-સ્પર્શી, મર્મસ્પર્શી અને સર્વસ્પર્શી દૃષ્ટિએ નાના-મોટા સંખ્યાબંધ લેખો ગુજરાતી તેમ જ હિંદી ભાષામાં લખ્યા છે. એ લેખોમાંના મોટાભાગના લેખો ગુજરાતી 'દર્શન અને ચિંતન'ના બે ભાગોમાં તેમ જ હિન્દી 'दर्शन और चिन्तन' નામે ગ્રંથમાં સંગૃહીત થઈ ગયા છે.

આ પુસ્તકમાંનો 'બ્રહ્મ અને સમ' નામનો સોળમો લેખ બાદ કરતાં બાકીના બધા લેખો ઉપર્યુક્ત બે પુસ્તકોમાંથી જ પસંદ કરવામાં આવ્યા છે. અને કયું લખાણ કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે, તે સૂચવવા માટે ગુજરાતી પુસ્તકની 'દ્રઅચિં૦' અને હિન્દી ગ્રંથની 'દ્રઔચિં૦'ની સંજ્ઞા મૂકી છે. 'દ્રઔચિં૦'ની સંજ્ઞાવાળા મૂળ લેખો હિન્દીમાં હોઈ એનું ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે.

તત્ત્વજ્ઞાન જેવા અતિગહન વિષયને પણ વધુમાં વધુ સ્પષ્ટતા અને સરળતાપૂર્વક લોકભાષામાં રજૂ કરવો, એ પંડિતજીની વિદ્વત્તા અને લેખનશૈલીની અસાધારણ વિશેષતા છે.

આ પુસ્તકમાંના લેખો તે તે પુસ્તકનાં સળંગ પૃષ્ઠોમાંથી એક જ સ્થળેથી ઉદ્ધૃત કરવામાં નથી આવ્યા; પરંતુ તે તે વિષય અંગે હિન્દી કે ગુજરાતી પુસ્તકમાં જે કંઈ લખાયેલું છે તેનું, સામાન્ય વાચકની જિજ્ઞાસા, રુચિ અને બુદ્ધિને ધ્યાનમાં રાખીને, નવેસરથી સંકલન કરીને બધા લેખો તૈયાર કરવામાં આવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે આ પુસ્તકનું સંકલન કરવાની પાછળ મુખ્યત્વે અમારી બે દૃષ્ટિ છે : એક તો જૈન તત્ત્વજ્ઞાન કે ધર્મ અંગેની કેટલીક વિશિષ્ટ માહિતી જિજ્ઞાસુઓ સમક્ષ રજૂ કરવી તે. આ માહિતી વાંચતાં જૈન ધર્મ અને દર્શનની ઇતર ભારતીય દર્શનો કરતાં શી વિશેષતા છે, તેમ જ એની સાથે એનું કયાં મળતાપણું છે, એનો પણ કેટલોક ખ્યાલ જિજ્ઞાસુઓને સહજ રીતે આવી શકશે. અને બીજી દૃષ્ટિ, પૂજ્ય પંડિતજીની સત્યશોધક, તુલનાત્મક, તટસ્થ, સમન્વયગામી અને મૌલિક વિદ્વત્તાનો થોડોક પણ પરિચય જિજ્ઞાસુઓને કરાવવો એ છે. સમત્વ અને સત્યને કેન્દ્રમાં રાખીને સમસ્ત ભારતીય દર્શનો અને ધર્મોનો અભ્યાસ કરનાર વિદ્વાન તરીકે પૂજ્ય પંડિતજીનું સ્થાન અજોડ છે, એ કહેવાની જરૂર નથી.

અહીં અમારે એટલું જણાવવું જોઈએ કે જૈન ધર્મ-દર્શનના પ્રાથમિક જિજ્ઞાસુઓની દૃષ્ટિએ આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું નથી; પણ પ્રારંભિક જ્ઞાન ધરાવતા જિજ્ઞાસુઓ જો એક અભ્યાસીની જેમ ચિંતન-મનનપૂર્વક આ પુસ્તકનું વાચન કરશે તો તેમને અનેક બાબતોમાં નવો પ્રકાશ સાંપડવાની સાથે પૂજ્ય પંડિતજીનું વધારે સાહિત્ય વાંચવાની પ્રેરણા મળ્યા વગર નહીં રહે.

આ પુસ્તકના એક પૂરક તેમ જ પુરોગામી પુસ્તક તરીકે આ ગ્રંથમાળાનું પ્રથમ પુસ્તક—પંડિતજીનું '**ચાર તીર્થંકર**'—વાંચવાની અમે સૌ જિજ્ઞાસુઓને ભલામણ કરીએ છીએ.

આ પુસ્તકમાં આપવામાં આવેલ વિષયો ઉપરાંત જૈનધર્મ-દર્શનને લગતાં બીજા પણ અનેક વિષયો જાણવા જેવા છે, પણ પુસ્તકની પૃષ્ઠસંખ્યાની મર્યાદામાં રહીને જે કંઈ યોગ્ય સામગ્રી આપી શકાય તે પસંદ કરીને આપવાનો અમે પ્રયત્ન કર્યો છે. આશા છે, જિજ્ઞાસુઓ તેમ જ અભ્યાસીઓને એ ઉપયોગી થઈ પડશે.

૫-બ, આનંદબાગ, અમદાવાદ-૬
સ્વાતંત્ર્યદિન : ૧૯૬૨
શ્રાવણી પૂર્ણિમા : ૨૦૧૮

દલસુખ માલવણિયા
રતિલાલ દીપચંદ દેસાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"**જૈનધર્મનો પ્રાણ**" પુસ્તકનું આ નામ તેમાં તે જ નામના મુદ્રિત એક લેખને આધારે આપવામાં આવ્યું છે. અને તે સાર્થક છે. પૂજ્ય પંડિત શ્રી સુખલાલજીના લેખનની એ વિશેષતા છે કે તેઓ કોઈ પણ વિષયનું ઉપરચોટિયું નિરૂપણ કરવામાં રાચતા નથી, પણ પ્રતિપાદ્ય વિષયના હાર્દને પકડીને જ તેનું નિરૂપણ કરે છે. આથી આ પુસ્તકમાંનું સંસ્કૃતિ, ધર્મ, દર્શન, જૈનધર્મ, જૈનદર્શન, જૈન આચાર જેવા વિષયોનું પ્રતિપાદન તે તે વિષયના હાર્દને જ વિશેષતઃ સ્પર્શે છે. ધર્મ આદિના બાહ્ય રૂપને તો સામાન્યપણે સૌ જાણતા હોય છે, કારણ કે તે નરી આંખે દેખાય તેવું રૂપ હોય છે, પણ એ બધા પાછળનું તત્ત્વ શું છે તેની જાણ ઓછા લોકોને હોય છે. આ પુસ્તકમાં જૈનધર્મના તત્ત્વની, પરમાર્થની કે તેના હાર્દની જ વિશેષતઃ ઓળખ આપવામાં આવી છે. આથી આ પુસ્તકમાં જૈન-ધર્મ વિષે તેના અનુયાયીઓને પણ ઘણું નવું જાણવા મળશે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના ઘણા ભ્રમો ભાંગી જશે. જૈનેતરોને માટે તો આ પુસ્તક જૈન-ધર્મના પરિચય માટે દીવા જેવું છે એમાં શક નથી.

પંડિતજીના લેખનની બીજી વિશેષતા એ છે કે તેઓ ઇતિહાસ અને તુલનાનું મહત્ત્વનું સ્થાન આપે છે. ધાર્મિક લોકો પોતાના ધર્મ વિષે ઊંડી સમજણ વિના જ એમ કહેતા હોય છે કે અમારો જ ધર્મ સૌથી પ્રાચીન છે અને શ્રેષ્ઠ છે. પણ પંડિતજી ઇતિહાસ અને તુલના દ્વારા ધાર્મિકોની એ સમજને આંચકો આપીને નિર્મલ બનાવવા પ્રયત્ન કરે છે. આથી ધર્મ વિશેની નિષ્ઠામાં ઊણપ આવવાને બદલે તે જાગરૂક બની જાય છે અને ખરા તત્ત્વને પામીને તેની નિષ્ઠા વધારે દૃઢ જ બને છે. પંડિતજીની નિરૂપણપદ્ધતિથી વાચકમાં વિવેક-બુદ્ધિ જાગૃત થાય છે અને રૂઢ માન્યતાઓનું પરીક્ષણ કરીને હેયોપાદેયનો વિવેક સ્વયં કરવા એ સમર્થ બને છે. આમ વાચકની શ્રદ્ધાને તેઓ હચમચાવીને એકવાર તેનાં મૂળિયાં હલાવી નાખે છે, પણ તેમ કરવાનો એમનો ઉદ્દેશ વાચકને શ્રદ્ધાહીન બનાવવાનો નહીં પણ તેની શ્રદ્ધાના મૂળને દૃઢ કરવાનો હોય છે. વાચક ખરા અર્થમાં શ્રદ્ધાળુ બને છે અને તેનો કદાગ્રહ દૂર થઈ જાય છે.

પંડિતજીના લેખનની આ બે વિશેષતાઓના મૂળમાં તેમનું વિશાળ વાચન તો છે જ, પણ ઉપરાંત સ્વતંત્ર ચિંતન-મનન કરીને તેમણે જે એક વિશિષ્ટ વૃત્તિ કેળવી છે તે પણ છે. તે વૃત્તિ એટલે ધર્મો અને દર્શનોમાં ભલે ભેદ દેખાતો હોય, પણ એ ભેદ છતાં તેમાં રહેલ અભેદને શોધીને એ બધાનો સમન્વય કરવાની વૃત્તિ. આ સમન્વય ભાવનાને કારણે તેઓ ધર્મે ભલે જૈન રહ્યા અને એમણે જૈનધર્મના અભ્યાસી તરીકે ભલે પ્રસિદ્ધિ મેળવી, પણ તેમના લખાણમાં સર્વત્ર સમભાવ નજરે ચડે છે. ધર્મ જેવા આળા વિષયમાં સમભાવ સાચવી લખવું એ અત્યંત કઠણ છે; છતાં તેમણે કરેલું જૈનધર્મના હાર્દનું નિરૂપણ એક તટસ્થ વિદ્વાનને છાજે તેવું આ પુસ્તકમાં મળે છે. આમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ જૈનધર્મના ભક્તે કરેલી અતિરંજના નથી તેમ તેના વિરોધીએ કરેલ દોષદર્શન પણ નથી; પણ વિવેચકે કરેલ જૈનધર્મના પ્રાણનું નિરૂપણ છે.

આ પુસ્તક તેમના વિશાળ, લગભગ અઢી હજાર પાનાંનાં હિન્દી-ગુજરાતી લખાણોમાંથી ચૂંટણી કરીને તૈયાર કરવામાં આવ્યું હોઈ વાચકની બધી અપેક્ષાને એ પૂરી ન પણ કરે, પણ જૈનધર્મના હાર્દને તો તેના ખરા સ્વરૂપમાં પ્રગટ કરે જ છે.

જૈનધર્મનું પ્રવર્તન કોઈ એક પુરુષને નામે, શૈવ, વૈષ્ણવ આદિની જેમ, નથી ચડ્યું પણ એ જિનો–રાગદ્વેષના વિજેતાઓએ આચરેલ અને ઉપદેશેલ ધર્મનું નામ છે. આથી જૈનધર્મ કોઈ એક વ્યક્તિથી પ્રવર્તિત થયો છે કે કોઈ એક વ્યક્તિને જ તેમાં દેવ તરીકે સ્થાન છે એમ નથી, પણ જે કોઈ રાગ-દ્વેષનો વિજેતા હોય તે જિન છે અને તેમનો ધર્મ તે જૈનધર્મ. આવા જૈનધર્મના અનુયાયીઓ જૈન કહેવાય છે. તેઓએ કાળક્રમે જેમનામાં રાગ-દ્વેષનો વિજય જોયો તેમને પોતાના ઇષ્ટદેવ તરીકે સ્વીકાર્યા અને એવા વિશિષ્ટ દેવોને 'તીર્થંકર' એવું નામ આપ્યું. આવા તીર્થંકરોની સંખ્યા તેમને મતે ઘણી મોટી છે. પણ આ કાળમાં–આ યુગમાં–વિશેષતઃ ઋષભદેવથી માંડીને વર્ધમાન સુધીના ૨૪ તીર્થંકરો પ્રસિદ્ધ છે. બીજા ધર્મોની જેમ તેઓ ઈશ્વરના અવતાર નથી કે અનાદિસિદ્ધ ઈશ્વર પણ નથી. પરંતુ સામાન્ય મનુષ્યરૂપે જન્મેલ છતાં પૂર્વ સંસ્કારને કારણે અને તે જન્મમાં વિશેષ પ્રકારની સાધના કરીને તીર્થંકર પદને પામ્યા છે. એટલે કે તીર્થંકર એ આપણા મનુષ્યોમાંના જ એક છે. અને તેમનો સંદેશ છે કે જે કોઈ તેમની જેમ પ્રયત્ન કરે તે તીર્થંકર પદને પામી શકે છે. મનુષ્યજાતિમાં આ પ્રકારના આત્મવિશ્વાસની પ્રેરણા આપનાર એ તીર્થંકરો છે. અન્ય ધર્મમાં મનુષ્યથી જુદી જાતિના દેવો પૂજ્યતા પ્રાપ્ત કરે છે, પણ જૈનધર્મમાં મનુષ્ય એવી શક્તિને મેળવે છે જેથી દેવો પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમને પૂજે છે—

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ॥

મનુષ્ય જાતિનું પદ ઉત્કૃષ્ટ છે એ મતલબનું મહાભારતમાં કહ્યું છે—'न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित्'—(शांतिपर्व २९९-२०) મનુષ્યથી કોઈ શ્રેષ્ઠ નથી. મનુષ્યની આવી પ્રતિષ્ઠા કરવામાં જૈન તીર્થંકરોનો ફાળો જેવો તેવો નથી. જ્યાં સુધી તીર્થંકરોનો પ્રભાવ ન હતો ત્યાં સુધી ઇન્દ્રાદિ દેવોની પૂજા-પ્રતિષ્ઠા આર્યો કરતા હતા અને અનેક હિંસક યજ્ઞોનું અનુષ્ઠાન કરી તેમને રીઝવી બદલામાં સંપત્તિ માગતા હતા. તીર્થંકરોએ મનુષ્યની એ દીનતાને નિવારીને મનુષ્યનું ભાગ્ય મનુષ્યના જ હાથમાં સોંપ્યું અને ધાર્મિક માન્યતામાં નવજાગરણ આવ્યું; મનુષ્ય પોતાના સામર્થ્યને ઓળખતો થયો અને એણે ઇન્દ્રાદિ દેવોની ઉપાસના છોડી દીધી. પરિણામે વૈદિક આર્યોમાં પણ રામ અને કૃષ્ણ જેવા મનુષ્યો પૂજવા લાગ્યા—પછી ભલે કાળક્રમે તેમને અવતારી પુરુષો બનાવી દીધા. પણ મૂળ વાત એટલી સાચી છે કે દેવ કરતાં પણ મનુષ્ય મહાન છે, એ સંદેશ તો તીર્થંકરોએ જ આર્યોને આપ્યો છે.

તીર્થંકરોએ પ્રવર્તાવેલ ધર્મનું સ્વરૂપ શું છે? તેનું હૃદય શું છે?—એ એક શબ્દમાં કહેવું હોય તો 'અહિંસા' છે. આચારમાં અહિંસાનાં બે રૂપ છે : સંયમ અને તપ. સંયમમાં સંવર-સંકોચ આવે છે—શરીરનો, મનનો અને વાણીનો. આથી તે નવાં બંધનોમાં પડતો નથી અને તપથી તે જૂનાં ઉપાર્જિત બંધનોને કાપી નાખે છે. આમ એક માત્ર અહિંસાના પાલનથી મનુષ્ય મુક્તિને મેળવી શકે છે.

જીવનમાં અહિંસાનું પૂરેપૂરું પાલન કરવું હોય તો વિચારમાં અનેકાંતને અપનાવ્યા વિના ચાલે જ નહિ. આથી અહિંસામાંથી જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનધર્મનો દાર્શનિક સિદ્ધાંત અનેકાંત ફલિત થયો છે. વિચારનાં દ્વારો ખુલ્લાં રાખો, તમને બધાના વિચારોમાંથી સત્ય જડી આવશે— આ છે અનેકાંતનો અર્થ. સત્યના આગ્રહી માટે સર્વપ્રથમ પોતાનો એ કદાગ્રહ કે 'મારું તે જ સાચું અને બીજું જૂઠું'—એ છોડવો જ પડે એ ન છોડે ત્યાં સુધી તે બીજાને અન્યાય જ કરશે અને તે જ તો હિંસા છે. આથી અહિંસકને માટે અનેકાંતવાદી થવું અનિવાર્ય છે. આથી જૈનધર્મમાં જે દર્શનનો વિકાસ થયો તે એકાંતવાદી નહિ પણ અનેકાંતવાદી દર્શનનો થયો છે.

અહિંસાનો જીવનવ્યવહાર માટે જે આચાર તે જ જૈનધર્મ; અને અહિંસાથી ફલિત થતું દર્શન તે જૈન દર્શન. આથી જૈનધર્મને અનુસરનાર શ્રમણના જીવનવ્યવહારમાં સ્થૂળ જીવની રક્ષાથી આગળ વધીને જે સૂક્ષ્મ જીવો છે, જે નરી આંખે દેખાતા પણ નથી, તેમની રક્ષાની પણ ભાવના છે. અને એ ભાવનાને આધારે જ આચારના વિધિ-નિષેધોની હારમાળા ઘડાઈ છે. એને સંપૂર્ણતઃ અનુસરવાનો પ્રયત્ન શ્રમણો અને અંશતઃ અનુસરવાનો પ્રયત્ન શ્રાવકો કરે છે.

આચારની પાછળ દર્શન ન હોય તો આચારની સાધનામાં નિષ્ઠા આવતી નથી. આથી દરેક ધર્મે જીવના બંધ અને મોક્ષ તથા જીવનો જગત સાથેનો સંબંધ તથા જગતના સ્વરૂપ વિષે અનિવાર્ય રીતે વિચાર કરવો પડે છે. એ અનિવાર્યતામાંથી સમગ્ર જૈન દર્શન ઊભું થયું છે. પ્રથમ કહેવાયું તેમ જૈનદર્શનના વિચારની એ વિશેષતા છે કે તે સત્યની શોધ માટે તત્પર છે અને આથી જ સકલ દર્શનોના સમૂહરૂપ જૈન દર્શન છે—એવો ઉદ્‌ઘોષ આચાર્ય જિનભદ્ર જેવા આચાર્યો કરી ગયા છે.

જૈન દર્શનનાં મૂળ તત્ત્વો બે જ છે : જીવ અને અજીવ. એ બેનો વિસ્તાર પાંચ અસ્તિકાયરૂપે, છ દ્રવ્યરૂપે અથવા સાત તત્ત્વ કે નવ તત્ત્વરૂપે વર્ણવવામાં આવે છે. ચાર્વાકો કેવળ અજીવને પાંચ ભૂતરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનનારા હતા; અને ઉપનિષદના ઋષિઓ કેવળ જીવને એટલે કે આત્મા –પુરુષ–બ્રહ્મને માનનારા હતા. એ બન્ને મતોનો સમન્વય જીવ અને અજીવ માનીને જૈન દર્શનમાં થયો છે. સંસાર અને સિદ્ધિ–નિર્વાણ કે બંધન અને મુક્તિ એ તો જ ઘટે જો જીવ અને ઇતર હોય. આથી જીવ અને અજીવ બન્નેના અસ્તિત્વની તાર્કિક સંગતિ જૈનોએ સિદ્ધ કરી; અને પુરુષ અને પ્રકૃતિનું અસ્તિત્વ માની પ્રાચીન સાંખ્યોએ પણ એ સંગતિ સાધી. વળી આત્માને કે પુરુષને કેવળ કૂટસ્થ માનવાથી પણ બંધ-મોક્ષ જેવી વિરોધી અવસ્થાઓ જીવમાં ઘટી શકે નહિ, આથી બધાં દર્શનોથી જુદા પડીને, બૌદ્ધસંમત ચિત્તની જેમ, આત્માને પણ એક અપેક્ષાએ જૈનોએ અનિત્ય માન્યો. અને બધાની જેમ નિત્ય માનવામાં પણ જૈનોને વાંધો તો છે જ નહિ. કારણ કે બંધ અને મોક્ષ અને પુનર્જીવનનું ચક્ર એક જ આત્મામાં છે. આમ આત્મા જૈન મતે પરિણામી નિત્ય માનવામાં આવ્યો. સાંખ્યોએ પ્રકૃતિ–જડ તત્ત્વને તો પરિણામી નિત્ય માન્યું હતું, પણ પુરુષને કૂટસ્થ. પરંતુ જૈનોએ જડ અને જીવ બન્નેને પરિણામી નિત્ય માન્યાં. આમાં પણ તેમની અનેકાંતદૃષ્ટિ સ્પષ્ટ થાય છે.

જીવના ચૈતન્યનો અનુભવ માત્ર દેહમાં થતો હોઈ જૈન મતે જીવ–આત્મા દેહપરિમાણ છે. નવા નવા જન્મો જીવને ધારણ કરવા પડે છે તેથી તેને ગમનાગમન અનિવાર્ય છે. આથી જીવને ગમનમાં સહાયક દ્રવ્ય ધર્માસ્તિકાયને નામે અને સ્થિતિમાં સહાયક દ્રવ્ય અધર્માસ્તિકાયને નામે–એમ બે અજીવ દ્રવ્યો માનવાં અનિવાર્ય થઈ પડ્યાં. તે જ રીતે જીવને જો સંસાર હોય તો બંધન હોવું જોઈએ. એ બંધન પુદ્ગલ એટલે કે જડ દ્રવ્યનું છે. આથી પુદ્ગલાસ્તિકાય રૂપે એક અન્ય પણ અજીવ દ્રવ્ય મનાયું. આ બધાંને અવકાશ આપે એવું જે દ્રવ્ય તે આકાશ; એ પણ જડરૂપ અજીવ દ્રવ્ય માનવું જરૂરી હતું. આ પ્રમાણે જૈનદર્શનમાં જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ અસ્તિકાયો માનવામાં આવ્યા છે. પણ જીવાદિ દ્રવ્યોની વિવિધ અવસ્થાઓની કલ્પના કાલ વિના થઈ શકે નહિ, આથી એક સ્વતંત્ર કાલદ્રવ્ય પણ અનિવાર્ય હતું. આ રીતે પાંચ અસ્તિકાયને સ્થાને છ દ્રવ્યો પણ થયાં. જ્યારે કાલને સ્વતંત્ર દ્રવ્ય માનવામાં નથી આવતું ત્યારે તેને જીવ અને અજીવ દ્રવ્યોના પર્યાયરૂપે જ માનીને કામ ચલાવવામાં આવે છે.

હવે સાત તત્ત્વ અને નવ તત્ત્વ વિશે થોડું સ્પષ્ટીકરણ કરી લઈએ. જૈન દર્શનમાં તત્ત્વવિચાર એ રીતે કરવામાં આવે છે. એક પ્રકાર વિશે આપણે ઉપર જોયું. બીજો પ્રકાર મોક્ષમાર્ગમાં ઉપયોગી થાય એ રીતે તત્ત્વોની ગણતરી કરવાનો છે. આમાં જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ–એ સાત તત્ત્વોને ગણવાનો એક પ્રકાર અને તેમાં પુણ્ય અને પાપ ઉમેરીને કુલ નવ તત્ત્વોને ગણવાનો બીજો પ્રકાર છે. વસ્તુતઃ જીવ અને અજીવના વિસ્તારરૂપે જ સાત અને નવ તત્ત્વો ગણાવ્યાં છે, કારણ કે મોક્ષમાર્ગના વર્ણનમાં એવું પૃથક્કરણ ઉપયોગી થઈ પડે છે. જીવ અને અજીવ વિષેનું સ્પષ્ટીકરણ તો ઉપર કર્યું જ છે. અંશતઃ અજીવ–કર્મસંસ્કાર–બંધન–નું જીવથી પૃથક થવું એ નિર્જરા છે અને સર્વાંશે પૃથક થવું એ મોક્ષ છે. કર્મ જે કારણોએ જીવ સાથે બંધમાં આવે છે તે કારણો આસ્રવ છે અને એનો નિરોધ તે સંવર છે. જીવ અને અજીવ –કર્મનું એક જેવા થઈ જવું તે બંધ છે.

સાર એ છે કે જીવમાં રાગ-દ્વેષ, પ્રમાદ આદિ જ્યાં સુધી છે ત્યાં સુધી બંધનાં કારણો મોજૂદ હોઈ સંસારવૃદ્ધિ થયા કરે છે. એ કારણોનો નિરોધ કરવામાં આવે તો સંસાર મટી જીવ સિદ્ધિ કે નિર્વાણ અવસ્થાને પામે છે. નિરોધની પ્રક્રિયા સંવર છે, એટલે કે જીવની મુક્ત થવાની સાધના–વિરતિ આદિ, એ સંવર છે; અને કેવળ વિરતિ આદિથી સંતુષ્ટ ન થતાં જીવ કર્મથી છૂટવા તપસ્યાદિ આકરાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુષ્ઠાનો પણ કરે છે તેથી નિર્જરા–આંશિક છુટકારો–થાય છે અને અંતે એ મોક્ષ પામે છે.

પૂજ્ય પંડિતજીની લેખનશૈલીની અને જૈનધર્મ તથા દર્શનની આટલી સંક્ષિપ્ત માહિતી વાચકને ઉપયોગી થાય એ દૃષ્ટિએ આપવામાં આવી છે. આ સિવાય આ ભૂમિકા લખવાનો બીજો કશો આશય નથી. આ એટલા માટે પણ જરૂરી હતું કે પંડિતજીએ જે જે વિવેચના કરી છે તે જૈનધર્મ અને દર્શનનાં મૌલિક તત્ત્વોનું સામાન્ય જ્ઞાન વાચકને છે જ એમ માનીને જ કરી છે.

૫–બ, આનંદબાગ, અમદાવાદ–૬
૧૫મી ઑગસ્ટ : ૧૯૬૨

દલસુખ માલવણિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સ્મૃતિશેષ બંધુ જગમોહનદાસ

ફૂલ આજે ખીલે છે, અને કાલે પોતાની માયા સંકેલી લે છે; અને છતાં સૌના અંતરમાં એ વસી જાય છે!

ધન્ય જીવનને કાળની લાંબી-ટૂંકી અવધોના ઓછાયા-પડછાયા નડતા નથી. એ તો જે જીવન જીવી જાણે એ કૃતાર્થ બની જાય— પછી એ ઝાઝું જીવે કે ઓછું! તેથી જ તો 'એક દિવસનું કમળ' એ કહેવત બની ગઈ છે!

ભાઈ જગમોહન પણ કમળની જેમ જીવ્યા અને પોતાની કીર્તિની સુવાસ મૂકીને અકાળે ચાલતા થયા!

અમે ચાર ભાઈ, અને ચાર બહેનો. ચારે ભાઈઓમાં ભાઈશ્રી જગમોહનદાસ સૌથી નાના; પણ અભ્યાસમાં, તેજસ્વિતામાં, ઉત્સાહમાં, કર્તવ્યપરાયણતામાં અને લોકપ્રિયતામાં અમારા સૌથી ચડિયાતા!

અમારું મૂળ વતન ખેડા, પણ વર્ષોથી અમારું કુટુંબ બહારગામ રહે છે. અમારા પૂજ્ય પિતાશ્રી એન્જિનિયર હતા; અને એમનું કાર્ય-ક્ષેત્ર મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં ગોંડળ અને જામનગર હતું. અને અમારા પૂજ્ય કાકા શ્રી છોટુભાઈ કેરા તો એક નિષ્ઠાવાન રાષ્ટ્રસેવક હતા. એમનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે મુંબઈ; એટલે મુંબઈમાં તો એમના નામની ખૂબ સુવાસ ફેલાયેલી છે. એમના સ્મરણ નિમિત્તે મુંબઈમાં–ઓરીવલીમાં ચાલતું 'કેરા કેન્દ્ર' બહુ જાણીતું છે.

પિતાશ્રી અને કાકાશ્રીના ઉચ્ચ અભ્યાસ અને સંસ્કારના વારસાના બળે અમે બધાંય ભાઈ-બહેનો કૉલેજની કેળવણી સુધી પહોંચી શકયાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છીએ. પણ અમારા પિતાશ્રી તો અમારી નાની વયે જ સ્વર્ગવાસી થયા હતા એટલે અમને સાચવવાની અને સંસ્કારી બનાવવાની બધી જવાબદારી અમારાં પૂજ્ય માતુશ્રીએ અને અમારા પૂજ્ય કાકાશ્રીએ સ્વીકારી લીધી હતી. અમે બધાંય ભાઈબાંધુ આ બન્ને પૂજ્યોના જીવનભર ઋણી છીએ.

ભાઈ જગમોહનદાસનો જન્મ સૌરાષ્ટ્રમાં જામનગરમાં તા. ૨૪-૧૨-૧૯૨૧ ના રોજ થયો હતો. એમણે મેટ્રિક સુધીનો અભ્યાસ ખેડામાં કર્યો હતો. ત્યાર પછી તેઓએ વિલ્સન કૉલેજમાં અભ્યાસ કરીને મુંબઈ યુનિવર્સિટીની બી. એ. ની અને તે પછી સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં જોડાઈને એમ. એ.ની ડિગ્રી મેળવી હતી. અને, પોતાની ઉજ્જ્વળ અને વિશેષ જવાબદારીભરી ભાવી કારકિર્દી માટે જાણે આટલો અભ્યાસ ઓછો હોય એમ, પોદાર કૉલેજ ઑફ કૉમર્સમાં જોડાઈને એમણે બી. કૉમ.ની પરીક્ષા પણ પસાર કરી હતી.

આ રીતે ઉચ્ચ અભ્યાસ દ્વારા એક નિપુણ અર્થશાસ્ત્રી અને કાબેલ સંચાલક તરીકેની યોગ્યતા પ્રાપ્ત કર્યા બાદ ભાઈ જગમોહનદાસે શરૂઆતમાં મુંબઈની બે વ્યાપારી પેઢીઓમાં સફળતાપૂર્વક કામ કરી બતાવ્યું. આથી એક બાજુ પોતાની સંચાલનશક્તિમાં એમને પૂર્ણ આત્મવિશ્વાસ આવી ગયો; અને બીજી બાજુ જેમને જેમને એમની સાથે કામ પડ્યું, કે એમનો થોડો પણ પરિચય કરવાનો અવસર મળ્યો એમને એમની વિશિષ્ટ સંચાલનશક્તિની તેમ જ એમની ધ્યેય-નિષ્ઠા અને કોઈ પણ કામને પહોંચી વળવાની કાબેલિયતની પ્રતીતિ થઈ.

એમની શક્તિ, નિષ્ઠા અને કાબેલિયત એમને વધારે માન અને જવાબદારીભર્યા સ્થાન તરફ ખેંચી ગઈ. ૩૨ વર્ષ જેટલી યુવાન ઉંમરે તેઓ રાજસ્થાનમાંની એસોસીએટેડ સ્ટોન (ડોટા) ઇન્ડસ્ટ્રીઝ લિ. કંપનીના મેનેજર અને સેક્રેટરી તરીકેના એવડી જવાબદારીવાળા પદે નિમાયા. આ કંપની ખાણોમાંથી પથ્થરો કઢાવવાનો ઉદ્યોગ મોટા પાયા પર ચલાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ નવા અને બેવડી જવાબદારીવાળા સ્થાને તો જાણે ભાઈ જગમોહનદાસની શક્તિ અને સહૃદયતા બેવડી રીતે ઝળકી ઊઠી. એક બાજુ એમણે પોતાની કાર્યદક્ષતા અને કુશાગ્ર બુદ્ધિ તેમ જ અટપટા પ્રશ્નોમાં પણ ઝડપી નિર્ણય લેવાની વિશિષ્ટ શક્તિને લીધે કંપનીના ડાયરેક્ટરોનાં મન જીતી લીધાં; તો બીજી બાજુ મિલનસાર સ્વભાવ, હૃદયની મીઠાશ અને સરળતા, વ્યવહારકુશળતા અને માનવતાના સદ્‌ગુણોથી પોતાની કંપનીમાં કામ કરતા મજૂરોનાં દિલ વશ કરી લીધાં. કોઈ કાબેલ સંચાલક માટે પણ, અત્યારના સમયમાં, માલિક અને મજૂર બન્નેને રાજી કરીને બન્નેનાં દિલ જીતી લેવાનું કામ ભારે મુશ્કેલ છે. ભાઈ જગમોહનદાસે પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વથી એ મુશ્કેલ કામને આસાન કરી બતાવ્યું હતું. એ એમની ચિરસ્મરણીય વિશેષતા છે.

અને આટલું જ શા માટે? જે પ્રદેશને એમણે પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું એ રામગંજમંડીની સામાન્ય જનતામાં પણ તેઓ પાણીમાં સાકરની જેમ ભળી ગયા હતા; અને અવસર મળતાં એની પોતાથી બનતી સેવા કરવાનું કદી ચૂકતા ન હતા. આને લીધે તેઓ એ પ્રદેશની સામાન્ય જનતામાં પણ એટલા જ લોકપ્રિય અને આદરપાત્ર બની શકયા હતા.

પણ એક દિવસ એવું દુર્ભાગ્ય લઈને ઊગ્યો કે એમની આવી બધી સત્પ્રવૃત્તિઓ થંભી ગઈ. વિ. સં. ૨૦૧૪ના ચૈત્રવદી ૧૩, બુધવાર, તા. ૧૪–૪–૧૯૫૮ના રોજ તેઓ કંપનીને કામે મોટરમાં ભોપાલ તરફ જતા હતા, ત્યારે વચમાં એમની મોટરને અકસ્માત થયો, અને તેઓ સ્વજનો, સ્નેહીઓ, મિત્રો અને પ્રશંસકોને વિલાપ કરતાં મૂકીને સદાને માટે વિદાય થઈ ગયા!

આવા અનેક શક્તિઓના પુંજ સમા, કેવળ કુટુંબની જ નહીં પણ જે જે કાર્યક્ષેત્રમાં એમણે પ્રવેશ કર્યો એ કાર્યક્ષેત્રની પણ આશા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમા, અનેક ઉમંગોથી ભરેલા ભાઈનો ૩૬ વર્ષની ભરયુવાનવયે અકાળ સ્વર્ગવાસ એ અમારા કુટુંબને માટે વજ્રપાત કે હોનારત જેવી કારમી ઘટના હતી! પણ આ માટે વિધાતાનો શો વાંક કાઢીએ? અમારાં ભાગ્ય જ એવાં નબળાં કે જેનો અહીં ખપ હતો એનો બીજી દુનિયાને પણ ખપ પડ્યો!

ભાઈ જગમોહનદાસની ખોટ અમારા કુટુંબને માટે તો કદી ન પૂરી શકાય એવી મોટી છે; પણ એમણે સહૃદયતા અને માનવતાની ભાવનાથી પ્રેરાઈને સામાન્ય જનતાની જે કાંઈ થોડી-ઘણી સેવા બજાવી હતી, એને લીધે એમની ખોટ એક સામાજિક ખોટ પણ બની ગઈ છે!

એમને અંજલિ આપવાને રામગંજમંડીના નાગરિકોએ શોકસભા ભરી હતી, અને પોતાના આવા એક હિતચિંતકને કેવળ શબ્દોથી અંજલિ આપીને સંતોષ નહીં માનતાં એમના સ્મરણ નિમિત્તે સારી એવી રકમ ભેગી કરીને, શ્રી કોરા બાલમંદિરની સ્થાપના કરી હતી. આમાં વધારે નોંધપાત્ર બીના તો એ છે કે આ કાર્યની શુભ શરૂઆત કંપનીના મજૂરોએ પોતાની આવકના દસ ટકા એ ફાળામાં આપીને કરી હતી. પ્રભુને પ્યારાં એવાં નાનાં બાળકોની કેળવણીની આ સંસ્થા ભાઈ શ્રી જગમોહનદાસે પ્રાપ્ત કરેલ સદ્‌ભાવ અને લોકચાહનાનું સ્મારક બની રહેશે.

આ દુઃખદ ઘટના અમારા માટે પ્રેરક બની; અને બંધુસ્મરણથી કેવળ હંમેશાં દુઃખી થવાને બદલે એમના સ્મરણ નિમિત્તે શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળાનો આ નાનો સરખો સ્મૃતિદીપ પ્રગટાવવાની અમને ભાવના થઈ.

સ્વર્ગવાસી બંધુનો આ સ્મૃતિદીપ અમને વધુ ને વધુ સત્કાર્યનો પ્રેરક બનો એ જ પ્રાર્થના!

કાંતિલાલ કોરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પૂર્વભૂમિકા ૩-૨૭

[૧] ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ–૩; [૨] તત્ત્વજ્ઞાન અને ધર્મનો સંબંધ–૪; [૩] ધર્મનું બીજ–૫; [૪] ધર્મનું ધ્યેય–૭; [૫] ધર્મ : વિશ્વની સંપત્તિ–૭; [૬] ધર્મનાં બે સ્વરૂપ : બાહ્ય અને આભ્યંતર–૮; [૭] ધર્મદૃષ્ટિ અને તેનું ઊર્ધ્વીકરણ–૧૦; [૮] બે ધર્મસંસ્થાઓ : ગૃહસ્થાશ્રમ કેન્દ્રિત અને સંન્યાસકેન્દ્રિત–૧૫; [૯] ધર્મ અને બુદ્ધિ–૧૬; [૧૦] ધર્મ અને વિચાર–૧૭; [૧૧] ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે ભેદ–૧૭; [૧૨] ધર્મ અને નીતિ વચ્ચે ફેર–૧૮; [૧૩] ધર્મ અને પંથ–૧૯; [૧૪] દર્શન અને સંપ્રદાય–૨૨; [૧૫] સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ–૨૬.

૨. જૈનધર્મનો પ્રાણ ૨૮-૪૯

બ્રાહ્મણ અને શ્રમણ પરંપરા : વૈષમ્ય અને સામ્યદૃષ્ટિ–૨૮; એકબીજા ઉપર પ્રભાવ અને સમન્વય–૩૨; શ્રમણ પરંપરાના પ્રવર્તકો–૩૩; વીતરાગપણાનો આગ્રહ–૩૪; શ્રમણધર્મની સામ્યદૃષ્ટિ–૩૫; સાચી વીરતાના સંબંધમાં જૈનધર્મ, ગીતા અને ગાંધીજી–૩૬; સામ્યદૃષ્ટિ અને અનેકાંતવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭; અહિંસા–૩૮; આત્મવિદ્યા અને ઉત્ક્રાંતિવાદ–૩૯; કર્મવિદ્યા અને બંધમોક્ષ–૪૧; ચારિત્રવિદ્યા–૪૪; લોકવિદ્યા–૪૬; જૈન મત અને ઈશ્વર–૪૮; શ્રુતવિદ્યા–૪૮.

૩. નિર્ગ્રંથ સંપ્રદાયની પ્રાચીનતા ... ૫૦–૬૦

મુખ્ય શ્રમણ સંપ્રદાયો અને તેની ઓળખ–૫૦; નિર્ગ્રંથ સંપ્રદાય એ જૈન સંપ્રદાય : કેટલાક પુરાવા–૫૧; બુદ્ધ અને મહાવીર–૫૩; નિર્ગ્રંથ પરંપરાનો બુદ્ધ ઉપર પ્રભાવ–૫૫; ચાર યામ અને બૌદ્ધ સંપ્રદાય–૬૦.

૪. જૈન સંસ્કૃતિનું હૃદય ૬૧–૮૧

સંસ્કૃતિનું ઝરણું–૬૧; જૈન સંસ્કૃતિનાં બે રૂપ–૬૧; જૈન સંસ્કૃતિનું બાહ્ય સ્વરૂપ–૬૨; જૈન સંસ્કૃતિનું હૃદય : નિવર્તક ધર્મ–૬૩; ધર્મોનું વર્ગીકરણ–૬૩; અનાત્મવાદ–૬૪; પ્રવર્તક ધર્મ–૬૫; નિવર્તક ધર્મ–૬૬; સમાજગામી પ્રવર્તક ધર્મ–૬૭; વ્યક્તિગત નિવર્તક ધર્મ–૬૮; નિવર્તક ધર્મનો પ્રભાવ અને વિકાસ–૬૯; સમન્વય અને સંઘર્ષ–૬૯; નિવર્તક ધર્મનાં મંતવ્ય અને આચાર–૭૧; નિર્ગ્રંથ સંપ્રદાય–૭૨; અન્ય સંપ્રદાયોનો જૈન સંસ્કૃતિ પર પ્રભાવ–૭૨; જૈન સંસ્કૃતિનો બીજાઓ ઉપર પ્રભાવ–૭૪; જૈન પરંપરાના આદર્શ–૭૬; સંસ્કૃતિનો ઉદ્દેશ–૭૮; નિવૃત્તિ અને પ્રવૃત્તિ–૭૯; નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ–૮૦; સંસ્કૃતિનો સંકેત–૮૧.

૫. જૈન તત્ત્વજ્ઞાન ૮૨–૯૮

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ–૮૩; તાત્ત્વિક પ્રશ્નો–૮૩; ઉત્તરોનું સંક્ષિપ્ત વર્ગીકરણ–૮૫; જૈન વિચારપ્રવાહનું સ્વરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–૮૬; પૂર્વીય અને પશ્ચિમીય તત્ત્વજ્ઞાનની પ્રકૃતિનું તોલન–૮૮; જીવનશોધનના મૌલિક પ્રશ્નોની એકતા–૯૦; જીવનશોધનની જૈન પ્રક્રિયા–૯૧; કંઈક વિશેષ સરખામણી–૯૨.

૬. **આધ્યાત્મિક વિકાસક્રમ...** ... ૯૯–૧૦૯

આત્માની ત્રણ અવસ્થા–૯૯; ચૌદ ગુણસ્થાન અને તેની સમજૂતી–૧૦૧; **શ્રી હરિભદ્રસૂરિએ બીજી રીતે વર્ણવેલ વિકાસક્રમો**–આઠ દૃષ્ટિનો પહેલો પ્રકાર–૧૦૫; યોગના પાંચ ભાગરૂપ બીજો પ્રકાર–૧૦૭.

૭. **અહિંસા** ૧૧૦–૧૩૩

આગમોમાં અહિંસાનું નિરૂપણ–૧૧૧; વૈદિક હિંસાનો વિરોધ–૧૧૩; જૈનો અને બૌદ્ધો વચ્ચેના વિરોધનું કારણ–૧૧૩; અહિંસાની કોટીની હિંસા–૧૧૪; જૈન ઊહાપોહની ક્રમિક ભૂમિકાઓ–૧૧૬; જૈનો અને મીમાંસકો વગેરે વચ્ચે સામ્ય–૧૧૬; **અહિંસાની ભાવનાનો વિકાસ**–નેમિનાથની કરુણા–૧૧૮; પાર્શ્વનાથનો હિંસાવિરોધ–૧૧૯; ભગવાન મહાવીરે કરેલી અહિંસાની પ્રતિષ્ઠા–૧૧૯; અહિંસાના અન્ય પ્રચારકો–૧૧૯; **અહિંસા અને અમારિ**–અશોક, સંપ્રતિ અને ખારવેલ –૧૨૨; કુમારપાળ અને અકબર (હેમચંદ્રાચાર્ય અને હીરવિજયસૂરિ)–૧૨૩; અહિંસાના પ્રચારનો એક પુરાવો : પાંજરાપોળો–૧૨૪; માણસ જાતની સેવા માટેની પ્રવૃત્તિ–૧૨૫; અમારિનું નિષેધાત્મક અને ભાવાત્મક રૂપ : અહિંસા અને દયા–૧૨૬; **સંથારો અને અહિંસા**–૧૨૮; દેહનો નાશ એ આત્મઘાત કયારે?–ટીકાકારોને જવાબ–૧૩૦; હિંસા નહીં પણ આધ્યાત્મિક વીરતા–૧૩૧; બૌદ્ધ ધર્મમાં આત્મવધ–૧૩૨; કેટલાંક સૂક્તો–૧૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. તપ અને પરિષહ ૧૩૪-૧૪૫

તપસ્યાપ્રધાન નિર્ગ્રંથ પરંપરા–૧૩૪; મહાવીર પહેલાં પણ તપસ્યાની પ્રધાનતા–૧૩૫; બુદ્ધે કરેલ ખંડનનો ખુલાસો–૧૩૭; ભગવાન મહાવીરે આણેલી વિશેષતા–૧૪૦; તપનો વિકાસ–૧૪૩; **પરિષહ**–૧૪૩; જૈન તપમાં ક્રિયાયોગ અને જ્ઞાનયોગનો સુમેળ –૧૪૪.

૯. જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર ... ૧૪૬-૧૬૦

જૈન દૃષ્ટિનું સ્પષ્ટીકરણ–૧૪૬; કેટલાક મુદ્દાઓ–૧૪૮; ૧. વ્યાખ્યા–૧૪૯; ૨. અધિકારી અને વિશિષ્ટ સ્ત્રીપુરુષો–૧૫૦; ૩. બ્રહ્મચર્યના જુદાપણાનો ઇતિહાસ–૧૫૨; ૪. બ્રહ્મચર્યનું ધ્યેય અને તેના ઉપાયો–૧૫૩; ૫. બ્રહ્મચર્યના સ્વરૂપની વિવિધતા અને તેની વ્યાપ્તિ–૧૫૬; ૬. બ્રહ્મચર્યના અતિચારો–૧૫૮; ૭. બ્રહ્મચર્યની નિરપવાદતા–૧૫૯.

૧૦. આવશ્યક ક્રિયા ૧૬૧-૧૭૧

આવશ્યક ક્રિયાની પ્રાચીન વિધિ કયાં સચવાઈ રહી છે?–૧૬૨; આવશ્યક ક્રિયા એટલે શું?–૧૬૩; છ આવશ્યકનું સ્વરૂપ—(૧) સામાયિક–૧૬૪; (૨) ચતુર્વિંશતિસ્તવ–૧૬૪; (૩) વંદન–૧૬૫; (૪) પ્રતિક્રમણ–૧૬૬; (૫) કાયોત્સર્ગ–૧૬૮; (૬) પ્રત્યાખ્યાન–૧૬૮; ક્રમની સ્વાભાવિકતા અને ઉપપત્તિ–૧૬૯; આવશ્યક ક્રિયાની આધ્યાત્મિકતા–૧૭૦; પ્રતિક્રમણ શબ્દનો રૂઢ અર્થ–૧૭૧.

૧૧. જીવ અને પંચ પરમેષ્ઠી ... ૧૭૪-૧૮૨

પરમેષ્ઠીનો અર્થ–૧૭૨; **જીવ સંબંધી કેટલીક વિચારણા**—જીવનું સામાન્ય લક્ષણ–૧૭૩; જીવના સ્વરૂપનું અનિર્વચનીયપણું–૧૭૪; જીવ સ્વયંસિદ્ધ છે કે ભૌતિક મિશ્રણોનું પરિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ણામ ?–૧૭૫; **પંચ પરમેષ્ઠી**—પંચ પરમેષ્ઠીના પ્રકાર–૧૭૬; અરિહંત અને સિદ્ધની વચ્ચેનો ફેર–૧૭૭; આચાર્ય વગેરે વચ્ચેનો ફેર–૧૭૭; અરિહંતનું અલૌકિકપણું–૧૭૮; વ્યવહાર અને નિશ્ચય-દૃષ્ટિએ પાંચેનું સ્વરૂપ–૧૭૯; નમસ્કારનો હેતુ અને એના પ્રકાર–૧૮૦; દેવ, ગુરુ, ધર્મ તત્ત્વો–૧૮૨.

૧૨. કર્મતત્ત્વ ૧૮૪–૨૦૪

કર્મવાદની દીર્ઘ દૃષ્ટિ–૧૮૩; શાસ્ત્રોના અનાદિપણાની માન્યતા–૧૮૪; કર્મતત્ત્વની જરૂર શા માટે ?–૧૮૫; ધર્મ, અર્થ, કામને માનનાર પ્રવર્તકધર્મવાદી પક્ષ–૧૮૫; મોક્ષપુરુષાર્થી નિવર્તકધર્મવાદી પક્ષ–૧૮૬; કર્મતત્ત્વ સંબંધી વિચાર અને તેનો જ્ઞાતાવર્ગ–૧૮૭; કર્મતત્ત્વની વિચારણાની પ્રાચીનતા અને સમાનતા–૧૮૯; જૈન તથા અન્ય દર્શનોની ઈશ્વરના સૃષ્ટિ-કર્તૃત્વ સંબંધી માન્યતા–૧૯૧; ઈશ્વર સૃષ્ટિનો કર્તા અને કર્મફલદાતા કેમ નહીં ?–૧૯૨; જીવ અને ઈશ્વર વચ્ચે ભેદ-અભેદ–૧૯૩; પોતાના વિઘ્નનું કારણ જીવ પોતે જ–૧૯૩; કર્મના સિદ્ધાંત અંગે ડૉ. મેક્સમૂલરનો અભિપ્રાય–૧૯૪; કર્મ-શાસ્ત્ર એ અધ્યાત્મશાસ્ત્રનો અંશ છે–૧૯૫; 'કર્મ' શબ્દનો અર્થ અને એના કેટલાક પર્યાય–૧૯૬; કર્મનું સ્વરૂપ–૧૯૭; પાપ-પુણ્યની કસોટી–૧૯૮; સાચી નિર્લેપતા–કર્મ કયારે ન બંધાય ?–૧૯૮; કર્મનું અનાદિપણું–૧૯૯; કર્મબંધનું કારણ–૧૯૯; કર્મથી મુક્ત થવાના ઉપાયો–૨૦૦; આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ અને પુનર્જન્મ–૨૦૧; કર્મતત્ત્વ અંગે જૈન દર્શનની વિશેષતા–૨૦૨.

૧૩. અનેકાંતવાદ ૨૦૫–૨૧૧

અનેકાંતની સામાન્ય સમજૂતી–૨૦૫; અન્ય દર્શનોમાં દેખાતી અનેકાંતદૃષ્ટિ–૨૦૬; અનેકાંતદૃષ્ટિનો આધાર : સત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–૨૦૮; ભગવાન મહાવીરે શોધેલી અનેકાંતદૃષ્ટિ અને તેની શરતો –૨૦૯; અનેકાંતદૃષ્ટિનું ખંડન અને તેની વ્યાપક અસર–૨૧૦.

૧૪. નયવાદ ૨૧૨–૨૨૧

'નૈગમ' શબ્દનું મૂળ અને એનો અર્થ–૨૧૨; બાકીના છ નયો, એનો આધાર અને એની સમજૂતી–૨૧૨; અપેક્ષાઓ અને અનેકાંત–૨૧૪; સાત નયોનું કાર્યક્ષેત્ર–૨૧૫; દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય–૨૧૬; નિશ્ચય અને વ્યવહારનયનો અન્ય દર્શનોમાં સ્વીકાર–૨૧૭; તત્ત્વજ્ઞાન અને આચારમાં એની ભિન્નતા –૨૧૮; તત્ત્વલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ–૨૧૮; આચારલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ–૨૧૯; તત્ત્વલક્ષી અને આચારલક્ષી નિશ્ચય-વ્યવહારદૃષ્ટિ વચ્ચે બીજું મહત્ત્વનું અંતર–૨૧૯; જૈન અને ઉપનિષદનાં તત્ત્વજ્ઞાનની નિશ્ચયદૃષ્ટિ વચ્ચે ફેર–૨૨૦.

૧૫. સપ્તભંગી ૨૨૨–૨૨૯

સપ્તભંગી અને એનો આધાર–૨૨૨; સાત ભંગો અને તેનું મૂળ–૨૨૩; સપ્તભંગીનું કાર્ય : વિરોધનો પરિહાર–૨૨૩; મહત્ત્વના ચાર ભંગોનો અન્યત્ર મળતો નિર્દેશ–૨૨૬; 'અવક્તવ્ય' અર્થ અંગે કેટલીક વિચારણા–૨૨૬; સપ્તભંગી સંશયાત્મક જ્ઞાન નથી–૨૨૭.

૧૬. બ્રહ્મ અને સમ ૨૨૯–૨૩૪

સમતાનું પ્રેરક તત્ત્વ 'સમ'–૨૨૯; 'બ્રહ્મ' અને તેના વિવિધ અર્થો–૨૨૯; શ્રમણ અને બ્રાહ્મણ વિચારધારાની એક ભૂમિકા–૨૩૧; શાશ્વત વિરોધ છતાં એકતાની પ્રેરક પરમાર્થ-દૃષ્ટિ–૨૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭. ચાર સંસ્થાઓ ૨૩૫-૨૪૪

[૧] સંઘસંસ્થા–ચતુર્વિધ સંઘ–૨૩૫; [૨] સાધુસંસ્થા ૨૩૬; ડહાપણ ભરેલું બંધારણ–૨૩૬; ભિક્ષુણી સંઘ અને તેની બૌદ્ધ સંઘ ઉપર અસર–૨૩૭; સાધુનું ધ્યેય : જીવનશુદ્ધિ–૨૩૭, સ્થાનાંતર અને લોકોપકાર–૨૩૮; [૩] તીર્થસંસ્થા–૨૩૯; દેવ-દ્રવ્યના રક્ષણની સુંદર વ્યવસ્થા–૨૪૦; જાણવા જેવી બાબતો ૨૪૧; [૪] જ્ઞાનસંસ્થા–જ્ઞાનભંડારો–૨૪૧; જ્ઞાન અને તેનાં સાધનોનો મહિમા–૨૪૨; જ્ઞાનભંડારોની સ્થાપના અને તેનો વિકાસ–૨૪૨; બ્રાહ્મણ અને જૈન ભંડારો વચ્ચે ફેર–૨૪૩; જૈન ભંડારોની અસાંપ્રદાયિક દૃષ્ટિ–૨૪૪.

૧૮. પર્યુષણ અને સંવત્સરી ... ૨૪૫-૨૪૮

જૈન તહેવારોનો ઉદ્દેશ–૨૪૫; પર્યુષણપર્વ : શ્રેષ્ઠ અષ્ટા-હ્નિકા–૨૪૫; સંવત્સરી : મહત્પર્વ–૨૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળાનાં

અન્ય પ્રકાશનો

૧. ચાર તીર્થંકર

લેખક : પંડિત શ્રી સુખલાલજી

ભગવાન ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ અને
મહાવીરસ્વામીના જીવન ઉપર વિશિષ્ટ પ્રકાશ
પાડતા લેખોનો સંગ્રહ

૨. ધૂપસુગંધ

નામાંકિત લેખકોની સંસ્કાર પોષક અને રસદાયક
૧૮ વાર્તાઓનો સંગ્રહ

૩. પદ્મપરાગ

લેખક : રતિલાલ દીપચંદ દેસાઈ

ભગવાન પાર્શ્વનાથનો અભિનવ અહિંસા-પ્રયોગ
તેમ જ ભગવાન મહાવીરના જીવનના એકવીસ
પાવન પ્રસંગો આલેખતી તેમ જ બીજી રસપૂર્ણ
ધર્મકથાઓનો સંગ્રહ

મૂલ્ય દરેકનું-દોઢ રૂપિયો

અશોક કાંતિલાલ કોરા

૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ-૨૬

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીમાર્ગ, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનધર્મનો પ્રાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो।।

—दशवैकालिकसूत्र

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧

પૂર્વભૂમિકા

[ધર્મ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ વગેરેની સામાન્ય સમજૂતી]

[૧] ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ

જ્ઞાન અને વિદ્યા એ માત્ર બહુ વાચનથી જ મળી જાય છે એમ નથી. ઓછું કે વધુ વાંચવું એ રુચિ, શક્તિ અને સગવડતાનો સવાલ છે. પણ, ગમે તેટલું ઓછું વાંચવા છતાં, જો વધારે સિદ્ધિ અને લાભ મેળવવો હોય તો, તેની અનિવાર્ય શરત એ છે કે, મનને ખુલ્લું રાખવું અને સત્યજિજ્ઞાસાની સિદ્ધિમાં કોઈ પણ પૂર્વગ્રહોને કે રૂઢ સંસ્કારોને આડે આવવા દેવા નહિ. મારો અનુભવ એમ કહે છે કે આ માટે સૌથી પહેલાં નિર્ભયતાની જરૂર છે. ધર્મનો કાંઈ પણ ખરો અને ઉપયોગી અર્થ થતો હોય તો તે નિર્ભયતા સાથેની સત્યની શોધ છે. તત્ત્વજ્ઞાન એ સત્યશોધનો એક માર્ગ છે, અને ગમે તે વિષયનું અધ્યયન કરતા હોઈએ છતાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનો સંબંધ રહેલો જ છે. એ બન્ને વસ્તુઓ કોઈ ચોકામાં બંધાતી નથી. મનનાં બધાં દ્વારો સત્ય માટે ખુલ્લાં હોય અને નિર્ભયતા એની પૃષ્ઠભૂમિમાં હોય તો જે કાંઈ વિચારીએ કે કરીએ તે બધું જ તત્ત્વજ્ઞાન કે ધર્મમાં સમાઈ જાય છે.

જીવનમાંથી મેલ અને નબળાઈ દૂર કરવી અને તેને સ્થાને સર્વાંગીણ સ્વચ્છતા તેમ જ સામંજસ્યપૂર્ણ બળ આણવું, એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનની સાચી સંસ્કૃતિ છે. આ જ વસ્તુ પ્રાચીન કાળથી દરેક દેશ અને જાતિમાં ધર્મને નામે પ્રસિદ્ધ છે. આપણા દેશમાં સંસ્કૃતિની સાધના હજારો વર્ષ પહેલાંથી શરૂ થયેલી અને આજે પણ ચાલે છે. આ સાધના માટે ભારતનું નામ સુવિખ્યાત છે. સાચી સંસ્કૃતિ વિના માનવતા કે રાષ્ટ્રીયતા નથી સરજાતી કે નથી ટકતી. વ્યક્તિની બધી શક્તિઓ, સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ એકમાત્ર સામાજિક કલ્યાણની દિશામાં યોજાય ત્યારે જ ધર્મ યા સંસ્કૃતિ ચરિતાર્થ થાય છે. ધર્મ, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની વિકૃત સમજ દૂર કરવા અને સૈકાઓ-જૂના વહેમોનું મૂલ ઉચ્છેદવા વાસ્તે પણ સંસ્કૃતિની સાચી અને ઊંડી સમજ આવશ્યક છે.

[દર્શનચિંતન ભા૦ ૧, પૃ૦ ૭]

[૨] તત્ત્વજ્ઞાન અને ધર્મનો સંબંધ

તત્ત્વજ્ઞાન એટલે સત્યશોધનના પ્રયત્નમાંથી ફલિત થયેલા અને ફલિત થતા સિદ્ધાંતો. ધર્મ એટલે એવા સિદ્ધાંતોને અનુસરીને જ નિર્માણ થયેલો વૈયક્તિક તેમ જ સામૂહિક જીવનવ્યવહાર. એ ખરું છે કે એક જ વ્યક્તિ કે સમૂહની યોગ્યતા તેમ જ શક્તિ સદા એકસરખી નથી હોતી. તેથી ભૂમિકા અને અધિકારભેદ પ્રમાણે ધર્મમાં અંતર હોવાનું; એટલું જ નહિ, પણ ધર્માચરણ વધારે પુરુષાર્થની અપેક્ષા રાખતું હોવાથી તે, ગતિમાં તત્ત્વજ્ઞાનથી પાછળ પણ રહેવાનું. છતાં જો આ બન્નેની દિશા જ મૂળમાં જુદી હોય તો તત્ત્વજ્ઞાન ગમે તેટલું ઊંડું અને ગમે તેવું સાચું હોય છતાં ધર્મ એના પ્રકાશથી વંચિત જ રહે અને પરિણામે માનવતાનો વિકાસ અટકે. તત્ત્વજ્ઞાનની શુદ્ધિ, વૃદ્ધિ અને પરિપાક જીવનમાં ધર્મને ઉતાર્યા સિવાય સંભવી જ ન શકે. એ જ રીતે તત્ત્વજ્ઞાનના અવલંબન વિનાનો ધર્મ, જડતા તેમ જ વહેમથી મુક્ત થઈ ન શકે. એટલા માટે બન્નેમાં દિશાભેદ હોવો ઘાતક છે.

[દર્શનચિંતન ભા૦ ૧, પૃ૦ ૨૦૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩] ધર્મનું બીજ

ધર્મનું બીજ શું છે, અને એનું પ્રારંભિક સ્વરૂપ શું છે?

આપણે સૌ અનુભવ કરીએ છીએ કે આપણામાં જિજીવિષા છે. જિજીવિષા કેવળ મનુષ્ય કે પશુ-પક્ષી સુધી જ મર્યાદિત નથી; એ તો ઝીણામાં ઝીણા કીટ, પતંગ અને બૅક્ટેરિયા જેવા જંતુઓમાં પણ છે. જિજીવિષાના ગર્ભમાં જ સુખની જ્ઞાત-અજ્ઞાત અભિલાષા અનિવાર્ય રીતે રહેલી છે. જ્યાં સુખની અભિલાષા છે ત્યાં પ્રતિકૂળ વેદના કે દુઃખથી બચવાની વૃત્તિ જરૂર હોય છે. આ જિજીવિષા, સુખની અભિલાષા અને દુઃખના પ્રતિકારની ઇચ્છામાં જ ધર્મનું બીજ રહેલું છે.

કોઈ નાનું કે મોટું પ્રાણી એકલું પોતામાં જ જીવવા ઇચ્છે તો જીવી ન શકે, અને એવું જીવન વિતાવી પણ ન શકે. એને પોતાના નાના-મોટા સજાતીય જૂથનો આશ્રય લીધા વિના ચેન નથી પડતું. જેવી રીતે એ પોતાના જૂથમાં રહીને એના આશ્રયે સુખનો અનુભવ કરે છે, એવી જ રીતે, વખત આવ્યે, પોતાના જૂથની બીજી વ્યક્તિઓને પોતાથી બનતી મદદ આપીને પણ એ સુખનો અનુભવ કરે છે. કીડી, ભમરા અને ઊધઈ જેવા ક્ષુદ્ર જંતુઓનું વૈજ્ઞાનિક નિરીક્ષણ કરનારા-ઓએ આવી વસ્તુસ્થિતિનું વિસ્તારથી વર્ણન કર્યું છે. આટલી ઝીણુ-વટમાં નહીં ઊતરનાર સામાન્ય નિરીક્ષકો પણ પક્ષીઓ અને વાંદરા જેવાં પ્રાણીઓ ઉપરથી જોઈ શકે છે કે પોપટ, મેના, કાગડા વગેરે પક્ષીઓ કેવળ પોતાનાં સંતાનો માટે જ નહીં, બલકે પોતાની જાતિના જૂથ ઉપરના સંકટને સમયે પણ એનું નિવારણ કરવા માટે કેવા જીવ-સટોસટના પ્રયત્ન કરે છે, અને પોતાના જૂથનો આશ્રય લેવાનું કેવી રીતે પસંદ કરે છે! કોઈ વાંદરાના બચ્ચાને પકડી લઈએ, અને પછી જોઈએ કે કેવળ એની મા જ નહીં પણ એ જૂથનાં નાનાં-મોટાં બધાં વાંદરાં એને બચાવવાનો કેવો પ્રયત્ન કરે છે! એ જ રીતે પકડા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યેલું બચ્ચું પણ ફક્ત પોતાની મા તરફ જ નહીં પણ બીજાં વાંદરાંઓ તરફ પણ પોતાને બચાવવા માટે કેવું તાકી રહે છે! પશુ-પક્ષીઓમાં રોજનો બની ગયેલો આ બનાવ આમ તો બહુ પરિચિત અને સાવ સામાન્ય જેવો છે, પણ એમાં સૂક્ષ્મ રૂપે એક સત્ય સમાયેલું છે.

એ સત્ય એ છે કે કોઈ પ્રાણીની જિજીવિષા એના જીવનથી અળગી નથી થઈ શકતી; અને જિજીવિષાની તૃપ્તિ ત્યારે જ થાય છે કે જ્યારે પ્રાણી પોતાના નાના-મોટા જૂથમાં રહીને એવી મદદ મેળવે અને એને મદદ કરે. જિજીવિષાની સાથે અનિવાર્ય રીતે સંકળાયેલ આ પોતાની જાતિના જૂથની મદદ લેવાની ભાવનામાં જ ધર્મનું બીજ સમાયેલું છે. સમુદાયમાં રહ્યા વગર તેમ જ એની મદદ લીધા વગર જો જીવનધારી પ્રાણીની જીવવાની ઇચ્છા સંતુષ્ટ થાત તો ધર્મની ઉત્પત્તિનો સંભવ જ ન હતો. આ દૃષ્ટિએ જોતાં, એ વાતમાં જરાય સંદેહ નથી રહેતો કે ધર્મનું બીજ આપણી જિજીવિષામાં છે; અને એ જીવન-વિકાસની પ્રાથમિકમાં પ્રાથમિક સ્થિતિમાં પણ મોજૂદ હોય છે—ભલે પછી એ અજ્ઞાન કે અવ્યક્ત અવસ્થા જ કેમ ન હોય.

હરણ જેવા સુકોમળ સ્વભાવના જ નહીં, બલકે જંગલી પાડા અને ગેંડા જેવાં કઠોર સ્વભાવવાળાં પશુઓમાં પણ જોવામાં આવે છે કે એ બધાંય પોતપોતાનાં જૂથ રચીને રહે છે અને જીવે છે. આને આપણે ચાહે આનુવંશિક સંસ્કાર માનીએ કે ચાહે પૂર્વજન્મોપાર્જિત; પણ વિકસિત માનવજાતિમાં પણ આ સામુદાયિક વૃત્તિ અવશ્ય જોવામાં આવે છે. જ્યારે પુરાતન કાળનો માનવી જંગલી અવસ્થામાં હતો ત્યારે, અને જ્યારે આજનો માનવી સભ્ય લેખાય છે ત્યારે પણ, આ સામુદાયિક વૃત્તિ એકસરખી અખંડ જોવામાં આવે છે. હા, એટલો ફેર જરૂર છે કે જીવનવિકાસની અમુક ભૂમિકા સુધી સામુદાયિક વૃત્તિ એટલી એકસરખી નથી હોતી, કે જેટલી વિકસિત બુદ્ધિશાળી ગણાતા માનવીમાં છે. આપણે ભાનવગરની કે અસ્પષ્ટ ભાનવાળી સામુદાયિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃત્તિને પ્રાવાહિક કે ઔધિક [પ્રવાહથી ચાલી આવતી કે ઓઘ-સંજ્ઞાથી માની લીધેલી] કહી શકીએ છીએ. પણ એ વૃત્તિ જ ધર્મબીજનો આધાર છે, એમાં જરાય શક નથી. આ ધર્મબીજનું સામાન્ય અને સંક્ષિપ્ત રૂપ એ જ છે કે વ્યક્તિગત તેમ જ સામુદાયિક જીવનને માટે જે અનુકૂળ હોય તે કરવું અને જે પ્રતિકૂળ હોય એને ટાળવું કે એનાથી બચવું.

[દર્શ્રૌચિં૦ ખં૦ ૧, પૃ૦ ૩-૫]

[૪] ધર્મનું ધ્યેય

ધર્મનું ધ્યેય શું હોવું જોઈએ? કઈ વસ્તુને ધર્મના ધ્યેય તરીકે સિદ્ધાંતમાં, વિચારમાં અને વર્તનમાં સ્થાન આપવાથી ધર્મની સફળતા અને જીવનની વિશેષ પ્રગતિ સાધી શકાય?

આનો જવાબ એ કે દરેકને પોતાના વૈયક્તિક અને સામાજિક કર્તવ્યનું ઠીક ઠીક ભાન, કર્તવ્ય પ્રત્યેની જવાબદારીમાં રસ અને એ રસને મૂર્ત કરી દેખાડવા જેટલા પુરુષાર્થની જાગૃતિ હોવી, એ જ ધર્મનું ધ્યેય મનાવું જોઈએ. જો ઉક્ત તત્ત્વોને ધર્મના ધ્યેય તરીકે સ્વીકારી તેના ઉપર ભાર આપવામાં આવે તો પ્રજાજીવન સમગ્રપણે પલટો ખાય.

[દર્શ્રચિં૦ ભા૦ ૧, પૃ૦ ૬૪]

[૫] ધર્મ : વિશ્વની સંપત્તિ

આધ્યાત્મિક ધર્મ એ કોઈ એક વ્યક્તિના જીવનમાંથી નાના-મોટા સ્રોતરૂપે પ્રગટ થાય છે, અને તે આસપાસના માનવસમાજની ભૂમિકાને પ્લાવિત કરે છે. એ સ્રોતનું બળ કે પ્રમાણ ગમે તેટલું હોય, છતાં તે સામાજિક જીવનની ભૂમિકાને અમુક અંશે જ આર્દ્ર કરે છે. ભૂમિકાની એ અધૂરી ભીનાશમાંથી અનેક કીટાણુ જન્મે છે, અને તે પોતાની આધારભૂત ભૂમિકાને જ ભરખે છે. એવામાં વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ બીજી વ્યક્તિમાં ધર્મનો સ્રોત ઉદ્‌ભવે છે, અને તે પ્રથમના કીટાણુજન્ય સડાને ધોઈ નાખવા મથે છે. આ બીજો સ્રોત પ્રથમના સ્રોત ઉપર બાઝેલી લીલને ધોઈ નાખી જીવનની ભૂમિકામાં વધારે ફલદાયી કાંપ મૂકે છે. વળી એ કાંપના બીજા થર ઉપર લીલ જામે છે, અને કયારેક કાલક્રમે ત્રીજી વ્યક્તિમાં પ્રભવેલ ધર્મસ્રોત એનું માર્જન કરી નાખે છે. આવી રીતે માનવજીવનની ભૂમિકા પર ધર્મ-સ્રોતનાં અનેક વહેણો વહેતાં રહે છે, અને એ રીતે ભૂમિકા વિશેષ ને વિશેષ યોગ્ય તેમ જ ફળદ્રુપ બનતી જાય છે.

ધર્મસ્રોતનું પ્રકટીકરણ એ કોઈ એક દેશ કે એક જાતિની પૈતૃક સંપત્તિ નથી; એ તો માનવજાતિરૂપ એક વૃક્ષની જુદી જુદી શાખા પર ઉદ્‌ભવનાર સુફળ છે. તેનો પ્રભાવ હોય ભલે વિરલ વ્યક્તિમાં, પણ તે દ્વારા સમુદાયમાં અમુક અંશે વિકાસ અવશ્ય થાય છે.

[દર્શચિં૦ ભા૦ ૧, પૃ૦ ૨૮]

[૬] ધર્મનાં બે સ્વરૂપ : બાહ્ય અને આભ્યંતર

ધર્મનાં બે રૂપો છે : એક તો નજરે ચડે તેવું અને બીજું નજરે ન ચડે પણ માત્ર મનથી સમજી શકાય તેવું. પહેલા રૂપને ધર્મનો દેહ અને બીજા રૂપને તેનો આત્મા કહી શકાય.

દુનિયાના બધા ધર્મોનો ઇતિહાસ કહે છે કે બધા ધર્મોને દેહ જરૂર હોય છે. પહેલાં એ જોઈએ કે એ દેહ શાથી બને છે? દરેક નાના-મોટા ધર્મપંથનું અવલોકન કરીએ તો આટલી બાબતો તો સર્વસાધારણ જેવી છે : શાસ્ત્ર; તેને રચનાર અને સમજાવનાર પંડિત કે ગુરુ; તીર્થ, મંદિર આદિ પવિત્ર લેખાતાં સ્થળો; અમુક જાતની ઉપાસના અગર ખાસ જાતના ક્રિયાકાંડો; એવા ક્રિયાકાંડો અને ઉપાસનાઓને પોષનાર અને તે ઉપર નભનાર એક વર્ગ. સર્વ ધર્મ-પંથની અંદર, એક અથવા બીજે રૂપે, ઉપર જણાવેલી વસ્તુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળી આવે છે અને તે જ તે તે ધર્મપંથનો દેહ છે. હવે જોવું રહ્યું કે ધર્મનો આત્મા, એ શું છે? આત્મા એટલે ચેતના કે જીવન. સત્ય, પ્રેમ, નિઃસ્વાર્થપણું, ઉદારતા અને વિવેક-વિનય આદિ સદ્‌ગુણો, તે ધર્મનો આત્મા છે. દેહ ભલે અનેક અને જુદા જુદા હોય, પણ આત્મા સર્વત્ર એક જ હોય છે. એક જ આત્મા અનેક દેહો દ્વારા વ્યક્ત થાય છે; અથવા એમ કહીએ કે એક જ આત્મા અનેક દેહોમાં જીવન પોષે છે, જીવન વહાવે છે.

[દર્શચિં૦ ભા૦ ૧, પૃ૦ ૧૨૨]

* * *

ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, તેમ જ એ બે તત્ત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર. આ જ ધર્મ પારમાર્થિક છે. બીજા જે વિધિનિષેધો, ક્રિયાકાંડો, ઉપાસનાના પ્રકારો વગેરે ધર્મની કોટિમાં ગણાય છે, તે બધા જ વ્યાવહારિક ધર્મો છે અને તે ત્યાં લગી અને તેટલે જ અંશે યથાર્થ ધર્મના નામને પાત્ર છે, જ્યાં લગી અને જેટલે અંશે તે ઉક્ત પારમાર્થિક ધર્મ સાથે અભેદ્ય સંબંધ ધરાવતા હોય છે. પારમાર્થિક ધર્મ એ જીવનની મૂલગત તેમ જ અદૃશ્ય વસ્તુ છે. તેનો અનુભવ કે સાક્ષાત્કાર તો ધાર્મિક વ્યક્તિને જ હોય છે, જ્યારે વ્યાવહારિક ધર્મ દૃશ્ય હોઈ પરપ્રત્યેય છે. પારમાર્થિક ધર્મનો સંબંધ ન હોય તો ગમે તેટલા જૂના અને બહુસંમત બધા જ ધર્મો વસ્તુતઃ ધર્માભાસ જ છે.

[દર્શચિં૦ ભા૦ ૧, પૃ૦ ૨૮]

* * *

ધર્મનાં બે સ્વરૂપો છે : પહેલું તાત્ત્વિક, જેમાં સામાન્યતઃ કોઈનો મતભેદ નથી તે સદ્‌ગુણાત્મક; બીજું વ્યાવહારિક, જેમાં જાતજાતના મતભેદો અનિવાર્ય છે તે બાહ્યપ્રવૃત્તિરૂપ. જેઓ તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મ વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સમજે છે, જેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મના સંબંધ વિષે વિચારી જાણે છે, ટૂંકમાં તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મના યોગ્ય પૃથક્કરણની તેમ જ બળાબળની ચાવી જેઓને લાધી છે, તેમને વ્યાવહારિક ધર્મના મતભેદો કલેશવર્ધક તરીકે સ્પર્શી નથી શકતા. આનો સાર એ નીકળ્યો કે જો ધર્મ વિષેની ખરી સ્પષ્ટ સમજ હોય તો કોઈ પણ મતભેદ કલેશ જન્માવી ન શકે; ખરી સમજ હોવી એ એક જ કલેશવર્ધક મતભેદના નિવારણનો ઉપાય છે. આ સમજનું તત્ત્વ પ્રયત્નથી મનુષ્યજાતિમાં વિસ્તારી શકાય છે; તેથી એવી સમજ મેળવવી કે કેળવવી એ ઇષ્ટ છે.

શુદ્ધ વૃત્તિ અને શુદ્ધ નિષ્ઠા નિર્વિવાદપણે ધર્મ છે, જ્યારે બાહ્ય વ્યવહારોના ધર્માધર્મપણામાં મતભેદો છે. તેથી બાહ્ય આચારો કે વ્યવહારો, નિયમો કે રીતરિવાજોની ધર્મ્યતા કે અધર્મ્યતાની કસોટી એ તાત્ત્વિક ધર્મ જ હોઈ શકે.

[હરિ૦ ભા૦ ૧, પૃ૦ ૫૨-૫૩]

[૭] ધર્મદૃષ્ટિ અને તેનું ઊર્ધ્વીકરણ

ઊર્ધ્વીકરણનો અર્થ છે શુદ્ધીકરણ તેમ જ વિસ્તારીકરણ. ધર્મદૃષ્ટિ જેમ જેમ શુદ્ધ થાય અને શુદ્ધ કરાય તેમ જ તેનો વિસ્તાર થાય અર્થાત્ માત્ર વ્યક્તિગત ન રહેતાં તેનું જેમ જેમ સામુદાયિક રૂપ નિર્માણ થાય, તેમ તેમ તેનું ઊર્ધ્વીકરણ થાય છે એમ સમજવું જોઈએ. એને જ Sublimation કહેવામાં આવે છે.

જિજીવિષા યા જીવનવૃત્તિ અને ધર્મદૃષ્ટિ એ બન્ને પ્રાણીમાત્રમાં સહભૂ અને સહચારી છે. ધર્મદૃષ્ટિ વિના જીવનવૃત્તિ સંતોષાતી નથી અને જીવનવૃત્તિ હોય તો જ ધર્મદૃષ્ટિનું અસ્તિત્વ સંભવે છે. આમ છતાં મનુષ્ય અને ઇતર જીવજગત વચ્ચેની સ્થિતિ નોખી નોખી છે. પશુ-પક્ષી અને કીડી-ભ્રમર જેવી અનેક પ્રાણીજાતિઓમાં આપણે જોઈએ છીએ કે તે તે પ્રાણી માત્ર પોતાના દૈહિક જીવન અર્થે જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિ નથી કરતું, પણ તે પોતપોતાના નાના-મોટા જૂથ, દળ કે વર્ગ માટે કાંઈ ને કાંઈ કરે જ છે. આ એની એક રીતે ધર્મવૃત્તિ થઈ. પણ આ ધર્મવૃત્તિના મૂળમાં જાતિગત પરંપરાથી ચાલ્યો આવતો એક રૂઢ સંસ્કાર હોય છે; એની સાથે એમાં સમજણ કે વિવેકનું તત્ત્વ વિકસ્યું નથી હોતું; એની શકયતા પણ નથી હોતી; તેથી એ ધર્મવૃત્તિને ધર્મદૃષ્ટિની કોટિમાં મૂકી ન શકાય.

મનુષ્યપ્રાણી જ એવું છે જેમાં ધર્મદૃષ્ટિનાં બીજો સ્વયંભૂ રીતે પડેલાં છે. એવાં બીજોમાં એની જ્ઞાન અને જિજ્ઞાસાવૃત્તિ, સંકલ્પ-શક્તિ અને સારા-નરસાનો વિવેક કરવાની શક્તિ, તેમ જ ધ્યેયને સિદ્ધ કરવાનો પુરુષાર્થ, આ મુખ્ય છે. મનુષ્ય જેટલું ભૂતકાળનું સ્મરણ અન્ય કોઈ પ્રાણીમાં નથી. એના જેટલો ભૂતકાળનો વારસો સાચવવાની અને આગલી પેઢીઓને એ વારસો વધારા સાથે આપવાની કળા પણ કોઈમાં નથી. તે એકવાર કાંઈ પણ કરવાનો સંકલ્પ કરે તો તે તેને સાધે જ છે, અને પોતાના નિર્ણયોને પણ, ભૂલ જણાતાં, બદલે અને સુધારે છે. એના પુરુષાર્થની તો કોઈ સીમા જ નથી. તે અનેક નવાંનવાં ક્ષેત્રોને ખોળે અને ખેડે છે. મનુષ્યજાતની આ શક્તિ તે જ તેની ધર્મદૃષ્ટિ છે.

પરંતુ મનુષ્યજાતિમાં અત્યારે ધર્મદૃષ્ટિના વિકાસની જે ભૂમિકા જણાય છે તે એકાએક સિદ્ધ થઈ નથી. આનો સાક્ષી ઇતિહાસ છે. એડવર્ડ કેર્ડ નામના વિદ્વાને ધર્મવિકાસની ભૂમિકાઓનો નિર્દેશ ટૂંકમાં આ રીતે કર્યો છે : We look out before we look in, and we look in before we look up. ડૉ. આનંદશંકર ધ્રુવે એનું ગુજરાતી આ રીતે કર્યું છે : "પ્રથમ બહિર્દૃષ્ટિ, પછી અન્તર્દૃષ્ટિ અને છેવટે ઊર્ધ્વદૃષ્ટિ; પ્રથમ ઈશ્વરનું દર્શન બાહ્ય સૃષ્ટિમાં થાય, પછી અન્તરૂઆત્મામાં (કર્તવ્યનું ભાન વગેરેમાં) થાય અને છેવટે ઉભયની એકતામાં થાય." જૈન પરિભાષામાં એને બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માની અવસ્થા કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્ય કેવોય શક્તિશાળી કેમ ન હોય, પણ તે સ્થૂલમાંથી અર્થાત્ દ્રવ્યમાંથી સૂક્ષ્મમાં અર્થાત્ ભાવમાં પ્રગતિ કરે છે. ગ્રીસમાં શિલ્પ, સ્થાપત્ય, કાવ્ય, નાટક, તત્ત્વજ્ઞાન, ગણિત આદિ કળાઓ અને વિદ્યાઓનો એક કાળે અદ્‌ભુત વિકાસ થયેલો. એવે વખતે જ એક વ્યક્તિમાં અકળ રીતે ધર્મદૃષ્ટિ, માણસજાતને આંજી દે એટલા પ્રમાણમાં, વિકસી. એ સોક્રેટિસે કળાઓ અને વિદ્યાઓનું મૂલ્ય જ ધર્મદૃષ્ટિના ગજથી બદલી નાખ્યું અને એની એ ધર્મદૃષ્ટિ આજે તો ચોમેર સત્કારાય છે.

યહોવાહે મૂસાને આદેશ આપ્યો ત્યારે એ માત્ર યહૂદી લોકોના સ્થૂલ ઉદ્ધાર પૂરતો હતો અને બીજી સમકાલીન જાતિઓનો એમાં વિનાશ પણ સૂચવાતો હતો. પરંતુ એ જ જાતિમાં ઈસુ ખ્રિસ્ત પાક્યો અને ધર્મદૃષ્ટિએ જુદું જ રૂપ લીધું. ઈસુએ ધર્મની બધી જ આજ્ઞાઓને અંદર અને બહારથી શોધી તેમ જ દેશ-કાળના ભેદ વિના સર્વત્ર લાગુ કરી શકવા જેવી ઉદાત્ત બનાવી. આ બધા પહેલાં પણ ઈરાનમાં જરથુસ્ત્રે નવું દર્શન આપેલું, જે અવેસ્તામાં જીવિત છે. અંદરોઅંદર લડી મરતા અને જાતજાતના વહેમના ભોગ થયેલા આરબ કબીલાઓને સાંધવાની અને કાંઈક વહેમમુક્ત કરવાની ધર્મદૃષ્ટિ મહંમદ પેગંબરમાં વિકસી.

પરંતુ ધર્મદૃષ્ટિના વિકાસ અને ઊર્ધ્વીકરણની મુખ્ય કથા તો મારે ભારતીય પરંપરાઓને અવલંબી દર્શાવવાની છે. વેદોનાં ઉષસ્, વરુણ અને ઇન્દ્ર આદિ સૂક્તોમાં કવિઓની સૌંદર્યદૃષ્ટિ, પરાક્રમ પ્રત્યેનો અહોભાવ અને કોઈ દિવ્ય શક્તિ પ્રત્યેની ભક્તિ જેવાં મંગળ તત્ત્વો વાંચીએ છીએ, પણ એ કવિઓની ધર્મદૃષ્ટિ મુખ્યપણે સકામ છે. તેથી જ તેઓ દિવ્ય શક્તિ પાસેથી પોતાની, પોતાના કુટુંબની અને પશુ આદિ પરિવારની આબાદીની માગણી કરે છે અને બહુ બહુ તો લાંબું જીવન પ્રાર્થે છે. સકામતાની આ ભૂમિકા બ્રાહ્મણકાળમાં વિકસે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં ઐહિક ઉપરાંત પારલૌકિક ભોગ સાધવાના નવનવા માર્ગો યોજાય છે.

પરંતુ, આ સકામ ધર્મદૃષ્ટિ સમાજને વ્યાપી રહી હતી તેવામાં જ, એકાએક ધર્મદૃષ્ટિનું વલણ બદલાતું દેખાય છે. કોઈ તપસ્વી યા ઋષિને સૂઝ્યું કે આ બીજા લોકના સુખભોગો વાંછવા અને તે પણ પોતાપૂરતા અને બહુ બહુ તો પરિવાર યા જનપદપૂરતા, તેમ જ બીજા કરતાં વધારે ચડિયાતા, તો આ કાંઈ ધર્મદૃષ્ટિ કહેવાય નહિ. ધર્મદૃષ્ટિમાં કામનાનું તત્ત્વ હોય તો તે એક અધૂરાપણું જ છે. આ વિચારમાંથી નવું પ્રસ્થાન શરૂ થયું અને એનો જાદુ વ્યાપક બન્યો. ઈ. સ. પહેલાંના આઠસો કે હજાર વર્ષ જેટલા જૂના યુગમાં અકામ ધર્મદૃષ્ટિના અનેક અખતરા થતા દેખાય છે. ઉપનિષદો એ જ ધર્મ-દૃષ્ટિનું વિવરણ કરે છે. જૈન, બૌદ્ધ આદિ સંઘોનો તો પાયો જ એ દૃષ્ટિમાં છે. આ અકામ ધર્મદૃષ્ટિ એ અન્તરાત્મદૃષ્ટિ યા ધર્મવિકાસની બીજી ભૂમિકા છે. આમાં મનુષ્ય પ્રથમ પોતાની જાતને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે અને સમગ્ર વિશ્વ સાથે તાદાત્મ્યભાવ કેળવવા મથે છે. આમાં ઐહિક અને પરલૌકિક એવા કોઈ સ્થૂલ ભોગની વાંચ્છાનો આદર છે જ નહિ.

કુટુંબ અને સમાજમાં નિષ્કામતા સાધી ન શકાય, એ વિચાર-માંથી એકાન્તવાસ અને અનગારભાવની વૃત્તિ બળ પકડે છે. અને આવી વૃત્તિ એ જ જાણે નિષ્કામતા હોય યા વાસનાનિવૃત્તિ હોય એવી રીતે એની પ્રતિષ્ઠા જામે છે. કામતૃષ્ણાની નિવૃત્તિ યા શુદ્ધીકરણનું સ્થાન મુખ્યપણે પ્રવૃત્તિત્યાગ જ લે છે; અને જાણે જીવન જીવવું એ એક પાપ કે શાપ હોય તેવી મનોવૃત્તિ સમાજમાં પ્રવેશે છે. આવે વખતે વળી અકામ ધર્મદૃષ્ટિનું સંસ્કરણ થાય છે. ઈશાવાસ્ય ઘોષણા કરે છે કે આખું જગત આપણા જેવા ચૈતન્યથી ભરેલું છે, તેથી જ્યાં જશો ત્યાં બીજા પણ ભોગીઓ તો છે જ. વસ્તુભોગ એ કોઈ મૂળગત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોષ નથી, એ જીવન માટે અનિવાર્ય છે. એટલું જ કરો કે બીજાની સગવડનો ખ્યાલ રાખી જીવન જીવો અને કોઈના ધન પ્રત્યે ન લોભાઓ. પ્રાપ્ત કર્તવ્ય કર્યે જાઓ અને જિવાય તેટલું જીવવા ઇચ્છો. આમ કરવાથી નથી કોઈ કામતૃષ્ણાનું બંધન નડવાનું કે નથી બીજો કોઈ લેપ લાગવાનો. ખરેખર, ઈશાવાસ્યે નિષ્કામ ધર્મદૃષ્ટિનો અંતિમ અર્થ દર્શાવી મનુષ્યજાતને ધર્મદૃષ્ટિના ઊર્ધ્વીકરણ તરફ પ્રયાણ કરવામાં ભારે મદદ કરી છે. ગીતાના ભવ્ય મહેલનો પાયો ઈશાવાસ્યની જ સૂઝ છે.

મહાવીરે તૃષ્ણાદોષ અને તેમાંથી ઉદ્ભવતા બીજા દોષો નિર્મૂળ કરવાની દૃષ્ટિએ મહતી સાધના કરી. બુદ્ધે પણ પોતાની રીતે એવી જ સાધના કરી. પરંતુ સામાન્ય સમાજે એમાંથી એટલો જ અર્થ ઝીલ્યો કે તૃષ્ણા, હિંસા, ભય આદિ દોષો ટાળવા. લોકોની દોષો ટાળવાની વૃત્તિએ આ ન કરવું, તે ન કરવું, એવા અનેકવિધ નિવર્તક યા નકારાત્મક ધર્મો પોષ્યા, વિકસાવ્યા અને વિધાયક-ભાવાત્મક ધર્મ વિકસાવવાની બાજુ લગભગ આખા દેશમાં ગૌણ બની ગઈ. આવી દશા હતી ત્યારે જ વળી મહાયાનભાવના ઉદયમાં આવી. અશોકના ધર્મશાસનમાં એનું દર્શન થાય છે. પછી તો અનેક ભિક્ષુકો પોત-પોતાની રીતે એ ભાવના દ્વારા પ્રવર્તક ધર્મો વિકસાવ્યે જતા હતા. છઠ્ઠા સૈકાના ગુજરાતમાં થયેલ શાન્તિદેવે તો ત્યાં સુધી કહી દીધું કે દુનિયા દુઃખી હોય અને મોક્ષને ઝંખીએ, એવો અરસિક મોક્ષ શા કામનો ? મધ્યકાળ અને પછીના ભારતમાં અનેક સંતો, વિચારકો અને ધર્મદૃષ્ટિના શોધકો થતા આવ્યા છે, પણ આપણે આપણા જ જીવનમાં ધર્મદૃષ્ટિનું જે ઊર્ધ્વીકરણ જોયું છે, અને અત્યારે પણ જોઈએ છીએ, તે અત્યાર લગી વિશ્વમાં થયેલ ધર્મદૃષ્ટિના વિકાસનું સર્વોપરિ સોપાન હોય એમ જણાયા વિના રહેતું નથી.

[દર્શનં૦ ભા૦ ૧, પૃ૦ ૭૨-૭૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮] બે ધર્મસંસ્થાઓ : ગૃહસ્થાશ્રમકેન્દ્રિત અને સંન્યાસકેન્દ્રિત

આપણા દેશમાં મુખ્યપણે બે પ્રકારની ધર્મસંસ્થાઓ ચાલી આવે છે, કે જેનાં મૂળ તથાગત બુદ્ધ અને નિર્ગ્રંથનાથ મહાવીરથી પણ જૂનાં છે. આમાંની એકના કેન્દ્રમાં ગૃહસ્થાશ્રમ છે અને બીજીના કેન્દ્રમાં સંન્યાસ કે પરિવ્રજ્યા છે. પહેલી સંસ્થાનું પોષણ અને સંવર્ધન મુખ્યત્વે વૈદિક બ્રાહ્મણો દ્વારા થયું છે, કે જેમનો ધર્મ-વ્યવસાય ગૃહ્ય અને શ્રૌત યજ્ઞયાગાદિ તેમ જ એને અનુકૂળ સંસ્કારોને અનુલક્ષીને ચાલતો રહ્યો છે.

બીજી સંસ્થા શરૂમાં અને મુખ્યત્વે બ્રાહ્મણેતર એટલે કે વૈદિકેતર—ખાસ કરીને કર્મકાંડી બ્રાહ્મણથી જુદા—વર્ગ દ્વારા આવિર્ભાવ પામી છે. આજે તો આપણે ચાર આશ્રમના નામથી એટલા બધા સુપરિચિત છીએ કે દરેક એમ સમજે છે કે ભારતની પ્રજા પહેલાંથી જ ચાર આશ્રમની સંસ્થાની ઉપાસક હતી. પણ ખરી રીતે એવું નથી. ગૃહસ્થાશ્રમકેન્દ્રિત અને સંન્યાસાશ્રમકેન્દ્રિત એવી બન્ને સંસ્થાઓના પરસ્પરના સંઘર્ષ તથા આચાર-વિચારોની આપ-લેમાંથી આ ચાર આશ્રમની સંસ્થાનો વિચાર અને આચાર સ્થિર થયો છે.

જેઓ ગૃહસ્થાશ્રમકેન્દ્રિત સંસ્થાને જીવનનું મુખ્ય અંગ માનતા હતા, તેઓ સંન્યાસનો કેવળ વિરોધ જ નહીં, અનાદર સુધ્ધાં કરતા હતા. બીજી બાજુ સંન્યાસકેન્દ્રિત સંસ્થાના પક્ષપાતી સંન્યાસ ઉપર એટલો બધો ભાર આપતા હતા કે જાણે એ સમાજનું જીવન-સર્વસ્વ જ હોય. બ્રાહ્મણો વેદ અને વેદાશ્રિત કર્મકાંડોને આધારે જીવન વ્યતીત કરતા રહ્યા, જે ગૃહસ્થો દ્વારા ગૃહસ્થાશ્રમમાં જ સંભવિત છે. તેથી તેઓ ગૃહસ્થાશ્રમની પ્રધાનતા, ગુણવત્તા તેમ જ સર્વોપયોગિતા ઉપર ભાર દેતા આવ્યા. જેમને માટે વેદાશ્રિત કર્મ-કાંડોનો જીવનમાર્ગ સીધી રીતે ઉઘાડો ન હતો અને જેઓ વિદ્યારુચિ અને ધર્મરુચિ ધરાવતા હતા, એમણે ધર્મજીવનનાં બીજાં દ્વાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉઘાડ્યાં, જેમાંથી ક્રમે ક્રમે આરણ્યક ધર્મ, તાપસ ધર્મ કે ટાગોરની ભાષામાં 'તપોવન'ની સંસ્કૃતિનો વિકાસ થયો છે, જે સંત-સંસ્કૃતિનું મૂળ છે. એવા પણ વૈદિક બ્રાહ્મણ થઈ ગયા, કે જે સંત-સંસ્કૃતિના પણ મુખ્ય સ્તંભ મનાય છે. બીજી બાજુ વેદ અને વેદાશ્રિત કર્મ-કાંડોમાં ભાગ લઈ શકવાનો અધિકાર નહીં ધરાવતા અનેક એવા બ્રાહ્મણેતરો પણ થઈ ગયા કે જેમણે ગૃહસ્થાશ્રમકેન્દ્રિત ધર્મસંસ્થાને જ મુખ્ય માની છે. પણ એટલું નિશ્ચિત છે કે છેવટે બન્ને સંસ્થા-ઓનો સમન્વય ચાર આશ્રમના રૂપમાં જ થયો. આજે કટ્ટર કર્મકાંડી મીમાંસક બ્રાહ્મણ સુધ્ધાં સંન્યાસની અવગણના નથી કરી શકતો. એ જ રીતે સંન્યાસનો ભારે પક્ષપાતી પણ ગૃહસ્થાશ્રમની ઉપયોગિતાનો ઇન્કાર નથી કરી શકતો.

[દઔચિં૦ ખં૦ ૧, પૃ૦ ૩૮–૩૯]

[૯] ધર્મ અને બુદ્ધિ

આજ સુધી કોઈ પણ વિચારકે એમ નથી કહ્યું કે ધર્મની ઉત્પત્તિ અને એનો વિકાસ બુદ્ધિ સિવાય બીજા પણ કોઈ તત્ત્વથી થઈ શકે છે. પ્રત્યેક ધર્મ–સંપ્રદાયનો ઇતિહાસ એમ જ કહે છે કે અમુક બુદ્ધિશાળી પુરુષો દ્વારા જ એ ધર્મની ઉત્પત્તિ કે શુદ્ધિ થઈ. ધર્મના ઇતિહાસ અને એના સંચાલકના વ્યાવહારિક જીવનને જોઈને આપણે કેવળ એક જ નિષ્કર્ષ ઉપર પહોંચીએ છીએ કે બુદ્ધિનું તત્ત્વ જ ધર્મનું ઉત્પાદક, એનું સંશોધક, પોષક અને પ્રચારક બન્યું છે અને બની શકે છે.

શું ધર્મ અને બુદ્ધિ વચ્ચે વિરોધ છે? આના જવાબમાં ટૂંકમાં એટલું જ કહી શકાય કે એમની વચ્ચે ન કોઈ વિરોધ છે કે ન હોઈ શકે છે. જો સાચે જ કોઈ ધર્મમાં એમની વચ્ચે વિરોધ માનવામાં આવે તો આપણે એમ જ કહેવું પડે કે એ બુદ્ધિવિરોધી ધર્મ સાથે અમારે કશી લેવાદેવા નથી. આવા ધર્મનો સ્વીકાર કરવાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે એનો સ્વીકાર નહીં કરવામાં જ જીવન સુખી અને વિકસિત થઈ શકે છે.

[દ્રઔચિં૦ ખં૦ ૧, પૃ૦ ૧૩]

[૧૦] ધર્મ અને વિચાર

ધર્મનો પિતા, એનો મિત્ર અને એની પ્રજ્ઞા, એ બધું વિચાર જ છે. વિચાર ન હોય તેમાં ધર્મની ઉત્પત્તિ ન જ સંભવે. ધર્મના જીવન અને પ્રસરણ સાથે વિચાર હોય જ છે. જે ધર્મ વિચાર ન પ્રગટાવે અને ન પોષે તે પોતાનો આત્મા જ ગુમાવે છે; તેથી ધર્મ વિષે વિચારણા કે પરીક્ષાની પણ પરીક્ષાઓ ચાલે તો પરિણામે એ લાભકારક જ છે.

[દ્રઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૪૯]

[૧૧] ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે ભેદ

ધર્મનો સાચો અર્થ છે આધ્યાત્મિક ઉત્કર્ષ, કે જેના દ્વારા વ્યક્તિ બહિર્મુખતાનો ત્યાગ કરીને–વાસનાઓના પાશથી મુક્ત બનીને–શુદ્ધ ચિદ્રૂપ કે આત્મસ્વરૂપ તરફ આગળ વધે છે. આનું નામ જ યથાર્થ ધર્મ. જો આવો ધર્મ સાચેસાચ જીવનમાં પ્રગટ થતો હોય તો એનાં બાહ્ય સાધનો પણ—ભલે પછી એ એક યા બીજા રૂપમાં અનેક પ્રકારનાં કેમ ન હોય—ધર્મ જ કહી શકાય. પરંતુ જો વાસનાઓના પાશથી મુક્તિ ન મળે અથવા મુક્તિ માટેનો પ્રયત્ન પણ ન થાય, તો બાહ્ય સાધનો ગમે તેવાં હોય તોપણ એ ધર્મની કોટિમાં કદી ન આવી શકે; બલકે એ બધાંય સાધનો અધર્મ જ બની જાય છે. સારાંશ એ કે ધર્મનો મુખ્ય સંબંધ સત્ય, અહિંસા, અપરિગ્રહ જેવા આધ્યાત્મિક સદ્ગુણો સાથે છે. સાચી રીતે તો ધર્મ કોઈ બાહ્ય વસ્તુ નથી, છતાં એ બાહ્ય જીવન અને વ્યવહાર દ્વારા જ વ્યક્ત થાય છે. ધર્મને જો આત્મા કહીએ તો બાહ્ય જીવન અને બધા સામાજિક વ્યવહારોને દેહ કહેવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરી રીતે ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે કોઈ અંતર નહીં હોવું જોઈએ. જે વ્યક્તિ કે જે સમાજ સંસ્કૃત ગણાતાં હોય, એ જો ધર્મવિમુખ હોય તો પછી જંગલીપણામાં અને સંસ્કૃતિમાં ફેર શો? આમ ખરી રીતે માનવ-સંસ્કૃતિનો અર્થ ધાર્મિક કે ન્યાય-સંપન્ન જીવન-વ્યવહાર જ થાય છે. પણ સામાન્ય જગતમાં સંસ્કૃતિનો આવો અર્થ કરવામાં નથી આવતો. લોકો સંસ્કૃતિનો અર્થ માનવીએ કરેલી વિવિધ કળાઓ, જુદી જુદી શોધો અને જુદી જુદી વિદ્યાઓ કરે છે. પરંતુ આ કળાઓ, આ શોધો અને આ વિદ્યાઓ હમેશાં માનવસમાજના કલ્યાણની દૃષ્ટિથી કે વૃત્તિથી જ પ્રગટ થાય છે, એવો કોઈ નિયમ નથી. આપણે ઇતિહાસને આધારે એ જાણીએ છીએ કે અનેક કળાઓ, અનેક શોધો અને અનેક વિદ્યાઓની પાછળ હમેશાં લોકકલ્યાણનો કોઈ શુદ્ધ ઉદ્દેશ હોય છે એવું નથી; અને છતાં આ વસ્તુઓ સમાજમાં આવે છે, અને સમાજ પણ એમનું હૃદય-પૂર્વક સ્વાગત કરે છે. આ રીતે આપણે જોઈએ છીએ, અને વ્યવહારમાં પણ અનુભવીએ છીએ, કે જે વસ્તુ માનવીની બુદ્ધિ અને એના એકાગ્ર પ્રયત્ન દ્વારા સર્જાય છે, અને માનવસમાજને જૂની ભૂમિકા ઉપરથી નવી ભૂમિકાએ દોરી જાય છે, એ સંસ્કૃતિની કોટિમાં આવે છે. એની સાથે શુદ્ધ ધર્મનો કોઈ અનિવાર્ય સંબંધ હોય, એવો કોઈ નિયમ નથી. એટલા માટે જ સંસ્કૃત કહેવાતી અને મનાતી જાતિઓ પણ અનેક રીતે ધર્મવિમુખ જોવામાં આવે છે.

[દ્રઔચિં૦ ખં૦ ૧, પૃ૦ ૯]

[૧૨] ધર્મ અને નીતિ વચ્ચે ફેર

જે બંધન કે જે કર્તવ્ય ભય કે સ્વાર્થમૂલક હોય છે તે નીતિ; અને જે કર્તવ્ય ભય કે સ્વાર્થમૂલક નહિ પણ શુદ્ધ કર્તવ્ય ખાતર જ હોય છે, અને જે કર્તવ્ય માત્ર યોગ્યતા ઉપર જ અવલંબિત હોય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. જો આપણે જરીક ઊંડા ઊતરીને તપાસીશું તો સ્પષ્ટ દેખાશે કે નીતિ એ સમાજના ધારણ અને પોષણ માટે આવશ્યક છતાં પણ તેનાથી સમાજનું સંશોધન થતું નથી. સંશોધન એટલે શુદ્ધિ; અને શુદ્ધિ એટલે જ ખરો વિકાસ, એ સમજ જો વાસ્તવિક હોય તો એમ કહેવું જોઈએ કે એવો વિકાસ ધર્મને જ આભારી છે. જે સમાજમાં ઉપર કહેલ ધર્મ જેટલે અંશે વધારે અનુસરાતો હોય તે સમાજ તેટલે અંશે ચડિયાતો.

[દ્વઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૪૪]

[૧૩] ધર્મ અને પંથ

પહેલામાં એટલે ધર્મમાં અંતર્દર્શન હોય છે, એટલે તે આત્માની અંદરથી ઊગે છે અને તેમાં જ ડોકિયું કરાવે છે કે તે તરફ જ માણસને વાળે છે, જ્યારે બીજામાં એટલે પંથમાં બહિર્દર્શન હોય છે, એટલે તે બહારના વાતાવરણમાંથી જ અને દેખાદેખીમાંથી જ આવેલ હોય છે, તેથી બહાર જ નજર કરાવે છે અને માણસને બહારની બાજુ જોવામાં જ રોકી રાખે છે.

ધર્મ એ ગુણજીવી અને ગુણાવલંબી હોવાથી તે આત્માના ગુણો ઉપર જ રહેલો હોય છે, જ્યારે પંથ એ રૂપજીવી અને રૂપાવલંબી હોવાથી તેનો બધો આધાર બહારના રૂપરંગ અને ઠાકઠમાળ ઉપર હોય છે.

પહેલામાં એકતા અને અભેદના ભાવો ઊઠે છે અને સમાનતાની ઊર્મિઓ ઊછળે છે, જ્યારે બીજામાં ભેદ અને વિષમતાની તરાડો પડતી અને વધતી જાય છે. એટલે પહેલામાં માણસ બીજા સાથેનો પોતાનો ભેદ ભૂલી અભેદ તરફ જ ઝૂકે છે, અને બીજાના દુઃખમાં પોતાનું સુખ વીસરી જાય છે. ધર્મમાં બ્રહ્મ એટલે સાચા જીવનની ઝાંખી થવાથી તેની વ્યાપકતા સામે માણસને પોતાની જાત અલ્પ જેવી જ ભાસે છે, જ્યારે પંથમાં એથી ઊલટું છે. એમાં ગુણ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈભવ ન પણ હોય છતાં માણસ પોતાને બીજાથી મોટો માને છે અને તેમ મનાવવા યત્ન કરે છે. એમાં નમ્રતા હોય તો તે બનાવટી હોય છે અને તેથી તે માણસને મોટાઈનો જ ખ્યાલ પૂરો પાડે છે. એની નમ્રતા એ મોટાઈને માટે જ હોય છે. સાચા જીવનની ઝાંખી ન હોવાથી અને ગુણોની અનન્તતાનું તેમ જ પોતાની પામરતાનું ભાન ન હોવાથી પંથમાં પડેલો માણસ પોતામાં લઘુતા અનુભવી શકતો જ નથી, માત્ર તે લઘુતા દર્શાવ્યા કરે છે.

ધર્મમાં દૃષ્ટિ સત્યની હોવાથી તેમાં બધી બાજુ જોવા-જાણવાની ધીરજ અને બધી જ બાજુઓને સહી લેવાની ઉદારતા હોય છે. પંથમાં એમ નથી હોતું. તેમાં દૃષ્ટિ સત્યાભાસની હોવાથી તે એક જ—અને તે પણ પોતાની—બાજુને સર્વ સત્ય માની બીજી બાજુ જોવા-જાણવા તરફ વલણ જ નથી આપતી, અને વિરોધી બાજુઓને સહી લેવાની કે સમજી લેવાની ઉદારતા પણ નથી અર્પતી.

ધર્મમાં પોતાનું દોષદર્શન અને બીજાઓના ગુણનું દર્શન મુખ્ય હોય છે, જ્યારે પંથમાં તેથી ઊલટું છે. પંથવાળો માણસ બીજાના ગુણો કરતાં દોષો જ ખાસ જોયા તેમ જ ગાયા કરે છે, અને પોતાના દોષો કરતાં ગુણો જ વધારે જોયા તેમ જ ગાયા કરે છે, અથવા તો એની નજરે પોતાના દોષો ચડતા જ નથી.

ધર્મગામી કે ધર્મનિષ્ઠ માણસ પ્રભુને પોતાની અંદર જ અને પોતાની આસપાસ જ જુએ છે. તેથી તેને ભૂલ અને પાપ કરતાં 'પ્રભુ જોઈ જશે' એવો ભય લાગે છે, તેની શરમ આવે છે, જ્યારે પંથગામી માણસને પ્રભુ વૈકુંઠમાં કે મુક્તિસ્થાનમાં હોવાની શ્રદ્ધા હોય છે, એટલે તે ભૂલ કરતાં પ્રભુથી પોતાને વેગળો માની, જાણે કોઈ જાણતું જ ન હોય તેમ, નથી કોઈથી ભય ખાતો કે નથી શરમાતો. એને ભૂલનું દુઃખ સાલતું જ નથી અને સાલે તોયે ફરી ભૂલ ન કરવાને માટે નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મમાં ચારિત્ર ઉપર જ પસંદગીનું ધોરણ હોવાથી તેમાં જાતિ, લિંગ, ઉમર, ભેખ, ચિહ્નો, ભાષા અને બીજી તેવી બહારની વસ્તુઓને સ્થાન જ નથી, જ્યારે પંથમાં એ જ બાહ્ય વસ્તુઓને સ્થાન હોય છે. અને એની મુખ્યતામાં ચારિત્ર દબાઈ જાય છે. ઘણીવાર તો લોકોમાં જેની પ્રતિષ્ઠા ન હોય એવી જાતિ, એવું લિંગ, એવી ઉમર કે એવા વેશ કે ચિહ્નવાળામાં જો ખાસું ચારિત્ર હોય તોપણ પંથમાં પડેલ માણસ તેને લક્ષમાં લેતો જ નથી અને ઘણીવાર તો તેવાને તરછોડી પણ કાઢે છે.

ધર્મમાં વિશ્વ એ એક જ ચોકો છે. તેમાં બીજા કોઈ નાના ચોકા ન હોવાથી આભડછેટ જેવી વસ્તુ જ નથી હોતી અને હોય છે તો એટલું જ કે તેમાં પોતાનું પાપ જ માત્ર આભડછેટ લાગે છે, જ્યારે પંથમાં ચોકાવૃત્તિ એવી હોય છે કે જ્યાં દેખો ત્યાં આભડ-છેટની ગંધ આવે છે અને તેમ છતાં ચોકાવૃત્તિનું નાક પોતાના પાપની દુર્ગંધ સૂંઘી શકતું જ નથી! તેને પોતે માનેલું એ જ સુવાસવાળું અને પોતે ચાલતો હોય તે જ રસ્તો શ્રેષ્ઠ લાગે છે, અને તેથી તે બીજે બધે બદબો અને બીજામાં પોતાના પંથ કરતાં ઊતરતાપણું અનુભવે છે.

ટૂંકમાં કહીએ તો, ધર્મ માણસને રાતદિવસ પોષાતા ભેદસંસ્કા-રોમાંથી અભેદ તરફ ધકેલે છે અને પંથ એ પોષાતા ભેદમાં વધારે અને વધારે ઉમેરો કરે છે, અને કયારેક દૈવયોગે અભેદની તક કોઈ આણે તો તેમાં તેને સંતાપ થાય છે. ધર્મમાં દુન્યવી નાની-મોટી તકરારો (જર, જોરુ, જમીનના અને નાનમ-મોટપના ઝઘડાઓ) પણ શમી જાય છે, જ્યારે પંથમાં ધર્મને નામે જ અને ધર્મની ભાવના ઉપર જ તકરારો ઊગી નીકળે છે. એમાં ઝઘડા વિના ધર્મની રક્ષા જ નથી દેખાતી.

પંથો હતા, છે અને રહેશે, પણ તેમાં સુધારવા જેવું કે કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવું હોય તો તે એટલું જ છે કે તેમાંથી વિખૂટો પડેલો ધર્મનો આત્મા તેમાં ફરી આપણે પૂરવો. એટલે આપણે કોઈ પણ પંથના હોઈએ છતાં તેમાં ધર્મનાં તત્ત્વો સાચવીને જ તે પંથને અનુસરીએ. અહિંસાને માટે હિંસા ન કરીએ અને સત્યને માટે અસત્ય ન બોલીએ. પંથમાં ધર્મનો પ્રાણ ફૂંકવાની ખાસ શરત એ છે કે દૃષ્ટિ સત્યાગ્રહી હોય. સત્યાગ્રહી હોવાનાં લક્ષણો ટૂંકમાં આ પ્રમાણે છે :—

(૧) પોતે જે માનતા અને કરતા હોઈએ તેની પૂરેપૂરી સમજ હોવી જોઈએ અને પોતાની સમજ ઉપર એટલો બધો વિશ્વાસ હોવો જોઈએ કે બીજાને સચોટતાથી સમજાવી શકાય.

(૨) પોતાની માન્યતાની યથાર્થ સમજ અને યથાર્થ વિશ્વાસની કસોટી એ છે કે બીજાને તે સમજાવતાં જરા પણ આવેશ કે ગુસ્સો ન આવે અને એ સમજાવતી વખતે પણ એની ખૂબીઓની સાથે જ જો કાંઈ ખામીઓ દેખાય તો તેની પણ વગર સંકોચે કબૂલાત કરતા જવું.

(૩) જેમ પોતાની દૃષ્ટિ સમજાવવાની ધીરજ તેમ બીજાની દૃષ્ટિ સમજવાની પણ તેટલી જ ઉદારતા અને તત્પરતા હોવી જોઈએ. બન્ને અથવા જેટલી બાજુઓ જાણી શકાય તે બધી બાજુઓની સરખામણી અને બળાબળ તપાસવાની વૃત્તિ પણ હોવી જોઈએ. એટલું જ નહિ, પણ પોતાની બાજુ નબળી કે ભૂલભરેલી ભાસતાં તેનો ત્યાગ તેના પ્રથમના સ્વીકાર કરતાં વધારે સુખદ મનાવો જોઈએ.

(૪) કોઈ પણ આખું સત્ય દેશ, કાળ કે સંસ્કારથી પરિમિત નથી હોતું, માટે બધી બાજુઓ જોવાની અને દરેક બાજુમાં જો ખંડ સત્ય દેખાય તો તે બધાનો સમન્વય કરવાની વૃત્તિ હોવી જોઈએ.

[દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૩૬–૩૯]

[૧૪] દર્શન અને સંપ્રદાય

એ વિચાર કરવો ઉચિત લેખાશે કે 'દર્શન'નો અર્થ શું કરવામાં આવે છે, અને ખરી રીતે એનો અર્થ શું હોઈ શકે? એ જ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ વાતની વિચારણા કરવી પણ યોગ્ય લેખાશે કે સંપ્રદાય શું વસ્તુ છે, અને એની સાથે દર્શનનો કેવો સંબંધ રહ્યો છે; તેમ જ એ સાંપ્રદાયિક સંબંધના પરિણામે દર્શનમાં કયા ગુણ-દોષ આવી ગયા, વગેરે.

સામાન્ય રીતે બધાય એમ જ સમજતા અને માનતા આવ્યા છે કે દર્શનનો અર્થ છે તત્ત્વનો સાક્ષાત્કાર. બધાય દાર્શનિકો પોતપોતાના સાંપ્રદાયિક દર્શનને સાક્ષાત્કાર રૂપ જ માનતા આવ્યા છે. અહીં સવાલ એ થાય છે કે સાક્ષાત્કાર એટલે શું? આનો જવાબ એક જ હોઈ શકે કે સાક્ષાત્કાર એનું નામ છે કે જેમાં ભ્રમ કે સંદેહને સ્થાન ન હોય, અને જે તત્ત્વનો સાક્ષાત્કાર થયો હોય એમાં પછી મતભેદ કે વિરોધ ન હોય. જો દર્શનની આવી સાક્ષાત્કારાત્મક વ્યાખ્યા સૌને માન્ય હોય તો, બીજો સવાલ એ થાય છે કે અનેક સંપ્રદાયાશ્રિત જુદાં જુદાં દર્શનોમાં એક જ તત્ત્વની બાબતમાં આટલા ભિન્ન ભિન્ન મતભેદ કેવા? અને એમાં જેનું સમાધાન થઈ ન શકે એવો પરસ્પર વિરોધ કેવો? આ શંકાનું સમાધાન કરવાનો આપણી પાસે એક જ રસ્તો છે કે આપણે 'દર્શન' શબ્દનો કંઈક જુદો અર્થ સમજીએ. એનો જે સાક્ષાત્કારરૂપ અર્થ કરવામાં આવે છે, અને જે લાંબા સમયથી શાસ્ત્રોમાં પણ લખેલો મળે છે, એ અર્થ જો યથાર્થ છે તો, મારા અભિપ્રાય પ્રમાણે, એ બધાય દર્શનોને નિર્વિવાદ અને અસંદિગ્ધરૂપે માન્ય એવા નીચેના આધ્યાત્મિક પ્રમેયોમાં જ ઘટી શકે છેઃ—

(૧) પુનર્જન્મ; (૨) એનું કારણ; (૩) પુનર્જન્મને ગ્રહણ કરનાર કોઈક તત્ત્વ; (૪) સાધનવિશેષ દ્વારા પુનર્જન્મનાં કારણોનો નાશ.

આ પ્રમેયોને સાક્ષાત્કારના વિષયો માનવામાં આવે છે. કોઈ તપસ્વી દ્રષ્ટા કે દ્રષ્ટાઓને કયારેક ને કયારેક આ તત્ત્વોનો સાક્ષાત્કાર થયો હશે, એમ કહી શકાય; કેમ કે અત્યાર સુધી કોઈ પણ આધ્યાત્મિક દર્શનમાં આ અને એના જેવાં તત્ત્વો સંબંધમાં ન તો મતભેદ પ્રગટ થયો છે, અને ન એમાં કોઈએ વિરોધ દર્શાવ્યો છે. પણ ઉપર સૂચવેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ આધ્યાત્મિક પ્રમેયોના વિશેષ-વિશેષ સ્વરૂપની બાબતમાં તેમ જ એની વિગતવાર વિચારણામાં બધાંય મુખ્ય મુખ્ય દર્શનો વચ્ચે, અને કયારેક કયારેક તો એક જ દર્શનની અનેક શાખાઓ વચ્ચે, એટલો બધો મતભેદ અને વિરોધ શાસ્ત્રોમાં જોવામાં આવે છે કે, એને જોઈને તટસ્થ સમાલોચક એમ કયારેય ન માની શકે કે કોઈ એક કે બધા સંપ્રદાયોનાં વિગતવાર મંતવ્યો સાક્ષાત્કારનો વિષય બન્યાં હોય. જો આ મંતવ્યોનો સાક્ષાત્કાર થયો હોય તો એ કયા સંપ્રદાયનાં ? કોઈ એક સંપ્રદાયના પ્રવર્તકને વિગતોની બાબતમાં સાક્ષાત્કાર કરનાર–દ્રષ્ટા સાબિત કરવાનું કામ બહુ મુશ્કેલ છે. તેથી, બહુ બહુ તો, ઉપર જણાવેલ મૂળ પ્રમેયોના સંબંધમાં 'દર્શન'નો અર્થ 'સાક્ષાત્કાર' માની લીધા પછી એ પ્રમેયોની વિગતોની બાબતમાં 'દર્શન'નો અર્થ કંઈક જુદો જ કરવો પડશે.

વિચાર કરતાં લાગે છે કે 'દર્શન'નો બીજો અર્થ 'સબળ પ્રતીતિ' એવો કરવો જ બરાબર છે. શબ્દોના અર્થોના જુદા જુદા સ્તરો હોય છે. 'દર્શન'ના અર્થનો આ બીજો સ્તર છે. આપણે વાચક ઉમાસ્વાતિના 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' એ સૂત્રમાં તથા એની વ્યાખ્યાઓમાં આ બીજો સ્તર સ્પષ્ટ રૂપે જોઈએ છીએ. વાચકજીએ સ્પષ્ટ રૂપે કહ્યું છે કે 'પ્રમેયોની શ્રદ્ધા એનું નામ જ દર્શન' છે. અહીં એ વાત કયારેય ભૂલવી ન જોઈએ કે શ્રદ્ધાનો અર્થ છે સબળ પ્રતીતિ કે વિશ્વાસ, નહીં કે સાક્ષાત્કાર. શ્રદ્ધા કે વિશ્વાસ, એ સંપ્રદાયમાં સાક્ષાત્કારને જીવંત રાખવાની એક ભૂમિકાવિશેષ છે, જેને મેં 'દર્શન'-નો બીજો સ્તર કહેલ છે.

આમ તો દરેક દેશના ચિંતકોમાં સંપ્રદાય જોવામાં આવે છે. યુરોપના તત્ત્વચિંતનની જન્મભૂમિ ગ્રીસના ચિંતકોમાં પણ પરસ્પર વિરોધી અનેક સંપ્રદાયો હતા; પણ ભારતીય તત્ત્વચિંતકોના સંપ્રદાયની કથા કંઈક જુદી જ છે. આ દેશના સંપ્રદાયો મૂળમાં ધર્મપ્રાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ધર્મજીવી છે. બધાય સંપ્રદાયોએ તત્ત્વચિંતનને આશ્રય આપ્યો છે, એટલું જ નહીં એના વિકાસ અને વિસ્તારને માટે પણ ઘણું કર્યું છે. એક રીતે, એ જુદા જુદા સંપ્રદાયોના પ્રયત્નોને લીધે જ ભારતીય તત્ત્વચિંતનનો બૌદ્ધિક પ્રદેશ ચમત્કારપૂર્ણ બની શક્યો છે. પણ આપણે અહીં જે વિચારવાનું છે તે તો એ છે કે દરેક સંપ્રદાય પોતાનાં જે મંતવ્યો પર સબળ વિશ્વાસ રાખે છે, અને જે મંતવ્યોને બીજો વિરોધી સંપ્રદાય કોઈ રીતે માનવા તૈયાર નથી, એ મંતવ્યો સાંપ્રદાયિક વિશ્વાસ કે સાંપ્રદાયિક ભાવનાના જ વિષયો લેખી શકાય, સાક્ષાત્કારના નહીં. આ રીતે સાક્ષાત્કારનો સામાન્ય ઝરો સંપ્રદાયોની ભૂમિ ઉપર, વિગતોના વિશેષ પ્રવાહોમાં વિભાજિત થતાંની સાથે જ, વિશ્વાસ અને પ્રતીતિનું રૂપ ધારણ કરવા લાગે છે.

જ્યારે સાક્ષાત્કાર વિશ્વાસનું રૂપ ધારણ કરે છે ત્યારે એ વિશ્વાસને સ્થિર રાખવા માટે તેમ જ એનું સમર્થન કરવા માટે બધાય સંપ્રદાયોને કલ્પનાઓ, દલીલો અને તર્કોનો આધાર લેવો પડે છે. બધાય સાંપ્રદાયિક તત્ત્વચિંતકો પોતપોતાના વિશ્વાસની પુષ્ટિને માટે કલ્પનાઓનો પૂરેપૂરો આધાર લેતાં રહેવા છતાં એમ માનતા રહ્યા કે અમે અને અમારો સંપ્રદાય જે કાંઈ માનીએ છીએ એ બધું કલ્પના નહીં પણ સાક્ષાત્કાર છે. આ રીતે 'દર્શન'ના અર્થમાં કલ્પનાઓનો તેમ જ સત્ય-અસત્ય કે અર્ધસત્ય તર્કોનો પણ સમાવેશ થઈ ગયો. એક તરફ જ્યાં સંપ્રદાયે મૂળ દર્શન એટલે કે સાક્ષાત્કારની રક્ષા કરી અને એની સ્પષ્ટતા કરવા સારુ અનેક જાતનાં ચિંતન ચાલુ રાખ્યાં તેમ જ એને વ્યક્ત કરવાની અનેક મનોરમ કલ્પનાઓ કરી, ત્યાં બીજી તરફ સંપ્રદાયની વાડને આધારે વધવાવાળી અને ફળવા-ફૂલવાવાળી તત્ત્વચિંતનની વેલ એટલી તો પરાશ્રિત થઈ ગઈ કે એને સંપ્રદાય સિવાય બીજો આધાર જ ન રહ્યો. પરિણામે, પર્દાનશીન પદ્મિનીઓની જેમ, તત્ત્વચિંતનની વેલ પણ કોમળ અને સંકુચિત દૃષ્ટિવાળી બની ગઈ.

[દર્શૌચિં૦ ખં૦૧, પૃ૦ ૬૭-૬૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૫] સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ

દૃષ્ટિ એટલે દર્શન. દર્શનનો સામાન્ય અર્થ 'દેખવું' એવો છે. આંખથી જે જે બોધ થાય તેને 'દેખવું' કે 'દર્શન' એમ કહેવાય છે. પરંતુ આ સ્થળે દૃષ્ટિ કે દર્શનનો અર્થ 'નેત્રજન્ય બોધ' એટલો જ માત્ર નથી; અહીં તેનો અર્થ ઘણો વિશાળ છે. કોઈ પણ ઇન્દ્રિયથી થતું જ્ઞાન, એ બધું અહીં દૃષ્ટિ કે દર્શનરૂપે અભિપ્રેત છે. એટલું જ નહિ, પણ મનની મદદ વિના જે આત્માને જ્ઞાન શક્ય હોય તો તેવું જ્ઞાન પણ અહીં દૃષ્ટિ કે દર્શનરૂપે અભિપ્રેત છે. સારાંશ એ છે સમ્યગ્દૃષ્ટિ એટલે કોઈ પણ જાતનો સમ્યગ્ બોધ. અને મિથ્યા દૃષ્ટિ એટલે દરેક જાતનો મિથ્યા બોધ.

દેહ ધારણ કરવો, શ્વાસોચ્છ્વાસ લેવો, જ્ઞાનેન્દ્રિયોથી જાણવું, કર્મેન્દ્રિયોથી કામ કરવું, એટલું જ માત્ર જીવન નથી, પણ મનની અને ચેતનની જુદી જુદી ભૂમિકાઓમાં જે સૂક્ષ્મ અને સૂક્ષ્મતર અનેક પ્રકારનાં સંવેદનો અનુભવવાં તે પણ જીવન છે. આવા વ્યાપક જીવનનાં પાસાં પણ અનેક છે. એ બધાં પાસાંને દોરવણી આપનાર અને જીવનને ચલાવનાર 'દૃષ્ટિ' છે. જો દૃષ્ટિ સાચી તો તેનાથી દોરવાતું જીવન ખોડ વિનાનું; અને જો દૃષ્ટિ ખોટી કે ભૂલભરેલી, તો તેનાથી દોરવાતું જીવન ખોડખાંપણવાળું જ હોવાનું. તેથી એ વિચારવું પ્રાપ્ત થાય છે કે સાચી દૃષ્ટિ એટલે શું અને ખોટી દૃષ્ટિ એટલે શું ?

કેટલાક શબ્દો ઇન્દ્રિયગમ્ય વસ્તુને લાગુ પડે છે, તો કેટલાક મનોગમ્ય વસ્તુને જ લાગુ પડે છે. જ્યાં શબ્દનો અર્થ ઇન્દ્રિયગમ્ય હોય ત્યાં તેના અર્થની પકડમાં સુધારોવધારો કરવાનું કામ સહેલું છે, પણ જ્યાં શબ્દનો અર્થ અતીન્દ્રિય કે મનોગમ્ય માત્ર હોય ત્યાં અર્થના સુધારાવધારાનું કામ કરવું બહુ અઘરું છે. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એ શબ્દો ચકલા અને ઘોડા આદિ શબ્દોની પેઠે ઇન્દ્રિય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમ્ય વસ્તુને લાગુ નથી પડતા, પણ મનોગમ્ય કે અતીન્દ્રિય ભાવોને સ્પર્શ કરે છે. એટલે તે શબ્દોના ખરા અર્થ તરફ જવાનું કે વારસાથી પ્રથમ ધારેલ અર્થમાં સુધારો, ફેરફાર કે વૃદ્ધિ કરવાનું કામ બહુ જ અઘરું હોઈ વિવેક અને પ્રયત્નસાધ્ય છે.

જીવનમાત્રમાં ચેતનતત્ત્વના અસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવવી તેમ જ એવી શ્રદ્ધાને પરિણામે ચેતન ઉપરનાં અજ્ઞાન તેમ જ રાગ-દ્વેષાદિ આવરણોને ચારિત્રના સમ્યક્ પુરુષાર્થથી ભેદવાની શક્યતાના ચારિત્ર-લક્ષી તત્ત્વમાં શ્રદ્ધા ધરાવવી તે સમ્યગ્દૃષ્ટિ અગર આસ્તિકતા. આથી ઊલટું એટલે કે ચેતનતત્ત્વમાં કે ચારિત્ર્યલક્ષી તત્ત્વમાં શ્રદ્ધા ન રાખવી તે મિથ્યાદૃષ્ટિ અગર નાસ્તિકતા. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિનો અનુક્રમે તત્ત્વવિષયક શ્રદ્ધા કે અશ્રદ્ધા એવો જ અર્થ વિકાસક્રમમાં ફલિત થાય છે. વાચક ઉમાસ્વાતિ નામના જૈન આચાર્યે સમ્યગ્દૃષ્ટિનો અર્થ બતાવતાં કહ્યું છે કે આધ્યાત્મિક અને ચારિત્રલક્ષી તત્ત્વોમાં શ્રદ્ધા સેવવી તે જ સમ્યગ્દર્શન. આપણે જોઈએ છીએ કે આ વ્યાખ્યામાં કોઈ એક ફિરકાની બાહ્ય આચારવિચારની પ્રણાલીઓનો સ્પર્શ જ નથી; માત્ર તત્ત્વના વાસ્તવિક સ્વરૂપમાં શ્રદ્ધા ધરાવવાનો જ સ્પર્શ છે.

તત્ત્વશ્રદ્ધા એ સમ્યગ્દૃષ્ટિ હોય તોપણ તે અર્થ છેવટનો નથી. છેવટનો અર્થ તો તત્ત્વસાક્ષાત્કાર છે. તત્ત્વશ્રદ્ધા એ તત્ત્વસાક્ષાત્કારનું એક સોપાન માત્ર છે. જ્યારે એ સોપાન દૃઢ હોય ત્યારે જ યથોચિત પુરુષાર્થથી તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે; એટલે કે સાધક જીવનમાત્રમાં ચેતન તત્ત્વને સમાન ભાવે અનુભવે છે અને ચારિત્ર્યલક્ષી તત્ત્વો માત્ર શ્રદ્ધાનો વિષય ન રહેતાં જીવનમાં વણાઈ જાય છે, એકરસ થઈ જાય છે. આનું જ નામ તત્ત્વસાક્ષાત્કાર અને એ જ સમ્યગ્દૃષ્ટિ શબ્દનો અંતિમ તેમ જ એકમાત્ર અર્થ.

[દ્વાત્રિં૦ ભા૦ ૧, પૃ૦ ૯૮–૧૦૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨

જૈનધર્મનો પ્રાણ

બ્રાહ્મણ અને શ્રમણ પરંપરા : વૈષમ્ય અને સામ્યદૃષ્ટિ

અત્યારે જે આચાર-વિચાર 'જૈનધર્મ'ને નામે ઓળખાય છે, તે ભગવાન પાર્શ્વનાથના સમયમાં—ખાસ કરીને મહાવીરના સમયમાં—'નિર્ગ્રંથધર્મ'ને નામે પણ ઓળખાતો હતો; પણ એ 'શ્રમણધર્મ' પણ કહેવાતો હતો. એમાં ફેર હોય તો એટલો જ કે એકલો જૈનધર્મ જ શ્રમણધર્મ નથી; શ્રમણધર્મની બીજી પણ અનેક શાખાઓ ભૂતકાળમાં હતી અને અત્યારે પણ બૌદ્ધ વગેરે કેટલીક શાખાઓ જીવિત છે. નિર્ગ્રંથધર્મ યા જૈનધર્મમાં શ્રમણધર્મનાં સામાન્ય લક્ષણો હોવા છતાંય એમાં આચાર-વિચારની કેટલીક એવી વિશેષતાઓ છે, જે એને શ્રમણધર્મની બીજી શાખાઓથી જુદો પાડે છે. જૈનધર્મના આચાર-વિચારની એવી વિશેષતાઓ જાણતાં પહેલાં સારું એ છે કે આપણે શરૂઆતમાં જ શ્રમણધર્મની વિશેષતાને સારી રીતે જાણી લઈએ, કે જે એને બ્રાહ્મણધર્મથી જુદો પાડે છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પટ વિવિધરંગી છે, જેમાં અનેક ધર્મપરંપરાઓના રંગ ભળેલા છે. આમાં મુખ્યત્વે ધ્યાનમાં આવનારી બે ધર્મ પરંપરાઓ તે—(૧) બ્રાહ્મણ (૨) શ્રમણ. આ બે પરંપરાઓનું પૂર્વાપરપણું તેમ જ એનું સ્થાન વગેરે વિવાદાસ્પદ પ્રશ્નોને બાજુએ રાખીને અહીં તો ફક્ત એવા મુદ્દાઓની થોડીક ચર્ચા કરવામાં આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે જે સર્વસંમત જેવા છે, અને જેમના દ્વારા શ્રમણધર્મની મૂળ દીવાલને ઓળખવાનું અને એની મારફત નિર્ગ્રંથ કે જૈનધર્મને સમજવાનું સહેલું થઈ પડે છે.

બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાઓ વચ્ચે નાના-મોટા અનેક વિષયોમાં મૌલિક અંતર છે; પણ એ અંતરને ટૂંકમાં કહેવું હોય તો એટલું જ કહેવું બસ છે કે બ્રાહ્મણ–વૈદિક પરંપરા વૈષમ્ય ઉપર પ્રતિષ્ઠિત છે, જ્યારે શ્રમણ પરંપરા સામ્ય ઉપર પ્રતિષ્ઠિત છે. આ વૈષમ્ય અને સામ્ય મુખ્યત્વે ત્રણ બાબતોમાં જોવામાં આવે છે: (૧) સમાજવિષયક (૨) સાધ્યવિષયક અને (૩) જીવ-જગત તરફની દૃષ્ટિવિષયક. સમાજ-વિષયક વૈષમ્યનો અર્થ એ છે કે સમાજરચનામાં તથા ધર્માધિકારમાં વર્ણનું જન્મસિદ્ધ શ્રેષ્ઠપણું કે મુખ્યપણું અને બ્રાહ્મણો કરતાં બીજા વર્ણોનું ઊતરતાપણું કે ગૌણપણું. બ્રાહ્મણધર્મનું વાસ્તવિક સાધ્ય છે અભ્યુદય, જે ઐહિક સમૃદ્ધિ, રાજ્ય, પુત્ર, પશુ વગેરેના જુદા જુદા પ્રકારોના લાભોમાં તથા ઇન્દ્રપદ, સ્વર્ગનું સુખ વગેરે જુદા જુદા પ્રકારનાં પારલૌકિક ફળોની પ્રાપ્તિમાં સમાઈ જાય છે. અભ્યુદયનું સાધન મુખ્યત્વે યજ્ઞધર્મ એટલે કે જુદા જુદા પ્રકારના યજ્ઞો છે.[૧] આ ધર્મમાં પશુ-પક્ષી વગેરેનો ભોગ અનિવાર્ય માનવામાં આવ્યો છે, અને કહેવામાં આવ્યું છે કે વેદવિહિત હિંસા ધર્મનું જ નિમિત્ત છે. આ વિધાનમાં ભોગ ધરાતા નિરપરાધી પશુ-પક્ષી વગેરે તરફ સ્પષ્ટ રીતે આત્મસામ્યના અભાવની અર્થાત્ આત્મવૈષમ્યની દૃષ્ટિ રહેલી છે. આનાથી ઊલટું, ઉપરની ત્રણે બાબતોમાં શ્રમણધર્મનું સામ્ય આ રીતે છે: શ્રમણધર્મ સમાજમાં કોઈ પણ વર્ણનું જન્મસિદ્ધ શ્રેષ્ઠપણું ન સ્વીકારતાં ગુણ-કર્મ-કૃત શ્રેષ્ઠપણું કે કનિષ્ઠપણું માને છે. તેથી એ સમાજરચના તથા

૧. તૈત્તિ૦ ૧-૧૧. શાંકરભાષ્ય (પૂના આપ્ટેકર કં૦) પૃ૦ ૬૫૩. આ જ વાત યોગસૂત્ર ૨-૧૫ વગેરે તથા એના ભાષ્યમાં કહી છે. સાંખ્યતત્ત્વ-કૌમુદીમાં પણ એ છે, જે મૂળ કારિકાનું સ્પષ્ટીકરણ માત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્માધિકારમાં જન્મસિદ્ધ વર્ણભેદનો આદર ન કરતાં ગુણ-કર્મના આધારે જ સામાજિક વ્યવસ્થા કરે છે. એટલા માટે એની દૃષ્ટિએ સદ્‌ગુણી શૂદ્ર પણ દુર્ગુણી બ્રાહ્મણ વગેરેથી શ્રેષ્ઠ છે; અને ધાર્મિક ક્ષેત્રમાં, યોગ્યતાને આધારે, દરેક વર્ણનાં પુરુષ કે સ્ત્રી સમાન રૂપે ઉચ્ચ પદનાં અધિકારી છે. શ્રમણધર્મનું અંતિમ સાધ્ય, બ્રાહ્મણ ધર્મની જેમ, અભ્યુદય નહીં પણ નિઃશ્રેયસ છે. નિઃશ્રેયસનો અર્થ એ કે ઐહિક અને પારલૌકિક અનેક પ્રકારના બધા લાભોનો ત્યાગ સિદ્ધ કરવાવાળી એવી સ્થિતિ કે જેમાં પૂર્ણ સામ્ય પ્રગટ થાય, અને કોઈ કોઈનાથી ઓછો યોગ્ય કે વધારે યોગ્ય રહેવા ન પામે. જીવસૃષ્ટિ તરફની શ્રમણધર્મની દૃષ્ટિ પૂર્ણ આત્મસામ્યની છે, કે જેમાં કેવળ પશુ-પંખી વગેરે કે કીટ-પતંગ વગેરે જંતુઓનો જ નહીં પરંતુ વનસ્પતિ જેવા અતિક્ષુદ્ર જીવવર્ગનો પણ સમાવેશ થાય છે. આમાં કોઈ પણ દેહધારીનો કોઈ પણ કારણે કરવામાં આવતો વધ આત્મવધ જેવો જ લેખવામાં આવ્યો છે; અને વધમાત્રને અધર્મનું કારણ માનવામાં આવ્યું છે.

બ્રાહ્મણ પરંપરા મૂળમાં '**ब्रह्मन्**' ની આસપાસ શરૂ થઈ અને વિકસી છે, જ્યારે શ્રમણ પરંપરા '**सम**'–સામ્ય, શમ અને શ્રમ–ની આસપાસ શરૂ થઈ તેમ જ વિકસી છે. '**ब्रह्मन्**'ના અનેક અર્થોમાંથી પ્રાચીન બે અર્થ અહીં ધ્યાન આપવા યોગ્ય છે : (૧) સ્તુતિ, પ્રાર્થના; (૨) યજ્ઞયાગાદિ કર્મ. વૈદિક મંત્રો તેમ જ સૂક્તો દ્વારા જે અનેક પ્રકારની સ્તુતિઓ અને પ્રાર્થનાઓ કરવામાં આવે છે, એ '**ब्रह्मन्**' કહેવાય છે. એ જ રીતે વૈદિક મંત્રોનો જેમાં વિનિયોગ કરવામાં આવે છે, તે યજ્ઞયાગાદિ કર્મને પણ '**ब्रह्मन्**' કહેવામાં આવે છે. વૈદિક મંત્રો અને સૂક્તોનો પાઠ કરનાર પુરોહિતવર્ગ અને યજ્ઞયાગાદિ કરાવનાર પુરોહિતવર્ગ જ બ્રાહ્મણ છે. વૈદિક મંત્રો દ્વારા કરવામાં આવતી સ્તુતિ–પ્રાર્થના તેમ જ યજ્ઞયાગાદિ કર્મની અતિપ્રતિષ્ઠાની સાથોસાથ જ પુરોહિતવર્ગનું સમાજમાં તેમ જ તત્કાલીન ધર્મમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું પ્રાધાન્ય સ્થિર થયું કે જેથી એ બ્રાહ્મણવર્ગ પોતાની જાતને જન્મથી જ શ્રેષ્ઠ માનવા લાગ્યો; અને સમાજમાં પણ મોટે ભાગે એ જ માન્યતા સ્થિર થઈ, જેને આધારે વર્ગભેદની માન્યતા રૂઢ થઈ ગઈ અને કહેવામાં આવ્યું કે સમાજપુરુષનું મુખ બ્રાહ્મણ છે, અને અન્ય વર્ણો એનાં બીજાં અંગ છે. આથી ઊલટું, શ્રમણધર્મ એમ માનતો-મનાવતો હતો કે સમાજમાં બધાંય સ્ત્રી-પુરુષો સત્કર્મ તેમ જ ધર્મપદનાં એકસરખાં અધિકારી છે. જે પ્રયત્નપૂર્વક યોગ્યતા મેળવે છે તે, વર્ગ કે લિંગભેદ વગર જ, ગુરુપદનો અધિકારી બની શકે છે.

જેવી રીતે આ સામાજિક તેમ જ ધાર્મિક સમાનતાની માન્યતા બ્રાહ્મણધર્મની માન્યતાથી સાવ વિરુદ્ધ હતી, એ જ રીતે બન્નેની સાધ્ય-વિષયક માન્યતા પણ પરસ્પર વિરુદ્ધ હતી. શ્રમણધર્મ ઐહિક કે પારલૌકિક અભ્યુદયને સર્વથા હેય માનીને નિઃશ્રેયસને જ એક માત્ર ઉપાદેય તરીકે માનવાવાળો હતો; અને એટલા જ માટે એ સાધ્યની જેમ સાધનના સામ્ય ઉપર પણ એટલો જ ભાર આપતો હતો. નિઃશ્રેયસનાં સાધનોમાં મુખ્ય અહિંસા છે. કોઈ પણ પ્રાણીની કોઈ પણ પ્રકારે હિંસા ન કરવી, એ જ નિઃશ્રેયસનું મુખ્ય સાધન છે, જેમાં અન્ય સર્વ સાધનોનો સમાવેશ થઈ જાય છે. સાધનમાં રહેલી આ સામ્યદૃષ્ટિ હિંસાપ્રધાન યજ્ઞયાગાદિ કર્મની દૃષ્ટિથી સાવ વિરુદ્ધ છે. આ રીતે બ્રાહ્મણ અને શ્રમણ વચ્ચે વૈષમ્ય અને સામ્યમૂલક એટલો બધો વિરોધ છે કે જેને લીધે બન્ને ધર્મો વચ્ચે ડગલે ને પગલે સંઘર્ષની સંભાવના રહે છે, જે હજારો વર્ષના ઇતિહાસમાં આલેખાયેલ છે. આ જૂનો વિરોધ બ્રાહ્મણકાળમાં પણ હતો અને બુદ્ધ તેમ જ મહાવીરના સમયમાં તથા એ પછી પણ હતો. આ જ ચિરંતન વિરોધના પ્રવાહને મહાભાષ્યકાર પતંજલિએ પોતાની વાણીમાં વ્યક્ત કર્યો છે. વૈયાકરણ પાણિનીએ એક સૂત્રમાં શાશ્વત વિરોધનો નિર્દેશ કર્યો છે. પતંજલિ 'શાશ્વત'-જન્મસિદ્ધ વિરોધ ધરાવતાં સાપ-નોળિયો, ગાય-વાઘ જેવાં દ્વંદ્વોનાં ઉદાહરણ આપતાં આપતાં, સાથોસાથ, બ્રાહ્મણ-શ્રમણનું પણ ઉદાહરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપે છે.[૧] એ સાચું છે કે હજાર પ્રયત્ન કરીએ તોપણ સાપ-નોળિયા, ગાય-વાઘનો વિરોધ નિર્મૂળ નથી થઈ શકતો, જ્યારે, પ્રયત્ન કરવામાં આવે તો, બ્રાહ્મણ અને શ્રમણ વચ્ચેનો વિરોધ નિર્મૂળ થવાનો સંભવ છે. અને ઇતિહાસમાં કેટલાક દાખલા એવા મળે પણ છે કે જેમાં બ્રાહ્મણ અને શ્રમણની વચ્ચે કોઈ પણ પ્રકારનું વૈમનસ્ય કે વિરોધ જોવામાં નથી આવતો. પરંતુ પતંજલિનું બ્રાહ્મણ-શ્રમણ વચ્ચેના શાશ્વત વિરોધ સંબંધીનું કથન વ્યક્તિને અનુલક્ષીને નહીં પણ વર્ગને અનુલક્ષીને છે. કેટલીય વ્યક્તિઓ એવી હોઈ શકે કે જે આવા વિરોધથી પર હોય યા પર થઈ શકતી હોય, પરંતુ સમસ્ત બ્રાહ્મણવર્ગ યા સમસ્ત શ્રમણવર્ગ આ મૂળભૂત વિરોધથી પર નથી, એ જ પંતજલિના કથનનું તાત્પર્ય છે. 'શાશ્વત' શબ્દનો અર્થ 'અવિચલ' ન કરતાં અહીં 'પ્રાવાહિક' [–'પરંપરાથી ચાલ્યું આવતું'] એટલો જ અભિપ્રેત છે. પંતજલિ પછી અનેક શતાબ્દીઓ પછી થયેલા જૈન આચાર્ય હેમચંદ્રે[૨] પણ બ્રાહ્મણ-શ્રમણનું ઉદાહરણ આપી પંતજલિના અનુભવની યથાર્થતા ઉપર મહોરછાપ મારી છે. આજે સમાજવાદી યુગમાં પણ આપણે એ નથી કહી શકતા કે બ્રાહ્મણ અને શ્રમણવર્ગ વચ્ચેના વિરોધનું બીજ નિર્મૂળ થયું છે. આ સમગ્ર વિરોધનું મૂળ, ઉપર સૂચવેલ વૈષમ્ય અને સામ્યની દૃષ્ટિ વચ્ચે રહેલ પૂર્વ-પશ્ચિમ જેટલું અંતર છે.

એકબીજા ઉપર પ્રભાવ અને સમન્વય

બ્રાહ્મણ અને શ્રમણ પરંપરા એકબીજાના પ્રભાવથી સાવ અલિપ્ત રહી નથી; નાની-મોટી બાબતોમાં એકનો પ્રભાવ બીજા ઉપર ઓછા-વત્તા પ્રમાણમાં પડેલો જોવામાં આવે છે. દાખલા તરીકે, શ્રમણધર્મની સામ્યદૃષ્ટિમૂલક અહિંસાભાવનાનો બ્રાહ્મણ પરંપરા ઉપર ક્રમે ક્રમે એટલો પ્રભાવ પડ્યો છે કે, જેથી યજ્ઞીય હિંસાનું સમર્થન કેવળ પ્રાચીન શાસ્ત્રીય ચર્ચાઓનો વિષય જ બની ગયું છે; વ્યવહારમાં

૧. મહાભાષ્ય ૨-૪-૯. ૨. સિદ્ધહેમ૦ ૩-૧-૧૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યજ્ઞીય હિંસા લુપ્ત જેવી થઈ ગઈ છે. અહિંસા અને "सर्वभूतहिते रतः" સિદ્ધાંતનો પૂર્ણ આગ્રહ રાખવાવાળી સાંખ્ય, યોગ, ઔપનિષદ, અવધૂત, સાત્વત વગેરે જે પરંપરાઓએ બ્રાહ્મણ પરંપરાના પ્રાણરૂપ વેદોના પ્રામાણ્યનો અને બ્રાહ્મણવર્ણના પુરોહિતપદનો કે ગુરુપદનો આત્યંતિક વિરોધ ન કર્યો, એ પરંપરાઓ ક્રમે ક્રમે બ્રાહ્મણધર્મના સર્વસંગ્રાહક ક્ષેત્રમાં એક યા બીજે રૂપે ભળી ગઈ. આથી ઊલટું, જૈન, બૌદ્ધ વગેરે જે પરંપરાઓએ વેદોના પ્રામાણ્ય અને બ્રાહ્મણ વર્ણના ગુરુપદના વિરોધનો આત્યંતિક આગ્રહ સેવ્યો, એ પરંપરાઓ જોકે હમેશને માટે બ્રાહ્મણધર્મથી જુદી જ રહી છે, છતાં પણ એમનાં શાસ્ત્રો તેમ જ નિવૃત્તિધર્મ ઉપર બ્રાહ્મણ પરંપરાની લોકસંગ્રાહક વૃત્તિનો એક કે બીજા રૂપે પ્રભાવ જરૂર પડ્યો છે.

શ્રમણ પરંપરાના પ્રવર્તકો

શ્રમણ પરંપરાના મૂળ પ્રવર્તક કોણ કોણ હતા, તેઓ કયાં કયાં અને કયારે થયા, એનો યથાર્થ અને પૂરો ઇતિહાસ હજી સુધી અજ્ઞાત છે. પણ આપણે ઉપલબ્ધ સાહિત્યને આધારે એટલું તો નિઃશંકપણે કહી શકીએ છીએ કે નાભિપુત્ર ઋષભ તથા આદિ વિદ્વાન કપિલ, એ સાંખ્યધર્મના જૂના અને પ્રબળ સમર્થકો હતા. એટલા માટે જ, એમનો પૂરો ઇતિહાસ અંધકારગ્રસ્ત હોવા છતાં, પૌરાણિક પરંપરામાંથી એમનું નામ લુપ્ત નથી થયું. બ્રાહ્મણોનાં પુરાણોમાં ઋષભનો ઉલ્લેખ ઉગ્ર તપસ્વીરૂપે છે ખરો, પણ એમની પૂરેપૂરી પ્રતિષ્ઠા તો કેવળ જૈન પરંપરામાં જ છે; જ્યારે કપિલનો ઋષિરૂપે નિર્દેશ જૈન કથા-સાહિત્યમાં હોવા છતાં એમની પૂરેપૂરી પ્રતિષ્ઠા તો સાંખ્ય પરંપરામાં તથા સાંખ્યમૂલક પુરાણ ગ્રંથોમાં જ છે. ઋષભ અને કપિલ વગેરે દ્વારા જે આત્મૌપમ્ય ભાવનાની અને એમાંથી જન્મેલ અહિંસાધર્મની પ્રતિષ્ઠા જામી હતી, એ ભાવના અને એ ધર્મની પોષક અનેક શાખા-પ્રશાખાઓ હતી, જેમાંની કોઈકિ બાહ્ય તપ ઉપર તો કોઈકિ ધ્યાન ઉપર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો વળી કોઈકે કેવળ ચિત્ત-શુદ્ધિ કે અસંગતા [–અનાસક્તિ] ઉપર વધારે ભાર આપતી હતી. પણ બધાનું સમાન ધ્યેય સામ્ય કે સમતા હતું.

જે શાખાએ સામ્યસિદ્ધિજન્ય અહિંસાને સિદ્ધ કરવા માટે અપરિગ્રહ ઉપર વધારે ભાર આપ્યો તેમ જ અગાર-ગૃહ-ગ્રંથ કે પરિગ્રહ-બંધનના ત્યાગ ઉપર વધારે ભાર આપ્યો, અને કહ્યું કે જ્યાં સુધી કુટુંબ તેમ જ પરિગ્રહનું બંધન હોય ત્યાં સુધી પૂર્ણ અહિંસા કે પૂર્ણ સામ્ય કયારેય સિદ્ધ ન થઈ શકે, શ્રમણધર્મની એ જ શાખા નિર્ગ્રંથ નામે વિખ્યાત થઈ. આના મુખ્ય પ્રવર્તકો નેમિનાથ તથા પાર્શ્વનાથ જ હોય એમ લાગે છે.

વીતરાગપણાનો આગ્રહ

અહિંસાની ભાવનાની સાથે સાથે તપ અને ત્યાગની ભાવના અનિવાર્ય રીતે નિર્ગ્રંથ ધર્મમાં ગૂંથાઈ તો ગઈ જ હતી, પરંતુ સાધકોનાં મનમાં એ પ્રશ્ન ઊભો થયો કે બાહ્ય ત્યાગ ઉપર વધારે પડતો ભાર આપવાથી શું આત્મશુદ્ધિ કે સામ્ય પૂર્ણ રૂપે સિદ્ધ થઈ શકે ખરાં ? આના જવાબમાંથી જ એ વિચાર જાગ્યો કે રાગ, દ્વેષ વગેરે મલિન વૃત્તિઓ ઉપર વિજય મેળવવો, એ જ મુખ્ય સાધ્ય છે. જે અહિંસા, જે તપ કે જે ત્યાગથી આ સાધ્યની સિદ્ધિ ન થઈ શકે એ અહિંસા, તપ કે ત્યાગ ગમે તેવાં કેમ ન હોય, પણ આધ્યાત્મિક દૃષ્ટિએ એ નકામાં છે. આ જ વિચારના પ્રવર્તકો 'જિન' કહેવાવા લાગ્યા. આવા જિન અનેક થયા છે. સચ્ચક, બુદ્ધ, ગોશાલક અને મહાવીર, એ બધા પોતપોતાની પરંપરામાં જિનરૂપે પ્રસિદ્ધ થયેલા છે, પરંતુ અત્યારે 'જિનકથિત જૈનધર્મ'નું નામ દેવાથી મુખ્યત્વે મહાવીરના ધર્મનો જ બોધ થાય છે, જે મુખ્યત્વે રાગ-દ્વેષના વિજય ઉપર જ ભાર આપે છે. ધર્મવિકાસનો ઇતિહાસ કહે છે કે ધર્મની ઉત્તરોત્તર ઉદયમાં આવવાવાળી નવી નવી અવસ્થાઓમાં તે તે ધર્મની પ્રાચીન અવિરોધી અવસ્થાઓનો સમાવેશ જરૂર થઈ જાય છે. એટલા માટે જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનધર્મ નિર્ગ્રંથધર્મ પણ છે અને શ્રમણધર્મ પણ છે.

શ્રમણધર્મની સામ્યદૃષ્ટિ

હવે આપણે એ જોઈએ કે શ્રમણધર્મના પ્રાણરૂપ સામ્યભાવનાનું જૈન પરંપરામાં શું સ્થાન છે ? જૈન શ્રુતરૂપે પ્રસિદ્ધ બાર અંગો કે ચૌદ પૂર્વોમાં 'सामाइय'–'सामायिक' નું સ્થાન પહેલું છે, જે 'આચારાંગસૂત્ર' કહેવાય છે. જૈનધર્મના છેલ્લા તીર્થંકર મહાવીરના આચાર-વિચારોનું સીધું અને સ્પષ્ટ પ્રતિબિંબ મુખ્યત્વે એ સૂત્રમાં જ જોવા મળે છે. એમાં જે કંઈ કહેવામાં આવ્યું છે, એ બધાયમાં સામ્ય, સમતા કે સમ ઉપર જ પૂરેપૂરો ભાર આપવામાં આવ્યો છે. 'सामाइय' એ પ્રાકૃત કે માગધી શબ્દનો સંબંધ સામ્ય, સમતા કે સમ સાથે છે. સામ્યદૃષ્ટિમૂલક અને સામ્યદૃષ્ટિપોષક જે જે આચાર-વિચાર હોય એ બધા સામાઇય–સામાયિકરૂપે જૈન પરંપરામાં સ્થાન પામે છે. જેવી રીતે બ્રાહ્મણ પરંપરામાં સંધ્યા એક આવશ્યક કર્મ છે, એ જ રીતે જૈન પરંપરામાં ગૃહસ્થ અને ત્યાગી બધાને માટે છ આવશ્યક કર્મ જણાવવામાં આવ્યાં છે, જેમાં મુખ્ય सामाइय છે. જો સામાઇય ન હોય તો અન્ય કોઈ આવશ્યક સાર્થક નથી થતું. ગૃહસ્થ કે ત્યાગી પોતપોતાના અધિકાર પ્રમાણે જ્યારે જ્યારે ધાર્મિક જીવનનો સ્વીકાર કરે છે ત્યારે ત્યારે એ 'करेमि भंते ! सामाइयं' એવી પ્રતિજ્ઞા કરે છે. એનો અર્થ એ છે કે 'હે ભગવન ! હું સમતા કે સમભાવનો સ્વીકાર કરું છું.' આ સમતાનું વિશેષ સ્પષ્ટીકરણ પછીના બીજા પદમાં કરવામાં આવ્યું છે. એમાં કહ્યું છે કે હું સાવદ્ય યોગ અર્થાત્ પાપવ્યાપારનો યથાશક્તિ ત્યાગ કરું છું. 'सामाइय' ની આવી પ્રતિષ્ઠા હોવાને લીધે સાતમી સદીના પ્રસિદ્ધ વિદ્વાન જિનભદ્રગણી ક્ષમાશ્રમણે એના ઉપર ' વિશેષાવશ્યકભાષ્ય ' નામનો અતિવિસ્તૃત ગ્રંથ લખીને બતાવ્યું છે કે ધર્મના અંગરૂપ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર, એ ત્રણેય 'सामाइय' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાચી વીરતાના સંબંધમાં જૈનધર્મ, ગીતા અને ગાંધીજી

સાંખ્ય, યોગ અને ભાગવત જેવી અન્ય પરંપરાઓમાં પૂર્વકાળથી સામ્યદૃષ્ટિની જે પ્રતિષ્ઠા હતી એનો જ આધાર લઈને ભગવદ્‌ગીતાકારે ગીતાની રચના કરી છે. તેથી જ આપણે ગીતામાં ઠેકઠેકાણે સમદર્શી, સામ્ય, સમતા જેવા શબ્દો દ્વારા સામ્યદૃષ્ટિનું જ સમર્થન થતું જોઈએ છીએ. ગીતા અને આચારાંગની સામ્યભાવના મૂળમાં એક જ છે, આમ છતાં એ, પરંપરાભેદને લીધે, બીજી બીજી ભાવનાઓ સાથે મળી જઈને જુદી થઈ ગઈ છે. અર્જુનને સામ્યભાવનાનો પ્રબળ આવેગ થઈ આવ્યો એવે વખતે પણ ગીતા એને ભિક્ષુક તરીકેનું જીવન સ્વીકારતાં રોકે છે, અને શસ્ત્રયુદ્ધનો આદેશ આપે છે; જ્યારે આચારાંગસૂત્ર અર્જુનને એવો આદેશ ન આપતાં એ જ કહે કે જો તમે સાચેસાચ ક્ષત્રિય વીર હો તો સામ્યદૃષ્ટિ પ્રાપ્ત થતાં હિંસક યુદ્ધ ન કરી શકો, બલકે ભિક્ષુકજીવનનો સ્વીકાર કરવા પૂર્વક આધ્યાત્મિક શત્રુની સાથે યુદ્ધ કરીને જ સાચું ક્ષત્રિયપણું સાબિત કરી શકો છો.[1] આ કથન ઉપર પ્રકાશ પાડતી ભરત–બાહુબલીની કથા જૈન સાહિત્યમાં પ્રસિદ્ધ છે, જેમાં કહેવામાં આવ્યું છે કે સહોદર ભરત તરફથી ઉગ્ર પ્રહાર પામ્યા પછી બાહુબલીએ જ્યારે પ્રતિકારને માટે હાથ ઉગામ્યો એ જ વખતે સમભાવની વૃત્તિ પ્રગટ થઈ. એ વૃત્તિના આવેગમાં બાહુબલીએ ભિક્ષુકજીવનનો સ્વીકાર કર્યો; પણ સામો પ્રહાર કરીને ન તો ભરતના પ્રહારનો બદલો ચૂકવ્યો કે ન એણે પોતાનો ન્યાયયુક્ત રાજ્યભાગ લેવાનો વિચાર કર્યો. ગાંધીજીએ ગીતા અને આચારાંગ વગેરેમાં પ્રતિપાદિત સામ્યભાવને પોતાના જીવનમાં યથાર્થ રૂપે વિકસિત કર્યો અને એના આધારે કહ્યું કે માનવસંહારક યુદ્ધનો તો ત્યાગ કરો, પણ સામ્ય કે ચિત્તશુદ્ધિના આધારે જ અન્યાયના પ્રતિકારનો માર્ગ પણ

---

૧. આચારાંગ ૧-૫-૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહણ કરો. પ્રાચીન સંન્યાસ કે ત્યાગી જીવનના આવા અર્થવિકાસની ગાંધીજીએ સમાજમાં પ્રતિષ્ઠા કરી.

સામ્યદૃષ્ટિ અને અનેકાંતવાદ

જૈન પરંપરાએ સામ્યદૃષ્ટિ ઉપર એટલો બધો ભાર આપ્યો છે કે એણે સામ્યદૃષ્ટિને જ બ્રાહ્મણ પરંપરામાં જેની ખૂબ પ્રતિષ્ઠા છે તે બ્રહ્મ તરીકે ઓળખાવીને સામ્યદૃષ્ટિના પોષક સમસ્ત આચાર-વિચારને 'બ્રહ્મચર્ય'–'बंभचेराइं'નું નામ આપ્યું છે, જેવી રીતે બૌદ્ધ પરંપરાએ મૈત્રી વગેરે ભાવનાઓને 'બ્રહ્મવિહાર'નું નામ આપ્યું છે. એટલું જ નહીં પણ ધમ્મપદ[૧] અને શાંતિપર્વની જેમ જૈનગ્રંથમાં[૨] પણ સમત્વ ધારણ કરનાર શ્રમણને જ બ્રાહ્મણ કહીને શ્રમણ અને બ્રાહ્મણ વચ્ચેનું અંતર દૂર કરવા પ્રયત્ન કર્યો છે.

જૈન પરંપરામાં સામ્યદૃષ્ટિ મુખ્યત્વે બે પ્રકારે પ્રગટ થઈ છે: (૧) આચારમાં અને (૨) વિચારમાં. જૈનધર્મનો બાહ્ય-આભ્યંતર, સ્થૂલ-સૂક્ષ્મ બધો આચાર સામ્યદૃષ્ટિમૂલક અહિંસાને કેન્દ્રમાં રાખીને એની આસપાસ રચાયો છે. જે આચાર દ્વારા અહિંસાની રક્ષા અને પુષ્ટિ ન થતી હોય એવા કોઈ પણ આચારને જૈન પરંપરા માન્ય નથી રાખતી. જોકે બધી ધાર્મિક પરંપરાઓએ અહિંસા તત્ત્વ ઉપર થોડો-ઝાઝો ભાર દીધો છે, પણ જૈન પરંપરાએ એ તત્ત્વ ઉપર જેટલો ભાર દીધો છે, અને એ તત્ત્વને જેટલું વ્યાપક બનાવ્યું છે, એટલો ભાર અને એટલી વ્યાપકતા બીજી કોઈ પરંપરામાં જોવામાં નથી આવતાં. મનુષ્ય, પશુ-પક્ષી, કીટ-પતંગ અને વનસ્પતિ જ નહીં, બલકે આત્મૌપમ્યની ભાવના દ્વારા પૃથ્વી, પાણી વગેરેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુઓ સુધ્ધાંની હિંસાથી પણ નિવૃત્ત થવાનું કહેવામાં આવ્યું છે.

---

૧. બ્રાહ્મણ વર્ગ ૨૬.

૨. ઉત્તરાધ્યયન ૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારમાં સામ્યદૃષ્ટિની ભાવના ઉપર જે ભાર આપવામાં આવ્યો છે એમાંથી જ અનેકાંતદૃષ્ટિ કે વિભજ્યવાદનો જન્મ થયો છે. કેવળ પોતાની દૃષ્ટિ કે વિચારસરણીને જ પૂર્ણ અંતિમ સત્યરૂપ માનીને એનો આગ્રહ રાખવો, તેથી સામ્યદૃષ્ટિનો ઘાત થાય છે. તેથી કહેવામાં આવ્યું છે કે બીજાઓની દૃષ્ટિનો પણ એટલો જ આદર કરવો જોઈએ કે જેટલો પોતાની દૃષ્ટિનો. આ સામ્યદૃષ્ટિ જ અનેકાંતવાદની ભૂમિકા છે. આ ભૂમિકામાંથી જ ભાષાપ્રધાન સ્યાદ્વાદ અને વિચારપ્રધાન નયવાદનો ક્રમે ક્રમે વિકાસ થયો છે. એવું નથી કે બીજી પરંપરાઓમાં અનેકાંતદૃષ્ટિને સ્થાન જ નથી. મીમાંસક અને કપિલદર્શન–સાંખ્યદર્શન ઉપરાંત ન્યાયદર્શનમાં પણ અનેકાંતવાદનું સ્થાન છે. બુદ્ધ ભગવાનનો વિભજ્યવાદ અને મધ્યમમાર્ગ પણ અનેકાંતદૃષ્ટિનાં જ ફળ છે; આમ છતાં જૈન પરંપરાએ જેમ અહિંસા ઉપર ઘણો વધારે ભાર આપ્યો છે, એ જ રીતે એણે અનેકાંતદૃષ્ટિ ઉપર પણ ઘણો વધારે ભાર દીધો છે. તેથી જૈન પરંપરામાં આચાર કે વિચારનો એવો કોઈ વિષય દેખાતો નથી કે જેની સાથે અનેકાંતદૃષ્ટિ જોડવામાં ન આવી હોય અથવા જે અનેકાંતદૃષ્ટિની મર્યાદાથી બહાર હોય. એને લીધે જ બીજી બીજી પરંપરાઓના વિદ્વાનોએ અનેકાંતદૃષ્ટિને માનવા છતાં એના ઉપર સ્વતંત્ર સાહિત્યની રચના નથી કરી, જ્યારે જૈન પરંપરાના વિદ્વાનોએ એના અંગરૂપ સ્યાદ્વાદ, નયવાદ આદિના બોધક અને સમર્થક વિપુલ સ્વતંત્ર સાહિત્યનું સર્જન કર્યું છે.

અહિંસા

હિંસાથી નિવૃત્ત થવું એ જ અહિંસા છે. જ્યાં લગી હિંસા કોની થાય છે, તથા હિંસા કોણ અને કયા કારણે કરે છે, અને એનું પરિણામ શું આવે છે, એ ન સમજાય ત્યાં લગી આ વાત પૂરેપૂરી સમજવામાં નથી આવતી. આ જ પ્રશ્નને સ્પષ્ટ રૂપે સમજા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વવાની દૃષ્ટિએ જૈન પરંપરામાં મુખ્યત્વે ચાર વિદ્યાઓનો વિકાસ થયો છે: (૧) આત્મવિદ્યા, (૨) કર્મવિદ્યા, (૩) ચારિત્રવિદ્યા અને (૪) લોકવિદ્યા. એ જ રીતે અનેકાંતદૃષ્ટિ દ્વારા મુખ્યત્વે શ્રુતવિદ્યા અને પ્રમાણવિદ્યાનું જ નિર્માણ અને પોષણ થયું છે. આ રીતે **અહિંસા, અનેકાંત અને એમાંથી જન્મેલી વિદ્યાઓ જ જૈનધર્મનો પ્રાણ છે,** જેના ઉપર આગળ સંક્ષેપમાં વિચાર કરવામાં આવે છે.

આત્મવિદ્યા અને ઉત્ક્રાંતિવાદ

પ્રત્યેક આત્મા—પછી એ પૃથ્વીનો હોય, પાણીનો હોય, વનસ્પતિનો હોય, કીટ-પતંગ કે પશુ-પક્ષીરૂપ હોય કે મનુષ્યરૂપ હોય, એ બધા—તાત્ત્વિક દૃષ્ટિએ સમાન છે. જૈન આત્મવિદ્યાનો આ જ સાર છે. સમાનતાના આ સૈદ્ધાન્તિક વિચારનો અમલ કરવો—એને યથાસંભવ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઉતારવાનો અપ્રમત્તભાવે પ્રયત્ન કરવો—એ જ અહિંસા છે. આત્મવિદ્યા કહે છે કે જો સામ્યનો અનુભવ જીવનવ્યવહારમાં ન થાય તો આત્મસામ્યનો સિદ્ધાંત કેવળ વાદ માત્ર જ છે. સમાનતાના સિદ્ધાંતને અમલી બનાવવા માટે આચારાંગસૂત્રના બીજા અધ્યયનના ૮૦-૯૬-૯૭મા સૂત્રોમાં કહેવામાં આવ્યું છે કે જેવી રીતે તમે પોતાના દુઃખનો અનુભવ કરો છો, એવી જ રીતે બીજાના દુઃખનો અનુભવ કરો. અર્થાત્ બીજાના દુઃખનું પોતાના દુઃખરૂપે સંવેદન ન થાય તો અહિંસા સિદ્ધ થવાનો સંભવ નથી.

જેવી રીતે આત્મસમાનતાના તાત્ત્વિક વિચારમાંથી અહિંસાના આચારનું સમર્થન કરવામાં આવ્યું છે, એ જ રીતે એ વિચારમાંથી જ જૈન પરંપરામાં એ પણ આધ્યાત્મિક મંતવ્ય ફલિત થયું છે કે જીવમાં રહેલ શારીરિક, માનસિક વગેરે વૈષમ્ય ગમે તેટલું કેમ ન હોય, પણ એ બહારથી આવેલું-કર્મજન્ય છે, વાસ્તવિક નથી. તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષુદ્રમાં ક્ષુદ્ર અવસ્થામાં રહેલો જીવ પણ કયારેક માનવકોટિમાં આવી શકે છે અને માનવકોટિમાં રહેલો જીવ પણ ક્ષુદ્રમાં ક્ષુદ્ર વનસ્પતિ અવસ્થામાં જઈ શકે છે; એટલું જ નહીં પણ વનસ્પતિનો જીવ વિકાસ દ્વારા, મનુષ્યની જેમ, કયારેક બંધનમુક્ત પણ થઈ શકે છે. ઊંચ-નીચ ગતિ કે યોનિનો તેમ જ સર્વથા મુક્તિનો આધાર એક માત્ર કર્મ છે. જેવું કર્મ, જેવા સંસ્કાર કે જેવી વાસના એવી જ આત્માની અવસ્થા, પણ તાત્ત્વિક રૂપે બધા આત્માઓનું સ્વરૂપ સર્વથા એક જેવું છે, જે કર્મરહિત અવસ્થામાં પૂર્ણ રૂપે પ્રગટ થાય છે. આ જ આત્મસામ્યમૂલક ઉત્ક્રાંતિવાદ છે.

સાંખ્ય, યોગ, બૌદ્ધ વગેરે દ્વૈતવાદી અહિંસા–સમર્થક પરંપરાઓનો બીજી બીજી બાબતોમાં જૈન પરંપરા સાથે ગમે તે મતભેદ હોય, પણ અહિંસાપ્રધાન આચાર તથા ઉત્ક્રાંતિવાદની બાબતમાં બધાનો પૂરેપૂરો એકમત છે. આત્માદ્વૈતવાદી ઔપનિષદ પરંપરા અહિંસાનું સમર્થન સમાનતાના સિદ્ધાંતને આધારે નહીં પણ અદ્વૈતના સિદ્ધાંતને આધારે કરે છે. એનું કહેવું એમ છે કે તત્ત્વ રૂપે જોવા તમે એવા જ બીજા બધા જીવ શુદ્ધ બ્રહ્મ–એક બ્રહ્મ–રૂપ છે. જીવોનો જે પરસ્પર ભેદ દેખાય છે એ વાસ્તવિક નહીં પણ અવિદ્યામૂલક છે. તેથી બીજા જીવોને પોતાથી અભિન્ન જ સમજવા જોઈએ અને બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજીને હિંસાથી નિવૃત્ત થવું જોઈએ.

દ્વૈતવાદી જૈન વગેરે પરંપરાઓ અને અદ્વૈતવાદી પરંપરા વચ્ચે ફક્ત એટલું જ અંતર છે કે પહેલી પરંપરાઓ પ્રત્યેક જીવાત્માનો વાસ્તવિક ભેદ માનવા છતાં પણ એ બધામાં તાત્ત્વિક રૂપે સમાનતાનો સ્વીકાર કરીને અહિંસાનું ઉદ્બોધન કરે છે, જ્યારે અદ્વૈત પરંપરા જીવાત્માઓના પરસ્પરના ભેદને જ મિથ્યા માનીને એમનામાં તાત્ત્વિક રૂપે પૂર્ણ અભેદ માનીને એને આધારે અહિંસાનું ઉદ્બોધન કરે છે. અદ્વૈત પરંપરા પ્રમાણે જુદી જુદી યોનિ અને જુદી જુદી ગતિવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવોમાં દેખાતા ભેદનું મૂળ અધિષ્ઠાન [અર્થાત્ ઉપાદાન કારણ] એક, શુદ્ધ, અખંડ બ્રહ્મ છે; જ્યારે જૈન જેવી દ્વૈતવાદી પરંપરાઓ પ્રમાણે પ્રત્યેક જીવાત્મા તત્ત્વરૂપે સ્વતંત્ર અને શુદ્ધ બ્રહ્મ છે. એક પરંપરા પ્રમાણે અખંડ એક બ્રહ્મમાંથી જુદા જુદા જીવોની સૃષ્ટિ પેદા થઈ છે; જ્યારે બીજી પરંપરા પ્રમાણે જુદા જુદા સ્વતંત્ર અને સમાન અનેક શુદ્ધ બ્રહ્મ જ અનેક જીવ છે. દ્વૈતમૂલક સમાનતાના સિદ્ધાંતમાંથી જ અદ્વૈતમૂલક ઐકયનો સિદ્ધાંત ક્રમે ક્રમે વિકસિત થયો હોય એમ લાગે છે, પરંતુ અહિંસાનો આચાર અને આધ્યાત્મિક ઉત્ક્રાંતિવાદ અદ્વૈત-વાદમાં પણ દ્વૈતવાદના વિચારની જેમ જ ઘટાવવામાં આવ્યો છે. વાદ ગમે તે હોય, પણ અહિંસાની દૃષ્ટિએ મહત્ત્વની વાત એક જ છે કે બીજા જીવોની સાથે સમાનતા કે અભેદનું વાસ્તવિક સંવેદન થવું એ જ અહિંસાની ભાવનાનો ઉદ્‌ગમ છે.

કર્મવિદ્યા અને બંધ-મોક્ષ

જ્યારે તાત્ત્વિક રીતે બધા જીવાત્મા સમાન છે, તો પછી એમ-નામાં પરસ્પર વૈષમ્ય શા માટે તથા એક જ જીવાત્મામાં પણ કાળભેદે વૈષમ્ય શા માટે? આ સવાલના જવાબમાંથી જ કર્મવિદ્યાનો જન્મ થયો છે. જેવું કર્મ એવી અવસ્થા, એ માન્યતા વૈષમ્યનો ખુલાસો કરી દે છે, પણ સાથે જ સાથે એ એમ પણ કહે છે કે ખરાબ કે સારું કર્મ કરવામાં તેમ જ ન કરવામાં જીવ સ્વતંત્ર જ છે; એ જેવો ચાહે તેવો સારો કે ખરાબ પુરુષાર્થ કરી શકે છે, અને એ જ પોતાના વર્તમાન અને ભાવીનો નિર્માતા છે. કર્મવાદ કહે છે કે વર્તમાનનું નિર્માણ ભૂતને આધારે અને ભવિષ્યનું નિર્માણ વર્તમાનને આધારે થાય છે. ત્રણે કાળની પરસ્પર સંગતિ કર્મવાદ ઉપર જ અવલંબિત છે. આ જ પુનર્જન્મના વિચારનો આધાર છે.

ખરી રીતે અજ્ઞાન અને રાગ-દ્વેષ જ કર્મ છે. પોતાનાની અને પારકાની વાસ્તવિક પ્રતીતિ ન થવી એ અજ્ઞાન અથવા, જૈન પરંપરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે, દર્શનમોહ છે. આ વાતને સાંખ્ય, બૌદ્ધ વગેરે અન્ય પરંપરાઓમાં અવિદ્યા કહેલ છે. અજ્ઞાનજનિત ઇષ્ટ–અનિષ્ટની કલ્પનાઓને કારણે જે જે વૃત્તિઓ કે જે જે વિકારો પેદા થાય છે એને જ ટૂંકામાં રાગ-દ્વેષ કહેવામાં આવ્યા છે. જોકે રાગ–દ્વેષ જ હિંસાના પ્રેરક છે, પણ ખરી રીતે બધાનું મૂળ અજ્ઞાન–દર્શનમોહ કે અવિદ્યા જ છે; એટલા માટે હિંસાનું ખરું મૂળ અજ્ઞાન જ છે. આ બાબતમાં આત્મવાદી બધી પરંપરાઓ એકમત છે.

ઉપર કર્મનું જે સ્વરૂપ દર્શાવ્યું છે તેને જૈન પરિભાષામાં 'ભાવકર્મ' કહે છે, અને તે આત્મામાં રહેલ સંસ્કારવિશેષ છે. આ ભાવકર્મ આત્માની આસપાસ સદૈવ વ્યાપી રહેલાં સૂક્ષ્માતિસૂક્ષ્મ ભૌતિક પરમાણુઓને આકર્ષે છે; અને એને વિશિષ્ટ રૂપ અર્પણ કરે છે. વિશિષ્ટ રૂપને પામેલ આ ભૌતિક પરમાણુઓનો પુંજ જ દ્રવ્યકર્મ કે કાર્મણ શરીર કહેવાય છે, જે જન્માંતરમાં જીવની સાથે જાય છે અને સ્થૂળ શરીરના નિર્માણની ભૂમિકા બને છે. ઉપર ઉપરથી જોતાં એમ લાગે છે કે દ્રવ્યકર્મનો વિચાર જૈન પરંપરાની કર્મવિદ્યામાં છે, પણ અન્ય પરંપરાઓની કર્મવિદ્યામાં એ નથી; પણ ઝીણવટથી જોનાર જાણી શકે છે કે ખરી રીતે એવું નથી. સાંખ્ય-યોગ, વેદાંત વગેરે પરંપરાઓમાં જન્મજન્માંતરમાં સાથે રહેનાર સૂક્ષ્મ શરીર કે લિંગશરીરનું વર્ણન છે. આ શરીર અંતઃકરણ, અભિમાન, મન વગેરે પ્રાકૃત–પ્રકૃતિજન્ય કે માયિક તત્ત્વોનું બનેલું માનવામાં આવ્યું છે, જે વાસ્તવિક રીતે જૈન પરંપરાએ માનેલ ભૌતિક કાર્મણ શરીરના જ સ્થાને છે. સૂક્ષ્મ કે કાર્મણ શરીરની મૂળ કલ્પના એક જ છે. એમાં અંતર હોય તો તે એના વર્ણનના પ્રકારમાં અને ઓછા-વધુ વિસ્તારમાં તેમ જ વર્ગીકરણમાં છે, જે હજારો વર્ષથી ભિન્ન ભિન્ન રીતે વિચાર-ચિંતન કરનારી પરંપરામાં બનવું સ્વાભાવિક છે. આ રીતે આપણે જોઈએ છીએ કે આત્મવાદી બધી પરંપરાઓમાં પુનર્જન્મના કારણરૂપે કર્મતત્ત્વનો સ્વીકાર કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો છે, અને જન્મજન્માંતરમાં સાથે જનાર ભૌતિક શરીરરૂપ દ્રવ્યકર્મનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. ન્યાય-વૈશેષિક પરંપરા, જેમાં આવા સૂક્ષ્મ શરીરનો કોઈ ખાસ સ્વીકાર કરવામાં નથી આવ્યો, એણે પણ જન્મજન્માંતરમાં જનાર અણુરૂપ મનનો સ્વીકાર કરીને દ્રવ્યકર્મના વિચારને અપનાવ્યો છે.

પુનર્જન્મ અને કર્મની માન્યતાની પછી જ્યારે મોક્ષની કલ્પના પણ તત્ત્વચિંતનમાં સ્થિર થઈ ત્યારથી અત્યાર સુધીની બંધ-મોક્ષવાદી ભારતીય તત્ત્વચિંતકોની આત્માના સ્વરૂપ સંબંધી માન્યતાઓ કેવી કેવી છે અને એમાં વિકાસક્રમની દૃષ્ટિએ જૈન મંતવ્યના સ્વરૂપનું શું સ્થાન છે, એને સમજવા સારુ ટૂંકાણમાં બંધ-મોક્ષવાદી મુખ્ય મુખ્ય બધી પરંપરાઓનાં મંતવ્યો નીચે આપવામાં આવે છે :—

(૧) જૈન પરંપરા મુજબ પ્રત્યેક શરીરમાં જુદો જુદો આત્મા છે. એ પોતે શુભાશુભ કર્મનો કર્તા અને કર્મના ફળ—સુખ, દુઃખ વગેરે—નો ભોક્તા છે. એ જન્માંતર વખતે બીજા સ્થાનમાં જાય છે અને સ્થૂળ દેહ પ્રમાણે સંકોચ કે વિસ્તારને ધારણ કરે છે. એ જ મુક્તિને પામે છે અને મોક્ષકાળમાં સાંસારિક સુખ-દુઃખ, જ્ઞાન-અજ્ઞાન વગેરે શુભ-અશુભ કર્મ વગેરે ભાવોથી સર્વથા મુક્ત બની જાય છે.

(૨) સાંખ્ય-યોગ પરંપરા પ્રમાણે આત્મા ભિન્ન ભિન્ન છે, પણ એ કૂટસ્થ અને વ્યાપક હોવાને લીધે ન તો કર્મનો કર્તા, ભોક્તા, જન્માંતરમાં જનાર, ગતિશીલ છે કે ન તો મુક્તિગામી જ છે. એ પરંપરા પ્રમાણે તો પ્રાકૃત બુદ્ધિ કે અંતઃકરણ જ કર્મનું કર્તા, ભોક્તા, જન્માંતરગામી, સંકોચ-વિસ્તારશીલ, જ્ઞાન-અજ્ઞાન વગેરે ભાવોનું આધાર અને મુક્તિકાળમાં એ ભાવોથી રહિત છે. સાંખ્ય-યોગ પરંપરા અંતઃકરણના બંધ-મોક્ષને જ ઉપચારથી પુરુષના માની લે છે.

(૩) ન્યાય-વૈશેષિક પરંપરા પ્રમાણે આત્મા અનેક છે; એને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંખ્યયોગની જેમ કૂટસ્થ અને વ્યાપક માનવામાં આવ્યો છે, છતાં એને જૈન પરંપરાની જેમ વાસ્તવિક રૂપે કર્તા, ભોક્તા, બદ્ધ અને મુક્ત પણ માનવામાં આવ્યો છે.

(૪) અદ્વૈતવાદી વેદાંત પ્રમાણે આત્મા ખરી રીતે જુદા જુદા નહીં પણ એક જ છે. એ સાંખ્ય-યોગની જેમ કૂટસ્થ અને વ્યાપક છે, એટલે વાસ્તવિક રીતે ન તો એ બદ્ધ છે કે ન તો મુક્ત. એમાં અંતઃકરણના જ બંધ-મોક્ષને ઉપચારથી માનવામાં આવ્યા છે.

(૫) બૌદ્ધ મત પ્રમાણે આત્મા કે ચિત્ત અનેક છે; એ જ કર્તા, ભોક્તા, બંધ અને નિર્વાણનું આશ્રય છે. એ ન તો કૂટસ્થ છે, ન વ્યાપક; એ કેવળ જ્ઞાનક્ષણપરંપરારૂપ છે, જે હૃદય, ઇંદ્રિય જેવાં અનેક કેન્દ્રોમાં એકીસાથે કે ક્રમશઃ નિમિત્ત પ્રમાણે ઉત્પન્ન અને નષ્ટ થતું રહે છે.

ઉપર આપેલ સંક્ષિપ્ત વર્ણન ઉપરથી એ સ્પષ્ટ રૂપે સૂચિત થાય છે કે જૈન પરંપરાસંમત આત્મસ્વરૂપ, એ બંધ-મોક્ષના તત્ત્વ-ચિંતકોની કલ્પનાનું અનુભવમૂલક પ્રાચીન રૂપ છે, સાંખ્ય-યોગસંમત આત્મસ્વરૂપ, એ એ તત્ત્વચિંતકોની કલ્પનાની બીજી ભૂમિકા છે. અદ્વૈતવાદસંમત આત્મસ્વરૂપ સાંખ્ય-યોગની જીવબહુત્વવિષયક કલ્પનાનું એક રીતે પરિમાર્જન માત્ર છે, જ્યારે ન્યાય-વૈશેષિકસંમત આત્મ-સ્વરૂપ જૈન અને સાંખ્ય-યોગની કલ્પનાનું મિશ્રણ જ છે. બૌદ્ધસંમત આત્મસ્વરૂપ જૈન કલ્પનાનું જ તર્કશોધિત રૂપ છે.

ચારિત્રવિધા

આત્મા અને કર્મના સ્વરૂપને જાણ્યા પછી જ એ જાણી શકાય છે કે આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં ચારિત્રનું શું સ્થાન છે. મોક્ષ તત્ત્વના ચિંતકો પ્રમાણે ચારિત્રનો ઉદ્દેશ આત્માને કર્મથી મુક્ત કરવો એ જ છે. ચારિત્ર દ્વારા કર્મથી મુક્તિ માની લીધા પછી પણ એ પ્રશ્ન તો બાકી રહે જ છે કે સ્વભાવથી શુદ્ધ એવા આત્માની સાથે પહેલવહેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મનો સંબંધ કયારે અને શા માટે થયો, અથવા એવો સંબંધ કોણે કર્યો? એ જ રીતે એ પ્રશ્ન પણ ઊભો થાય છે કે સ્વભાવથી શુદ્ધ એવા આત્મતત્ત્વની સાથે જો કોઈ ને કોઈ રીતે કર્મનો સંબંધ થયેલો માનવામાં આવે તો ચારિત્ર દ્વારા મુક્તિ પ્રાપ્ત થયા પછી પણ ફરી કર્મનો સંબંધ કેમ નહીં થાય? આ બે પ્રશ્નોનો જવાબ બધાય આધ્યાત્મિક ચિંતકોએ લગભગ એકસરખો જ આપ્યો છે. સાંખ્ય-યોગ હોય કે વેદાંત, ન્યાય-વૈશેષિક હોય કે બૌદ્ધ, એ બધાંય દર્શનોની જેમ જૈન દર્શનનું પણ એ જ મંતવ્ય છે કે કર્મ અને આત્માનો સંબંધ અનાદિ છે, કારણ કે એ સંબંધની પહેલી ક્ષણ જ્ઞાનની સીમાની સર્વથા બહાર છે. બધાંએ એમ માન્યું છે કે આત્માની સાથે કર્મ, અવિદ્યા કે માયાનો સંબંધ પ્રવાહરૂપે અનાદિ છે; આમ છતાં વ્યક્તિરૂપે એ સંબંધ સાદિ છે, કારણ કે આપણ સૌનો એવો અનુભવ છે કે અજ્ઞાન અને રાગ-દ્વેષથી જ જીવમાં કર્મવાસનાની ઉત્પત્તિ થતી રહે છે. કર્મ સર્વથા છૂટી ગયા પછી આત્માનું જે પૂર્ણ શુદ્ધ રૂપ પ્રગટ થાય છે, એમાં ફરી કર્મ કે વાસના ઉત્પન્ન કેમ નથી થતાં એનો ખુલાસો તર્કવાદી આધ્યાત્મિક ચિંતકોએ એવો કર્યો છે કે આત્મા સ્વભાવે શુદ્ધિનો પક્ષપાતી છે. શુદ્ધિ દ્વારા ચેતના વગેરે સ્વાભાવિક ગુણોનો પૂર્ણ વિકાસ થયા પછી અજ્ઞાન કે રાગ-દ્વેષ જેવા દોષો મૂળથી જ નષ્ટ થઈ જાય છે, અર્થાત્ પ્રયત્નપૂર્વક શુદ્ધિને પામેલ આત્મતત્ત્વમાં પોતાનું સ્થાન મેળવવામાં એ દોષો સર્વથા નિર્બળ બની જાય છે.

ચારિત્રનું કામ જીવનગત વૈષમ્યનાં કારણોને દૂર કરવાં, એ છે, જેને જૈન પરિભાષામાં 'સંવર' કહે છે. વૈષમ્યના મૂળ કારણ અજ્ઞાનનું નિવારણ આત્માની સમ્યક્ પ્રતીતિથી થાય છે, અને રાગ-દ્વેષ જેવા કલેશોનું નિવારણ માધ્યસ્થ્યની સિદ્ધિથી. એટલા માટે આંતર ચારિત્રમાં બે જ બાબતો આવે છે: (૧) આત્મજ્ઞાન-વિવેકખ્યાતિ; (૨) માધ્યસ્થ્ય કે રાગ-દ્વેષ આદિ કલેશોનો વિજય. ધ્યાન, વ્રત, નિયમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ વગેરે જે જે ઉપાયો આંતર ચારિત્રના પોષક બને છે એ જ સાધકને માટે બાહ્ય ચારિત્રરૂપે સ્વીકારવા યોગ્ય મનાયા છે.

આધ્યાત્મિક જીવનની ઉત્ક્રાંતિ આંતર ચારિત્રના વિકાસ ઉપર આધાર રાખે છે. આ વિકાસક્રમનું ગુણસ્થાનરૂપે જૈન પરંપરામાં ખૂબ વિશદ અને વિસ્તૃત વર્ણન મળે છે. આધ્યાત્મિક ઉત્ક્રાંતિક્રમના જિજ્ઞાસુઓને માટે યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ મધુમતી વગેરે ભૂમિકાઓનું, બૌદ્ધશાસ્ત્રમાં પ્રસિદ્ધ સોતાપન્ન આદિ ભૂમિકાઓનું, યોગવાસિષ્ઠમાં પ્રસિદ્ધ અજ્ઞાન અને જ્ઞાન ભૂમિકાઓનું, આજીવક-પરંપરામાં પ્રસિદ્ધ મંદ-ભૂમિ વગેરે ભૂમિકાઓનું અને જૈન પરંપરાપ્રસિદ્ધ ગુણસ્થાનોનું તથા યોગદૃષ્ટિઓનું તુલનાત્મક અધ્યયન ખૂબ રસપ્રદ તેમ જ ઉપયોગી છે; એનું વર્ણન અહીં કરવું સંભવિત નથી. જિજ્ઞાસુ બીજે પ્રગટ થયેલ લેખો[૧] ઉપરથી એ જાણી શકે છે.

અહીં એ ચૌદ ગુણસ્થાનોનું વર્ણન ન કરતાં સંક્ષેપમાં ત્રણ ભૂમિકાઓનો જ પરિચય આપું છું કે જેમાં ગુણસ્થાનોનો સમાવેશ થઈ જાય છે. પહેલી ભૂમિકા છે, બહિરાત્મા–જેમાં આત્મજ્ઞાન કે વિવેકખ્યાતિનો ઉદય જ નથી થતો. બીજી ભૂમિકા અંતરાત્મા છે, જેમાં આત્મજ્ઞાનનો ઉદય તો થાય છે, પણ રાગ-દ્વેષ વગેરે કલેશો મંદ થવા છતાં પણ પોતાનો પ્રભાવ બતાવતા રહે છે. ત્રીજી ભૂમિકા છે પરમાત્મા. આમાં રાગ-દ્વેષનો પૂર્ણ ઉચ્છેદ થવાથી વીતરાગપણું પ્રગટ થાય છે.

લોકવિદ્યા

લોકવિદ્યામાં લોકના સ્વરૂપનું વર્ણન આવે છે. જીવ–ચેતન અને અજીવ–અચેતન કે જડ, એ બે તત્ત્વોનો સહચાર એ જ લોક છે. ચેતન–અચેતન બન્ને તત્ત્વને ન તો કોઈએ ક્યારેય પેદા કર્યાં છે કે ન કયારેય એ નાશ પામે છે; છતાં પણ એ સ્વભાવથી જુદાં જુદાં

૧. જુઓ "ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ" લેખ, પુરાતત્ત્વ ૧, પૃ. ૧૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામો પામતાં રહે છે. સંસારકાળમાં ચેતન ઉપર વધુ પ્રભાવ પાડનારું દ્રવ્ય એકમાત્ર જડ પરમાણુપુંજ છે, જે જુદા જુદા રૂપે ચેતનના સંપર્કમાં આવે છે, અને એની શક્તિઓને મર્યાદિત પણ કરે છે. ચેતન-તત્ત્વની સાહજિક અને મૌલિક શક્તિઓ એવી છે કે જે યોગ્ય દિશા મેળવીને કયારેક ને કયારેક એ જડ દ્રવ્યોના પ્રભાવથી એને મુક્ત પણ કરી દે છે. જડ અને ચેતનના પારસ્પરિક પ્રભાવનું ક્ષેત્ર જ લોક છે; અને એ પ્રભાવથી છુટકારો મેળવવો એ જ લોકાંત છે. જૈન પરંપરાની લોકક્ષેત્રવિષયક કલ્પના સાંખ્ય-યોગ, પુરાણ અને બૌદ્ધ વગેરે પરંપરાઓની કલ્પના સાથે અનેક અંશે મળતી છે.

જૈન પરંપરા, ન્યાય-વૈશેષિકની જેમ, પરમાણુવાદી છે, સાંખ્ય યોગની જેમ પ્રકૃતિવાદી નથી; તોપણ જૈન પરંપરાસંમત પરમાણુનું સ્વરૂપ સાંખ્યપરંપરાસંમત પ્રકૃતિના સ્વરૂપની સાથે જેવું મળતું છે એવું ન્યાય-વૈશેષિકસંમત પરમાણુના સ્વરૂપ સાથે મળતું નથી, કારણ કે જૈનસંમત પરમાણુ સાંખ્યસંમત પ્રકૃતિની જેમ પરિણામી છે, ન્યાય-વૈશેષિકસંમત પરમાણુની જેમ કૂટસ્થ નથી. એટલા જ માટે સાંખ્ય-સંમત એક જ પ્રકૃતિ જેમ પૃથ્વી, પાણી, પ્રકાશ, પવન વગેરે અનેક ભૌતિક સૃષ્ટિઓનું ઉપાદાન બને છે એવી જ રીતે જૈનસંમત એક જ પરમાણુ પૃથ્વી, પાણી, પ્રકાશ આદિ જુદા જુદા રૂપે પરિણત થાય છે. જૈન પરંપરા, ન્યાય-વૈશેષિકની જેમ, એમ નથી માનતી કે પૃથ્વી, પાણી વગેરેના ભૌતિક પરમાણુ મૂળમાં જ હમેશાં ભિન્ન જાતિના છે. આ ઉપરાંત એક બીજું પણ અંતર ધ્યાનમાં લેવા જેવું છે. તે એ કે જૈનસંમત પરમાણુ વૈશેષિકસંમત પરમાણુ કરતાં એટલો વધારે સૂક્ષ્મ છે કે અંતે એ સાંખ્યસંમત પ્રકૃતિની જેવો જ અવ્યક્ત બની જાય છે. જૈન પરંપરાનો અનંતપરમાણુવાદ પ્રાચીન સાંખ્યસંમત પુરુષબહુત્વાનુરૂપ પ્રકૃતિબહુત્વવાદથી[1] દૂર નથી.

૧. ષડ્દર્શનસમુચ્ચય, ગુણરત્ન ટીકા પૃ. ૯૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન મત અને ઈશ્વર

જૈન પરંપરા સાંખ્ય-યોગ, મીમાંસક વગેરે પરંપરાઓની જેમ લોકને પ્રવાહરૂપે અનાદિ અને અનંત માને છે; એ પૌરાણિક કે વૈશેષિક મતની જેમ એનાં ઉત્પત્તિ અને વિનાશ નથી માનતી, તેથી જૈન પરંપરામાં કર્તા-સંહર્તા રૂપે ઈશ્વર જેવી સ્વતંત્ર વ્યક્તિનું કોઈ સ્થાન જ નથી. જૈન સિદ્ધાંત કહે છે કે પ્રત્યેક જીવ પોતપોતાની સૃષ્ટિનો પોતે જ કર્તા છે. એના સિદ્ધાંત પ્રમાણે, તાત્ત્વિક દૃષ્ટિએ, પ્રત્યેક જીવમાં ઈશ્વરપણું રહેલું છે, જે મુક્તિના સમયે પ્રગટ થાય છે. જેનું ઈશ્વરપણું પ્રગટ થયું એ જ સાધારણ લોકોને માટે ઉપાસ્ય બની જાય છે. યોગશાસ્ત્રસંમત ઈશ્વર પણ કેવળ ઉપાસ્ય છે, કર્તા, સંહર્તા નથી; પણ જૈન અને યોગશાસ્ત્રની કલ્પનામાં અંતર છે. તે એ કે યોગશાસ્ત્રસંમત ઈશ્વર સદા મુક્ત હોવાને લીધે બીજા પુરુષોથી જુદી કોટિનો છે, જ્યારે જૈનશાસ્ત્રસંમત ઈશ્વર એવો નથી. જૈન-શાસ્ત્રનું કહેવું છે કે ઈશ્વરપણું પ્રયત્નસાધ્ય હોવાથી હરકોઈ યોગ્ય સાધક એને મેળવી શકે છે; અને બધાય મુક્ત જીવો સમાનપણે ઈશ્વર રૂપે ઉપાસ્ય છે.

શ્રુતવિદ્યા અને પ્રમાણવિદ્યા

પ્રાચીન સમયના અને પોતાના સમય સુધીમાં જ્ઞાત એવા અન્ય વિચારકોના વિચારોનો તેમ જ સ્વાનુભવમૂલક પોતાના વિચારોનો સત્યલક્ષી સંગ્રહ, એ જ શ્રુતવિદ્યા છે. શ્રુતવિદ્યાનું ધ્યેય એ છે કે સત્યસ્પર્શી કોઈ પણ વિચાર કે વિચારસરણીની અવગણના કે ઉપેક્ષા ન થાય. એને લીધે જ જૈન પરંપરાની શ્રુતવિદ્યા નવી નવી વિદ્યા-ઓના વિકાસની સાથે વિકસિત થતી રહી છે. એ કારણે જ શ્રુત-વિદ્યામાં સંગ્રહનયરૂપે જ્યાં પહેલાં સાંખ્યસંમત સદદ્વૈત લેવામાં આવ્યું ત્યાં જ બ્રહ્માદ્વૈતના વિચાર-વિકાસ પછી, સંગ્રહનયરૂપે બ્રહ્માદ્વૈત વિચારે પણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ જ રીતે જ્યાં ઋજુસૂત્રનયરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાચીન બૌદ્ધ ક્ષણિકવાદ સંગ્રહીત થયો છે, ત્યાં જ, તે પછીના મહાયાની વિકાસની પછી, ઋજુસૂત્રનયરૂપે વૈભાષિક, સૌત્રાન્તિક, વિજ્ઞાનવાદ અને શૂન્યવાદ, એ ચારે પ્રસિદ્ધ બૌદ્ધશાખાઓનો સંગ્રહ થયો છે.

અનેકાંતદૃષ્ટિનું કાર્યક્ષેત્ર એટલું બધું વ્યાપક છે કે એમાં માનવજીવનને હિતકારી એવી બધી લૌકિક-લોકોત્તર વિદ્યાઓ પોતપોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી લે છે. તેથી જ જૈન શ્રુતવિદ્યામાં લોકોત્તર વિદ્યાઓ ઉપરાંત લૌકિક વિદ્યાઓએ પણ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

પ્રમાણવિદ્યામાં પ્રત્યક્ષ, અનુમિતિ વગેરે જ્ઞાનના બધાય પ્રકારોનું, એમનાં સાધનોનું તથા એના બળાબળનું સવિસ્તર વિવરણ આવે છે. એમાં પણ અનેકાંતદૃષ્ટિનો એવો ઉપયોગ કરવામાં આવ્યો છે કે જેથી કોઈ પણ તત્ત્વચિંતકના યથાર્થ વિચારની અવગણના કે ઉપેક્ષા નથી થતી; ઊલટું જ્ઞાન અને એનાં સાધનો સાથે સંબંધ ધરાવતા બધાય જ્ઞાન-વિચારોનો યથાવત્ વિનિયોગ કરવામાં આવ્યો છે.

અહીં સુધીનું વર્ણન જૈન પરંપરાના પ્રાણરૂપ અહિંસા અને અનેકાંતની સાથે સંબંધ ધરાવે છે. જેવી રીતે શરીર વગર પ્રાણનું રહેવું અસંભવ છે, એવી જ રીતે ધર્મશરીર વગર ધર્મપ્રાણનું ટકી રહેવું પણ અસંભવ છે. જૈન પરંપરાનું ધર્મશરીર પણ સંઘરચના, સાહિત્ય, તીર્થ, મંદિર વગેરે ધર્મસ્થાનો, શિલ્પસ્થાપત્ય, ઉપાસનાવિધિ, ગ્રંથના સંગ્રહ ધરાવતા ભંડારો વગેરે અનેક રૂપે વિદ્યમાન છે.

[દર્શનચિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૧૬-૧૩૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩

નિર્ગ્રંથ સંપ્રદાયની પ્રાચીનતા

મુખ્ય શ્રમણ સંપ્રદાયો અને તેની ઓળખ

બ્રાહ્મણ કે વૈદિક ધર્માનુયાયી સંપ્રદાયનો વિરોધી સંપ્રદાય, શ્રમણ સંપ્રદાય કહેવાય છે, જે ભારતમાં ઘણે ભાગે વૈદિક સંપ્રદાયના પ્રવેશની પહેલાંથી જ, કોઈ ને કોઈ રૂપમાં અને કોઈ ને કોઈ પ્રદેશમાં અવશ્ય અસ્તિત્વ ધરાવતો હતો. શ્રમણ સંપ્રદાયની શાખાઓ અને પ્રશાખાઓ અનેક હતી, જેમાં સાંખ્ય, જૈન, બૌદ્ધ, આજીવક વગેરેનાં નામ જાણીતાં છે. શ્રમણ સંપ્રદાયની પ્રાચીન અનેક શાખાઓ અને પ્રશાખાઓ એવી હતી કે જે પહેલાં તો વૈદિક સંપ્રદાયની સાવ વિરોધી હતી, પણ ધીમે ધીમે એ, એક યા બીજે કારણે, વૈદિક સંપ્રદાયમાં હળીભળી ગઈ હતી. દાખલા તરીકે આપણે વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોનાં નામ દઈ શકીએ. પ્રાચીન વૈષ્ણવ અને શૈવ આગમો વૈદિક સંપ્રદાયથી કેવળ ભિન્ન હતા એટલું જ નહીં, પણ એનો વિરોધ સુધ્ધાં કરતા હતા. અને એટલા માટે વૈદિક સંપ્રદાયના સમર્થક આચાર્યો પણ પ્રાચીન વૈષ્ણવ અને શૈવ આગમોને વેદવિરોધી માનીને એમને વેદબાહ્ય માનતા હતા; પણ અત્યારે, આપણે જોઈ શકીએ છીએ કે, એ જ વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયો તથા એમની અનેક શાખાઓ બિલકુલ વૈદિક સંપ્રદાયમાં ભળી ગઈ છે. આ જ સ્થિતિ સાંખ્ય સંપ્રદાયની છે, જે પહેલાં અવૈદિક મનાતો હતો, પણ અત્યારે વૈદિક મનાય છે. આમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા છતાં કેટલાક શ્રમણ સંપ્રદાયો હજી પણ એવા છે કે જેઓ પોતે પોતાની જાતને અ-વૈદિક જ માને-મનાવે છે, અને વૈદિક વિદ્વાનો પણ એમને અવૈદિક જ માને છે. આ સંપ્રદાયોમાં જૈન અને બૌદ્ધ મુખ્ય છે.

શ્રમણ સંપ્રદાયની સામાન્ય અને સંક્ષિપ્ત ઓળખાણ એ છે કે એ ન તો અપૌરુષેય–અનાદિ રૂપે કે ઈશ્વરરચિત રૂપે વેદોનું પ્રામાણ્ય સ્વીકારે છે, કે ન તો બ્રાહ્મણવર્ગનું જાતિને કારણે કે પુરોહિતપણાને લીધે ગુરુપદ સ્વીકારે છે, જેવી રીતે કે વૈદિક સંપ્રદાય વેદો અને બ્રાહ્મણ પુરોહિતોના સંબંધમાં માને છે. બધાય શ્રમણ સંપ્રદાયો પોતપોતાના સંપ્રદાયના પુરસ્કર્તા તરીકે કોઈ ને કોઈ યોગ્યતમ પુરુષને માનીને એનાં વચનોને જ અંતિમ પ્રમાણરૂપ માને છે, અને જાતિ કરતાં ગુણની પ્રતિષ્ઠા કરીને સંન્યાસી કે ગૃહત્યાગી વર્ગનું જ ગુરુપદ સ્વીકારે છે.

નિર્ગ્રંથ સંપ્રદાય એ જૈન સંપ્રદાય : કેટલાક પુરાવા

પ્રાચીન કાળમાં શ્રમણ સંપ્રદાયની બધી શાખા-પ્રશાખાઓમાં ગુરુ કે ત્યાગી વર્ગને માટે સામાન્ય રીતે આ શબ્દો વપરાતા હતા : શ્રમણ, ભિક્ષુ, અનગાર, યતિ, સાધુ, તપસ્વી, પરિવ્રાજક, અર્હંત, જિન, તીર્થંકર વગેરે. બૌદ્ધ અને આજીવક સંપ્રદાયોની જેમ જૈન સંપ્રદાય પણ પોતાના ગુરુવર્ગને માટે પહેલાંથી જ આ શબ્દોનો ઉપયોગ કરતો રહ્યો છે. આમ છતાં એક શબ્દ એવો છે કે જેનો ઉપયોગ જૈન સંપ્રદાય જ પોતાના સમગ્ર ઈતિહાસ કાળમાં, પહેલાંથી તે અત્યાર સુધી, પોતાના ગુરુવર્યને માટે કરતો રહ્યો છે. એ શબ્દ છે 'નિર્ગ્રન્થ' (નિગ્ગંથ)[1]. જૈન આગમો પ્રમાણે 'નિગ્ગંથ' અને બૌદ્ધ પિટકો મુજબ 'નિગ્ગંઠ'. ઐતિહાસિક સાધનોને આધારે આપણે એટલે સુધી જાણી અને કહી શકીએ છીએ કે જૈન પરંપરા સિવાયની

1. આચારાંગ ૧, ૩, ૧, ૧૦૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી કોઈ પરંપરાના ગુરુવર્ગને માટે 'નિર્ગ્રન્થ' શબ્દ પ્રચલિત કે રૂઢ થયેલો નથી મળતો. આ કારણે જ જૈનશાસ્ત્રને 'निग्गंथपवयण' અર્થાત્ 'નિર્ગ્રન્થપ્રવચન' કહેવામાં આવે છે.[૧] બીજા કોઈ સંપ્રદાયના શાસ્ત્રને 'નિર્ગ્રન્થપ્રવચન' કહેલ નથી.

આગમકથિત નિર્ગ્રંથ સંપ્રદાયની સાથે બૌદ્ધ પિટકોનો જેટલો અને જેવો સીધો સંબંધ છે, એટલો અને એવો સંબંધ વૈદિક કે પૌરાણિક સાહિત્યનો નથી. એનાં કારણો આ પ્રમાણે છે :—

(૧) જૈન સંપ્રદાય અને બૌદ્ધ સંપ્રદાય, બન્ને શ્રમણ સંપ્રદાય છે, તેથી એમની વચ્ચે ભ્રાતૃભાવ જેવો સંબંધ છે.

(૨) બૌદ્ધ સંપ્રદાયના સ્થાપક ગૌતમબુદ્ધ અને નિર્ગ્રંથ સંપ્રદાયના અંતિમ પુરસ્કર્તા જ્ઞાતપુત્ર મહાવીર, બન્ને સમકાલીન હતા. તેઓ કેવળ સમકાલીન હતા એટલું જ નહીં, બલ્કે એમણે સમાન કે એક જ ક્ષેત્રમાં જીવન વિતાવ્યું હતું. બન્નેની પ્રવૃત્તિનું ધામ કેવળ એક જ પ્રદેશ નહીં બલ્કે એક જ શહેર, એક જ મહોલ્લો અને એક જ કુટુંબ પણ હતું. બન્નેના અનુયાયીઓ પણ અરસપરસ મળતા હતા અને પોતપોતાના પૂજ્ય પુરુષોના ઉપદેશો અને આચારો સંબંધી મિત્રભાવે કે પ્રતિસ્પર્ધીભાવે ચર્ચા પણ કરતા હતા. એટલું જ નહીં, બલ્કે અનેક અનુયાયીઓ એવા પણ હતા, જેઓ પહેલાં કોઈ એકના અનુયાયી હતા, પણ પછીથી બીજાના અનુયાયી થયા; જાણે મહાવીર અને બુદ્ધના અનુયાયીઓ એવા પાડોશી કે કુટુંબી હતા કે જેમનો સામાજિક સંબંધ બહુ નજીકનો હતો. એમ જ કહેવું જોઈએ કે જાણે એક જ કુટુંબના અનેક સભ્યો, અત્યારે પણ જોવામાં આવે છે એમ, જુદી જુદી માન્યતાઓ ધરાવતા હતા.[૨]

૧. ભગવતી ૯-૬-૩૮૩.

૨. ઉપાસકદશાંગ અ૦ ૮ ઇત્યાદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) નિર્ગ્રંથ સંપ્રદાયની અનેક બાબતોનું બુદ્ધ તથા એમના સમકાલીન શિષ્યોએ નજરે જોયા જેવું વર્ણન કર્યું છે—ભલે પછી એ વર્ણન પ્રાસંગિક હોય કે ખંડનની દૃષ્ટિથી કરવામાં આવ્યું હોય.[૧]

એટલા માટે બૌદ્ધ પિટકોમાં મળતો નિર્ગ્રંથ સંપ્રદાયના આચાર-વિચારને લગતો નિર્દેશ ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો છે. પછી જ્યારે આપણે બૌદ્ધ ફિરકામાં આવતા નિર્ગ્રંથ સંપ્રદાય સંબંધી નિર્દેશોની, ખુદ નિર્ગ્રંથ પ્રવચનરૂપે ઉપલબ્ધ આગમિક સાહિત્યમાંના નિર્દેશોની સાથે, શબ્દ અને ભાવની દૃષ્ટિએ, સરખામણી કરીએ છીએ ત્યારે એમાં સંદેહ નથી રહેતો કે બન્ને નિર્દેશો પ્રમાણભૂત છે—ભલે પછી બન્ને બાજુએ વાદી-પ્રતિવાદીનો ભાવ રહ્યો હોય. જેવી બૌદ્ધ પિટકોની રચના અને સંકલનાની સ્થિતિ છે, લગભગ એવી જ સ્થિતિ પ્રાચીન નિર્ગ્રંથ આગમોની છે.

બુદ્ધ અને મહાવીર

બુદ્ધ અને મહાવીર સમકાલીન હતા. બન્ને શ્રમણ સંપ્રદાયના સમર્થક હતા, છતાં બન્ને વચ્ચેનું અંતર જાણ્યા વિના આપણે કોઈ નિર્ણય ઉપર નથી પહોંચી શકતા. પહેલું અંતર તો એ છે કે બુદ્ધે મહાભિનિષ્ક્રમણથી લઈને તે પોતાના નવા માર્ગ–ધર્મચક્રનું પ્રવર્તન કર્યું, એ ૭ વર્ષ દરમ્યાન તેઓ એ સમયે પ્રચલિત ભિન્ન ભિન્ન તપસ્વી અને યોગી સંપ્રદાયોનો એક પછી એકનો સ્વીકાર અને ત્યાગ કરતા રહ્યા; જ્યારે મહાવીરને કુળપરંપરાથી જે ધર્મમાર્ગ પ્રાપ્ત થયો હતો એનો સ્વીકાર કરીને તેઓ આગળ વધ્યા અને એ કુળપરંપરા-ગત ધર્મમાં પોતાની સૂઝ અને શક્તિ પ્રમાણે એમણે સુધારો કે શુદ્ધિ કર્યાં. એકનો માર્ગ જૂના પંથોનો ત્યાગ કર્યા બાદ નવા ધર્મસ્થાપનનો હતો, તો બીજાનો માર્ગ કુળધર્મનું સંશોધન માત્ર હતો. તેથી આપણે જોઈએ છીએ કે બુદ્ધ ઠેર ઠેર પહેલાં સ્વીકારેલ અને નહીં સ્વીકારેલ

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૧૪, ૫૬. દીઘનિકાય સુ૦ ૨૯, ૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક પંથોની સમાલોચના કરતા રહે છે, અને કહે છે કે અમુક પંથનો અમુક નાયક અમુક માને છે, બીજો અમુક માને છે, પણ હું એની સાથે સંમત નથી, હું તો આ પ્રમાણે માનું છું ઇત્યાદિ.[૧] બુદ્ધે સમસ્ત પિટકોમાં એવું કયાંય નથી કહ્યું કે હું જે કહું છું તે તો ફક્ત પ્રાચીન છે, અને હું તો માત્ર એનો પ્રચારક જ છું. બુદ્ધના સર્વ કથનની પાછળ એક જ ભાવ છે, અને તે એ કે, મારો માર્ગ મારી પોતાની શોધનું ફળ છે; જ્યારે મહાવીર એમ નથી કહેતા. કારણ કે એકવાર પાર્શ્વાપત્યિકોએ મહાવીરને કેટલાક પ્રશ્નો પૂછ્યા તો એમણે પાર્શ્વનાથનાં જ વચનોની સાક્ષી આપીને પાર્શ્વાપત્યિકોને પોતાના પક્ષના બનાવી દીધા.[૨] એ કારણે જ બુદ્ધે પોતાના મતની સાથે બીજા કોઈ સમકાલીન કે પૂર્વકાલીન મતનો સમન્વય નથી કર્યો; એમણે કેવળ પોતાના મતની વિશેષતાઓ બતાવી છે; જ્યારે મહાવીરે એવું નથી કર્યું. તેઓએ પાર્શ્વનાથના તે સમયના સંપ્રદાયના અનુયાયીઓ સાથે પોતાના સુધારા કે ફેરફારોનો સમન્વય કર્યો છે.[૩] તેથી મહાવીરનો માર્ગ પાર્શ્વનાથના સંપ્રદાય સાથેની એમની સમન્વયવૃત્તિનો સૂચક છે.

બુદ્ધ અને મહાવીરની વચ્ચે ધ્યાન આપવા યોગ્ય બીજું અંતર જીવનકાલનું છે. બુદ્ધ ૮૦ વર્ષે નિર્વાણ પામ્યા, જ્યારે મહાવીર ૭૨ વર્ષની ઉંમરે. હવે તો એ નિશ્ચિત જેવું થઈ ચૂકયું છે કે બુદ્ધનું નિર્વાણ પહેલાં અને મહાવીરનું પછી થયું હતું.[૪] આ રીતે મહાવીર કરતાં બુદ્ધ જરૂર કંઈક વૃદ્ધ હતા; એટલું જ નહીં પણ મહાવીરે સ્વતંત્રરૂપે ધર્મોપદેશ આપવો શરૂ કર્યો એની પહેલાં જ બુદ્ધે પોતાના માર્ગની

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૫૬. અંગુત્તરનિકાય વો૦ ૧. પૃ. ૨૦૬; વો૦ ૩, પૃ૦ ૩૮૩.

૨. ભગવતી ૫-૯-૨૨૫.

૩ ઉત્તરાધ્યયન અ૦ ૨૩.

૪. વીરનિર્વાણસંવત ઔર જૈન કાલગણના. ભારતીય વિદ્યા ભા૦ ૩ પૃ ૧૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાપનાની શરૂઆત કરી દીધી હતી. બુદ્ધને પોતાના માર્ગમાં નવા નવા અનુયાયીઓને ભેગા કરીને જ બળ વધારવું હતું, જ્યારે મહાવીરને અનુયાયીઓ બનાવવા ઉપરાંત પાર્શ્વનાથના જૂના અનુયાયીઓને પણ પોતાના પ્રભાવમાં અને પોતાની આસપાસ જોડી રાખવાના હતા. તત્કાલીન બીજા બધા પંથોનાં મંતવ્યોની પૂરી પરીક્ષા કે એમનું ખંડન કર્યા વગર બુદ્ધ પોતાની સંઘરચનામાં સફળ થઈ શકે એમ ન હતા; જ્યારે મહાવીરનો પ્રશ્ન કંઈક જુદો હતો, કારણ કે પોતાના ચારિત્ર અને તેજોબળને લીધે પાર્શ્વનાથના તત્કાલીન અનુયાયીઓનાં મન જીતી લઈને મહાવીર એમને પોતાના અનુયાયી બનાવી લેતા હતા, તેથી નવા નવા અનુયાયીઓની ભરતીનો સવાલ એમને માટે એટલો ઉગ્ર ન હતો, જેટલો બુદ્ધને માટે. તેથી આપણે જોઈએ છીએ કે બુદ્ધનો સમગ્ર ઉપદેશ બીજાઓની આલોચનાથી ભરેલો છે.

નિર્ગ્રંથ પરંપરાનો બુદ્ધ ઉપર પ્રભાવ

બુદ્ધે પોતાનો માર્ગ શરૂ કરતાં પહેલાં એક પછી એક જે પંથોનો ત્યાગ કર્યો, એમાં એક નિર્ગ્રંથ પંથ પણ હતો. બુદ્ધે પોતાના જીવનનું જે વર્ણન કર્યું છે,[૧] એને વાંચવાથી અને એની જૈન આગમોમાં વર્ણવેલ આચારો સાથે સરખામણી કરવાથી એ નિઃસંદેહ રીતે જાણી શકાય છે કે બુદ્ધે બીજા પંથોની જેમ જૈન પંથમાં પણ ઠીક ઠીક જીવન વિતાવ્યું હતું—ભલે પછી એ ટૂંકા સમય માટે પણ કેમ ન હોય. બુદ્ધની સાધનાના સમયનાં શરૂઆતનાં વર્ષોમાં મહાવીરે તો પોતાનો માર્ગ શરૂ જ નહોતો કર્યો અને એ સમયે પૂર્વ પ્રદેશમાં પાર્શ્વનાથના સિવાય બીજો કોઈ નિર્ગ્રંથ પંથ ન હતો. તેથી એ નક્કી છે કે બુદ્ધે, ભલે થોડા વખત માટે પણ કેમ ન હોય, પાર્શ્વનાથના નિર્ગ્રંથ સંપ્રદાયનું જીવન વિતાવ્યું હતું. એને લીધે જ બુદ્ધ જ્યારે નિર્ગ્રંથ સંપ્રદાયના આચાર-વિચારોની સમાલોચના કરે છે ત્યારે નિર્ગ્રંથ

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૨૬. પ્રો૦ કોશાંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપ્રદાયમાં પ્રતિષ્ઠિત એવા તપ ઉપર ઉગ્ર પ્રહાર કરે છે. અને તેઓ જ્યારે નિર્ગ્રંથ સંપ્રદાયના આચાર અને વિચારનું ખંડન કરે છે ત્યારે એનું એ સંપ્રદાયની પરિભાષામાં ઠીક ઠીક વર્ણન કરીને કરે છે, એનું કારણ પણ આ જ છે. મહાવીર અને બુદ્ધ બન્નેનો ઉપદેશકાળ અમુક સમય સુધી તો જરૂર એક જ હતો; એટલું જ નહીં, તેઓ એકબીજાને મળ્યા વગર પણ અમુક સ્થાનોમાં એકસાથે વિચર્યા હતા. તેથી આપણે એ પણ જોઈએ છીએ કે પિટકોમાં 'नातपुत्त निग्गंठ' તરીકે મહાવીરનો નિર્દેશ આવે છે.[૧]

ચાર યામ અને બૌદ્ધ સંપ્રદાય

બૌદ્ધ પિટકોમાંના દીઘનિકાય અને સંયુત્તનિકાયમાં નિર્ગ્રંથોનાં મહાવ્રતની ચર્ચા આવે છે.[૨] દીઘનિકાયના સામઞ્ઞફલસુત્તમાં શ્રેણિક-બિંબિસારના પુત્ર અજાતશત્રુ-કુણિકે પોતાની જ્ઞાતપુત્ર મહાવીર સાથે થયેલી મુલાકાતનું વર્ણન બુદ્ધની સમક્ષ કર્યું છે, જેમાં જ્ઞાતપુત્ર મહાવીરના મુખે એમ કહેવરાવ્યું છે કે નિર્ગ્રંથ ચતુર્યામસંવરથી સંયત હોય છે; આવો નિર્ગ્રંથ જ યતાત્મા અને સ્થિતાત્મા હોય છે. આ જ રીતે સંયુત્તનિકાયના દેવદત્તસંયુત્તમાં નિંક નામે વ્યક્તિ જ્ઞાતપુત્ર મહાવીરને ધ્યાનમાં રાખીને બુદ્ધને કહે છે કે એ જ્ઞાતપુત્ર મહાવીર દયાળુ, કુશળ અને ચતુર્યામ યુક્ત છે. આ બૌદ્ધ ઉલ્લેખોને આધારે આપણે એટલું જાણી શકીએ છીએ કે ખુદ બુદ્ધના સમયમાં અને એ પછી પણ (બૌદ્ધ પિટકોએ અંતિમ સ્વરૂપ ધારણ કર્યું ત્યાં સુધી પણ) બૌદ્ધ પરંપરા મહાવીરને અને એમના અન્ય નિર્ગ્રંથોને ચતુર્યામ યુક્ત સમજતા હતા. યામનો અર્થ છે મહાવ્રત, જેને યોગશાસ્ત્ર (૨-૩૦) માં જણાવ્યા મુજબ 'યમ' પણ કહે છે. મહાવીરની નિર્ગ્રંથ પરંપરા અત્યાર લગી પંચમહાવ્રતધારી છે, અને પંચમહાવ્રતી તરીકે જ શાસ્ત્રમાં તથા વ્યવહારમાં પ્રસિદ્ધ છે. આવી

૧. દીઘનિકાય સુ૦ ૨.

૨. દીઘનિકાય સુ૦ ૨. સંયુત્તનિકાય વો૦ ૧, પૃ૦ ૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિમાં બૌદ્ધ ગ્રંથોમાં મહાવીર અને અન્ય નિર્ગ્રંથો માટે ચાર-મહાવ્રતધારી રૂપે જે ઉલ્લેખ છે, એનો શો અર્થ સમજવો?—આવો પ્રશ્ન આપોઆપ ઊભો થાય છે.

આનો જવાબ આપણને ઉપલબ્ધ જૈન આગમોમાંથી મળી રહે છે. સદ્‌ભાગ્યે ઉપલબ્ધ આગમોમાં પ્રાચીન એવા અનેક સ્તરો સચવાઈ રહ્યા છે કે જે કેવળ મહાવીરના સમયની નિર્ગ્રંથ પરંપરાની સ્થિતિ ઉપર જ નહીં બલ્કે એની પહેલાંની પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાની સ્થિતિ ઉપર પણ સ્પષ્ટ પ્રકાશ પાડે છે. ભગવતી અને ઉત્તરાધ્યયન જેવા આગમોમાં[૧] વર્ણન આવે છે કે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ, જેઓ ચારમહાવ્રતધારી હતા, એમાંના ઘણાઓએ મહાવીરના શાસનનો સ્વીકાર કરીને એમણે પ્રરૂપેલ પાંચ મહાવ્રતોને ધારણ કર્યાં હતાં, અને જૂની ચાર મહાવ્રતોની પરંપરાને બદલી નાખી હતી; જ્યારે કેટલાક એવા પણ પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથો હતા કે જેમણે પોતાની ચાર મહાવ્રતની પરંપરાને જ ચાલુ રાખી હતી.[૨] મહાવીરે ચાર મહાવ્રતોના સ્થાને પાંચ મહાવ્રતોની સ્થાપના શા માટે કરી અને કયારે કરી, આ પણ એક ઐતિહાસિક સવાલ છે. મહાવીરે પાંચ મહાવ્રતોની સ્થાપના શા માટે કરી?—આ સવાલનો જવાબ તો જૈન ગ્રંથો આપે છે; પણ એ સ્થાપના કયારે કરી?—આનો જવાબ એ નથી આપતા. અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, આ ચાર યામો—મહાવ્રતોની પ્રતિષ્ઠા ભગવાન પાર્શ્વનાથે કરી હતી, પણ ક્રમે ક્રમે નિર્ગ્રંથ પરંપરામાં એવી શિથિલતા આવી ગઈ કે કેટલાક નિર્ગ્રંથો 'અપરિગ્રહ'નો અર્થ 'સંગ્રહ ન કરવો' એટલો જ કરીને સ્ત્રીઓનો સંગ્રહ કે પરિગ્રહ કર્યા વગર પણ એમનો સંપર્ક રાખતા હતા, અને છતાં માનતા હતા કે એથી અ-

૧. 'ઉત્થાન'નો મહાવીરાંક (સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ, મુંબઈ) પૃ૦ ૪૬.

૨. એજન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિગ્રહવ્રતનો ભંગ થતો નથી. આ શિથિલતાને દૂર કરવા માટે ભગવાન મહાવીરે બ્રહ્મચર્ય વ્રતને અપરિગ્રહથી જુદું સ્થાપ્યું અને ચોથા વ્રતમાં શુદ્ધિ લાવવાનો પ્રયત્ન કર્યો. મહાવીરે પોતાના ઉપદેશકાળના ત્રીસ વર્ષ જેટલા લાંબા સમય દરમ્યાન બ્રહ્મચર્ય વ્રતની અપરિગ્રહથી જુદી સ્થાપના કયારે કરી, એ તો કહી શકાય એમ નથી, પણ એમણે આ સ્થાપના એવી ભારપૂર્વક કરી કે જેને લીધે પછીની સમસ્ત નિર્ગ્રંથ પરંપરા પાંચ મહાવ્રતોની જ પ્રતિષ્ઠા કરવા લાગી, અને જે ગણ્યા-ગાંઠ્યા પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથો મહાવીરના પંચમહાવ્રત–શાસનથી જુદા રહ્યા એમનું આગળ જતાં કોઈ અસ્તિત્વ જ ન રહ્યું. જો બૌદ્ધ પિટકોમાં અને જૈન આગમોમાં ચાર મહાવ્રતનો નિર્દેશ કે એનું વર્ણન ન આવત તો આજે એ પત્તો પણ ન લાગત કે પાર્શ્વાપત્યિક પરંપરા કયારેક ચારમહાવ્રતધારી પણ હતી.

ઉપરની ચર્ચાથી એટલું તો આપોઆપ વિદિત થઈ જાય છે કે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં દીક્ષા લેવાવાળા જ્ઞાતપુત્ર મહાવીરે પોતે પણ ચાર મહાવ્રતો જ ધારણ કર્યાં હતાં, પરંતુ સાંપ્રદાયિક પરિસ્થિતિને જોઈને એમણે એ બાબતમાં કયારેક ને કયારેક સુધારો કર્યો. આ સુધારાની સામે પ્રાચીન નિર્ગ્રંથ પરંપરામાં કેવી ચર્ચા કે કેવા તર્કવિતર્ક થતાં હતાં, એનો આછો ખ્યાલ આપણને ઉત્તરાધ્યયન સૂત્રમાંના કેશિ-ગૌતમ સંવાદમાંથી મળે છે. એમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથોમાં એવો વિતર્ક થવા લાગ્યો હતો કે જ્યારે પાર્શ્વનાથ અને મહાવીરનું એકમાત્ર ધ્યેય મોક્ષ જ છે, ત્યારે એ બન્નેના મહાવ્રતો સંબંધી ઉપદેશોમાં ફરક કેમ?[1] આ ગડમથલને કેશીએ ગૌતમની સામે રજૂ કરી અને ગૌતમે એનો ખુલાસો કર્યો. કેશી પ્રસન્ન થયા અને એમણે મહાવીરના શાસનને સ્વીકારી લીધું. આટલી ચર્ચા ઉપરથી આપણે સહેલાઈથી નીચે જણાવેલ

૧. ઉત્તરાધ્યયન ૨૩. ૧૧-૧૩, ૨૩-૨૭ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિષ્કર્ષ ઉપર પહોંચી શકીએ છીએ :—

(૧) મહાવીરની પહેલાં, ઓછામાં ઓછું પાર્શ્વનાથના સમયથી શરૂ કરીને, નિર્ગ્રંથ પરંપરામાં ચાર મહાવ્રતોની જ પ્રથા હતી, જેને ભગવાન મહાવીરે કયારેક ને કયારેક બદલી, અને પાંચ મહાવ્રતરૂપે એનો વિકાસ કર્યો. એ જ વિકસિત રૂપ અત્યાર સુધીના બધાય જૈન ફિરકાઓમાં નિર્વિવાદ રૂપે માન્ય છે, અને ચાર મહાવ્રતોની પ્રાચીન પ્રથા માત્ર ગ્રંથોમાં જ સચવાઈ રહી છે.

(૨) ખુદ બુદ્ધ અને એમના સમકાલીન કે ઉત્તરકાલીન બધાય ભિક્ષુઓ નિર્ગ્રંથ પરંપરાને કેવળ ચારમહાવ્રતધારી જ માનતા હતા; અને મહાવીરના પંચ મહાવ્રત સંબંધી આંતરિક સુધારાથી તેઓ અપરિચિત હતા. જે વાત બુદ્ધે એકવાર કહી અને જે સામાન્ય જનતામાં પ્રસિદ્ધ થઈ, એને જ તેઓ પોતાની રચનાઓમાં ફરી ફરી કહેતા ગયા.

બુદ્ધે પોતાના સંઘને માટે મુખ્ય પાંચ શીલ કે વ્રત દર્શાવ્યાં છે, જે સંખ્યાની દૃષ્ટિએ તો નિર્ગ્રંથ પરંપરાના યમો સાથે મળતાં છે, પણ બન્ને વચ્ચે મોટું અંતર છે. આ અંતર એ છે કે નિર્ગ્રંથ પરંપરામાં પાંચમું વ્રત અપરિગ્રહ છે, જ્યારે બૌદ્ધ પરંપરામાં મદ્ય વગેરેનો ત્યાગ એ પાંચમું શીલ છે.

જોકે બૌદ્ધ ગ્રંથોમાં ઠેકઠેકાણે ચતુર્યામનો નિર્દેશ આવે છે, પણ મૂળ પિટકોમાં તથા એની અટ્ઠકથાઓમાં ચતુર્યામનો જે અર્થ કરવામાં આવ્યો છે તે ખોટો તથા અસ્પષ્ટ છે.[૧] આમ કેમ થયું હશે?—એવો પ્રશ્ન થયા વિના નથી રહેતો. નિર્ગ્રંથ પરંપરા જેવી પોતાની પાડોશી, સમકાલીન અને અતિપ્રસિદ્ધ પરંપરાના ચાર યામોના સંબંધમાં બૌદ્ધ ગ્રંથકારો આટલા અજ્ઞાત કે અસ્પષ્ટ હોય એ જોઈને શરૂ શરૂમાં તો નવાઈ લાગે છે, પણ જ્યારે આપણે સાંપ્રદાયિક સ્થિતિનો વિચાર

૧. દીઘનિકાય સુ૦ ૨. દીઘનિકાય સુમંગલા ટીકા પૃ૦ ૧૬૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીએ છીએ ત્યારે એ નવાઈ દૂર થઈ જાય છે. કોઈ પણ સંપ્રદાયે બીજા સંપ્રદાયને પૂરો ન્યાય નથી આપ્યો. એવું પણ બન્યું હોય કે મૂળમાં બુદ્ધ તથા એમના સમકાલીન શિષ્યો ચતુર્યામનો પૂરો અને સાચો અર્થ જાણતા હોય—એ અર્થ સર્વત્ર પ્રસિદ્ધ પણ હતો—તેથી એ જણાવવાની જરૂર ન દેખાઈ હોય; પણ જેમ જેમ પિટકોનું સંકલન થતું ગયું તેમ તેમ ચતુર્યામનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર દેખાઈ હોય. કોઈ બૌદ્ધ ભિક્ષુએ, કલ્પનાને બળે, એના અર્થની પૂર્તિ કરી, એ જ આગળ જતાં જેમની તેમ ચાલુ રહી, અને કોઈએ એ ન વિચાર્યું કે ચતુર્યામનો આ અર્થ નિર્ગ્રંથ પરંપરાને માન્ય છે કે નહીં? બૌદ્ધોના સંબંધમાં જૈનોના હાથે પણ આવો વિપર્યાસ થયેલો કયાંક કયાંક જોવામાં આવે છે.[1] કોઈ પણ સંપ્રદાયની માન્યતાનું પૂર્ણ સાચું રૂપ તો એના ગ્રંથો અને એની પરંપરાથી જાણી શકાય છે.

[દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૫૦-૫૯, ૯૭-૧૦૦]

૧. સૂત્રકૃતાંગ ૧-૨-૨, ૨૪-૨૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪

જૈન સંસ્કૃતિનું હૃદય

સંસ્કૃતિનું ઝરણું

સંસ્કૃતિનું ઝરણું નદીના એવા પ્રવાહ જેવું છે કે જે પોતાના ઉદ્‌ગમ સ્થાનથી તે અંત સુધી બીજાં નાનાં-મોટાં ઝરણાંઓ સાથે ભળતું, વધતું અને પરિવર્તન પામતું બીજાં અનેક મિશ્રણોથી યુક્ત થતું જાય છે, અને ઉદ્‌ગમસ્થાનમાં પોતાને મળેલ રૂપ, સ્પર્શ, ગંધ તથા સ્વાદ વગેરેમાં કંઈકે ને કંઈકે પરિવર્તન પણ પ્રાપ્ત કરતું રહે છે. જૈન તરીકે ઓળખાતી સંસ્કૃતિ પણ સામાન્ય સંસ્કૃતિના આ નિયમનો અપવાદ નથી. જે સંસ્કૃતિને આજે આપણે જૈન સંસ્કૃતિના નામે ઓળખીએ છે એનો આવિર્ભાવ સૌથી પહેલાં કોણે કર્યો, અને એમનાથી એ પહેલવહેલાં કેવા રૂપે ઉદ્‌ભવી, એનું પૂરેપૂરું યથાર્થ વર્ણન કરવું, એ ઇતિહાસના સીમાડાની બહારની વાત છે. આમ છતાં, એ પ્રાચીન પ્રવાહનું જે અને જેવું ઝરણું આપણી સામે મોજૂદ છે, તથા એ જે આધારોના પટમાં વહેતું રહ્યું છે, એ ઝરણા અને એ સાધનો સંબંધી વિચારણા કરવાથી આપણે જૈન સંસ્કૃતિના હૃદયને થોડું-ઘણું પિછાની શકીએ છીએ.

જૈન સંસ્કૃતિનાં બે રૂપ

બીજી સંસ્કૃતિઓની જેમ, જૈન સંસ્કૃતિનાં પણ બે રૂપ છે: એક બાહ્ય અને બીજું આંતરિક. બાહ્ય રૂપ એ છે કે જેને એ સંસ્કૃતિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકો ઉપરાંત બીજા લોકો પણ પોતાની આંખ, કાન વગેરે બાહ્ય ઇંદ્રિયો દ્વારા જાણી શકે છે. પણ સંસ્કૃતિનું આંતરિક સ્વરૂપ એવું નથી હોતું; કારણ કે કોઈ પણ સંસ્કૃતિના આંતરિક સ્વરૂપનું સાક્ષાત્ આકલન તો ફક્ત એને જ થાય છે કે જે એને પોતાના જીવનમાં ઓત-પ્રોત કરી દે છે. બીજા લોકો એને જાણવા ઇચ્છે તો એનું સાક્ષાત્ દર્શન નથી કરી શકતા. પણ એ આંતરિક સંસ્કૃતિને પોતાના જીવનમાં ઉતારનાર પુરુષ કે પુરુષોના જીવન-વ્યવહારો ઉપરથી તેમ જ તેની આસપાસના વાતાવરણ ઉપર પડતી અસરો ઉપરથી તેઓ કોઈ પણ આંતરિક સંસ્કૃતિનો અંદાજ મેળવી શકે છે. અહીં મારે મુખ્યત્વે જૈન સંસ્કૃતિના એ સ્વરૂપનો કે હૃદયનો પરિચય આપવો છે કે જે મોટે ભાગે અભ્યાસમાંથી જાગેલી કલ્પના તથા અનુમાન પર જ આધાર રાખે છે.

જૈન સંસ્કૃતિનું બાહ્ય સ્વરૂપ

જૈન સંસ્કૃતિના બાહ્ય સ્વરૂપમાં, બીજી સંસ્કૃતિઓના બાહ્ય સ્વરૂપની જેમ, અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે. શાસ્ત્ર, એની ભાષા, મંદિર, એનું સ્થાપત્ય, મૂર્તિ-વિધાન, ઉપાસનાના પ્રકાર, એમાં કામમાં આવનારાં ઉપકરણો તથા વસ્તુઓ, સમાજના ખાન-પાનના નિયમો, ઉત્સવો, તહેવારો વગેરે અનેક વિષયોનો જૈન સમાજ સાથે એક જાતનો અનોખો સંબંધ છે; અને પ્રત્યેક વિષય પોતપોતાનો આગવો ઇતિહાસ પણ ધરાવે છે. આ બધી બાબતો બાહ્ય સંસ્કૃતિનાં અંગ છે. પણ એવો કોઈ નિયમ નથી કે જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે આ અને એવાં બીજાં અંગ મોજૂદ હોય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે એનું હૃદય પણ અવશ્ય હોવું જોઈએ. બાહ્ય અંગો હયાત હોવા છતાં કયારેક હૃદયનો અભાવ હોય છે; અને બાહ્ય અંગોના અભાવમાં પણ સંસ્કૃતિના હૃદયની સંભવના હોય છે. આ દૃષ્ટિને સામે રાખીને વિચાર કરનાર કોઈ પણ વ્યક્તિ એ વાત સારી રીતે સમજી શકશે કે, જૈન સંસ્કૃતિનું હૃદય, જેનું વર્ણન હું અહીં કરવાનો છું, એનો કેવળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સમાજમાં જન્મેલ અને જૈન કહેવાનાર વ્યક્તિમાં જ સંભવ છે, એમ નથી. સામાન્ય લોકો જેને જૈન માને છે, અથવા જેઓ પોતાની જાતને જૈન કહે છે, એમનામાં જો આંતરિક યોગ્યતા ન હોય તો એ હૃદયનો સંભવ ન સમજવો; અને જૈન નહીં કહેવાનાર વ્યક્તિઓમાં પણ જો સાચી યોગ્યતા હોય તો એ હૃદયનો સંભવ છે. આ રીતે જ્યારે સંસ્કૃતિનું બાહ્ય રૂપ સમાજમાં જ મર્યાદિત હોવાથી બીજા સમાજમાં એ સુલભ નથી હોતું, ત્યારે સંસ્કૃતિનું હૃદય, એ સમાજના અનુયાયીઓની જેમ, અન્ય સમાજના અનુયાયીઓમાં પણ હોઈ શકે છે. સાચી વાત તો એ છે કે સંસ્કૃતિનું હૃદય કે એનો આત્મા એટલાં વ્યાપક અને સ્વતંત્ર હોય છે કે એને દેશ, કાળ, જાતિ, ભાષા અને રીતરિવાજો ન તો બાંધિયાર બનાવી શકે કે ન તો પોતાની સાથે બાંધી શકે છે.

જૈન સંસ્કૃતિનું હૃદય : નિવર્તક ધર્મ

પ્રશ્ન એ છે કે જૈન સંસ્કૃતિનું હૃદય શું ચીજ છે? આનો ટૂંકો જવાબ તો એ છે કે નિવર્તક ધર્મ જૈન સંસ્કૃતિનો આત્મા છે. જે ધર્મ નિવૃત્તિ આપવાવાળો અર્થાત્ પુનર્જન્મના ચક્રનો નાશ કરવાવાળો હોય અથવા એ નિવૃત્તિના સાધનરૂપે જે ધર્મનો પ્રાદુર્ભાવ, વિકાસ અને પ્રચાર થયો હોય, એ નિવર્તક ધર્મ કહેવાય છે. આનો મૂળ અર્થ સમજવા માટે પ્રાચીન છતાં સમકાલીન અન્ય ધર્મોના સ્વરૂપ સંબંધી થોડોક વિચાર કરવો જોઈશે.

ધર્મોનું વર્ગીકરણ

અત્યારે દુનિયામાં જેટલા ધર્મો જીવિત છે, અથવા જેમનો થોડો-ઘણો ઇતિહાસ મળે છે, એ બધાયના આંતરિક સ્વરૂપનું જો વર્ગીકરણ કરવામાં આવે તો મુખ્યત્વે એમને ત્રણ વિભાગોમાં વહેંચી શકાયઃ—

(૧) પહેલો એ વિભાગ કે જે વર્તમાન જન્મનો વિચાર કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) બીજો એ કે જે વર્તમાન જન્મ ઉપરાંત જન્માંતરનો પણ વિચાર કરે છે.

(૩) ત્રીજો એ વિભાગ કે જે જન્મજન્માંતર ઉપરાંત એના નાશ કે ઉચ્છેદનો પણ વિચાર કરે છે.

અનાત્મવાદ

અત્યારની જેમ ઘણા પ્રાચીન સમયમાં પણ એવા વિચારકો હતા કે જેઓ વર્તમાન જીવનમાં પ્રાપ્ત થતા સુખની પેલે પાર કોઈ સુખ છે, એવી કલ્પનાથી ન તો પ્રેરણા મેળવતા હતા કે ન તો એનાં સાધનોની શોધમાં સમય વિતાવવો ઠીક માનતા હતા; એમનું ધ્યેય વર્તમાન જીવનનો સુખ-ભોગ જ હતું. અને તેઓ આ ધ્યેયને પાર પાડવા માટે બધાં સાધનોનો સંગ્રહ કરતા હતા. તેઓ માનતા હતા કે આપણે જે કંઈ છીએ તે આ જન્મ સુધી જ છીએ, અને મરણ બાદ આપણે ફરી જન્મ લઈ શકતા નથી. બહુ બહુ તો આપણા પુનર્જન્મનો અર્થ આપણી સંતતિ ચાલુ રહે એ જ છે. તેથી આપણે જે કંઈ સુકૃત કરીશું, એનું ફળ આ જન્મ પછી ભોગવવા માટે આપણે જન્મવાના નથી. આપણી કરણીનું ફળ આપણાં સંતાન કે આપણો સમાજ ભોગવી શકે છે. એને પુનર્જન્મનું નામ આપવું હોય તો એમાં અમારો કોઈ વાંધો નથી. આવો વિચાર કરનારા વર્ગને આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં પણ અનાત્મવાદી કે નાસ્તિક કહેવામાં આવેલ છે. એ જ વર્ગ, કયારેક, આગળ જતાં, ચાર્વાક તરીકે ઓળખાવા લાગ્યો. આ વર્ગની દૃષ્ટિમાં સાધ્ય-પુરુષાર્થ એક માત્ર કામ અર્થાત્ સુખભોગ જ છે. એના સાધન તરીકે એ વર્ગ નથી ધર્મની કલ્પના કરતો કે નથી જાતજાતનાં વિધિવિધાનોનો વિચાર કરતો. તેથી જ આ વર્ગને કેવળ કામ-પુરુષાર્થી કે બહુ બહુ તો કામ અને અર્થ, એ બે પુરુષાર્થને માનનાર કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવર્તક ધર્મ

બીજો વિચારક વર્ગ જીવનમાં શરીર-સુખને સાધ્ય તરીકે તો માને છે, પણ એ માને છે કે વર્તમાન જન્મમાં જેવા સુખનો સંભવ છે, એવું જ સુખ પ્રાણી મરીને પુનર્જન્મ ધારણ કરે છે ત્યારે–જન્મજન્માંતરમાં–પણ ચાલુ રહે છે અને એ રીતે શારીરિક–માનસિક સુખોના ઉત્કર્ષ-અપકર્ષની પરંપરા ચાલતી રહે છે. જેવી રીતે આ જન્મમાં એવી જ રીતે જન્માંતરમાં પણ જો આપણે સુખી થવું હોય કે વધારે સુખ મેળવવું હોય, તો એ માટે આપણે ધર્માનુષ્ઠાન પણ કરવાં પડશે. અર્થોપાર્જન વગેરે સાધન ભલે વર્તમાન જન્મમાં ઉપકારક થાય, પણ જન્માંતરના ઉચ્ચ અને ઉચ્ચતર સુખને માટે આપણે ધર્માનુષ્ઠાન અવશ્ય કરવાં જોઈશે. આવી વિચારસરણી ધરાવતા લોકો જાતજાતનાં ધર્માનુષ્ઠાનો કરતાં હતાં, અને એની દ્વારા પરલોકનાં ઉચ્ચ સુખો મેળવવાની શ્રદ્ધા પણ ધરાવતા હતા. આ વર્ગ આત્મવાદી અને પુનર્જન્મવાદી તો છે જ, પણ એની કલ્પના જન્મ-જન્માંતરમાં વધારે ને વધારે સુખ પ્રાપ્ત કરવાની તથા સુખને વધારેમાં વધારે વખત સુધી સ્થિર રાખવાની હોવાને લીધે એમનાં ધર્માનુષ્ઠાનોને પ્રવર્તક ધર્મ કહેવામાં આવેલ છે. પ્રવર્તક ધર્મનો ટૂંકમાં સાર એ છે કે જે અને જેવી સમાજવ્યવસ્થા હોય એને એવી નિયમબદ્ધ અને કર્તવ્યબદ્ધ બનાવવી કે જેથી સમાજનો પ્રત્યેક સભ્ય, પોતપોતાની સ્થિતિ અને કક્ષા પ્રમાણે, સુખ મેળવે અને સાથોસાથ એવા જન્માંતરની તૈયારી કરે કે જેથી બીજા જન્મમાં પણ એ વર્તમાન જન્મ કરતાં વધારે અને સ્થાયી સુખને મેળવી શકે. પ્રવર્તક ધર્મનો ઉદ્દેશ સમાજવ્યવસ્થાની સાથોસાથ જન્માંતરને સુધારવો, એ છે, નહીં કે જન્માન્તરનો ઉચ્છેદ કરવો. પ્રવર્તક ધર્મ પ્રમાણે કામ, અર્થ અને ધર્મ, એ ત્રણ પુરુષાર્થ છે. એમાં મોક્ષ નામક ચોથા પુરુષાર્થની કોઈ કલ્પના નથી. પ્રાચીન ઈરાની આર્યો જેઓ અવેસ્તાને ધર્મગ્રંથ તરીકે માનતા હતા, અને પ્રાચીન વૈદિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્યો, જેઓ મંત્ર અને બ્રાહ્મણ રૂપ વેદભાગને જ માનતા હતા, એ બધાય ઉપર્યુક્ત પ્રવર્તક ધર્મના અનુયાયી છે. આગળ જતાં વૈદિક દર્શનોમાં 'મીમાંસા-દર્શન'ને નામે જે કર્મકાંડી દર્શન પ્રસિદ્ધ થયું, એ પ્રવર્તક ધર્મનું જીવંત રૂપ છે.

નિવર્તક ધર્મ

નિવર્તક ધર્મ, એ ઉપર સૂચવેલ પ્રવર્તક ધર્મનો સાવ વિરોધી છે. જે વિચારકો આ લોક ઉપરાંત લોકાંતર અને જન્માંતરને માનવાની સાથેસાથે એ જન્મચક્રને ધારણ કરનાર આત્માને તો, પ્રવર્તક-ધર્મ-વાદીઓની જેમ, માનતા જ હતા, પણ સાથે સાથે જ તેઓ જન્માંતરમાં પ્રાપ્ત થતા ઉચ્ચ, ઉચ્ચતર અને ચિરસ્થાયી સુખથી સંતુષ્ટ ન હતા; એમની દૃષ્ટિ એ હતી કે આ જન્મમાં કે જન્માંતરમાં ગમે તેટલું ઊંચું સુખ કેમ ન મળે, અને એ ગમે તેટલા લાંબા સમય સુધી કેમ ન રહે, પણ જો એ સુખ કયારેક ને કયારેક પણ નષ્ટ થવાનું હોય, તો એ ઉચ્ચ અને ચિરસ્થાયી સુખ પણ અંતે નિકૃષ્ટ સુખની કોટિનું જ હોવાથી ઉપાદેય ન થઈ શકે. એ લોકો એવા કોઈ સુખની શોધમાં હતા, કે જે એકવાર પ્રાપ્ત થયા પછી કયારેય નાશ ન પામે. આ શોધની સૂઝમાંથી એમને મોક્ષ-પુરુષાર્થનો સ્વીકાર કરવાનું અનિવાર્ય લાગ્યું. તેઓ માનવા લાગ્યા કે આત્માની એક એવી પણ સ્થિતિ સંભવી શકે છે, કે જેને પ્રાપ્ત કર્યા પછી કયારેય જન્મ-જન્માંતર કે શરીર ધારણ કરવાં ન પડે. આત્માની એ સ્થિતિને તેઓ મોક્ષ કે જન્મનિવૃત્તિ કહેતા હતા. પ્રવર્તક ધર્મના અનુયાયીઓ જે ઉચ્ચ અને ઉચ્ચતર ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા આ લોકનાં તેમ જ પરલોકનાં ઉત્કૃષ્ટ સુખોને માટે પ્રયત્ન કરતા હતા, એ ધાર્મિક અનુષ્ઠાનોને નિવર્તક ધર્મના અનુયાયીઓ પોતાના સાધ્ય મોક્ષ કે નિવૃત્તિને માટે ન કેવળ અધૂરાં જ માનતાં હતા, બલ્કે એમને મોક્ષ પ્રાપ્ત કરવામાં બાધક સમજીને એ બધાંય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાર્મિક અનુષ્ઠાનોને એકદમ હેય કહેતા હતા. ઉદ્દેશ અને દૃષ્ટિમાં પૂર્વ-પશ્ચિમ જેટલું અંતર હોવાથી પ્રવર્તક ધર્મના અનુયાયીઓ માટે જે ઉપાદેય ગણાતું તે જ નિવર્તક ધર્મના અનુયાયીઓ માટે હેય બની ગયું. જોકે મોક્ષને માટે પ્રવર્તક ધર્મને બાધક ગણવામાં આવ્યો, પણ એની સાથે જ મોક્ષવાદીઓને માટે પોતાના સાધ્ય–મોક્ષપુરુષાર્થના ઉપાયરૂપે કોઈક સુનિશ્ચિત માર્ગની શોધ કરવી, એ પણ જરૂરી થઈ પડ્યું. આ શોધની સૂઝમાંથી એમને એક એવો માર્ગ, એક એવો ઉપાય મળી આવ્યો કે જે બાહ્ય સાધનો ઉપર આધાર રાખતો ન હતો; એ કેવળ સાધકની પોતાની વિચારશુદ્ધિ અને વર્તનશુદ્ધિ ઉપર જ નિર્ભર હતો. વિચાર અને વર્તનની આત્યંતિક–સંપૂર્ણ શુદ્ધિનો આ માર્ગ જ નિવર્તક ધર્મને નામે કે મોક્ષ માર્ગને નામે પ્રસિદ્ધ થયો.

ભારતીય સંસ્કૃતિના આ વિચિત્ર અને વિવિધ તાણાવાણાની તપાસ કરતાં આપણને સ્પષ્ટ રૂપે દેખાય છે કે ભારતીય આત્મવાદી દર્શનોમાં કર્મકાંડી મીમાંસકને બાદ કરતાં બધાય નિવર્તકધર્મવાદી છે. અવૈદિક ગણાતા બૌદ્ધ અને જૈન દર્શનની સંસ્કૃતિ તો મૂળમાં નિવર્તકધર્મસ્વરૂપ છે જ, પણ વૈદિક ગણાતા ન્યાય-વૈશેષિક, સાંખ્યયોગ તથા ઔપનિષદ દર્શનનો આત્મા પણ નિવર્તક ધર્મ ઉપર જ પ્રતિષ્ઠિત છે. વૈદિક હોય કે અવૈદિક, આ બધાય નિવર્તક ધર્મો અંતે પ્રવર્તક ધર્મને કે યજ્ઞયાગાદિ અનુષ્ઠાનોને હેય જ માને છે. અને એ બધાય સમ્યગ્જ્ઞાન કે આત્મજ્ઞાનને તથા આત્મજ્ઞાનમૂલક અનાસક્ત જીવન-વ્યવહારને ઉપાદેય માને છે; તેમ જ એના દ્વારા જ પુનર્જન્મના ચક્રાવાથી છુટકારો મળી શકે એમ કહે છે.

સમાજગામી પ્રવર્તક ધર્મ

ઉપર જણાવવામાં આવ્યું છે કે પ્રવર્તક ધર્મ સમાજગામી હતો. એનો અર્થ એ કે દરેક વ્યક્તિ સમાજમાં રહીને જ, જે સામાજિક ફરજો ઐહિક જીવન સાથે સંબંધ ધરાવતી હોય અને જે ધાર્મિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરજો પારલૌકિક જીવન સાથે સંબંધ ધરાવતી હોય, એનું પાલન કરે. દરેક વ્યક્તિ જન્મથી જ ઋષિઋણ એટલે વિદ્યાધ્યયન વગેરે, પિતૃઋણ એટલે સંતાનોત્પત્તિ વગેરે અને દેવઋણ એટલે યજ્ઞયાગ વગેરે બંધનોથી બંધાયેલી હોય છે. વ્યક્તિ પોતાની સામાજિક અને ધાર્મિક ફરજોનું પાલન કરીને પોતાની તુચ્છ ઇચ્છાનું શોધન કરે, એ ઇષ્ટ છે; પણ એનો સમૂળગો નાશ કરવો એ ન તો શક્ય છે કે ન તો ઇષ્ટ છે. પ્રવર્તક ધર્મ પ્રમાણે પ્રત્યેક વ્યક્તિને માટે ગૃહસ્થાશ્રમ જરૂરી છે; એનું ઉલ્લંઘન કરીને કોઈ વિકાસ નથી કરી શકતો.

વ્યક્તિગત નિવર્તક ધર્મ

નિવર્તક ધર્મ વ્યક્તિગામી છે. એની ઉત્પત્તિ આત્મસાક્ષાત્કારની ઉત્કટ વૃત્તિમાંથી થવાને લીધે એ જિજ્ઞાસુને આત્મતત્ત્વ છે કે નહીં, છે તો એ કેવું છે, એનો બીજાની સાથે કેવો સંબંધ છે, એનો સાક્ષાત્કાર થઈ શકે એમ હોય તો એ કયા કયા ઉપાયોથી થઈ શકે વગેરે પ્રશ્નો તરફ જ પ્રેરે છે. એ પ્રશ્નો એવા નથી કે જેનું નિરાકરણ એકાંત ચિંતન, ધ્યાન, તપ અને અનાસક્ત જીવન વગર થઈ શકે. આવું યથાર્થ જીવન ખાસ ખાસ વ્યક્તિઓને માટે જ સંભવી શકે; એ સમાજગામી બને એવો સંભવ નથી. તેથી શરૂશરૂમાં પ્રવર્તક ધર્મ કરતાં નિવર્તક ધર્મનું ક્ષેત્ર બહુ મર્યાદિત હતું. નિવર્તક ધર્મને માટે ગૃહસ્થાશ્રમનું બંધન હતું જ નહીં; એ તો ગૃહસ્થાશ્રમ માંડ્યા વગર જ વ્યક્તિને સર્વત્યાગની અનુમતિ આપે છે; કારણ કે એનો આધાર ઇચ્છાનું શોધન નહીં પણ એનો નિરોધ છે. એટલા માટે નિવર્તક ધર્મ, વ્યક્તિ સમસ્ત સામાજિક અને ધાર્મિક ફરજોથી બંધાયેલ છે, એમ નથી માનતો. એની માન્યતા પ્રમાણે વ્યક્તિને માટે મુખ્ય કર્તવ્ય એક જ છે, અને તે એ કે જેમ બને તેમ આત્મસાક્ષાત્કારનો અને એમાં અવરોધ ઊભો કરનારી ઇચ્છાનો નાશ કરવાનો પ્રયત્ન કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવર્તક ધર્મનો પ્રભાવ અને વિકાસ

એમ લાગે છે કે જ્યારે પ્રવર્તક ધર્મના અનુયાયી વૈદિક આર્યો આ દેશમાં પહેલવહેલાં આવ્યા ત્યારે પણ આ દેશમાં કયાંક ને કયાંક, એક યા બીજે રૂપે, નિવર્તક ધર્મ પ્રચલિત હતો. શરૂઆતમાં આ બે ધર્મસંસ્થાઓના વિચારો વચ્ચે સારો એવો સંઘર્ષ થયો, પણ નિવર્તક ધર્મના ગણ્યાગાંઠયા સાચા અનુગામીઓની તપસ્યા, ધ્યાનપદ્ધતિ અને અસંગચર્યા [–અનાસક્ત આચરણ]નો જે પ્રભાવ સાધારણ જનસમૂહ ઉપર ધીમે ધીમે વધતો જતો હતો, એણે પ્રવર્તક ધર્મના કેટલાક અનુયાયીઓને પણ પોતા તરફ આકર્ષ્યા, અને નિવર્તક ધર્મની સંસ્થાઓનો અનેક રૂપે વિકાસ થવો શરૂ થયો. અંતે આનું અસરકારક પરિણામ એ આવ્યું કે પ્રવર્તક ધર્મના આધારરૂપ જે બ્રહ્મચર્ય અને ગૃહસ્થ, એમ બે આશ્રમો માનવામાં આવતા હતા એના સ્થાને પ્રવર્તક ધર્મના પુરસ્કર્તાઓએ પહેલાં તો વાનપ્રસ્થ સહિત ત્રણ અને પાછળથી સંન્યાસ સહિત ચાર આશ્રમોને જીવનમાં સ્થાન આપ્યું. નિવર્તક ધર્મની અનેક સંસ્થાઓના વધતા જતા લોકવ્યાપી પ્રભાવને કારણે પ્રવર્તક ધર્માનુયાયી બ્રાહ્મણો એટલે સુધી માનવા લાગ્યા કે ગૃહસ્થાશ્રમ સેવ્યા વગર પણ, સીધેસીધા બ્રહ્મચર્યાશ્રમમાંથી જ પ્રવ્રજ્યા સ્વીકારવાનો માર્ગ પણ ન્યાયયુક્ત છે. આ રીતે જીવનમાં પ્રવર્તક ધર્મનો જે સમન્વય સ્થિર થયો, એનું ફળ આપણે દાર્શનિક સાહિત્ય અને પ્રજાજીવનમાં આજે પણ જોઈએ છીએ.

સમન્વય અને સંઘર્ષ

જે તત્ત્વજ્ઞ ઋષિઓ પ્રવર્તક ધર્મના અનુયાયી બ્રાહ્મણોના વંશજો હોવા છતાં નિવર્તક ધર્મને પૂરેપૂરો અપનાવી ચૂકયા હતા, એમણે પોતાના ચિંતન અને જીવન દ્વારા નિવર્તક ધર્મનું મહત્ત્વ પ્રગટ કર્યું; આમ છતાં એમણે પોતાની પૈતૃક સંપત્તિરૂપ પ્રવર્તક ધર્મ અને એના આધારરૂપ વેદોના પ્રામાણ્યને માન્ય રાખ્યું. ન્યાય-વૈશેષિક દર્શનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ઔપનિષદ દર્શનના આદ્ય દ્રષ્ટા આવા જ તત્ત્વજ્ઞ ઋષિઓ હતા. નિવર્તક ધર્મના કોઈ કોઈ પુરસ્કર્તા એવા પણ થયા કે જેમણે તપ, ધ્યાન અને આત્મસાક્ષાત્કારમાં બાધક ક્રિયાકાંડનો તો આત્યંતિક વિરોધ કર્યો, પણ એ ક્રિયાકાંડની આધારભૂત શ્રુતિનો સર્વથા વિરોધ ન કર્યો. એવી વ્યક્તિઓમાં સાંખ્ય દર્શનના આદિ પુરુષ કપિલ વગેરે ઋષિ હતા. એ કારણે જ સાંખ્ય-યોગદર્શન મૂળમાં પ્રવર્તક ધર્મનું વિરોધી હોવા છતાં અંતે વૈદિક દર્શનોમાં સમાઈ ગયું.

સમન્વયની આવી પ્રક્રિયા આ દેશમાં સૈકાઓ સુધી ચાલતી રહી. પછી બન્ને ધર્મોમાં કેટલાક એવા એકાંતવાદી થતા રહ્યા કે જેઓ પોતપોતાના પ્રવર્તક કે નિવર્તક ધર્મ સિવાય બીજા પક્ષને ન તો માનતા હતા, કે ન તો એને સારો કહેતા હતા. ભગવાન મહાવીર અને બુદ્ધથી પહેલાં પણ નિવર્તક ધર્મના આવા એકાંતવાદી અનેક પુરસ્કર્તા થયા છે. પણ મહાવીર અને બુદ્ધના સમયમાં તો આ દેશમાં નિવર્તક ધર્મની પોષક એવી અનેક સંસ્થાઓ હતી અને બીજી અનેક એવી ઊભી થઈ રહી હતી કે જે પ્રવર્તક ધર્મનો સજ્જડ વિરોધ કરતી હતી. અત્યાર લગી નીચલાથી ઉપલા સુધીના વર્ગોમાં નિવૃત્તિ-ધર્મની છાયામાં વિકાસ પામનારા વિવિધ તપોનુષ્ઠાન, વિવિધ ધ્યાન-માર્ગ અને જુદા જુદા પ્રકારના ત્યાગમય આચારોનો એટલો બધો પ્રભાવ વિસ્તરવા લાગ્યો હતો કે મહાવીર અને બુદ્ધના સમયમાં પ્રવર્તક અને નિવર્તક ધર્મ વચ્ચે ફરી એકવાર પ્રબળ વિરોધનો વંટોળ ઊઠ્યો, જેની સાબિતી આપણને જૈન-બૌદ્ધ વાઙ્મયમાં તેમ જ સમકાલીન બ્રાહ્મણ વાઙ્મયમાં મળે છે. તથાગત બુદ્ધ એવા પકવ વિચારક અને દૃઢ હતા કે એમણે પોતાના નિવર્તક ધર્મમાં પ્રવર્તક ધર્મના આધારરૂપ મંતવ્યો અને શાસ્ત્રોને કોઈ રીતે આશ્રય ન આપ્યો. દીર્ઘતપસ્વી મહાવીર પણ એવા જ કટ્ટર નિવર્તકધર્મી હતા. તેથી આપણે જોઈએ છીએ કે પહેલાંથી અત્યાર સુધી જૈન અને બૌદ્ધ સંપ્રદાયમાં અનેક વેદાનુયાયી બ્રાહ્મણો દીક્ષિત થયા, તોપણ એમણે જૈન અને બૌદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાઙ્મયમાં વેદનું પ્રામાણ્ય સ્થાપન કરવાનો ન તો કોઈ પ્રયત્ન કર્યો કે ન તો બ્રાહ્મણગ્રંથે માન્ય રાખેલ કોઈ યજ્ઞયાગાદિ કર્મકાંડને માન્ય રાખ્યો.

નિવર્તક ધર્મનાં મંતવ્ય અને આચાર

સેંકડો નહીં બલકે હજારો વર્ષ પહેલાંથી ધીમે ધીમે નિવર્તક ધર્મના અંગ-પ્રત્યંગ રૂપે જે અનેક મંતવ્યો અને આચારોનો, મહાવીર-બુદ્ધના સમય સુધીમાં વિકાસ થઈ ચૂકયો હતો તે સંક્ષેપમાં આ છેઃ–

(૧) આત્મશુદ્ધિ જ જીવનનો મુખ્ય ઉદ્દેશ છે, નહીં કે ઐહિક કે પારલૌકિક કોઈ પણ પદનું મહત્ત્વ.

(૨) આ ઉદ્દેશની પૂર્તિમાં બાધક એવા આધ્યાત્મિક મોહ, અવિદ્યા અને તેમાંથી જન્મેલ તૃષ્ણાનો સમૂળગો ઉચ્છેદ કરવો.

(૩) આ માટે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું અને એના દ્વારા સમગ્ર જીવનવ્યવહારને તૃષ્ણા વગરનો બનાવવો. એને સારુ શારીરિક, માનસિક, વાચિક વિવિધ તપસ્યાઓનું તથા જુદા જુદા પ્રકારના ધ્યાન-યોગમાર્ગનું અનુસરણ અને ત્રણ, ચાર કે પાંચ મહાવ્રતોનું આજીવન પાલન.

(૪) આધ્યાત્મિક અનુભવ ધરાવતા કોઈ પણ માણસે કોઈ પણ ભાષામાં કહેલ આધ્યાત્મિક વર્ણનવાળાં વચનોને જ પ્રમાણરૂપ માનવાં, નહીં કે ઈશ્વરકૃત કે અપૌરુષેય મનાતા, કોઈ ખાસ ભાષામાં રચાયેલ ગ્રંથોને.

(૫) લાયકાત અને ગુરુપદની એકમાત્ર કસોટી જીવનની આધ્યાત્મિક શુદ્ધિને ગણવી, નહીં કે જન્મસિદ્ધ વર્ણવિશેષ. આ દૃષ્ટિએ સ્ત્રી અને શૂદ્ર સુધ્ધાંનો ધર્માધિકાર એટલો જ છે, જેટલો એક બ્રાહ્મણ અને ક્ષત્રિય પુરુષનો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) મદ્ય-માંસ વગેરેનો ધાર્મિક અને સામાજિક જીવનમાં નિષેધ. આ તેમ જ આનાં જેવાં લક્ષણો, જે પ્રવર્તક ધર્મના આચારો અને વિચારોથી જુદાં પડતાં હતાં, તે દેશમાં મૂળ ઘાલી ચૂકયાં હતાં અને દિવસે દિવસે વધુ જોર પકડતાં જતાં હતાં.

નિર્ગ્રંથ સંપ્રદાય

ઘણેખરે અંશે ઉપર જણાવેલ લક્ષણોને ધારણ કરનાર અનેક સંસ્થાઓ અને સંપ્રદાયોમાં એક નિવર્તકધર્મી સંપ્રદાય એવો પ્રાચીન હતો કે જે મહાવીરથી ઘણી શતાબ્દીઓ પહેલાંથી પોતાની વિશિષ્ટ ઢબે પોતાનો વિકાસ કરતો જતો હતો. એ જ સંપ્રદાયમાં પહેલાં નાભિનંદન ઋષભદેવ, યદુનંદન નેમિનાથ અને કાશીરાજના પુત્ર પાર્શ્વનાથ થઈ ચૂકયા હતા, અથવા તેઓ એ સંપ્રદાયના માન્ય પુરુષો થઈ ચૂકયા હતા. સમયે સમયે એ સંપ્રદાયનાં અનેક નામ પ્રસિદ્ધ થયાં હતાં. યતિ, ભિક્ષુ, મુનિ, અનગાર, શ્રમણ વગેરે જેવાં નામો તો એ સંપ્રદાયને માટે વપરાતાં હતાં, પણ જ્યારે દીર્ઘ-તપસ્વી મહાવીર એ સંપ્રદાયના નેતા બન્યા, ત્યારે એ સંપ્રદાય 'નિર્ગ્રંથ' નામથી વિશેષ પ્રસિદ્ધ થયો. જોકે નિવર્તકધર્માનુયાયી પંથોમાં ઊંચી આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચેલ વ્યક્તિને માટે 'જિન' શબ્દ સાધારણ રૂપે વપરાતો હતો; છતાં પણ ભગવાન મહાવીરના સમયમાં, અને એમના પછી કેટલાક વખત સુધી પણ, મહાવીરના અનુયાયી સાધુ કે ગૃહસ્થવર્ગ માટે 'જૈન' (જિનના અનુયાયી) નામનો ઉપયોગ નહોતો થતો. આજે 'જૈન' શબ્દથી મહાવીરે પોષેલ સંપ્રદાયના ત્યાગી, ગૃહસ્થ બધાય અનુયાયીઓનો જે બોધ થાય છે, એને માટે પહેલાં 'નિગ્ગંથ' અને 'સમણોવાસગ' વગેરે જેવા શબ્દોનો ઉપયોગ થતો હતો.

અન્ય સંપ્રદાયોનો જૈન સંસ્કૃતિ પર પ્રભાવ

ઇંદ્ર, વરુણ વગેરે સ્વર્ગીય દેવ-દેવીઓની સ્તુતિ-ઉપાસનાના સ્થાનમાં જૈનોનો આદર્શ નિષ્કલંક મનુષ્યની ઉપાસના છે. પણ જૈન આચાર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારમાં બહિષ્કૃત મનાયેલ દેવ-દેવીઓ, જેમનો જૈન સંસ્કૃતિના ઉદ્દેશની સાથે કશો મેળ નથી, તેઓ ફરી પાછાં, ભલે ગૌણ રૂપે જ કાં ન હોય, સ્તુતિ-પ્રાર્થના દ્વારા પેસી જ ગયાં. જૈન પરંપરાએ ઉપાસનામાં પ્રતીકરૂપે માનવમૂર્તિને સ્થાન આપ્યું, કે જે એના ઉદ્દેશની સાથે સુસંગત છે. પણ સાથે જ એની આસપાસ શૃંગાર અને આડંબરની એટલી સામગ્રી ભેગી થઈ ગઈ કે જે નિવૃત્તિના લક્ષની સાથે સાવ અસંગત છે. સ્ત્રી અને શૂદ્રને આધ્યાત્મિક સમાનતાને સગપણે ઊંચે ઊઠાવવાનો તથા સમાજમાં માનભર્યું સ્થાન અપાવવાનો જૈન સંસ્કૃતિનો જે ઉદ્દેશ હતો તે એટલી હદે લુપ્ત થઈ ગયો કે, એણે કેવળ શૂદ્રોને અપનાવવાની ક્રિયા જ બંધ કરી દીધી, એટલું જ નહીં, બલ્કે એણે બ્રાહ્મણ-ધર્મ-પ્રસિદ્ધ જાતિની દીવાલો પણ ઊભી કરી દીધી! તે એટલી હદે કે જ્યાં બ્રાહ્મણ પરંપરાનું પ્રાધાન્ય હતું ત્યાં એણે શૂદ્ર કહેવાતા લોકોને અજૈન કહીને પોતાના ઘરમાંથી પણ બહાર કાઢી મૂકયા! અને શરૂઆતમાં જે જૈન સંસ્કૃતિ જાતિ-ભેદનો વિરોધ કરવામાં ગૌરવ માનતી હતી, એણે દક્ષિણ ભારત જેવા પ્રદેશોમાં નવા જાતિભેદનું સર્જન કરી દીધું તથા સ્ત્રીઓને પૂર્ણ આધ્યાત્મિક યોગ્યતાને માટે અસમર્થ જાહેર કરી દીધી! આ સ્પષ્ટ રીતે કટ્ટર બ્રાહ્મણ પરંપરાની જ અસર છે. મંત્ર, જ્યોતિષ વગેરે વિદ્યાઓ, જેમનો જૈન સંસ્કૃતિના ધ્યેયની સાથે કશો સંબંધ નથી, એ પણ જૈન સંસ્કૃતિમાં આવી ગઈ. આટલું જ નહીં, બલ્કે આધ્યાત્મિક જીવન સ્વીકારનારા અનગારોએ સુધ્ધાં એ વિદ્યાઓને અપનાવી. યજ્ઞોપવીત [જનોઈ] વગેરે જે સંસ્કારોનો મૂળમાં જૈન સંસ્કૃતિ સાથે કશો જ સંબંધ ન હતો, એ જ મધ્યયુગમાં દક્ષિણ હિંદુસ્તાનમાં જૈન સંસ્કૃતિનું એક અંગ બની ગયા અને એને માટે, બ્રાહ્મણ પરંપરાની જેમ, જૈન પરંપરામાં પણ એક પુરોહિતવર્ગ કાયમ થઈ ગયો. યજ્ઞયાગાદિનું બરાબર અનુકરણ કરવાવાળા ક્રિયાકાંડો પ્રતિષ્ઠા વગેરે વિધિઓમાં પેસી ગયા. આ તેમ જ આવી બીજી અનેક નાની-મોટી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાબતો એટલા માટે બની ગઈ કે જૈન સંસ્કૃતિને એવા સાધારણ અનુયાયીઓની રક્ષા કરવી હતી કે જેઓ બીજા વિરોધી સંપ્રદાયોમાંથી આવીને એમાં સામેલ થતા હતા, અથવા જેઓ બીજા સંપ્રદાયના આચાર-વિચારોથી પોતાની જાતને બચાવી શકતા ન હતા.

હવે આપણે ટૂંકમાં એ પણ જોઈશું કે બીજાઓ ઉપર જૈન સંસ્કૃતિની ખાસ અસર શી પડી?

જૈન સંસ્કૃતિનો બીજાઓ ઉપર પ્રભાવ

આમ તો સિદ્ધાંતરૂપે સર્વભૂતદયાને બધાય માને છે, પણ પ્રાણીરક્ષા ઉપર જેટલો ભાર જૈન સંસ્કૃતિએ આપ્યો છે, જેટલી ધગશથી એણે એ માટે કામ કર્યું છે, એનું પરિણામ સમગ્ર ઇતિહાસ-યુગમાં એ આવ્યું કે જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જૈનોનો એક કે બીજા ક્ષેત્ર ઉપર પ્રભાવ પડ્યો, ત્યાં ત્યાં સઘળે આમજનતા ઉપર પ્રાણીરક્ષાનો પ્રબળ સંસ્કાર પડ્યો; તે એટલે સુધી કે ભારતના અનેક ભાગોમાં પોતાને અજૈન કહેનારા તથા જૈનવિરોધી માનનારા સાધારણ લોકો પણ જીવમાત્રની હિંસા પ્રત્યે અણગમો સેવવા લાગ્યા. અહિંસાના આ સામાન્ય સંસ્કારને લીધે જ વૈષ્ણવ વગેરે અનેક જૈનેતર પરંપરાઓના આચાર-વિચાર પ્રાચીન વૈદિક પરંપરાથી સાવ જુદા થઈ ગયા છે. તપસ્યાના સંબંધમાં પણ એમ જ થયું. ત્યાગી હોય કે ગૃહસ્થ, બધાય જૈનો તપસ્યા તરફ ખૂબ વધારે ઝૂકે છે. આનો પ્રભાવ પાડોસી સમાજો ઉપર એટલો બધો પડ્યો કે એમણે પણ એક કે બીજે રૂપે અનેક પ્રકારની સાત્ત્વિક તપસ્યાઓ અપનાવી લીધી. અને સામાન્ય રીતે સાધારણ જનતા જૈનોની તપસ્યા તરફ આદરભાવ ધરાવતી રહે છે; તે એટલે સુધી કે મુસલમાન સમ્રાટ તથા બીજા સમર્થ અધિકારીઓએ તપસ્યાથી આકર્ષાઈને અનેકવાર જૈન સંપ્રદાયનું કેવળ બહુમાન જ નથી કર્યું, બલ્કે એને અનેક સવલતો પણ આપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદ્ય-માંસ વગેરે સાત વ્યસનોને નામૂદ કરવાનો તથા એમને ઓછાં કરવાનો જૈન વર્ગે એટલો બધો પ્રયત્ન કર્યો છે કે જેને લીધે તે એ વ્યસનમાં ડૂબેલી અનેક જાતિઓમાં સુસંસ્કાર નાખવા શક્તિશાળી બનેલ છે. જોકે બૌદ્ધ વગેરે બીજા સંપ્રદાયો પણ પોતાની પૂરી તાકાતથી આ સુસંસ્કારને માટે પ્રયત્ન કરતા હતા, પણ જૈનોનો પ્રયત્ન આ દિશામાં અત્યાર સુધી ચાલુ છે; અને જ્યાં જૈનોનો પ્રભાવ સારો છે ત્યાં, આ સ્વૈરવિહારના સ્વતંત્ર યુગમાં પણ, મુસલમાન અને બીજા માંસાહારી લોકો સુધ્ધાં ખુલ્લંખુલ્લા માંસ-દારૂનો ઉપયોગ કરતાં સંકોચ અનુભવે છે. લોકમાન્ય તિલકે સાચું જ કહ્યું છે કે ગુજરાત વગેરે પ્રાંતોમાં પ્રાણીરક્ષા અને નિર્માંસ ભોજનનો જે આગ્રહ છે તે જૈન પરંપરાનો જ પ્રભાવ છે.

જૈન વિચારસરણીનો એક મૌલિક સિદ્ધાંત એ છે કે દરેક વસ્તુનો વિચાર વધારેમાં વધારે પાસાં અને વધારેમાં વધારે દૃષ્ટિબિંદુઓથી કરવો, અને વિવાદાસ્પદ વિષયમાં પોતાના સાવ વિરોધી પક્ષના અભિપ્રાયને પણ એટલી જ સહાનુભૂતિથી સમજવાનો પ્રયત્ન કરવો, જેટલી સહાનુભૂતિ પોતાના પક્ષ તરફ હોય; અને અંતે સમન્વયરૂપે જ જીવનવ્યવહારનો ફેંસલો કરવો. આમ તો આ સિદ્ધાંત બધાય વિચારકોના જીવનમાં, એક કે બીજે રૂપે, કામ કરતો જ રહે છે; એના સિવાય પ્રજાજીવન ન તો વ્યવસ્થિત બની શકે છે કે ન તો શાંતિ મેળવી શકે છે; છતાં જૈન વિચારકોએ એ સિદ્ધાંતની એટલી બધી ચર્ચા કરી છે, અને એના ઉપર એટલો બધો ભાર દીધો છે કે જેને લીધે કટ્ટરમાં કટ્ટર વિરોધી સંપ્રદાયને પણ કંઈ ને કંઈ પ્રેરણા મળતી જ રહી છે. રામાનુજનો વિશિષ્ટાદ્વૈત, એ ઉપનિષદની ભૂમિકા ઉપર ઊભો થયેલો અનેકાંતવાદ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન પરંપરાના આદર્શ

જૈન સંસ્કૃતિના હૃદયને સમજવા માટે આપણે થોડાક એ આદર્શોનો પરિચય કરવો પડશે, જે પહેલાંથી આજ સુધી જૈન પરંપરામાં એકસરખી રીતે માન્ય છે અને પૂજ્ય છે. જૈન પરંપરાની સામે સૌથી પ્રાચીન આદર્શ ઋષભદેવ અને એમના પરિવારનો છે. ઋષભદેવે પોતાના જીવનનો સૌથી મોટો ભાગ, પ્રજાપાલનની જવાબદારીની સાથે બીજી જે જવાબદારીઓ એમના માથે આવી પડી હતી, એને બુદ્ધિપૂર્વક અદા કરવામાં વિતાવ્યો હતો. તેઓએ એ સમયના સાવ અભણ લોકોને લખતાં-વાંચતાં શીખવ્યું. કશો કામધંધો નહીં જાણનારા વનવાસીઓને એમણે ખેતીવાડી તથા સુતાર, કુંભાર વગેરેના જીવનોપયોગી ધંધા શીખવ્યા. અંદર અંદર કેવી રીતે વર્તવું, કેવી રીતે નિયમોનું પાલન કરવું, એ પણ એમણે શીખવ્યું. પછી જ્યારે એમને લાગ્યું કે મોટો પુત્ર ભરત પ્રજાનું શાસન કરવાની બધી જવાબદારીઓ અદા કરી શકશે, ત્યારે રાજ્યનો ભાર એને સોંપીને તેઓ ઊંડા આધ્યાત્મિક પ્રશ્નોની છણાવટ કરવાને માટે ઉગ્ર તપસ્વી બનીને ઘેરથી ચાલી નીકળ્યા.

ઋષભદેવની બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી નામે હતી. એ યુગમાં બહેન-ભાઈ વચ્ચે લગ્નની પ્રથા પ્રચલિત હતી. સુંદરીએ આ પ્રથાનો વિરોધ કર્યો, અને પોતાની સૌમ્ય તપસ્યાથી ભાઈ ભરત ઉપર એવો પ્રભાવ પાડ્યો કે જેથી ભરતે સુંદરીની સાથે લગ્ન કરવાનો વિચાર માંડી વાળ્યો એટલું જ નહીં બલ્કે, એ એનો ભક્ત બની ગયો. ઋગ્વેદના યમ-યમીસૂક્તમાં ભાઈ યમે યમીની લગ્નની માગણીનો અસ્વીકાર કર્યો, જ્યારે બહેન સુંદરીએ ભાઈ ભરતની લગ્નની માગણીને તપસ્યામાં ફેરવી દીધી. આના ફળરૂપે ભાઈ-બહેનના લગ્નની પ્રતિષ્ઠિત પ્રથા નાબૂદ થઈ ગઈ.

ઋષભદેવના ભરત અને બાહુબલી નામે પુત્રો વચ્ચે રાજ્યને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે ભયાનક યુદ્ધ શરૂ થયું. છેવટે દ્વંદ્વયુદ્ધ દ્વારા નિકાલ લાવવાનો નિશ્ચય થયો. ભરતનો પ્રચંડ પ્રહાર નિષ્ફળ ગયો. જ્યારે બાહુબલીનો વારો આવ્યો અને ભરત કરતાં વધારે શક્તિશાળી બાહુબલીને એમ લાગ્યું કે મારા મુષ્ટિપ્રહારથી ભરતની અવસ્થ દુર્દશા થશે, ત્યારે એણે ભાઈ ઉપર વિજય મેળવવાની પળને પોતાની જાત ઉપર વિજય મેળવવામાં ફેરવી નાખી. એણે એમ વિચાર્યું કે રાજ્યને માટે યુદ્ધમાં વિજય મેળવવો અને વેર-પ્રતિવેરનાં અને કુટુંબકલેશનાં બી વાવવાં એના કરતાં સાચો વિજય અહંકાર અને તૃષ્ણા ઉપર વિજય મેળવવામાં જ છે. એણે પોતાના બાહુબળનો ઉપયોગ ક્રોધ અને અભિમાન ઉપર જ કર્યો, અને અવૈરથી વૈરનો પ્રતિકાર કરવાનો જીવંત દાખલો બેસાડ્યો. પરિણામ એ આવ્યું કે અંતે ભરતનો લોભ અને ગર્વ પણ ખંડિત થઈ ગયો.

એક સમય એવો હતો કે જ્યારે કેવળ ક્ષત્રિયોમાં જ નહીં, બધાય વર્ગોમાં માંસ ખાવાની પ્રથા હતી. રોજ-બ-રોજના ભોજન માટે, સામાજિક ઉત્સવોમાં, ધાર્મિક અનુષ્ઠાનોને અવસરે પશુ-પક્ષીઓનો વધ એવો જ પ્રચલિત અને પ્રતિષ્ઠિત હતો કે જેવી આજે નારિયેળ અને ફળોની ભેટ. એ યુગમાં યદુનંદન નેમિકુમારે એક અજબ પગલું ભર્યું. એમણે પોતાના લગ્ન વખતે ભોજન માટે કતલ કરવામાં આવનાર નિર્દોષ પશુ-પક્ષીઓની વેદનાભરી મૂક વાણીથી દ્રવિત થઈને નિશ્ચય કર્યો કે જેમાં નિર્દોષ પશુ-પક્ષીઓનો બિનજરૂરી વધ થતો હોય એવા લગ્નથી સર્યું ! આવો ગંભીર નિશ્ચય કરીને તેઓ, કોઈની વાત કાને ધર્યા વિના, જાનમાંથી તરત જ પાછા ફરી ગયા. અને દ્વારકાથી સીધા ગિરનાર પર્વત ઉપર જઈને એમણે તપસ્યા આદરી. કુમાર અવસ્થામાં જ રાજપુત્રીનો ત્યાગ કરીને અને ધ્યાન-તપનો માર્ગ અપનાવીને એમણે એ લાંબા સમયથી પ્રચલિત પશુ-પક્ષી-વધની પ્રથા ઉપર, પોતાની જાતના દાખલા ઉપરથી, એટલો સખ્ત પ્રહાર કર્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે જેથી આખા ગુજરાતમાં, અને ગુજરાતથી પ્રભાવિત થયેલા બીજા પ્રાંતોમાં પણ, એ પ્રથા નામશેષ થઈ ગઈ, અને ઠેર ઠેર આજ સુધી ચાલી આવતી પાંજરાપોળો જેવી લોકપ્રિય સંસ્થાઓમાં પરિવર્તિત થઈ ગઈ.

પાર્શ્વનાથના જીવનનો આદર્શ કંઈક જુદો જ હતો. એમણે એકવાર દુર્વાસા જેવા સહજ ક્રોધી તાપસ તથા એના અનુયાયીઓની ખફગી વહોરવાનું જોખમ ખેડીને પણ એક બળતા સાપને લીલા લાકડામાંથી બચાવી લેવાનો પ્રયત્ન કર્યો. આનું પરિણામ એ આવ્યું કે આજે પણ જૈનોના પ્રભાવવાળા ક્ષેત્રોમાં કોઈ સાપ સુધ્ધાંને મારતા નથી.

દીર્ઘતપસ્વી મહાવીરે પણ એક વખત પોતાની અહિંસાવૃત્તિની પૂર્ણ સાધનાનો આવો જ પરિચય આપ્યો હતો. જ્યારે તેઓ જંગલમાં ધ્યાનમાં ઊભા હતા ત્યારે એક પ્રચંડ વિષધરે એમને ડંખ માર્યો. એ સમયે તેઓ પોતાના ધ્યાનમાં અચલ રહ્યા, એટલું જ નહીં, બલ્કે એમણે એ વિષધર ઉપર મૈત્રીભાવનાનો પ્રયોગ કર્યો, જેથી એ પ્રયોગ "**अहिंसा-प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः**" એ સૂત્રનું જીવન્ત દૃષ્ટાંત બની ગયો. તેઓ જીવનપર્યંત, અનેક પ્રસંગોએ, યજ્ઞયાગાદિ ધાર્મિક કાર્યોમાં થતી હિંસાને રોકવાનો પૂર્ણ પ્રયત્ન કરતા જ રહ્યા. આવા આદર્શોથી જ જૈન સંસ્કૃતિ પ્રાણવાન બની રહી છે; અને અનેક મુસીબતોની વચ્ચે પણ એણે પોતાના આદર્શોના હૃદયને ગમે તેમ કરીને સાચવી રાખવાનો પ્રયત્ન કર્યો છે, જે ભારતના ધાર્મિક, સામાજિક અને રાજકીય ઇતિહાસમાં જીવિત છે. જ્યારે પણ એવો સુયોગ સાંપડ્યો ત્યારે ત્યાગી તથા રાજા, મંત્રી અને વેપારી વગેરે ગૃહસ્થોએ જૈન સંસ્કૃતિના અહિંસા, સંયમ અને તપના આદર્શોનો પોતાની ઢબે પ્રચાર કર્યો છે.

સંસ્કૃતિનો ઉદ્દેશ

સંસ્કૃતિ માત્રનો ઉદ્દેશ છે માનવતાના કલ્યાણ તરફ આગળ વધવું. આ ઉદ્દેશને એ ત્યારે જ સાધી શકે છે કે જ્યારે એ પોતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ આપનાર અને પોષનાર રાષ્ટ્રના કલ્યાણમાં ફાળો આપવા માટે હમેશાં તૈયાર હોય. કોઈ પણ સંસ્કૃતિનાં બાહ્ય અંગો કેવળ અભ્યુદયના સમયે જ વિકસે છે અને એવે સમયે જ એ આકર્ષક લાગે છે, પણ સંસ્કૃતિના હૃદયની વાત જુદી છે. સમય આફતનો હોય કે અભ્યુદયનો, બન્ને સમયમાં એની અનિવાર્ય જરૂરિયાત તો હમેશાં એકસરખી જ હોય છે. કોઈ પણ સંસ્કૃતિ, જ્યાં સુધી એ ભાવિના ધડતરમાં પોતાનો ફાળો ન આપે ત્યાં સુધી, કેવળ પોતાના ઇતિહાસ કે યશોગાથાઓના આધારે ન તો જીવિત રહી શકે છે કે ન તો પ્રતિષ્ઠા મેળવી શકે છે.

આ દૃષ્ટિએ પણ જૈન સંસ્કૃતિ અંગે વિચાર કરવો સંગત છે. આપણે ઉપર જોઈ ગયા છીએ કે આ સંસ્કૃતિ મૂળે પ્રવૃત્તિ અર્થાત્ પુનર્જન્મથી છુટકારો મેળવવાની દૃષ્ટિએ આવિર્ભાવ પામી છે. એના આચાર-વિચારનું આખું માળખું એ લક્ષને અનુરૂપ જ બન્યું છે. પણ આપણે એ પણ જોઈએ છીએ કે, આખરે એ સંસ્કૃતિ વ્યક્તિ સુધી જ સીમિત ન રહી; એણે એક વિશિષ્ટ સમાજનું રૂપ ધારણ કરી લીધું.

નિવૃત્તિ અને પ્રવૃત્તિ

ગમે તે સમાજ હોય, એ કેવળ નિવૃત્તિની ભુલભુલમણીને આધારે ન તો જીવી શકે છે, કે ન તો વાસ્તવિક નિવૃત્તિની સાધના જ કરી શકે છે. જો કોઈ રીતે નિવૃત્તિને નહીં માનવાવાળા અને કેવળ પ્રવૃત્તિ-ચક્રનું જ મહત્ત્વ માનવાવાળા છેવટે એ પ્રવૃત્તિના તોફાન અને વંટોળમાં જ ફસાઈને મરી શકતાં હોય તો એ પણ એટલું જ સાચું છે કે પ્રવૃત્તિનો આધાર લીધા વગર નિવૃત્તિ કેવળ હવાઈ કિલ્લો જ બની જાય છે. ઐતિહાસિક અને દાર્શનિક સત્ય તો એ છે કે પ્રવૃત્તિ અને નિવૃત્તિ, એ માનવકલ્યાણના એક જ સિક્કાની બે બાજુઓ છે. જ્યાં સુધી દોષોની નિવૃત્તિની સાથે જ સદ્‌ગુણપ્રેરક અને કલ્યાણકર પ્રવૃત્તિમાં બળ પૂરવામાં ન આવે ત્યાં સુધી કોઈ માણસ દોષો, ભૂલો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૂરાઈ અને અકલ્યાણથી બચી નથી શકતો. કોઈ પણ માંદો માણસ અપથ્ય અને કુપથ્યથી નિવૃત્ત થવાથી જીવતો નથી રહી શકતો; સાથે જ સાથે એણે પથ્યનું સેવન પણ કરવું જ જોઈએ. જીવનને માટે શરીરમાંથી બગાડવાળા લોહીને કાઢી નાખવું જેટલું જરૂરી છે એટલું જ એની નસોમાં નવા લોહીનો સંચાર કરવો એ પણ જરૂરી છે.

નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ

ઋષભદેવથી લઈને આજ સુધી નિવૃત્તિગામી કહેવાતી જૈન સંસ્કૃતિ પણ કોઈને કોઈ રીતે જીવિત રહી છે, તે એક માત્ર નિવૃત્તિના બળ ઉપર નહીં, કિંતુ કલ્યાણકારી પ્રવૃત્તિને આધારે. જો પ્રવર્તકધર્મી બ્રાહ્મણોએ નિવૃત્તિમાર્ગનાં સુંદર તત્ત્વોને અપનાવીને એક વ્યાપક, કલ્યાણકારી, એવી સંસ્કૃતિનું નિર્માણ કર્યું કે જે ગીતામાં સજીવન બનીને આજે નવા ઉપયોગી સ્વરૂપમાં ગાંધીજી દ્વારા ફરી પોતાનું સંસ્કરણ કરી રહી છે, તો નિવૃત્તિલક્ષી જૈન સંસ્કૃતિ પણ કલ્યાણલક્ષી જરૂરી પ્રવૃત્તિનો આધાર લઈને જ અત્યારની બદલાયેલી પરિસ્થિતિમાં જીવિત રહી શકશે. જૈન સંસ્કૃતિમાં તત્ત્વજ્ઞાન અને આચારના જે મૂળ નિયમો છે, અને એ જે આદર્શોને આજ લગી પોતાની પૂંજી માની રહેલ છે, એને આધારે એ પ્રવૃત્તિનો એવો મંગલકારી યોગ સાધી શકે છે કે જે બધાને માટે કલ્યાણકર થાય.

જૈન પરંપરામાં પહેલું સ્થાન છે ત્યાગીઓનું અને બીજું છે ગૃહસ્થોનું. ત્યાગીઓને પાંચ મહાવ્રત સ્વીકારવાની જે આજ્ઞા છે તે વધારેમાં વધારે સદ્‌ગુણોમાં પ્રવૃત્તિ કરવાની કે સદ્‌ગુણપોષક પ્રવૃત્તિને માટે શક્તિ પેદા કરવાની પ્રાથમિક શરત માત્ર છે. હિંસા, અસત્ય, ચોરી, પરિગ્રહ વગેરે દોષોથી બચ્યા વિના સદ્‌ગુણમાં પ્રવૃત્તિ થઈ જ નથી શકતી. અને સદ્‌ગુણપોષક પ્રવૃત્તિને જીવનમાં સ્થાન આપ્યા વિના હિંસા વગેરેથી બચી જવું, એ પણ સર્વથા અસંભવ છે. જે વ્યક્તિમાં સાર્વભૌમ મહાવ્રતોને સ્વીકારવાની શક્તિ ન હોય એને માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન પરંપરામાં અણુવ્રતોની રચના કરીને ધીમે ધીમે નિવૃત્તિ તરફ આગળ વધવાનો માર્ગ પણ રાખવામાં આવ્યો છે. આવા ગૃહસ્થોને માટે હિંસા વગેરે દોષોથી અમુક અંશે બચવાનું વિધાન કરવામાં આવ્યું છે, એનો અર્થ એ જ છે કે પહેલાં ગૃહસ્થ દોષોથી બચવાનો અભ્યાસ કરે. પણ સાથે જ સાથે એના માટે એ આદેશ પણ છે કે જે જે દોષને એ દૂર કરે તે તે દોષના વિરોધી સદ્‌ગુણોને જીવનમાં સ્થાન આપતો જાય. હિંસાને દૂર કરવી હોય તો જીવનમાં પ્રેમ અને આત્મૌપમ્યના સદ્‌ગુણોને પ્રગટ કરવા જોઈએ. સત્ય બોલ્યા વગર અને સત્ય બોલવાનું બળ મેળવ્યા વગર અસત્યથી નિવૃત્તિ કેવી રીતે થશે? પરિગ્રહ અને લોભથી બચવું હોય તો સંતોષ અને ત્યાગ જેવી ગુણપોષક પ્રવૃત્તિઓમાં પોતાની જાતને ખપાવી દેવી જ પડશે.

સંસ્કૃતિનો સંકેત

સંસ્કૃતિમાત્રનો સંકેત લોભ અને મોહને ઘટાડવા તથા નિર્મૂળ કરવા તરફ છે; નહીં કે પ્રવૃત્તિને નિર્મૂળ કરવા તરફ. જે પ્રવૃત્તિ આસક્તિ વગર ન જ થઈ શકે એવી હોય એ જ ત્યાજ્ય છે; દા. ત., કામાચાર અને વ્યક્તિગત પરિગ્રહ વગેરે. જે પ્રવૃત્તિઓ સમાજનાં ધારણ, પોષણ અને એનો વિકાસ કરનારી છે તે આસક્તિપૂર્વક તેમ જ આસક્તિ વગર પણ થઈ શકે છે. એટલા માટે સંસ્કૃતિ કેવળ આસક્તિના ત્યાગ તરફ જ સંકેત કરે છે.

[દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૩૨-૧૪૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫

જૈન તત્ત્વજ્ઞાન

વિશ્વના બાહ્ય અને આંતરિક સ્વરૂપ વિષે તથા તેના સામાન્ય તેમ જ વ્યાપક નિયમોના સંબંધમાં જે તાત્ત્વિક દૃષ્ટિએ વિચારણા એ તત્ત્વજ્ઞાન. આવી વિચારણા કોઈ એક જ દેશ, એક જ જાતિ કે એક જ પ્રજામાં ઉદ્‌ભવે છે અને ક્રમશઃ વિકાસ પામે છે, એમ નથી હોતું; પણ આ જાતની વિચારણા એ મનુષ્યત્વનું વિશિષ્ટ સ્વરૂપ હોવાથી તે વહેલી કે મોડી દરેક દેશમાં વસનાર દરેક જાતિની માનવપ્રજામાં ઓછે કે વત્તે અંશે ઉદ્‌ભવે છે, અને તેવી વિચારણા જુદી જુદી પ્રજાઓના પરસ્પર સંસર્ગને લીધે, અને કોઈ વાર તદ્દન સ્વતંત્રપણે પણ, વિશેષ વિકાસ પામે છે, તેમ જ સામાન્ય ભૂમિકા-માંથી પસાર થઈ તે અનેક રૂપે ફંટાય છે.

પહેલેથી આજ સુધીમાં ભૂખંડ ઉપર મનુષ્યજાતિએ જે તાત્ત્વિક વિચારણાઓ કરી છે તે બધી આજે હયાત નથી, તેમ જ તે બધી વિચારણાઓનો ક્રમિક ઇતિહાસ પણ પૂર્ણપણે આપણી સામે નથી, છતાં અત્યારે એ વિશે જે કાંઈ સામગ્રી આપણી સામે છે અને એ વિશે જે કાંઈ થોડુંઘણું આપણે જાણીએ છીએ તે ઉપરથી એટલું તો નિર્વિવાદપણે કહી શકાય કે તત્ત્વચિંતનની જુદી જુદી અને પરસ્પર વિરોધી દેખાતી ગમે તેટલી ધારાઓ હોય, છતાં એ બધી વિચારધારાઓનું સામાન્ય સ્વરૂપ એક છે, અને તે એ કે વિશ્વના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય તેમ જ આંતરિક સ્વરૂપના સામાન્ય અને વ્યાપક નિયમોનું રહસ્ય શોધી કાઢવું.

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ

જેમ કોઈ એક મનુષ્યવ્યક્તિ પ્રથમથી જ પૂર્ણ નથી હોતી, પણ તે બાલ્ય આદિ જુદી જુદી અવસ્થાઓમાંથી પસાર થવા સાથે જ પોતાના અનુભવો વધારી અનુક્રમે પૂર્ણતાની દિશામાં આગળ વધે છે, તેમ મનુષ્યજાતિ વિશે પણ છે. મનુષ્યજાતિને પણ બાલ્ય આદિ ક્રમિક અવસ્થાઓ અપેક્ષાવિશેષે હોય જ છે. તેનું જીવન વ્યક્તિના જીવન કરતાં ઘણું જ લાંબું અને વિશાળ હોઈ તેની બાલ્ય વગેરે અવસ્થાઓનો સમય પણ તેટલો જ લાંબો હોય તે સ્વાભાવિક છે. મનુષ્યજાતિ જ્યારે કુદરતને ખોળે આવી અને તેણે પ્રથમ બાહ્ય વિશ્વ તરફ આંખ ખોલી ત્યારે તેની સામે અદ્‌ભુત અને ચમત્કારી વસ્તુઓ તેમ જ બનાવો ઉપસ્થિત થયાં. એક બાજુ સૂર્ય, ચંદ્ર અને અગણિત તારામંડળ અને બીજી બાજુ સમુદ્ર, પર્વત અને વિશાળ નદીપ્રવાહો તેમ જ મેઘગર્જનાઓ અને વિદ્યુત્ચમત્કારોએ તેનું ધ્યાન ખેંચ્યું. મનુષ્યનું માનસ આ બધા સ્થૂલ પદાર્થોના સૂક્ષ્મ ચિંતનમાં પ્રવૃત્ત થયું અને તેને એ વિશે અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા. જેમ મનુષ્યમાનસને બાહ્ય વિશ્વના ગૂઢ તેમ જ અતિસૂક્ષ્મ સ્વરૂપ વિશે અને તેના સામાન્ય નિયમો વિશે વિવિધ પ્રશ્નો ઉદ્‌ભવ્યા, તેમ તેને આંતરિક વિશ્વના ગૂઢ અને અતિસૂક્ષ્મ સ્વરૂપ વિશે પણ વિવિધ પ્રશ્નો ઉદ્‌ભવ્યા. આ પ્રશ્નોની ઉત્પત્તિ તે જ તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિનું પ્રથમ પગથિયું. એ પ્રશ્નો ગમે તેટલા હોય અને કાળક્રમે તેમાંથી બીજા મુખ્ય અને ઉપપ્રશ્નો પણ ગમે તેટલા જન્મ્યા હોય, છતાં એકંદર આ બધા પ્રશ્નોને ટૂંકમાં નીચે પ્રમાણે દર્શાવી શકાય.

તાત્ત્વિક પ્રશ્નો

દેખીતી રીતે સતત પરિવર્તન પામતું આ બાહ્ય વિશ્વ કયારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થયું હશે? શેમાંથી ઉત્પન્ન થયું હશે? પોતાની મેળે જ ઉત્પન્ન થયું હશે કે કોઈએ ઉત્પન્ન કર્યું હશે? અને ઉત્પન્ન થયું ન હોય તો શું આ વિશ્વ એમ જ હતું અને છે? જો તેનાં કારણો હોય તો તે પોતે પરિવર્તન વિનાનાં શાશ્વત જ હોવાં જોઈએ કે પરિવર્તનશીલ હોવાં જોઈએ? વળી એ કારણો કોઈ જુદી જાતનાં જ હશે કે આખા બાહ્ય વિશ્વનું કારણ માત્ર એકરૂપ જ હશે? આ વિશ્વની વ્યવસ્થિત અને નિયમબદ્ધ જે સંચાલના અને રચના દેખાય છે તે બુદ્ધિપૂર્વક હોવી જોઈએ કે યંત્રવત્ અનાદિસિદ્ધ હોવી જોઈએ? જો બુદ્ધિપૂર્વક વિશ્વવ્યવસ્થા હોય તો તે કોની બુદ્ધિને આભારી છે? શું એ બુદ્ધિમાન તત્ત્વ પોતે તટસ્થ રહી વિશ્વનું નિયમન કરે છે કે એ પોતે જ વિશ્વરૂપે પરિણમે છે અથવા દેખાય છે?

ઉપરની રીતે આંતરિક વિશ્વના સંબંધમાં પણ પ્રશ્નો થયા કે જે આ બાહ્ય વિશ્વનો ઉપભોગ કરે છે યા જે બાહ્ય વિશ્વ વિશે વિચાર કરે છે તે તત્ત્વ શું છે? શું એ અહંરૂપે ભાસતું તત્ત્વ બાહ્ય વિશ્વના જેવી જ પ્રકૃતિનું છે કે કોઈ જુદા સ્વભાવનું છે? આ આંતરિક તત્ત્વ અનાદિ છે કે તે પણ કયારેક કોઈ અન્ય કારણમાંથી ઉત્પન્ન થયું છે? વળી અહંરૂપે ભાસતાં અનેક તત્ત્વો વસ્તુતઃ જુદાં જ છે કે કોઈએક મૂળ તત્ત્વની નિર્મિતિઓ છે? આ બધાં સજીવ તત્ત્વો ખરી રીતે જુદાં જ હોય તો તે પરિવર્તનશીલ છે કે માત્ર કૂટસ્થ છે? એ તત્ત્વોનો કદી અંત આવવાનો કે કાળની દૃષ્ટિએ અંત રહિત જ છે? એ જ રીતે આ બધાં દેહમર્યાદિત તત્ત્વો ખરી રીતે દેશની દૃષ્ટિએ વ્યાપક છે કે પરિમિત છે?

આ અને આના જેવા બીજા ઘણા પ્રશ્નો તત્ત્વચિંતનના પ્રદેશમાં ઉપસ્થિત થયા. આ બધા પ્રશ્નોનો કે તેમાંના કેટલાકનો ઉત્તર આપણે જુદી જુદી પ્રજાઓના તાત્ત્વિક ચિંતનના ઇતિહાસમાં અનેક રીતે જોઈએ છીએ. ગ્રીક વિચારકોએ બહુ જૂના વખતથી આ પ્રશ્નોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છણવા માંડેલા. એમનું ચિંતન અનેક રીતે વિકાસ પામ્યું, જે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં ખાસ મહત્ત્વનો ભાગ રોકે છે. આર્યાવર્તના વિચારકોએ તો ગ્રીક ચિંતકો પહેલાં હજારો વર્ષ અગાઉથી આ પ્રશ્નોના ઉત્તર મેળવવા વિવિધ પ્રયત્નો કરેલા, જેનો ઇતિહાસ આપણી સામે સ્પષ્ટ છે.

ઉત્તરોનું સંક્ષિપ્ત વર્ગીકરણ

આર્ય વિચારકોએ એક એક પ્રશ્ન પરત્વે આપેલા જુદા જુદા ઉત્તરો અને તે વિશે પણ મતભેદની શાખાઓ અપાર છે, પણ સામાન્ય રીતે આપણે ટૂંકમાં એ ઉત્તરોનું વર્ગીકરણ કરીએ તો આ પ્રમાણે કરી શકાય :—

(૧) એક વિચારપ્રવાહ એવો શરૂ થયો કે તે બાહ્ય વિશ્વને જન્ય માનતો, પણ તે વિશ્વ કોઈ કારણમાંથી તદ્દન નવું જ—પહેલાં ન હોય તેવું—થયાની ના પાડતો અને એમ કહેતો કે જેમ દૂધમાં માખણ છૂપું રહેલું હોય છે અને કચારેક માત્ર આવિર્ભાવ પામે છે, તેમ આ બધું સ્થૂળ વિશ્વ કોઈ સૂક્ષ્મ કારણમાંથી માત્ર આવિર્ભાવ પામ્યે જાય છે અને એ મૂળ કારણ તો સ્વતઃસિદ્ધ અનાદિ છે.

બીજો વિચારપ્રવાહ એમ માનતો કે આ બાહ્ય વિશ્વ કોઈ એક કારણથી જન્મતું નથી. તેનાં સ્વભાવથી ભિન્ન ભિન્ન એવાં અનેક કારણો છે અને એ કારણોમાં પણ વિશ્વ દૂધમાં માખણની પેઠે છૂપું રહેલું ન હતું, પરંતુ જેમ જુદા જુદા લાકડાના ટુકડા મળવાથી એક નવી જ ગાડી તૈયાર થાય છે તેમ તે ભિન્ન ભિન્ન જાતનાં મૂળ કારણોનાં સંશ્લેષણ-વિશ્લેષણમાંથી આ બાહ્ય વિશ્વ તદ્દન નવું જ ઉત્પન્ન થાય છે. પહેલો પરિણામવાદી અને બીજો કાર્યવાદી : એ બન્ને વિચારપ્રવાહો બાહ્ય વિશ્વના આવિર્ભાવ કે ઉત્પત્તિની બાબતમાં મતભેદ ધરાવવા છતાં આંતરિક વિશ્વના સ્વરૂપની બાબતમાં સામાન્ય રીતે એકમત હતા. બન્ને એમ માનતા કે અહં નામનું આત્મતત્ત્વ અનાદિ છે. નથી તે કોઈનું પરિણામ કે નથી તે કોઈ કારણમાંથી ઉત્પન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલું. જેમ તે આત્મતત્ત્વ અનાદિ છે તેમ દેશ અને કાળ એ બન્ને દૃષ્ટિએ તે અનંત પણ છે; અને તે આત્મતત્ત્વ દેહભેદે ભિન્ન ભિન્ન છે, વાસ્તવિક રીતે તે એક નથી.

ત્રીજો વિચારપ્રવાહ એવો પણ હતો કે જે બાહ્ય વિશ્વ અને આંતરિક જીવજગત બન્નેને કોઈ એક અખંડ સતતત્ત્વનું પરિણામ માનતો અને મૂળમાં બાહ્ય કે આંતરિક જગતની પ્રકૃતિ કે કારણમાં કશો જ ભેદ માનવા ના પાડતો.

જૈન વિચારપ્રવાહનું સ્વરૂપ

ઉપરના ત્રણ વચારપ્રવાહને અનુક્રમે આપણે અહીં પ્રકૃતિવાદી, પરમાણુવાદી અને બ્રહ્મવાદી નામથી ઓળખીશું. આમાંથી પ્રથમના બે વિચારપ્રવાહોને વિશેષ મળતો અને છતાં તેનાથી જુદો એવો એક ચોથો વિચારપ્રવાહ પણ સાથે સાથે પ્રવર્તતો હતો. એ વિચારપ્રવાહ હતો તો પરમાણુવાદી પણ તે બીજા વિચારપ્રવાહની પેઠે બાહ્ય વિશ્વના કારણભૂત પરમાણુઓને મૂળમાંથી જુદી જુદી જાતના માનવાની તરફેણ કરતો ન હતો, પણ મૂળમાં બધા જ પરમાણુઓ એક સમાન પ્રકૃતિના છે એમ માનતો. અને પરમાણુવાદ સ્વીકારવા છતાં તેમાંથી માત્ર વિશ્વ ઉત્પન્ન થાય છે એમ પણ ન માનતાં, તે પ્રકૃતિવાદીની પેઠે પરિણામ અને આવિર્ભાવ માનતો હોવાથી, એમ કહેતો કે પરમાણુપુંજમાંથી બાહ્ય વિશ્વ આપોઆપ પરિણમે છે. આ રીતે આ ચોથા વિચારપ્રવાહનું વલણ પરમાણુવાદની ભૂમિકા ઉપર પ્રકૃતિવાદના પરિણામની માન્યતા તરફ હતું.

તેની એક વિશેષતા એ પણ હતી કે તે સમગ્ર બાહ્ય વિશ્વને આવિર્ભાવવાળું ન માનતાં તેમાંથી કેટલાંક કાર્યોને ઉત્પત્તિશીલ પણ માનતો. તે એમ કહેતો કે બાહ્ય વિશ્વમાં કેટલીય વસ્તુઓ એવી છે કે જે કોઈ પુરુષના પ્રયત્ન સિવાય જ પોતાનાં પરમાણુરૂપ કારણોમાંથી જન્મે છે. તેવી વસ્તુઓ તલમાંથી તેલની પેઠે પોતાના કારણમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર આવિર્ભાવ પામે છે, પણ તદ્દન નવી ઉત્પન્ન નથી થતી; જ્યારે બાહ્ય વિશ્વમાં ઘણી વસ્તુઓ એવી પણ છે કે જે પોતાનાં જડ કારણોમાંથી ઉત્પન્ન થાય છે, પણ પોતાની ઉત્પત્તિમાં કોઈ પુરુષના પ્રયત્નની અપેક્ષા રાખે છે. જે વસ્તુઓ પુરુષના પ્રયત્નની મદદથી જન્મ લે છે તે વસ્તુઓ પોતાનાં જડ કારણોમાં તલમાં તેલની પેઠે છૂપેલી નથી હોતી, પણ તે તો તદ્દન નવી જ ઉત્પન્ન થાય છે. જેમ કોઈ સુતાર જુદા જુદા લાકડાઓના કટકા એકઠા કરી તે ઉપરથી એક ઘોડો બનાવે ત્યારે તે ઘોડો લાકડાના કટકાઓમાં છૂપો નથી હોતો, જેમ કે તલમાં તેલ હોય છે, પણ ઘોડો બનાવનાર સુતારની બુદ્ધિમાં કલ્પનારૂપે હોય છે અને તે લાકડાના કટકા દ્વારા મૂર્તરૂપ ધારણ કરે છે. જો સુતાર ધારત તો એ જ લાકડાના કટકામાંથી ઘોડો ન બનાવતાં ગાય, ગાડી કે બીજી તેવી વસ્તુ બનાવી શકત. તલમાંથી તેલ કાઢવાની બાબત આથી તદ્દન જુદી છે. કોઈ ગમે તેટલો વિચાર કરે કે ઇચ્છે છતાં તે તલમાંથી ઘી કે માખણ તો ન જ કાઢી શકે. આ રીતે પ્રસ્તુત ચોથો વિચારપ્રવાહ પરમાણુવાદી છતાં એક બાજુ પરિણામ અને આવિર્ભાવ માનવાની બાબતમાં પ્રકૃતિવાદી વિચારપ્રવાહની સાથે મળતો હતો, અને બીજી બાજુ કાર્ય તેમ જ ઉત્પત્તિની બાબતમાં પરમાણુવાદી બીજા વિચારપ્રવાહને મળતો હતો.

આ તો બાહ્ય વિશ્વની બાબતમાં ચોથા વિચારપ્રવાહની માન્યતા થઈ, પણ આત્મતત્ત્વની બાબતમાં તો એની માન્યતા ઉપરના ત્રણે વિચારપ્રવાહો કરતાં જુદી જ હતી. તે માનતો કે દેહભેદે આત્મા ભિન્ન છે, પરંતુ એ બધા જ આત્માઓ દેશદૃષ્ટિએ વ્યાપક નથી તેમ જ માત્ર કૂટસ્થ પણ નથી. એ એમ માનતો કે જેમ બાહ્ય વિશ્વ પરિવર્તનશીલ છે તેમ આત્માઓ પણ પરિણામી હોઈ સતત પરિવર્તનશીલ છે. આત્મતત્ત્વ સંકોચ-વિસ્તારશીલ પણ છે અને તેથી તે દેહપ્રમાણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચોથો વિચારપ્રવાહ તે જ જૈન તત્ત્વજ્ઞાનનું પ્રાચીન મૂળ છે. ભગવાન મહાવીરથી પહેલાં ઘણા સમય અગાઉથી એ વિચારપ્રવાહ ચાલ્યો આવતો અને તે પોતાની ઢબે વિકાસ સાધતો તેમ જ સ્થિર થતો જતો હતો. આજે આ ચોથા વિચારપ્રવાહનું જે સ્પષ્ટ, વિકસિત અને સ્થિર રૂપ આપણને પ્રાચીન કે અર્વાચીન ઉપલબ્ધ જૈન શાસ્ત્રોમાં નજરે પડે છે, તે મોટે ભાગે ભગવાન મહાવીરના ચિંતનને આભારી છે. જૈન મતની મુખ્ય શ્વેતામ્બર અને દિગમ્બર બે શાખાઓ છે. બન્નેનું સાહિત્ય જુદું જુદું છે, પરંતુ જૈન તત્ત્વજ્ઞાનનું જે સ્વરૂપ સ્થિર થયેલું છે તે બન્ને શાખાઓમાં જરા પણ ફેરફાર સિવાય એક જ જેવું છે. અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે અને તે એ કે વૈદિક તેમ જ બૌદ્ધ મતના નાનામોટા ઘણા ફાંટાઓ પડ્યા છે. તેમાંથી કેટલાક તો એકબીજાથી તદ્દન વિરોધી મંતવ્ય ધરાવનાર પણ છે. એ બધા ફાંટાઓ વચ્ચે વિશેષતા એ છે કે જ્યારે વૈદિક અને બૌદ્ધ મતના બધા જ ફાંટાઓ આચારવિષયક મતભેદ ઉપરાંત તત્ત્વચિંતનની બાબતમાંયે કેટલોક મતભેદ ધરાવે છે, ત્યારે જૈન મતના તમામ ફાંટાઓ માત્ર આચારભેદ ઉપર સર્જાયેલા છે. તેમનામાં તત્ત્વચિંતનની બાબતમાં કોઈ મૌલિક ભેદ હજી સુધી નોંધાયેલો નથી. માત્ર આર્ય તત્ત્વચિંતનના ઇતિહાસમાં જ નહિ, પણ માનવીય તત્ત્વચિંતનના સમગ્ર ઇતિહાસમાં આ એક જ દાખલો એવો છે કે આટલા બધા લાંબા વખતનો વિશિષ્ટ ઇતિહાસ ધરાવવા છતાં જેના તત્ત્વચિંતનનો પ્રવાહ મૌલિક રૂપે અખંડિત જ રહ્યો હોય.

પૂર્વીય અને પશ્ચિમીય તત્ત્વજ્ઞાનની પ્રકૃતિનું તોલન

તત્ત્વજ્ઞાન પૂર્વીય હોય કે પશ્ચિમીય હો, પણ બધા જ તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આપણે જોઈએ છીએ કે તત્ત્વજ્ઞાન એ માત્ર જગત, જીવ અને ઈશ્વરના સ્વરૂપચિંતનમાં જ પૂર્ણ નથી થતું, પણ એ પોતાના પ્રદેશમાં ચારિત્રનો પ્રશ્ન પણ હાથ ધરે છે. ઓછે કે વત્તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંશે, એક કે બીજી રીતે, દરેક તત્ત્વજ્ઞાન પોતામાં જીવનશોધનની મીમાંસા સમાવે છે. અલબત્ત, પૂર્વીય અને પશ્ચિમીય તત્ત્વજ્ઞાનના વિકાસમાં આ વિશે આપણે થોડો તફાવત પણ જોઈએ છીએ. ગ્રીક તત્ત્વચિંતનની શરૂઆત માત્ર વિશ્વના સ્વરૂપ વિશેના પ્રશ્નોમાંથી થાય છે. આગળ જતાં ક્રિશ્ચિયાનિટી સાથે એનો સંબંધ જોડાતાં એમાં જીવનશોધનનો પણ પ્રશ્ન ઉમેરાય છે, અને પછી એ પશ્ચિમીય તત્ત્વચિંતનની એક શાખામાં જીવનશોધનની મીમાંસા ખાસ ભાગ ભજવે છે. ઠેઠ અર્વાચીન સમય સુધી પણ રોમન કૅથોલિક સંપ્રદાયમાં આપણે તત્ત્વચિંતનને જીવનશોધનના વિચાર સાથે સંકળાયેલું જોઈએ છીએ, પરંતુ આર્ય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આપણે એક ખાસ વિશેષતા જોઈએ છીએ અને તે એ કે આર્ય તત્ત્વજ્ઞાનની શરૂઆત જ જાણે જીવનશોધનના પ્રશ્નમાંથી થઈ હોય તેમ લાગે છે. કારણ કે આર્ય તત્ત્વજ્ઞાનની વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણે મુખ્ય શાખાઓમાં એકસરખી રીતે વિશ્વચિંતન સાથે જીવનશોધનનું ચિંતન સંકળાયેલું છે. આર્યાવર્તનું કોઈ પણ દર્શન એવું નથી કે જે માત્ર વિશ્વચિંતન કરી સંતોષ ધારણ કરતું હોય; પણ તેથી ઊલટું આપણે એમ જોઈએ છીએ કે દરેક મુખ્ય કે તેનું શાખારૂપ દર્શન જગત, જીવ અને ઈશ્વર પરત્વે પોતાના વિશિષ્ટ વિચારો દર્શાવી છેવટે જીવનશોધનના પ્રશ્નને જ છણે છે અને જીવનશોધનની પ્રક્રિયા દર્શાવી વિરામ પામે છે. તેથી આપણે દરેક આર્ય દર્શનના મૂળ ગ્રંથમાં શરૂઆતમાં મોક્ષનો ઉદ્દેશ અને અંતમાં તેનો જ ઉપસંહાર જોઈએ છીએ. આ જ કારણને લીધે સાંખ્યદર્શન જેમ પોતાનો વિશિષ્ટ યોગ ધરાવે છે અને તે યોગ-દર્શનથી અભિન્ન છે, તેમ ન્યાય, વૈશેષિક અને વેદાંત દર્શનમાં પણ યોગના મૂળ સિદ્ધાંતો છે. બૌદ્ધ દર્શનમાં પણ એની વિશિષ્ટ યોગ-પ્રક્રિયાએ ખાસ સ્થાન રોકયું છે. એ જ રીતે જૈન દર્શન પણ યોગ-પ્રક્રિયા વિશે પૂરા વિચારો દર્શાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનશોધનના મૌલિક પ્રશ્નોની એકતા

આ રીતે આપણે જોયું કે જૈન દર્શનમાં મુખ્ય બે ભાગ છે: એક તત્ત્વચિંતનનો અને બીજો જીવનશોધનનો. અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે અને તે એ કે વૈદિક દર્શનની કોઈ પણ પરંપરા લો કે બૌદ્ધ દર્શનની કોઈ પરંપરા લો અને તેને જૈન દર્શનની પરંપરા સાથે સરખાવો તો એક વસ્તુ સ્પષ્ટ જણાશે કે આ બધી પરંપરાઓમાં જે ભેદ છે તે બે બાબતમાં છે: એક તો જગત, જીવ અને ઈશ્વરના સ્વરૂપચિંતન પરત્વે અને બીજો આચારનાં સ્થૂળ તેમ જ બાહ્ય વિધિવિધાનો અને સ્થૂળ રહેણીકરણી વિશે. પણ આર્ય દર્શનોની દરેક પરંપરામાં જીવનશોધનને લગતા મૌલિક પ્રશ્નો અને તેના ઉત્તરોમાં જરા પણ તફાવત નથી. કોઈ ઈશ્વર માને કે નહિ, કોઈ પ્રકૃતિવાદી હોય કે કોઈ પરમાણુવાદી, કોઈ આત્મભેદ સ્વીકારે કે આત્માનું એકત્વ સ્વીકારે, કોઈ આત્માને વ્યાપક અને નિત્ય માને કે કોઈ તેથી ઊલટું માને, એ જ રીતે કોઈ યજ્ઞયાગ દ્વારા ભક્તિ ઉપર ભાર મૂકે કે કોઈ વધારે કડક નિયમોને અવલંબી ત્યાગ ઉપર ભાર મૂકે; પણ દરેક પરંપરામાં આટલા પ્રશ્નો એકસરખા છે: દુઃખ છે કે નહિ? હોય તો તેનું કારણ શું? તે કારણનો નાશ શક્ય છે? અને શક્ય હોય તો કઈ રીતે? છેવટનું સાધ્ય શું હોવું જોઈએ? આ પ્રશ્નોના ઉત્તરો પણ દરેક પરંપરામાં એક જ છે. ભલે શબ્દભેદ હોય, સંક્ષેપ કે વિસ્તાર હોય, છતાં દરેકનો ઉત્તર એ જ છે કે અવિદ્યા અને તૃષ્ણા એ દુઃખનાં કારણો છે. તેનો નાશ સંભવિત છે. વિદ્યાથી અને તૃષ્ણાછેદ દ્વારા દુઃખનાં કારણોનો નાશ થતાં જ દુઃખ આપોઆપ નાશ પામે છે, અને એ જ જીવનનું મુખ્ય સાધ્ય છે. આર્ય દર્શનોની પરંપરા જીવનશોધનના મૌલિક વિચાર વિશે અને તેના નિયમો વિશે તદ્દન એકમત છે. તેથી અહીં જૈન દર્શન વિશે કાંઈ પણ કહેતાં મુખ્યપણે તેની જીવનશોધનની મીમાંસાનું જ સંક્ષેપમાં કથન કરવું વધારે પ્રાસંગિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનશોધનની જૈન પ્રક્રિયા

જૈન દર્શન કહે છે કે આત્મા સ્વાભાવિક રીતે શુદ્ધ અને સચ્ચિદાનંદરૂપ છે. એનામાં જે અશુદ્ધિ, વિકાર યા દુઃખરૂપતા દેખાય છે તે અજ્ઞાન અને મોહના અનાદિ પ્રવાહને આભારી છે. અજ્ઞાનને ઘટાડવા અને તદ્દન નષ્ટ કરવા તેમ મોહનો વિલય કરવા જૈન દર્શન એક બાજુ વિવેકશક્તિ વિકસાવવા કહે છે અને બીજી બાજુ તે રાગદ્વેષના સંસ્કારો નષ્ટ કરવા કહે છે. જૈન દર્શન આત્માને ત્રણ ભૂમિકાઓમાં વહેંચી નાખે છે. જ્યારે અજ્ઞાન અને મોહનું પૂર્ણ પ્રાબલ્ય હોય અને તેને લીધે આત્મા વાસ્તવિક તત્ત્વ વિચારી ન શકે તેમ જ સત્ય ને સ્થાયી સુખની દિશામાં એક પણ પગલું ભરવાની ઇચ્છા પણ કરી શકે, ત્યારે એ બહિરાત્મા કહેવાય છે. જીવની આ પ્રથમ ભૂમિકા થઈ. આ ભૂમિકા હોય ત્યાં સુધી પુનર્જન્મનું ચક્ર બંધ પડવાનો કદી સંભવ જ નથી. અને લૌકિક દૃષ્ટિએ ગમે તેટલો વિકાસ દેખાય છતાં ખરી રીતે એ આત્મા અવિકસિત જ હોય છે.

વિવેકશક્તિનો પ્રાદુર્ભાવ જ્યારે થાય અને રાગદ્વેષના સંસ્કારોનું બળ ઘટવા માંડે ત્યારે બીજી ભૂમિકા શરૂ થાય છે. એને જૈન દર્શન અંતરાત્મા કહે છે. આ ભૂમિકા વખતે જોકે દેહધારણને ઉપયોગી એવી બધી દુન્યવી પ્રવૃત્તિ ઓછીવત્તી ચાલતી હોય છે, છતાં વિવેકશક્તિના વિકાસના પ્રમાણમાં અને રાગદ્વેષની મંદતાના પ્રમાણમાં એ પ્રવૃત્તિ અનાસક્તિવાળી હોય છે. આ બીજી ભૂમિકામાં પ્રવૃત્તિ હોવા છતાં તેમાં અંતરથી નિવૃત્તિનું તત્ત્વ હોય છે.

બીજી ભૂમિકાનાં સંખ્યાબંધ ચડતાં પગથિયાં જ્યારે વટાવી દેવાય ત્યારે આત્મા પરમાત્માની દશાને પ્રાપ્ત થયો કહેવાય છે. આ જીવનશોધનની છેલ્લી ભૂમિકા અને પૂર્ણ ભૂમિકા છે. જૈન દર્શન કહે છે કે આ ભૂમિકાએ પહોંચ્યા પછી પુનર્જન્મનું ચક્ર હંમેશને માટે તદ્દન થંભી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે ઉપરના સંક્ષિપ્ત વર્ણન ઉપરથી જોઈ શકીએ છીએ કે અવિવેક (મિથ્યાદૃષ્ટિ) અને મોહ (તૃષ્ણા) એ બે જ સંસાર છે અથવા સંસારનાં કારણો છે. તેથી ઊલટું, વિવેક અને વીતરાગત્વ એ જ મોક્ષ છે અથવા મોક્ષનો માર્ગ છે. આ જ જીવનશોધનની સંક્ષિપ્ત જૈન મીમાંસા અનેક જૈન ગ્રંથોમાં અનેક રીતે, સંક્ષેપ કે વિસ્તારથી, તેમ જુદી જુદી પરિભાષાઓમાં વર્ણવેલી મળે છે, અને આ જ જીવનમીમાંસા અક્ષરશઃ વૈદિક તેમ જ બૌદ્ધ દર્શનોમાં પણ પદે પદે નજરે પડે છે.

કંઈક વિશેષ સરખામણી

ઉપર તત્ત્વજ્ઞાનની મૌલિક જૈન વિચારસરણી અને આધ્યાત્મિક વિકાસક્રમની જૈન વિચારસરણીનો બહુ જ ટૂંકમાં નિર્દેશ કર્યો છે. એ જ વિચારને વધારે સ્પષ્ટ કરવા અહીં ભારતીય બીજાં દર્શનોના વિચારો સાથે કાંઈક સરખામણી કરવી યોગ્ય છે.

(ક) જૈન દર્શન જગતને માયાવાદીની પેઠે માત્ર આભાસ કે માત્ર કાલ્પનિક નથી માનતું, પણ એ જગતને સત્ માને છે. તેમ છતાં જૈન દર્શન સંમત સત્-તત્ત્વ એ ચાર્વાકની પેઠે કેવળ જડ અર્થાત્ સહજ ચૈતન્યરહિત નથી. એ જ રીતે જૈન દર્શન સંમત સત્-તત્ત્વ એ શાંકર વેદાંત પ્રમાણે કેવળ ચૈતન્યમાત્ર પણ નથી. પરંતુ જેમ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને બૌદ્ધ દર્શન સત્-તત્ત્વને તદ્દન સ્વતંત્ર તેમ જ પરસ્પર ભિન્ન એવા જડ તેમ જ ચેતન બે ભાગોમાં વહેંચી નાખે છે, તેમ જૈન દર્શન પણ સત્-તત્ત્વની અનાદિસિદ્ધ જડ તથા ચેતન એવી બે પ્રકૃતિ સ્વીકારે છે, જે દેશ અને કાળના પ્રવાહમાં સાથે રહેવા છતાં મૂળમાં તદ્દન સ્વતંત્ર છે. જેમ ન્યાય, વૈશેષિક અને યોગદર્શન આદિ એમ સ્વીકારે છે કે આ જગતનું વિશિષ્ટ કાર્યસ્વરૂપ ભલે જડ અને ચેતન બે પદાર્થો ઉપરથી ઘડાતું હોય, છતાં એ કાર્યની પાછળ કોઈ અનાદિસિદ્ધ સમર્થ ચેતનશક્તિનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથ છે, એ ઈશ્વરીય હાથ સિવાય આવું અદ્‌ભુત કાર્ય સંભવી શકે નહિ, તેમ જૈન દર્શન નથી માનતું. એ પ્રાચીન સાંખ્ય, પૂર્વમીમાંસક અને બૌદ્ધ આદિની પેઠે માને છે કે જડ અને ચેતન એ બે સત્-પ્રવાહો આપોઆપ, કોઈ ત્રીજી વિશિષ્ટ શક્તિના હાથ સિવાય જ, ચાલ્યા કરે છે, અને તેથી આ જગતની ઉત્પત્તિ કે વ્યવસ્થા માટે ઈશ્વર જેવી સ્વતંત્ર અનાદિસિદ્ધ વ્યક્તિ સ્વીકારવાની એ ના પાડે છે. જોકે જૈન દર્શન ન્યાય, વૈશેષિક, બૌદ્ધ આદિની પેઠે જડ સત્-તત્ત્વને અનાદિસિદ્ધ અનંત વ્યક્તિરૂપ સ્વીકારે છે, અને સાંખ્યની પેઠે એક વ્યક્તિરૂપ નથી સ્વીકારતું, છતાં તે સાંખ્યના પ્રકૃતિગામી સહજ પરિણામવાદને અનંત પરમાણુ નામક જડ સત્-તત્ત્વોમાં સ્થાન આપે છે.

આ રીતે જૈન માન્યતા પ્રમાણે જગતનો પરિવર્તન-પ્રવાહ આપમેળે જ ચાલે છે, તેમ છતાં જૈન દર્શન એટલું તો સ્પષ્ટ કહે છે કે વિશ્વમાંની જે ઘટનાઓ કોઈનાં બુદ્ધિ અને પ્રયત્નને આભારી દેખાય છે તે ઘટનાઓની પાછળ ઈશ્વરનો નહિ પણ તે ઘટનાઓના પરિણામમાં ભાગીદાર થનાર સંસારી જીવનો હાથ છે, એટલે કે તેવી ઘટનાઓ જાણે-અજાણે કોઈ ને કોઈ સંસારી જીવનાં બુદ્ધિ અને પ્રયત્નને આભારી હોય છે. આ બાબતમાં પ્રાચીન સાંખ્ય અને બૌદ્ધ દર્શન જૈન દર્શન જેવા જ વિચારો ધરાવે છે.

વેદાન્ત દર્શન પ્રમાણે જૈન દર્શન સચેતન તત્ત્વને એક કે અખંડ નથી માનતું, પણ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક તેમ જ બૌદ્ધ આદિની પેઠે એ સચેતન તત્ત્વને અનેક વ્યક્તિરૂપે માને છે. તેમ છતાં એમની સાથે પણ જૈન દર્શનનો થોડો મતભેદ છે, અને તે એ છે કે જૈન દર્શનની માન્યતા પ્રમાણે સચેતન તત્ત્વ બૌદ્ધ માન્યતાની જેમ કેવળ પરિવર્તન-પ્રવાહ નથી, તેમ જ સાંખ્ય-ન્યાય આદિની પેઠે માત્ર કૂટસ્થ પણ નથી, કિન્તુ જૈન દર્શન કહે છે કે મૂળમાં સચેતન તત્ત્વ ધ્રુવ અર્થાત્ અનાદિ-અનંત હોવા છતાં એ દેશકાળની અસર ધારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા સિવાય રહી શકતું નથી. એટલે જૈન મત પ્રમાણે જીવ પણ જડની પેઠે પરિણામિનિત્ય છે. જૈન દર્શન ઈશ્વર જેવી કોઈ વ્યક્તિને તદ્દન સ્વતંત્રપણે નથી માનતું, છતાં એ ઈશ્વરના સમગ્ર ગુણો જીવ-માત્રમાં સ્વીકારે છે, તેથી જૈન દર્શન પ્રમાણે પ્રત્યેક જીવમાં ઈશ્વર-પણાની શક્તિ છે—ભલે તે આવરણથી દબાયેલી હોય; પણ જો જીવ યોગ્ય દિશામાં પ્રયત્ન કરે તો એ પોતામાં રહેલી ઈશ્વરીય શક્તિને પૂર્ણપણે વિકસાવી પોતે જ ઈશ્વર બને છે. આ રીતે જૈન માન્યતા પ્રમાણે ઈશ્વરતત્ત્વને અલાયદું સ્થાન ન હોવા છતાં તે ઈશ્વરતત્ત્વની માન્યતા ધરાવે છે અને તેની ઉપાસના પણ સ્વીકારે છે. જે જે જીવાત્મા કર્મવાસનાઓથી પૂર્ણપણે મુક્ત થયા તે બધા જ સમાનભાવે ઈશ્વર છે. તેમનો આદર્શ સામે રાખી પોતામાં રહેલી તેવી જ પૂર્ણ શક્તિ પ્રકટાવવી એ જૈન ઉપાસનાનું ધ્યેય છે. જેમ શાંકર વેદાંત માને છે કે જીવ પોતે જ બ્રહ્મ છે, તેમ જૈન દર્શન કહે છે કે જીવ પોતે જ ઈશ્વર કે પરમાત્મા છે. વેદાંતદર્શન પ્રમાણે જીવનો બ્રહ્મભાવ અવિદ્યાથી આવૃત છે અને અવિદ્યા દૂર થતાં અનુભવમાં આવે છે, તેમ જૈન દર્શન પ્રમાણે જીવનો પરમાત્મભાવ આવૃત છે અને તે આવરણ દૂર થતાં પૂર્ણપણે અનુભવમાં આવે છે. આ બાબતમાં ખરી રીતે જૈન અને વેદાંત વચ્ચે વ્યક્તિબહુત્વ સિવાય કશો જ ભેદ નથી.

(ખ) જૈન શાસ્ત્રમાં જે સાત તત્ત્વ કહેલાં છે તેમાંથી મૂળ જીવ અને અજીવ એ બે તત્ત્વ વિશે ઉપર સરખામણી કરી. હવે બાકી ખરી રીતે પાંચમાંથી ચાર[1] તત્ત્વો જ રહે છે. આ ચાર તત્ત્વો જીવન-શોધનને લગતાં અથવા આધ્યાત્મિક વિકાસક્રમને લગતાં છે, જેને ચારિત્રીય તત્ત્વો પણ કહી શકાય. બંધ, આસ્રવ, સંવર અને મોક્ષ એ ચાર તત્ત્વો છે. આ તત્ત્વોને બૌદ્ધ શાસ્ત્રોમાં અનુક્રમે દુઃખ, દુઃખ-

---

૧. નિર્જરાતત્ત્વને અહીં ગણતરીમાં નથી લીધું. આંશિક કર્મક્ષય તે નિર્જરા છે અને સર્વાંશે કર્મક્ષય તે મોક્ષ છે.—સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેતુ, નિર્વાણમાર્ગ અને નિર્વાણ એ ચાર આર્યસત્ય તરીકે વર્ણવેલાં છે. સાંખ્ય અને યોગશાસ્ત્રમાં એને જ હેય, હેયહેતુ, હાનોપાય અને હાન કહી ચતુર્વ્યૂહ તરીકે વર્ણવેલ છે. ન્યાય અને વૈશેષિક દર્શનમાં પણ એ જ વસ્તુ સંસાર, મિથ્યાજ્ઞાન, સમ્યક્‌જ્ઞાન અને અપવર્ગનાં નામ આપી વર્ણવેલ છે. વેદાંત દર્શનમાં સંસાર, અવિદ્યા, બ્રહ્મ-સાક્ષાત્કાર અને બ્રહ્મભાવના નામથી એ જ વસ્તુ દર્શાવવામાં આવી છે.

જૈન દર્શનમાં બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માની ત્રણ સંક્ષિપ્ત ભૂમિકાઓને જરા વિસ્તારી ચૌદ ભૂમિકારૂપે પણ વર્ણવેલી છે, જે જૈન પરંપરામાં ગુણસ્થાનના નામથી જાણીતી છે. યોગવાસિષ્ઠ જેવા વેદાન્તના ગ્રન્થોમાં પણ સાત અજ્ઞાનની અને સાત જ્ઞાનની એમ ચૌદ આત્મિક ભૂમિકાઓનું વર્ણન છે. સાંખ્ય-યોગ દર્શનની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એ પાંચ ચિત્તભૂમિકાઓ પણ એ જ ચૌદ ભૂમિકાઓનું સંક્ષિપ્ત વર્ગીકરણ માત્ર છે. બૌદ્ધ દર્શનમાં પણ એ જ આધ્યાત્મિક વિકાસક્રમને પૃથગ્જન, સોતાપન્ન આદિ તરીકે ૭ ભૂમિકાઓમાં વહેંચી વર્ણવેલો છે. આ રીતે આપણે બધાં જ ભારતીય દર્શનોમાં સંસારથી મોક્ષ સુધીની સ્થિતિ, તેનો ક્રમ અને તેનાં કારણો વિશે તદ્દન એક મત અને એક વિચાર વાંચીએ છીએ ત્યારે પ્રશ્ન થાય છે કે જ્યારે બધાં જ દર્શનોના વિચારોમાં મૌલિક એકતા છે ત્યારે પંથ પંથ વચ્ચે કદી ન સંધાય એવો આટલો બધો ભેદ કેમ દેખાય છે?

આનો ઉત્તર સ્પષ્ટ છે. પંથોની ભિન્નતા મુખ્ય બે વસ્તુઓને આભારી છે: તત્ત્વજ્ઞાનની જુદાઈ અને બાહ્ય આચાર-વિચારની જુદાઈ. કેટલાક પંથો તો એવા જ છે કે જેમના બાહ્ય આચાર-વિચારમાં તદ્દન્વત હોવા ઉપરાંત તત્ત્વજ્ઞાનની વિચારસરણીમાં પણ અમુક ભેદ હોય છે; જેમ કે વેદાન્ત, બૌદ્ધ અને જૈન આદિ પંથો. વળી કેટલાક પંથો કે તેના ફાંટાઓ એવા પણ હોય છે કે જેમની તત્ત્વજ્ઞાનવિષયક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારસરણીમાં ખાસ ભેદ હોતો જ નથી; તેમનો ભેદ મુખ્યત્વે બાહ્ય આચારને અવલંબી ઊભો થયેલો અને પોષાયેલો હોય છે; દાખલા તરીકે જૈન દર્શનની શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એ ત્રણે શાખાઓ ગણાવી શકાય.

આત્માને કોઈ એક માને કે કોઈ અનેક માને, કોઈ ઈશ્વરને માને કે કોઈ ન માને ઇત્યાદિ તાત્ત્વિક વિચારણાનો ભેદ બુદ્ધિના તરતમભાવ ઉપર નિર્ભર છે અને એ તરતમભાવ અનિવાર્ય છે. એ જ રીતે બાહ્ય આચાર અને નિયમોના ભેદો બુદ્ધિ, રુચિ તેમ જ પરિસ્થિતિના ભેદમાંથી જન્મે છે. કોઈ કાશી જઈ ગંગાસ્નાન અને વિશ્વનાથના દર્શનમાં પવિત્રતા માને; કોઈ બુદ્ધગયા અને સારનાથ જઈ બુદ્ધના દર્શનમાં કૃતકૃત્યતા માને; કોઈ શત્રુંજયને ભેટી સફળતા માને, કોઈ મક્કા અને જેરૂસલેમ જઈ ધન્યતા માને; એ જ રીતે કોઈ અગિયારસના તપ-ઉપવાસને અતિપવિત્ર ગણે; બીજો કોઈ અષ્ટમી અને ચતુર્દશીના વ્રતને મહત્ત્વ આપે; કોઈ તપ ઉપર બહુ ભાર ન આપતાં દાન ઉપર આપે તો બીજો કોઈ તપ ઉપર પણ વધારે ભાર આપે. આ રીતે પરંપરાગત ભિન્ન ભિન્ન સંસ્કારોનું પોષણ અને રુચિભેદનું માનસિક વાતાવરણ અનિવાર્ય હોવાથી બાહ્યાચાર અને પ્રવૃત્તિનો ભેદ કદી ભૂંસાવાનો નહિ. ભેદની ઉત્પાદક અને પોષક આટલી બધી વસ્તુઓ છતાં સત્ય એવું છે કે તે ખરી રીતે ખંડિત થતું જ નથી. તેથી જ આપણે ઉપરની આધ્યાત્મિક વિકાસક્રમને લગતી તુલનામાં જોઈએ છીએ કે ગમે તે રીતે, ગમે તે ભાષામાં અને ગમે તે રૂપમાં જીવનનું સત્ય એકસરખું જ બધા અનુભવી તત્ત્વજ્ઞોના અનુભવમાં પ્રગટ થયું છે.

પ્રસ્તુત વક્તવ્ય પૂરું કરું તે પહેલાં જૈન દર્શનની સર્વમાન્ય બે વિશેષતાઓનો ઉલ્લેખ કરી દઉં : અનેકાંત અને અહિંસા એ બે મુદ્દાઓની ચર્ચા ઉપર જ આખા જૈન સાહિત્યનું મંડાણ છે. જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર અને સંપ્રદાયની વિશેષતા આ બે બાબતોથી જ બતાવી શકાય. સત્ય ખરી રીતે એક જ હોય છે, પણ મનુષ્યની દૃષ્ટિ તેને એક રીતે ગ્રહણ કરી શકતી જ નથી. તેથી સત્યના દર્શન માટે મનુષ્યે પોતાની દૃષ્ટિમર્યાદા વિકસાવવી જોઈએ અને તેમાં સત્યગ્રહણની સંભવિત બધી જ રીતોને સ્થાન આપવું જોઈએ. આ ઉદાત્ત અને વિશાળ ભાવનામાંથી અનેકાંતની વિચારસરણીનો જન્મ થયેલો છે. એ સરણી કાંઈ વાદવિવાદમાં જય મેળવવા માટે કે વિતંડાવાદની સાઠમારી રમવા માટે અગર તો શબ્દછળની આંટીઘૂંટી ખેલવા માટે નથી યોજાયેલી; પણ એ તો જીવનશોધનના એક ભાગ તરીકે વિવેકશક્તિને વિકસાવવા અને સત્યદર્શનની દિશામાં આગળ વધવા માટે યોજાયેલી છે. તેથી અનેકાંત વિચારસરણીનો ખરો અર્થ એ છે કે સત્યદર્શનને લક્ષમાં રાખી તેના બધા અંશો અને ભાગોને એક વિશાળ માનસવર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું.

જેમ જેમ માણસની વિવેકશક્તિ વધે છે તેમ તેમ તેની દૃષ્ટિમર્યાદા વધવાને લીધે તેને પોતાની અંદર રહેલી સંકુચિતતાઓ અને વાસનાઓના દબાણની સામે થવું પડે છે. જ્યાં સુધી માણસ સંકુચિતતાઓ અને વાસનાઓ સામે ન થાય ત્યાં સુધી તે પોતાના જીવનમાં અનેકાંતના વિચારને વાસ્તવિક સ્થાન આપી જ નથી શકતો. તેથી અનેકાંતના વિચારની રક્ષા અને વૃદ્ધિના પ્રશ્નમાંથી જ અહિંસાનો પ્રશ્ન આવે છે. જૈન અહિંસા એ માત્ર ચુપચાપ બેસી રહેવામાં કે ધંધોધાપો છોડી દેવામાં કે માત્ર લાકડા જેવી નિશ્ચેષ્ટ સ્થિતિ સાધવામાં નથી સમાતી, પણ એ અહિંસા ખરા આત્મિક બળની અપેક્ષા રાખે છે. કોઈ પણ વિકાર ઊભો થયો, કોઈ વાસનાએ ડોકિયું કાઢ્યું કે કોઈ સંકુચિતતા મનમાં સરકી ત્યાં જૈન અહિંસા એમ કહે છે કે તું એ વિકારો, એ વાસનાઓ, એ સંકુચિતતાઓથી ન હણા, ન હાર, ન દબા. તું એની સામે ઝઝૂમ અને એ વિરોધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બળોને જીત. આ આધ્યાત્મિક જય માટેનો પ્રયત્ન એ જ મુખ્ય જૈન અહિંસા છે. આને સંયમ કહો, તપ કહો, ધ્યાન કહો કે કોઈ પણ તેવું આધ્યાત્મિક નામ આપો, પણ એ વસ્તુતઃ અહિંસા જ છે. અને જૈન દર્શન એમ કહે છે કે અહિંસા એ માત્ર સ્થૂલ આચાર નથી, પણ તે શુદ્ધ વિચારના પરિપાકરૂપે અવતરેલો જીવનોત્કર્ષક આચાર છે.

ઉપર વર્ણવેલ અહિંસાના સૂક્ષ્મ અને વાસ્તવિક રૂપમાંથી કોઈ પણ બાહ્યાચાર જન્મ્યો હોય અગર એ સૂક્ષ્મ રૂપની પુષ્ટિ માટે કોઈ આચાર નિર્માયો હોય તો તેને જૈન તત્ત્વજ્ઞાનમાં અહિંસા તરીકે સ્થાન છે. તેથી ઊલટું, દેખીતી રીતે અહિંસામય ગમે તે આચાર કે વ્યવહારના મૂળમાં જો ઉપરનું અહિંસાનું આંતરિક તત્ત્વ સંબંધ ન ધરાવતું હોય તો તે આચાર અને તે વ્યવહાર જૈન દૃષ્ટિએ અહિંસા છે કે અહિંસાના પોષક છે એમ ન કહી શકાય.

અહીં જૈન તત્ત્વજ્ઞાનને લગતા વિચારમાં પ્રમેયચર્ચા જાણીને જ લંબાવી નથી. માત્ર એ વિશેની જૈન વિચારસરણીનો ઇશારો કર્યો છે. આચારની બાબતમાં પણ કોઈ બહારના નિયમો અને બંધારણ વિશે જાણીને જ ચર્ચા નથી કરી, પણ આચારના મૂળ તત્ત્વોની જીવનશોધન રૂપે સહેજ ચર્ચા કરી છે, જેને જૈન પરિભાષામાં આસ્રવ, સંવર આદિ તત્ત્વો કહેવામાં આવે છે.

[દઅચિં૦ ભા૦ ૨, પૃ૦ ૧૦૪૯-૧૦૬૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬

આધ્યાત્મિક વિકાસક્રમ

મોક્ષ એટલે આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા. આવી પૂર્ણતા કાંઈ એકાએક પ્રાપ્ત થઈ શકતી નથી, કારણ, તેને પ્રાપ્ત કરવામાં અમુક વખત વ્યતીત કરવો પડે છે, તેથી જ મોક્ષ મેળવવા માટે આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો ક્રમ સ્વીકારવો પડે છે. તત્ત્વજિજ્ઞાસુઓના હૃદયમાં સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો ક્રમ કેવા પ્રકારનો હોય છે?

આત્માની ત્રણ અવસ્થા

આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમનો વિચાર આવતાં જ તેની સાથે તેના આરંભનો અને સમાપ્તિનો વિચાર આવે છે. તેનો આરંભ એ તેની પૂર્વ સીમા અને તેની સમાપ્તિ એ તેની ઉત્તર સીમા. પૂર્વ સીમાથી ઉત્તર સીમા સુધી વિકાસનો વૃદ્ધિક્રમ એ જ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિક્રમની મર્યાદા. તેના પહેલાંની સ્થિતિ એ આધ્યાત્મિક અ-વિકાસ અથવા પ્રાથમિક સંસારદશા, અને તેની પછીની સ્થિતિ એ મોક્ષ અથવા આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા. આ રીતે કાળની દૃષ્ટિએ સંક્ષેપમાં આત્માની અવસ્થા ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે: (અ) આધ્યાત્મિક અવિકાસ, (બ) આધ્યાત્મિક વિકાસક્રમ, (ક) મોક્ષ.

અ. આત્મા સ્થાયી સુખ અને પૂર્ણ જ્ઞાન માટે તલસે છે, તેમ જ તે દુઃખ કે અજ્ઞાનને જરાયે પસંદ કરતો નથી. છતાં તે દુઃખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને અજ્ઞાનના વમળમાં ગોથાં ખાય છે, તેનું શું કારણ? આ એક ગૂઢ પ્રશ્ન છે. પણ તેનો ઉત્તર તત્ત્વજ્ઞોને સ્ફુરેલો છે. તે એ છે કે "સુખ અને જ્ઞાન મેળવવાની સ્વાભાવિક વૃત્તિથી આત્માનું પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાનમય સ્વરૂપ સાબિત થાય છે, કારણ કે તે જ્યાં સુધી પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન ન મેળવે ત્યાં સુધી સંતોષ પામી શકતો નથી; છતાં તેના ઉપર અજ્ઞાન અને રાગદ્વેષના એવા પ્રબળ સંસ્કારો છે કે જેને લીધે તે ખરા સુખનું ભાન કરી શકતો નથી, અગર કાંઈક ભાન થયું તોપણ તે ખરા સુખની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરી શકતો નથી." અજ્ઞાન એ ચેતનાના સ્ફુરણનું વિરોધી તત્ત્વ છે. તેથી જ્યાં સુધી અજ્ઞાનની તીવ્રતા હોય ત્યાં સુધી ચેતનાનું સ્ફુરણ અત્યંત મંદ હોય છે. તેને લીધે ખરા સુખ અને ખરા સુખના સાધનનો ભાસ જ થવા પામતો નથી. આ કારણથી આત્મા પોતે એક વિષયમાં સુખ મળવાની ધારણાથી પ્રવૃત્તિ કરે છે અને તેમાં છેવટે નિરાશ થવાથી બીજા વિષય તરફ વળે છે. બીજા વિષયમાં નિરાશ થતાં વળી ત્રીજા વિષય તરફ દોડે છે. આ રીતે તેની સ્થિતિ વમળમાં પડેલ લાકડાના જેવી કે વંટોળિયામાં ઊડતા તણખલા જેવી થઈ જાય છે. આવી કષ્ટપરંપરા અનુભવતાં કાંઈક અજ્ઞાન ઓછું થાય છે, તોય રાગદ્વેષની તીવ્રતાને લીધે સુખની ખરી દિશામાં પ્રયાણ કરી શકાતું નથી. અજ્ઞાનની સહજ મંદતાથી ઘણીવાર એવું ભાન થાય છે કે સુખ અને દુઃખનાં બીજ બાહ્ય જગતમાં નથી, છતાં રાગદ્વેષની તીવ્રતાને પરિણામે પૂર્વપરિચિત વિષયોને જ સુખ અને દુઃખનાં સાધન માની તેમાં હર્ષ અને વિષાદનો અનુભવ થયા કરે છે. આ સ્થિતિ ચોક્કસ લક્ષ્ય વિનાની હોવાથી દિશાનો ચોક્કસ નિશ્ચય કર્યા સિવાય વહાણ હંકારનાર ખલાસીની સ્થિતિ જેવી છે. આ જ સ્થિતિ આધ્યાત્મિક અવિકાસકાળની છે.

બ. અજ્ઞાન અને રાગદ્વેષના ચક્રનું બળ પણ હંમેશાં જેવું ને તેવું ન જ રહી શકે, કારણ, તે બળ ગમે તેટલું વધારે હોય તોપણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેવટે આત્મિક બળ સામે તો અગણ્ય છે. લાખો મણ ઘાસ અને લાકડાંને બાળવા તેટલા જ અગ્નિની જરૂર નથી હોતી; તે માટે તો અગ્નિનો એક કણ પણ બસ છે. શુભ, પ્રમાણમાં થોડું હોય તોપણ તે લાખોગણા અશુભ કરતાં વધારે બળવાન હોય છે. જ્યારે આત્મામાં ચેતનતાનું સ્ફુરણ સહજ વધે છે અને રાગદ્વેષ સાથેના આત્માના યુદ્ધમાં જ્યારે રાગદ્વેષની શક્તિ ઘટે છે, ત્યારે આત્માનું વીર્ય, જે અત્યાર સુધી ઊલટી દિશામાં કામ કરતું, તે ખરી દિશામાં વળે છે. તે જ વખતે આત્મા પોતાના ધ્યેયનો નિર્ધાર કરી તે મેળવવા દૃઢ નિશ્ચય કરી લે છે અને તે માટે તે પ્રવૃત્તિ કરવા લાગે છે. આ વખતે આધ્યાત્મિક વિકાસનો પાયો નંખાય છે. હવે પછી આત્મા પોતાની જ્ઞાન અને વીર્યશક્તિની મદદ લઈ અજ્ઞાન અને રાગદ્વેષ સાથે કુસ્તી કરવા અખાડામાં ઊતરી જાય છે; કદાચ તે કયારેક હાર ખાય છે, પણ છેવટે તે હારના પરિણામે જ વધેલ જ્ઞાન અને વીર્ય-શક્તિને લઈ હરાવનાર અજ્ઞાન અને રાગદ્વેષને દબાવતો જ જાય છે. જેમ જેમ તે દબાવતો જાય છે તેમ તેમ તેનો ઉત્સાહ વધતો જાય છે. ઉત્સાહવૃદ્ધિ સાથે જ એક અપૂર્વ આનંદની લહેર છૂટે છે, અને આનંદની લહરીમાં આનખશિખ ડૂબેલ આત્મા અજ્ઞાન તેમ જ રાગ-દ્વેષના ચક્રને વધારે ને વધારે નિર્બળ કરતો પોતાની સહજ સ્થિતિ તરફ આગળ વધતો જાય છે. આ સ્થિતિ આધ્યાત્મિક વિકાસક્રમની છે.

ક. આ સ્થિતિની છેવટની મર્યાદા એ જ વિકાસની પૂર્ણતા. આ પૂર્ણતા પ્રાપ્ત થઈ એટલે સંસારથી પર સ્થિતિ પ્રાપ્ત થઈ. તેમાં કેવળ સ્વાભાવિક આનંદનું જ સામ્રાજ્ય હોય છે. આ મોક્ષકાળ.

ચૌદ ગુણસ્થાન અને તેની સમજૂતી

જૈન સાહિત્યના પ્રાચીન ગ્રંથો, જે આગમના નામથી ઓળખાય છે, તેમાં સુધ્ધાં આધ્યાત્મિક વિકાસના ક્રમ સંબંધી વિચારો વ્યવસ્થિત રીતે મળી આવે છે. તેમાં આત્મિક સ્થિતિના ચૌદ વિભાગો કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યા છે, જે ગુણસ્થાનને નામે ઓળખાય છે.

ગુણસ્થાન—ગુણ એટલે આત્માની ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ શક્તિઓ. સ્થાન એટલે તે શક્તિઓની શુદ્ધતાની તરતમ-ભાવવાળી અવસ્થાઓ. આત્માના સહજ ગુણો વિવિધ આવરણોથી સંસારદશામાં આવૃત છે. જેમ જેમ આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું વિશેષ તેટલી ગુણોની શુદ્ધિ વિશેષ અને આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું ઓછું તેટલી ગુણોની શુદ્ધિ ઓછી. આ રીતે આત્મિક ગુણોની શુદ્ધિના પ્રકર્ષ કે અપકર્ષવાળા અસંખ્યાત પ્રકારો સંભવે છે, પણ સંક્ષેપમાં તેને ચૌદ ભાગમાં વહેંચી નાખેલા છે, જે ગુણસ્થાન કહેવાય છે. ગુણસ્થાનની કલ્પના મુખ્યતયા મોહનીય કર્મની વિરલતા અને ક્ષયને આધારે કરવામાં આવી છે. મોહનીય કર્મની મુખ્ય બે શક્તિઓ છે. પહેલી શક્તિનું કાર્ય આત્માના સમ્યક્ત્વ ગુણને આવૃત કરવાનું છે, જેથી આત્મામાં તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થવા પામતું નથી. બીજી શક્તિનું કાર્ય આત્માના ચારિત્રગુણને આવૃત કરવાનું છે, જેથી આત્મા તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થયા છતાં પણ તદનુસાર પ્રવૃત્તિ કરી સ્વરૂપલાભ કરી શકતો નથી. સમ્યક્ત્વની પ્રતિબંધક એવી મોહનીયની પ્રથમ શક્તિ દર્શનમોહનીય અને ચારિત્રની પ્રતિબંધક એવી મોહનીયની બીજી શક્તિ ચારિત્ર-મોહનીય કહેવાય છે. આ બેમાં દર્શનમોહનીય પ્રબળ છે, કારણ કે જ્યાં સુધી તેની વિરલતા કે ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી. દર્શનમોહનીયનું બળ ઘટ્યું એટલે ચારિત્રમોહનીય ક્રમે ક્રમે નિર્બળ થઈ છેવટે સર્વથા ક્ષીણ થવાનું જ. સમસ્ત કર્મા-વરણોમાં પ્રધાનતમ અને બલવત્તમ મોહનીય જ છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી મોહનીયની શક્તિ તીવ્ર હોય ત્યાં સુધી અન્ય આવરણો તીવ્ર જ રહે છે અને તેની શક્તિ ઘટતાં જ અન્ય આવ-રણોનું બળ મંદ થતું જાય છે. આ જ કારણથી ગુણસ્થાનોની કલ્પના મોહનીય કર્મના તરતમભાવને આધારે કરવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ગુણસ્થાનો આ પ્રમાણે: (૧) મિથ્યાદૃષ્ટિ,[૧] (૨) સાસ્વાદન, (૩) સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ, (૪) અવિરતસમ્યગ્‌દૃષ્ટિ, (૫) દેશવિરતિ (વિરતાવિરત), (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમત્તસંયત, (૮) અપૂર્વકરણ (નિવૃત્તિબાદર), (૯) અનિવૃત્તિબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાંતમોહ, (૧૨) ક્ષીણમોહ, (૧૩) સયોગકેવલી, (૧૪) અયોગકેવલી.

(૧) જે અવસ્થામાં દર્શનમોહનીયની પ્રબળતાને લીધે સમ્યક્‌ત્વ ગુણ આવૃત થયેલો હોવાથી આત્માની તત્ત્વરુચિ જ પ્રગટી શકતી નથી અને જેથી તેની દૃષ્ટિ મિથ્યા (સત્ય વિરુદ્ધ) હોય છે તે અવસ્થા મિથ્યાદૃષ્ટિ.

(૨) અગિયારમા ગુણસ્થાનથી પતિત થઈ પ્રથમ ગુણસ્થાન ઉપર આવતાં વચ્ચે બહુ જ થોડા વખત સુધી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તે અવસ્થા સાસ્વાદન. આનું સાસ્વાદન નામ એટલા માટે છે કે તેમાં પતનોન્મુખ આત્માને તત્ત્વરુચિનો સ્વલ્પ પણ આસ્વાદ હોય છે, જેવી રીતે મિષ્ટાન્નના ભોજન બાદ ઊલટી થતી વખતે એક વિલક્ષણ સ્વાદ હોય છે. આ બીજું ગુણસ્થાન પતનોન્મુખ આત્માને જ હોય છે.

(૩) હીંચકે હીંચકતા માણસની પેઠે જે અવસ્થામાં આત્મા દોલાયમાન હોય છે, જેને લીધે તે સર્વથા સત્યદર્શન કરી શકતો નથી કે સર્વથા મિથ્યાદૃષ્ટિની સ્થિતિમાં રહી શકતો નથી અર્થાત્ તેની સંશયાળુ જેવી સ્થિતિ બની જાય છે, તે અવસ્થા સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનું વિષ પ્રથમ જેટલું તીવ્ર રહેતું નથી, પણ તે હોય છે ખરું.

(૪) જે અવસ્થામાં દર્શનમોહનીયનું બળ કાં તો બિલકુલ શમી જાય છે કે વિરલ થઈ જાય છે, અને કાં તો બિલકુલ ક્ષીણ થઈ

૧. જુઓ સમવાયાંગ, ૧૪મો સમવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે, જેને લીધે આત્મા અસંદિગ્ધપણે સત્યદર્શન કરી શકે છે. આ અવસ્થા અવિરતસમ્યગ્દૃષ્ટિ. આનું અવિરત નામ એટલા માટે છે કે તેમાં ચારિત્રમોહનીયની સત્તા સવિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય પામતી નથી.

(૫) જે અવસ્થામાં સત્યદર્શન ઉપરાંત અલ્પાંશે પણ ત્યાગવૃત્તિનો ઉદય થાય છે તે દેશવિરતિ. આમાં ચારિત્રમોહનીયની સત્તા અવશ્ય ઘટેલી હોય છે અને તેની કમીના પ્રમાણમાં ત્યાગવૃત્તિ હોય છે.

(૬) જે અવસ્થામાં ત્યાગવૃત્તિ પૂર્ણ રીતે ઉદય પામે છે, છતાં વચ્ચે વચ્ચે પ્રમાદ (સ્ખલન) સંભવે છે, તે પ્રમત્તસંયત.

(૭) જે અવસ્થામાં પ્રમાદનો જરાયે સંભવ નથી તે અપ્રમત્તસંયત.

(૮) જે અવસ્થામાં પહેલાં કદાપિ પણ નહિ અનુભવેલ આત્મ-શુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ–આત્મિક સામર્થ્ય–પ્રગટે છે તે અવસ્થા અપૂર્વકરણ. આનું બીજું નામ નિવૃત્તિબાદર પણ છે.

(૯) જે અવસ્થામાં ચારિત્રમોહનીય કર્મના શેષ રહેલ અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતું હોય છે, તે અવસ્થા અનિવૃત્તિબાદર.

(૧૦) જે અવસ્થામાં મોહનીયનો અંશ લોભરૂપે જ ઉદયમાન હોય છે અને તે પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં, તે અવસ્થા સૂક્ષ્મસંપરાય.

(૧૧) જે અવસ્થામાં સૂક્ષ્મ લોભ સુધ્ધાં શમી જાય છે, તે ઉપ-શાંતમોહનીય. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો, પણ ચારિત્રમોહનીયનો તેવો ક્ષય નથી હોતો, માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે. આને લીધે જ મોહનો ફરી ઉદ્રેક થતાં આ ગુણ-સ્થાનથી અવશ્ય પતન થાય છે અને પ્રથમ ગુણસ્થાન સુધી જવું પડે છે.

(૧૨) જે અવસ્થામાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો સર્વથા ક્ષય થઈ જાય છે તે ક્ષીણમોહનીય. આ સ્થિતિથી પતન સંભવતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ નથી.

(૧૩) જે અવસ્થામાં મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગ દશા પ્રગટવા સાથે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે, તે અવસ્થા સયોગગુણસ્થાન. આ ગુણસ્થાનમાં શારીરિક, માનસિક અને વાચિક વ્યાપાર હોય છે. એથી આને જીવન્મુક્તિ કહી શકાય.

(૧૪) જે અવસ્થામાં શારીરિક, માનસિક, વાચિક પ્રવૃત્તિનો પણ અભાવ થઈ જાય છે તે અયોગગુણસ્થાન. આ ગુણસ્થાન છેલ્લું છે. તેથી શરીરપાત થતાં જ તેની સમાપ્તિ થાય છે અને ત્યાર બાદ ગુણસ્થાનાતીત વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે.[૧]

પ્રથમ ગુણસ્થાન એ અવિકાસકાળ છે. બીજા અને ત્રીજા એ બે ગુણસ્થાનમાં વિકાસનું સહજ સ્ફુરણ હોય છે, પણ તેમાં પ્રબળતા અવિકાસની જ હોય છે. ચોથાથી વિકાસ ક્રમશઃ વધતાં વધતાં તે છેવટે ચૌદમા ગુણસ્થાને પૂર્ણ કલાએ પહોંચે છે અને ત્યાર બાદ મોક્ષ પ્રાપ્ત થાય છે. જૈન વિચારસરણીનું પૃથક્કરણ એટલું જ કરી શકાય કે પહેલાં ત્રણ ગુણસ્થાનો એ અવિકાસકાળ છે અને ચોથાથી ચૌદમા સુધીનાં ગુણસ્થાનો વિકાસ અને તેની વૃદ્ધિનો કાળ છે; ત્યારબાદ મોક્ષકાળ છે.

શ્રી હરિભદ્રસૂરિએ બીજી રીતે વર્ણવેલ વિકાસક્રમો

આ પ્રાચીન જૈન વિચારને હરિભદ્રસૂરિએ બીજી રીતે પણ વર્ણવ્યો છે. તેઓના વર્ણનમાં બે પ્રકાર છે.

આઠ દૃષ્ટિનો પહેલો પ્રકાર

પહેલા પ્રકારમાં અવિકાસ અને વિકાસક્રમ બન્નેનો સમાવેશ

૧. જુઓ કર્મગ્રંથ બીજાની મારી પ્રસ્તાવના તથા વ્યાખ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલ છે.[૧] અવિકાસકાળને તેઓ ઓઘદૃષ્ટિના નામથી અને વિકાસક્રમને સદ્દૃષ્ટિના નામથી ઓળખાવે છે. સદ્દૃષ્ટિના મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા એવા આઠ વિભાગ કરે છે. આ આઠે વિભાગોમાં ઉત્તરોત્તર વિકાસનો ક્રમ વધતો જાય છે.

દૃષ્ટિ એટલે દર્શન અથવા બોધ. આના બે પ્રકાર છે: પહેલામાં સત્શ્રદ્ધાનો (તાત્ત્વિક રુચિનો) અભાવ હોય છે, જ્યારે બીજામાં સત્શ્રદ્ધા હોય છે. પહેલો પ્રકાર ઓઘદૃષ્ટિ અને બીજો યોગદૃષ્ટિ કહેવાય છે. પહેલામાં આત્માનું વલણ સંસારપ્રવાહ તરફ અને બીજામાં આધ્યાત્મિક વિકાસ તરફ હોય છે. તેથી યોગદૃષ્ટિ એ સદ્દૃષ્ટિ કહેવાય છે.

જેમ સમેઘ રાત્રિ, અમેઘ રાત્રિ; સમેઘ દિવસ અને અમેઘ દિવસમાં અનુક્રમે અતિમંદતમ, મંદતમ, મંદતર, અને મંદ ચાક્ષુષ જ્ઞાન હોય છે; તેમાંય ગ્રહાવિષ્ટ અને ગ્રહમુક્ત પુરુષના ભેદથી, બાળ અને તરુણ પુરુષના ભેદથી, તેમ જ વિકૃત નેત્રવાળા અને અવિકૃત નેત્રવાળા પુરુષના ભેદથી ચાક્ષુષ જ્ઞાનની અસ્પષ્ટતા કે સ્પષ્ટતા તરતમભાવે હોય છે; તેવી રીતે ઓઘદૃષ્ટિની દશામાં સંસારપ્રવાહનું વલણ છતાં આવરણના તરતમભાવે જ્ઞાન તારતમ્યવાળું હોય છે. આ ઓઘદૃષ્ટિ ગમે તેવી હોય તોયે તે આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ અસદ્દૃષ્ટિ જ છે. ત્યાર બાદ જ્યારથી આધ્યાત્મિક વિકાસનો આરંભ થાય છે, પછી ભલે તેમાં બાહ્ય જ્ઞાન ઓછું હોય છતાં, ત્યારથી સદ્દૃષ્ટિ શરૂ થાય છે, કારણ કે તે વખતે આત્માનું વલણ સંસારોન્મુખ ન રહેતાં મોક્ષોન્મુખ થઈ જાય છે.

આ સદ્દૃષ્ટિ (યોગદૃષ્ટિ)ના, વિકાસના તારતમ્ય પ્રમાણે આઠ ભેદો છે. આ આઠ ભેદોમાં ઉત્તરોત્તર બોધ અને સવિશેષ જાગૃતિ થાય છે. પહેલી મિત્રા નામક દૃષ્ટિમાં બોધ અને વીર્યનું બળ તૃણાગ્નિની

૧. જુઓ યોગદૃષ્ટિસમુચ્ચય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભા જેવું હોય છે. બીજી તારા દૃષ્ટિમાં છાણાના અગ્નિની પ્રભા જેવું; ત્રીજી બલા દૃષ્ટિમાં લાકડાના અગ્નિની પ્રભા જેવું; ચોથી દીપ્રા દૃષ્ટિમાં દીવાની પ્રભા જેવું; પાંચમી સ્થિરા દૃષ્ટિમાં રત્નની પ્રભા જેવું; છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં નક્ષત્રની પ્રભા જેવું; સાતમી પ્રભા દૃષ્ટિમાં સૂર્યની પ્રભા જેવું, અને આઠમી પરા દૃષ્ટિમાં ચંદ્રની પ્રભા જેવું હોય છે.

જોકે આમાંની પહેલી ચાર દૃષ્ટિઓમાં સ્પષ્ટપણે જ્ઞેય આત્મ-સ્વરૂપનું સંવેદન નથી હોતું, ફક્ત છેલ્લી ચાર દૃષ્ટિઓમાં જ તેવું સંવેદન હોય છે, છતાં પ્રથમની ચાર દૃષ્ટિઓને સદ્દૃષ્ટિમાં ગણવાનું કારણ એ છે કે તે સ્થિતિમાં આવ્યા પછી આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો માર્ગ નિશ્ચિત થઈ જાય છે. યોગનાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ—એ આઠ અંગોને આધારે સદ્દૃષ્ટિના આઠ વિભાગો સમજવાના છે. પહેલી દૃષ્ટિમાં યમની સ્થિરતા, બીજીમાં નિયમની, એમ અનુક્રમે આઠમીમાં સમાધિની સ્થિરતા મુખ્યપણે હોય છે.

પહેલી મિત્રા આદિ ચાર દૃષ્ટિઓમાં આધ્યાત્મિક વિકાસ હોય છે ખરો, પણ તેમાં કાંઈક અજ્ઞાન અને મોહનું પ્રાબલ્ય રહે છે; જ્યારે સ્થિરા આદિ પાછલી ચાર દૃષ્ટિઓમાં જ્ઞાન અને નિર્મોહતાનું પ્રાબલ્ય વધતું જાય છે.

યોગના પાંચ ભાગ રૂપ બીજો પ્રકાર

બીજા પ્રકારના[1] વર્ણનમાં તે આચાર્યે માત્ર આધ્યાત્મિક વિકાસના ક્રમનું જ યોગરૂપે વર્ણન કર્યું છે; તે પહેલાંની સ્થિતિ વર્ણવી નથી.

યોગ એટલે જેનાથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય તેવો ધર્મવ્યાપાર. અનાદિ કાળચક્રમાં જ્યાં સુધી આત્માની પ્રવૃત્તિ સ્વરૂપ–પરાઙ્મુખ

૧. જુઓ યોગબિંદુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોઈ લક્ષ્યભ્રષ્ટ હોય છે, ત્યાં સુધીની તેની બધી ક્રિયા શુભાશય વિનાની હોવાથી યોગકોટિમાં આવતી નથી. જ્યારથી તેની પ્રવૃત્તિ અદલાઈ સ્વરૂપોન્મુખ થાય છે, ત્યારથી જ તેની ક્રિયામાં શુભાશયનું તત્ત્વ દાખલ થાય છે અને તેથી તેવો શુભાશયવાળો વ્યાપાર ધર્મ-વ્યાપાર કહેવાય છે અને તે પરિણામે મોક્ષજનક હોઈ યોગ નામને પાત્ર બને છે. આ રીતે આત્માના અનાદિ સંસારકાળના બે ભાગ થઈ જાય છે : એક અધાર્મિક અને બીજો ધાર્મિક. અધાર્મિક કાળમાં ધર્મની પ્રવૃત્તિ હોય તોપણ તે ધર્મ ખાતર નથી હોતી, કેવળ 'લોકપંક્તિ' (લોકરંજન) ખાતર હોય છે. તેથી તેવી પ્રવૃત્તિ ધર્મ-કોટિમાં ગણવા યોગ્ય નથી. ધર્મ ખાતર ધર્મની પ્રવૃત્તિ ધાર્મિક કાળમાં જ શરૂ થાય છે, તેથી તે પ્રવૃત્તિ યોગ કહેવાય છે.[૧]

યોગના તેઓએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિ-સંક્ષય એવા પાંચ ભાગો કરેલા છે.

(૧) જ્યારે થોડા કે ઘણા ત્યાગ સાથે શાસ્ત્રીય તત્ત્વચિંતન હોય છે અને મૈત્રી, કરુણાદિ ભાવનાઓ વિશેષ સિદ્ધ થઈ જાય છે, ત્યારે તે સ્થિતિ અધ્યાત્મ કહેવાય છે.

(૨) જ્યારે મન સમાધિપૂર્વક સતત અભ્યાસ કરવાથી અધ્યાત્મ વડે સવિશેષ પુષ્ટ થાય છે, ત્યારે તે ભાવના છે. ભાવનાથી અશુભ અભ્યાસ ટળે છે, શુભ અભ્યાસની અનુકૂળતા વધે છે અને સુંદર ચિત્તની વૃદ્ધિ થાય છે.

(૩) જ્યારે ચિત્ત ફક્ત શુભ વિષયને જ આલંબીને રહેલું હોય છે, અને તેથી તે સ્થિર દીપક જેવું પ્રકાશમાન હોઈ સૂક્ષ્મ બોધ-વાળું બની જાય છે ત્યારે તે ધ્યાન કહેવાય છે. ધ્યાનથી દરેક કામમાં ચિત્ત આત્માધીન થઈ જાય છે, ભાવ નિશ્ચલ થાય છે અને બંધનોનો વિચ્છેદ થાય છે.

---

૧. જુઓ યોગબિંદુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) અજ્ઞાનને લીધે ઇષ્ટ–અનિષ્ટરૂપે કલ્પાયેલી વસ્તુઓમાંથી જ્યારે વિવેકને લીધે ઇષ્ટ–અનિષ્ટપણાની ભાવના નષ્ટ થાય છે ત્યારે તેવી સ્થિતિ સમતા કહેવાય છે.

(૫) વાસનાના સંબંધથી ઉત્પન્ન થનારી વૃત્તિઓનો નિર્મૂળ નિરોધ કરવો તે વૃત્તિસંક્ષય.[૧]

આ બન્ને પ્રકારનાં વર્ણનો એ પ્રાચીન જૈન ગુણસ્થાનકના વિચારોનું નવીન પદ્ધતિએ વર્ણન માત્ર છે.

[દ્રઅચિં૦ ભા૦ ૨, પૃ૦ ૧૦૧૧-૧૦૧૪, ૧૦૧૭-૧૦૨૧]

૧. જુઓ યોગબિંદુ શ્લોક ૩૫૭ થી ૩૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭

અહિંસા

અહિંસાનો સિદ્ધાંત આર્ય પરંપરામાં ઘણો પ્રાચીન છે. અને એનો આદર પણ બધી આર્ય શાખાઓમાં એકસરખો થતો રહ્યો છે. આમ છતાં પ્રજાજીવનના વિસ્તાર અને જુદી જુદી ધાર્મિક પરંપરાઓના વિકાસની સાથે સાથે એ સિદ્ધાંત સંબંધી વિચાર તથા વ્યવહારમાં પણ અનેકમુખી વિકાસ થયેલો જોવાય છે. અહિંસા સંબંધી વિચારના મુખ્ય બે ઝરણાં, પ્રાચીન કાળથી જ, આર્ય પરંપરામાં વહેતાં થયાં હોય એમ લાગે છે. એક ઝરણું મુખ્યત્વે શ્રમણ જીવનના આધારે વહેતું થયું; જ્યારે બીજું ઝરણું બ્રાહ્મણ પરંપરા–ચતુર્વિધ આશ્રમ–ના જીવનવિચારને આધારે પ્રવાહિત થયું. અહિંસાના તાત્ત્વિક વિચારની દૃષ્ટિએ આ બન્ને ઝરણાંઓ વચ્ચે કોઈ મતભેદ જોવામાં નથી આવતો, પરંતુ વ્યાવહારિક બાજુ કે જીવનમાં એના ઉપયોગની દૃષ્ટિએ કેવળ એ બન્ને ઝરણાંઓમાં જ નહીં, બલ્કે પ્રત્યેક શ્રમણ તેમ જ બ્રાહ્મણ ઝરણાની નાની-મોટી અવાંતર શાખાઓમાં પણ અનેક પ્રકારના મતભેદ કે અંદરઅંદરના વિરોધ જોવામાં આવે છે. એનું મુખ્ય કારણ જીવનદૃષ્ટિનો ભેદ છે. શ્રમણ પરંપરાની જીવનદૃષ્ટિ મુખ્યત્વે વ્યક્તિગત અને આધ્યાત્મિક છે, જ્યારે બ્રાહ્મણ પરંપરાની જીવનદૃષ્ટિ મુખ્યત્વે સામાજિક કે લોકસંગ્રાહક છે. પહેલીમાં લોકસંગ્રહ એટલે અંશે જ ઇષ્ટ છે કે જ્યાં સુધી એ આધ્યાત્મિકતાનો વિરોધી ન હોય; જ્યાં એનો આધ્યાત્મિકતા સાથે વિરોધ દેખાવા લાગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં પહેલી દૃષ્ટિ લોકસંગ્રહ તરફ ઉદાસીન રહેવાની કે એનો વિરોધ કરવાની; જ્યારે બીજી દૃષ્ટિમાં લોકસંગ્રહ એટલા મોટા પાયા પર કરવામાં આવ્યો છે કે જેથી એમાં આધ્યાત્મિકતા અને ભૌતિકતાની વચ્ચે સંઘર્ષ જાગતો નથી.

આગમોમાં અહિંસાનું નિરૂપણ

શ્રમણ પરંપરાની અહિંસા સંબંધી વિચારસરણીનો એક પ્રવાહ પોતાની વિશિષ્ટ ઢબે વહેતો હતો, જે કાળક્રમે, આગળ જતાં, દીર્ઘતપસ્વી ભગવાન મહાવીરના જીવનમાં ઉદાત્ત રૂપે અભિવ્યક્ત થયો. એ અભિવ્યક્તિનાં સ્પષ્ટ દર્શન આપણને આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે પ્રાચીન આગમોમાં થાય છે. અહિંસાધર્મની પ્રતિષ્ઠા તો આત્મૌપમ્યની દૃષ્ટિમાંથી જ થઈ છે. પણ ઉપર્યુક્ત આગમોમાં એનું નિરૂપણ અને વિશ્લેષણ આ રીતે થયું છે :—

(૧) દુઃખ અને ભયનું કારણ હોવાથી હિંસામાત્ર વર્જ્ય છે: આ છે અહિંસાના સિદ્ધાંતની ઉપપત્તિ–યુક્તિ.

(૨) હિંસાનો અર્થ જોકે પ્રાણનાશ કે દુઃખ આપવું એવો થાય છે, તોપણ હિંસાજન્ય દોષનો આધાર કેવળ પ્રમાદ અર્થાત્ રાગ–દ્વેષ વગેરે જ છે. જો પ્રમાદ કે આસક્તિ ન હોય તો કેવળ પ્રાણનાશ એ હિંસાની કોટિમાં આવી નથી શકતો : આ છે અહિંસાનું વિશ્લેષણ.

(૩) વધ્ય જીવોના કદ, એમની સંખ્યા તથા એમની ઇંદ્રિય વગેરે સંપત્તિના તારતમ્ય ઉપર હિંસાના દોષનું તારતમ્ય અવલંબિત નથી, પરંતુ એ હિંસકના પરિણામ કે એની વૃત્તિનાં તીવ્રતા-મંદતા, જાણપણું-અજાણપણું કે બળપ્રયોગના ઓછા-વધુપણા ઉપર આધાર રાખે છે; આ થયું તાત્પર્ય.

ઉપર જણાવેલ ત્રણે બાબતો ભગવાન મહાવીરના વિચાર અને આચારમાંથી ફલિત થઈને આગમોમાં ગૂંથાઈ ગઈ છે. કોઈ એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યક્તિ કે વ્યક્તિઓનો સમૂહ ગમે તેવાં આધ્યાત્મિક ક્રમ ન હોય, પણ જ્યારે એ સંયમલક્ષી જીવનધારણના પ્રશ્નનો પણ વિચાર કરે છે ત્યારે એમાંથી ઉપર્યુક્ત વિશ્લેષણ તથા કોટિક્રમ આપોઆપ ફલિત થઈ જાય છે. આ દૃષ્ટિએ વિચાર કરતાં કહેવું પડે કે પછીના જૈન વાઙ્મયમાં અહિંસા સંબંધી જે વિશેષ ઊહાપોહ થયો છે, એનો મૂળ આધાર તો પ્રાચીન જૈન આગમોમાં પહેલાંથી જ હતો.

જ્યારે આપણે સમગ્ર જૈન વાઙ્મયમાં મળી આવતા અહિંસા સંબંધી ઊહાપોહ ઉપર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે આપણને સ્પષ્ટ રૂપે દેખાય છે કે જૈન વાઙ્મયનો અહિંસા સંબંધી ઊહાપોહ મુખ્યત્વે ચાર બળો ઉપર આધાર રાખે છે. પહેલું એ કે એ મુખ્યત્વે સાધુજીવનનો—એટલે કે નવકોટી અહિંસાનો, પૂર્ણ અહિંસાનો—જ વિચાર કરે છે. બીજું એ કે એ બ્રાહ્મણ પરંપરામાં વિહિત માનવામાં આવતી અને પ્રતિષ્ઠિત મનાવામાં આવતી યજ્ઞીય વગેરે અનેક પ્રકારની હિંસાઓનો વિરોધ કરે છે. ત્રીજું એ કે એ બીજી શ્રમણ પરંપરાઓના ત્યાગી-જીવન કરતાંય જૈન શ્રમણના ત્યાગી-જીવનને નિયંત્રિત રાખવાનો આગ્રહ સેવે છે. ચોથું એ કે એ જૈન પરંપરાના અવાંતર ફિરકાઓમાં ઊભા થતા પારસ્પરિક વિરોધના પ્રશ્નોના નિરાકરણનો પણ પ્રયત્ન કરે છે.

નવકોટી–પૂર્ણ અહિંસાના પાલનનો આગ્રહ પણ રાખવો અને સંયમ કે સદ્‌ગુણના વિકાસની દૃષ્ટિએ જીવનનિર્વાહનું સમર્થન પણ કરવું—આ વિરોધમાંથી હિંસાના દ્રવ્યહિંસા, ભાવહિંસા વગેરે ભેદોનો ઊહાપોહ જાગ્યો, અને છેવટે એક માત્ર નિશ્ચય સિદ્ધાંત એ જ સ્થાપિત થયો કે આખરે પ્રમાદ જ હિંસા છે. અપ્રમત્ત જીવનવ્યવહાર દેખીતી રીતે ભલે હિંસાત્મક લાગે, છતાં ખરી રીતે એ અહિંસક જ છે. આ અંતિમ નિર્ણયને લાગેવળગે છે ત્યાં સુધી, શ્વેતાંબર–દિગંબર વગેરે કોઈ પણ જૈન ફિરકાનો એમાં[1] જરા સરખોય મતભેદ નથી. બધાય

૧. જુઓ જ્ઞાનબિન્દુગત ટિપ્પણ પૃ૦ ૭૬૪થી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફિરકાઓની વિચારસરણી, પરિભાષા અને દલીલો એકસરખી છે.

વૈદિક હિંસાનો વિરોધ

વૈદિક પરંપરામાં યજ્ઞ, અતિથિ, શ્રાદ્ધ વગેરે અનેક નિમિત્તોથી કરવામાં આવતી જે હિંસાને ધાર્મિક ગણીને પ્રતિષ્ઠિત લેખવામાં આવે છે, એનો સાંખ્ય, બૌદ્ધ અને જૈન પરંપરાઓએ એકસરખો વિરોધ કર્યો છે; આમ છતાં, આગળ જતાં, આ વિરોધમાં મુખ્ય ભાગ બૌદ્ધ અને જૈન પરંપરાનો જ ચાલુ રહ્યો છે. જૈન વાઙ્મયમાંના અહિંસાને લગતા ઊહાપોહમાં આ વિરોધની ઘેરી છાપ અને પ્રતિક્રિયા પણ દેખાય છે. જૈન સાહિત્યમાં ડગલે ને પગલે વૈદિક હિંસાનું ખંડન જોવામાં આવે છે. આની સાથે જ વૈદિક લોકો જૈનોની સામે એ આશંકા રજૂ કરે છે કે જો ધાર્મિક હિંસા પણ અકર્તવ્ય છે, તો તમે જૈનો પોતાની સમાજરચનામાં મંદિર ચણાવવું, દેવપૂજા કરવી વગેરે ધાર્મિક કાર્યોનો સમાવેશ અહિંસારૂપે કેવી રીતે કરી શકશો, વગેરે વગેરે. આ શંકાનું સમાધાન પણ જૈન સાહિત્યમાં અહિંસા સંબંધી ઊહાપોહમાં વિસ્તારથી મળી આવે છે.

જૈનો અને બૌદ્ધો વચ્ચેના વિરોધનું કારણ

પ્રમાદ–માનસિક દોષ–જ મુખ્યત્વે હિંસા છે અને એ દોષમાંથી જન્મેલ જ પ્રાણ-નાશા હિંસા છે. આ વિચાર જૈન અને બૌદ્ધ પરંપરાને એકસરખો માન્ય છે. આમ છતાં, આપણે જોઈએ છીએ કે, પ્રાચીન સમયથી જૈન અને બૌદ્ધ પરંપરાની વચ્ચે અહિંસા સંબંધી પારસ્પરિક ખંડનમંડન ઘણું થયું છે. સૂત્રકૃતાંગ જેવા પ્રાચીન આગમમાં પણ અહિંસા સંબંધી બૌદ્ધ મંતવ્યનું ખંડન છે. એ જ રીતે મજ્ઝિમનિકાય જેવા પિટક ગ્રંથમાં પણ જૈનસંમત અહિંસાનું ઉપહાસયુક્ત ખંડન મળી આવે છે. ઉત્તરવર્તી–પછી રચાયેલા–નિર્યુક્ત વગેરે જૈન ગ્રંથોમાં તથા અભિધર્મકોષ વગેરે બૌદ્ધ ગ્રંથોમાં પણ એ જ જૂનું ખંડનમંડન નવા રૂપમાં જોવામાં આવે છે. જ્યારે જૈન અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌદ્ધ બન્ને પરંપરાઓ વૈદિક હિંસાનો એકસરખો વિરોધ કરે છે અને જ્યારે બન્નેની અહિંસાની વ્યાખ્યામાં કોઈ તાત્ત્વિક મતભેદ નથી, તો પછી શરૂઆતમાં જ બન્ને વચ્ચે અંદરોઅંદર ખંડનમંડન શા માટે શરૂ થયું અને શા માટે ચાલતું રહ્યું ?–આ એક પ્રશ્ન છે. જ્યારે આપણે બન્ને પરંપરાઓનું સાહિત્ય ધ્યાનપૂર્વક વાંચીએ છીએ ત્યારે આનો જવાબ આપણને મળી જાય છે. ખંડનમંડનનાં અનેક કારણોમાંનું મુખ્ય કારણ તો એ જ છે કે જૈન પરંપરાએ નવકોટી અહિંસાની સૂક્ષ્મ વ્યાખ્યાનો અમલ કરવાને માટે બાહ્ય પ્રવૃત્તિઓનું જે વિશેષ નિયંત્રણ કર્યું એ બૌદ્ધ પરંપરાએ ન કર્યું. જીવનને લગતી બાહ્ય પ્રવૃત્તિઓનું અતિનિયંત્રણ અને મધ્યમ માર્ગમાંથી જન્મેલ શિથિલતા, એ બે વચ્ચેના પ્રબળ ભેદમાંથી જ જૈન અને બૌદ્ધ પરંપરાઓ અંદરોઅંદર ખંડનમંડનમાં પડી ગઈ. જૈન સાહિત્યમાંના અહિંસાને લગતા ઊહાપોહમાં આ ખંડનમંડનનો પણ સારો એવો હિસ્સો છે.[1] જ્યારે આપણે બન્ને પરંપરાઓના ખંડનમંડનનું તટસ્થ રીતે અવલોકન કરીએ છીએ ત્યારે નિઃસંકોચપણે કહેવું પડે છે કે મોટેભાગે બન્ને એકબીજાને ખોટી રીતે સમજ્યાં છે. આનો એક દાખલો મજ્ઝિમનિકાયનું ઉપાલિસુત્ત અને બીજો દાખલો સૂત્રકૃતાંગ (૧. ૧. ૨. ૨૪–૩૨; ૨. ૬. ૧૬–૨૮) છે.

અહિંસાની કોટીની હિંસા

જેમ જેમ જૈન સાધુસંઘનો વિસ્તાર થતો ગયો અને ભિન્ન ભિન્ન દેશ તથા કાળમાં નવી નવી પરિસ્થિતિને કારણે નવા નવા પ્રશ્નો પેદા થતા ગયા તેમ તેમ જૈન તત્ત્વચિંતકોએ અહિંસાની વ્યાખ્યા અને એના વિશ્લેષણમાંથી એક સ્પષ્ટ નવો વિચાર પ્રગટ કર્યો. તે એ કે જો અપ્રમત્ત ભાવે કોઈ જીવની વિરાધના–હિંસા થઈ જાય કે કરવી પડે તો એ કેવળ અહિંસાકોટીની છે, અને તેથી એ નિર્દોષ જ નહીં

૧. જુઓ જ્ઞાનબિંદુમાં ટિપ્પણમાંનાં જૈન અને બૌદ્ધ અવતરણો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્ધે ગુણ(નિર્જરા)વર્ધક પણ છે. આ વિચાર પ્રમાણે સાધુ, પૂર્ણ અહિંસાનો સ્વીકાર કરી લીધા પછી પણ, જો પોતાના સંયત જીવનની પરિપુષ્ટિ માટે હિંસારૂપ લેખાતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ આદરે તોપણ એ સંયમવિકાસમાં એક ડગલું આગળ વધે છે. જૈન પરિભાષા પ્રમાણે આ જ નિશ્ચય-અહિંસા છે. જે ત્યાગીઓ વસ્ત્ર વગેરે રાખવાના સાવ વિરોધી હતા તેઓ જ્યારે મર્યાદિત પ્રમાણમાં વસ્ત્ર વગેરે ઉપકરણો (સાધનો) રાખવાવાળા સાધુઓનો હિંસાને નામે તિરસ્કાર કરવા લાગ્યા ત્યારે વસ્ત્ર વગરેનું સમર્થન કરનારા ત્યાગીઓએ એ જ નિશ્ચય-સિદ્ધાંતનો આશ્રય લઈને જવાબ આપ્યો કે ફક્ત સંયમના ધારણ અને નિર્વાહને માટે જ, શરીરની જેમ, મર્યાદિત ઉપકરણ વગેરે રાખવાં, એ અહિંસાનાં બાધક નથી. જૈન સાધુસંઘે કરેલી આવી જાતની, એકબીજાના આચારભેદમાંથી જન્મેલી ચર્ચા દ્વારા પણ અહિંસાને લગતા ઊહાપોહમાં સારો એવો વિકાસ થયો હોય એમ દેખાય છે, જે ઓઘનિર્યુક્તિ વગેરેમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે.

કયારેક કયારેક અહિંસાની ચર્ચા શુષ્ક તર્ક જેવી થઈ ગઈ હોય એમ જણાય છે. એક વ્યક્તિ પ્રશ્ન કરે છે કે જો તમારે વસ્ત્ર રાખવું જ હોય તો તેને ફાડ્યા વગરનું આખું જ શા માટે ન રાખવું ? કેમ કે એને ફાડતાં જે સૂક્ષ્મ આણુઓ ઊડશે એ જરૂર જીવઘાતક બનશે. આ પ્રશ્નનો જવાબ પણ એવા જ ઢંગથી આપવામાં આવ્યો છે. જવાબ આપનારો કહે છે કે જો વસ્ત્ર ફાડતાં ફેલાયેલ સૂક્ષ્મ આણુઓને લીધે જીવઘાત થતો હોય તો તમે અમને વસ્ત્ર ફાડતાં અટકાવવા માટે જે કંઈ વાણીનો પ્રયોગ કરો છો એનાથી પણ જીવઘાત થાય છે ને ? વગેરે. અસ્તુ. એ ગમે તેમ હોય, પણ જિનભદ્રગણિની સ્પષ્ટ વાણીમાં જૈન પરંપરાને સંમત એવી અહિંસાનું પૂર્ણ સ્વરૂપ આપણને મળે છે. તેઓ કહે છે કે સ્થાન સજીવ હોય કે નિર્જીવ, એમાં કોઈ જીવઘાતક બની જતો હોય કે કોઈ અઘાતક જ જોવામાં આવતો હોય, પણ એટલા માત્રથી હિંસા કે અહિંસાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્ણય નથી થઈ શકતો. સાચેસાચ હિંસા પ્રમાદ–અયતના–અસંયમમાં જ છે, પછી ભલે કોઈ જીવનો ઘાત ન પણ થતો હોય. એ જ રીતે જો અપ્રમાદ કે યતના–સંયમ સુરક્ષિત હોય તો જીવઘાત જોવામાં આવે છતાં પણ ખરી રીતે અહિંસા જ છે.

જૈન ઊહાપોહની ક્રમિક ભૂમિકાઓ

ઉપરના નિયમ ઉપરથી અહિંસાને લગતા જૈન ઊહાપોહની નીચે જણાવેલી ક્રમિક ભૂમિકાઓ ફલિત થાય છે :—

(૧) પ્રાણનો નાશ હિંસા રૂપ હોવાથી એને રોકવો, એ જ અહિંસા છે.

(૨) જીવનધારણની સમસ્યામાંથી ફલિત થાય છે કે જીવન—ખાસ કરીને સંયમી જીવન—માટે અનિવાર્ય લેખાતી પ્રવૃત્તિઓ આદરતાં કદાચ જીવઘાત થઈ પણ જાય, છતાં જો પ્રમાદ ન હોય તો એ જીવઘાત હિંસારૂપ ન બનતાં અહિંસા જ છે.

(૩) જો સંપૂર્ણપણે અહિંસક રહેવું હોય તો, ખરી રીતે અને સૌથી પહેલાં, ચિત્તમાં રહેલ કલેશ(પ્રમાદ)નો જ ત્યાગ કરવો જોઈએ. એ થયો તો સમજવું કે અહિંસા સિદ્ધ થઈ. બાહ્ય પ્રવૃત્તિઓ સાથે અહિંસાને કોઈ અનિવાર્ય સંબંધ નથી; એનો નિયત સંબંધ માનસિક પ્રવૃત્તિઓની સાથે છે.

(૪) વ્યક્તિગત કે સામૂહિક જીવનમાં એવાં પણ અપવાદસ્થાનો આવે છે કે જ્યારે હિંસા કેવળ અહિંસા જ નથી રહેતી ઊલટી એ ગુણવર્ધક પણ બની જાય છે. આવા અપવાદરૂપ સ્થાનોમાં, જો કહેવાતી હિંસાથી ડરીને, એનું આચરણ કરવામાં ન આવે તો ઊલટાનો દોષ લાગે છે.

જૈનો અને મીમાંસકો વગેરે વચ્ચે સામ્ય

જૈન અહિંસાના ઉત્સર્ગ-અપવાદની આ ચર્ચા બરાબર અક્ષરે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અક્ષર મીમાંસા અને સ્મૃતિમાંની અહિંસા સંબંધી ઉત્સર્ગ-અપવાદની વિચારસરણી સાથે મળતી આવે છે. એમાં ફેર હોય તો એ જ છે કે જ્યાં જૈન વિચારસરણી સાધુ કે પૂર્ણત્યાગીના જીવનને ધ્યાનમાં રાખીને પ્રતિષ્ઠિત થઈ છે, ત્યાં મીમાંસકો અને સ્માર્તોની વિચારસરણી ગૃહસ્થ અને ત્યાગી બધાયનાં જીવનને કેન્દ્રમાં રાખીને પ્રચલિત થઈ છે. બન્ને વચ્ચેનું સામ્ય આ રીતે છે :—

જૈન	વૈદિક
૧. સવ્વે પાણા ન હંતવ્વા ।	૧. મા હિંસ્યાત્ સર્વભૂતાનિ ।
૨. સાધુજીવનની અશક્યતાનો પ્રશ્ન.	૨. ચારે આશ્રમોના બધાય પ્રકારના અધિકારીઓના જીવનની તથા એને લગતાં કર્તવ્યોની અશક્યતાનો પ્રશ્ન.
૩. શાસ્ત્રવિહિત પ્રવૃત્તિઓમાં હિંસા દોષનો અભાવ; અર્થાત્ નિષિદ્ધ આચરણમાં જ હિંસા.	૩. શાસ્ત્રવિહિત પ્રવૃત્તિઓમાં હિંસા-દોષનો અભાવ; અર્થાત્ નિષિદ્ધ આચાર જ હિંસા છે.

અહીં એ ધ્યાનમાં રાખવું કે જૈન તત્ત્વજ્ઞ 'શાસ્ત્ર' શબ્દથી જૈન શાસ્ત્રને—ખાસ કરી સાધુજીવનના વિધિનિષેધોનું પ્રતિપાદન કરતા શાસ્ત્રને—જ લે છે; જ્યારે વૈદિક તત્ત્વચિંતક 'શાસ્ત્ર' શબ્દથી એ બધાંય શાસ્ત્રોને લે છે કે જેમાં વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય વગેરે બધાંય કર્તવ્યોનું વિધાન હોય.

૪. છેવટે અહિંસાનો મર્મ જિનની આજ્ઞાના—જૈનશાસ્ત્રના—યથાવત્ અનુસરણમાં જ છે.	૪. છેવટે અહિંસાનું તાત્પર્ય વેદ તથા સ્મૃતિઓની આજ્ઞાના પાલનમાં જ છે.

[દ્રઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૪૧૨-૪૧૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિંસાની ભાવનાનો વિકાસ

નેમિનાથની કરુણા

ભગવાન પાર્શ્વનાથની પહેલાં નિર્ગ્રંથ પરંપરામાં યદુકુમાર નેમિનાથ થઈ ગયા. એમની અર્ધઐતિહાસિક જીવનકથાઓમાં જે ઘટનાનો ઉલ્લેખ મળે છે, એને નિર્ગ્રંથ પરંપરાની અહિંસક ભાવનાનો એક સીમાસ્તંભ કહી શકાય એમ છે. લગ્ન-સગપણ વગેરે સામાજિક ઉત્સવો–સમારંભોમાં જમવા-જમાડવાનો અને મોજ-મજા કરવાનો રિવાજ તો અત્યારે પણ પ્રચલિત છે, પણ એ સમયમાં આવા સમારંભોમાં અનેક પ્રકારનાં પશુઓનો વધ કરીને એમનાં માંસથી જમણવારને આકર્ષક બનાવવાની પ્રથા પ્રચલિત હતી—ખાસ કરીને ક્ષત્રિયોમાં તો એ પ્રથા વિશેષ રૂઢ હતી. આ પ્રથા પ્રમાણે લગ્ન નિમિત્તે ઊજવાનાર ઉત્સવમાં, વધ કરવાને માટે એકત્ર કરવામાં આવેલાં હરણ વગેરે જુદી જુદી જાતનાં પશુઓનો આર્તનાદ સાંભળીને નેમિકુમાર, બરાબર લગ્નને ટાંકણે જ કરુણાર્દ્ર થઈ ગયા, અને જે લગ્નમાં આવાં પશુઓનો વધ કરીને માંસ ખાવા-ખવરાવવાના કાર્યને પ્રતિષ્ઠિત માનવામાં આવતું હતું, એવાં પોતાનાં લગ્નનો વિચાર જ એમણે માંડી વાળ્યો. નેમિકુમારના આ, કરુણામાંથી જન્મેલ બ્રહ્મચર્યવાસનો એ વખતના સમાજ ઉપર એવો પ્રભાવ પડ્યો અને ક્રમે ક્રમે એ પ્રભાવ એવો વધતો રહ્યો કે ધીમે ધીમે અનેક જાતિઓએ સામાજિક સમારંભોમાં માંસ ખાવા-ખવરાવવાની પ્રથાને જ તિલાંજલિ આપી દીધી. ઘણે ભાગે આ જ એવી પહેલી ઘટના છે કે જે સામાજિક વ્યવહારોમાં અહિંસાનો પાયો નંખાયાની સૂચક છે. નેમિકુમાર યાદવશિરોમણિ દેવકીનંદન શ્રીકૃષ્ણના નાનાભાઈ–પિતરાઈ હતા; એમ લાગે છે કે એ કારણે દ્વારકા અને મથુરાના યાદવો ઉપર સારો પ્રભાવ પડ્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથનો હિંસાવિરોધ

ઇતિહાસકાળમાં ભગવાન પાર્શ્વનાથનું સ્થાન આવે છે. એમનું જીવન કહે છે કે એમણે અહિંસાની ભાવનાને વિકસિત કરવા માટે એક જુદું જ પગલું ભર્યું. પંચાગ્નિ જેવી તામસ [–તમોગુણથી પ્રેરિત] તપસ્યાઓમાં સૂક્ષ્મ-સ્થૂળ પ્રાણીઓનો વિચાર કર્યા વગર જ અગ્નિ પ્રગટાવવાની પ્રથા હતી, તેથી કયારેક કયારેક બળતણની સાથે બીજા જીવો પણ બળી જતા હતા. કાશીરાજ અશ્વસેનના પુત્ર પાર્શ્વનાથે આવી હિંસાજનક તપસ્યાનો ઘોર વિરોધ કર્યો અને ધર્મ-ક્ષેત્રમાં અવિવેકને લીધે થનારી હિંસાના ત્યાગ તરફ લોકમત કેળવ્યો.

ભગવાન મહાવીરે કરેલી અહિંસાની પ્રતિષ્ઠા

પાર્શ્વનાથે પુષ્ટ કરેલી અહિંસાની ભાવના નિર્ગ્રંથનાથ જ્ઞાતપુત્ર મહાવીરને વારસામાં મળી. એમણે યજ્ઞયાગ વગેરે જેવા ધર્મનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં થતી હિંસાનો, તથાગત બુદ્ધની જેમ, એકાંત વિરોધ કર્યો, અને ધર્મક્ષેત્રમાં અહિંસાની એટલી પ્રતિષ્ઠા કરી કે, તે પછી તો અહિંસા જ ભારતીય ધર્મોનો પ્રાણ બની ગઈ. ભગવાન મહાવીરની ઉગ્ર અહિંસાપરાયણ જીવનયાત્રા તથા એકાગ્ર તપસ્યાએ એ વખતના અનેક પ્રભાવશાળી બ્રાહ્મણો અને ક્ષત્રિયોને અહિંસાની ભાવના તરફ આકર્ષ્યા. પરિણામે જનતામાં સામાજિક તથા ધાર્મિક ઉત્સવોમાં અહિંસાની ભાવનાએ પોતાનો પાયો નાખી દીધો, કે જેના ઉપર નિર્ગ્રંથ પરંપરાની ભવિષ્યની પેઢીઓની કારકિર્દીનો મહેલ ઊભો થયો.

અહિંસાના અન્ય પ્રચારકો

અશોકના પૌત્ર સંપ્રતિએ પોતાના પિતામહના અહિંસક સંસ્કારના વારસાને આર્ય સુહસ્તીની નિશ્રામાં વિશેષ સમૃદ્ધ કર્યો. સંપ્રતિએ કેવળ પોતાને આધીન રાજ્યપ્રદેશોમાં જ નહીં, બલ્કે પોતાના રાજ્યની સીમાની બહાર પણ, જ્યાં અહિંસક જીવનવ્યવહારનું નામનિશાન પણ ન હતું, ત્યાં અહિંસાની ભાવનાનો પ્રચાર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિંસા-ભાવનાના એ ઝરણાને પૂરતું રૂપ આપવામાં જરૂર અનેકોનો ભાગ છે, પણ નિર્ગ્રંથ અનગારોનું તો એના સિવાય બીજું કોઈ ધ્યેય જ ન હતું. તેઓ ભારતમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં એમણે અહિંસાની ભાવનાનો જ ફેલાવો કર્યો અને જનતાને હિંસામૂલક અનેક વ્યસનોના ત્યાગનો ઉપદેશ આપવામાં જ નિર્ગ્રંથ ધર્મની કૃતકૃત્યતા અનુભવી. જેવી રીતે શંકરાચાર્યે ભારતના ચારે ખૂણાઓમાં મઠોની સ્થાપના કરીને બ્રહ્માદ્વૈતનો વિજયસ્તંભ રોપ્યો, એ જ રીતે મહાવીરના અનુયાયી અનગાર નિર્ગ્રંથોએ ભારત જેવા વિશાળ દેશના ચારે ખૂણાઓમાં અહિંસા-અદ્વૈતની ભાવનાના વિજયસ્તંભો રોપ્યા—એમ કહેવામાં આવે તો એમાં અતિશયોક્તિ નહીં લેખાય. લોકમાન્ય તિલકે આ વાતને એવી રીતે કહી હતી કે ગુજરાતની અહિંસા-ભાવના, એ જૈનોનું જ અર્પણ છે. અને ઇતિહાસ આપણને કહે છે કે વૈષ્ણવ વગેરે અનેક વૈદિક પરંપરાઓની અહિંસામૂલક ધર્મવૃત્તિમાં નિર્ગ્રંથસંપ્રદાયના થોડાઘણા પ્રભાવે જરૂર ભાગ ભજવ્યો છે. એ વૈદિક સંપ્રદાયોના પ્રત્યેક જીવનવ્યવહારની છણાવટ કરવાથી કોઈ પણ વિચારક એ સહેલાઈથી જાણી શકે છે કે એના ઉપર નિર્ગ્રંથોની અહિંસા—ભાવનાનો રંગ જરૂર લાગેલો છે. આજે ભારતમાં હિંસામૂલક યજ્ઞયાગાદિ ધર્મવિધિનો સમર્થક પણ પોતાના યજમાનોને પશુવધની પ્રેરણા કરવાની હિંમત નથી કરી શકતો.

આચાર્ય હેમચંદ્રે ગુર્જરપતિ પરમ માહેશ્વર સિદ્ધરાજ સુધ્ધાંને ઘણે અંશે અહિંસાની ભાવનાથી પ્રભાવિત કર્યા હતા. આનું ફળ અનેક દિશાઓમાં સારું આવ્યું. અનેક દેવ-દેવીઓની સામે ખાસ ખાસ પર્વોમાં થતી હિંસા બંધ થઈ ગઈ; અને આવી હિંસાને અટકાવવાના એક વ્યાપક આંદોલનનો પાયો નંખાઈ ગયો. સિદ્ધરાજના ઉત્તરાધિકારી ગુર્જરપતિ કુમારપાળ તો પરમાર્હત જ હતા. એ યથાર્થ રૂપે પરમાર્હત એટલા માટે ગણાયા કે એમણે અહિંસાની ભાવનાને જેવી અને જેટલી પરિપુષ્ટ કરી, અને જેવો એનો ફેલાવો કર્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ઇતિહાસમાં અજોડ છે. કુમારપાળની 'અમારિ-ઘોષણા' એટલી લોકપ્રિય બની કે એની પછીના અનેક નિર્ગ્રંથો અને એમના અનેક ગૃહસ્થ-શિષ્ય અમારિ-ઘોષણાને પોતાના જીવનનું ધ્યેય બનાવીને જ કામ કરવા લાગ્યા. આચાર્ય હેમચંદ્રની પહેલાં કેટલાય નિર્ગ્રંથોએ માંસ ખાનારી જાતિઓને અહિંસાની દીક્ષા આપી હતી, અને નિર્ગ્રંથ સંઘમાં ઓસવાલ, પોરવાળ વગેરે વર્ગોની સ્થાપના કરી હતી. શક વગેરે પરદેશી જાતિઓ પણ અહિંસાના ચેપથી બચી શકી ન હતી! હીરવિજયસૂરિએ અકબર જેવા ભારતસમ્રાટ પાસેથી ભિક્ષામાં એટલું જ માગ્યું કે એ, હંમેશાંને માટે નહીં તો છેવટે ખાસ ખાસ તિથિઓ માટે, અમારિ-ઘોષણા કરે. અકબરના એ પગલે પગલે જહાંગીર વગેરે એના વંશજો ચાલ્યા. જેઓ જન્મથી જ માંસભક્ષક હતા, એવા મુગલસમ્રાટો દ્વારા અહિંસાનો આટલો ફેલાવો કરાવવો, એ આજે પણ સહેલું નથી.

આજે પણ, આપણે જોઈએ છીએ કે, જૈન સમાજ જ એવો છે કે જે બની શકે ત્યાં સુધી જુદાં જુદાં ક્ષેત્રોમાં થતી પશુ-પક્ષી વગેરેની હિંસાને અટકાવવાનો સતત પ્રયત્ન કરતો રહે છે. આ વિશાળ દેશમાં જુદી જુદી જાતના સંસ્કારો ધરાવતી અનેક જાતિઓ પાસે પાસે રહે છે; અનેક જાતિઓ જન્મથી જ માંસભક્ષી છે; આમ છતાં જ્યાં જુઓ ત્યાં અહિંસા તરફ તો લોકરુચિ દેખાય જ છે. મધ્યયુગમાં એવા અનેક સંતો અને ફકીરો થઈ ગયા, કે જેઓએ કેવળ અહિંસા અને દયાનો જ ઉપદેશ આપ્યો છે, જે ભારતના આત્મામાં અહિંસાનાં મૂળ કેટલાં ઊંડાં ગયેલાં છે એની સાક્ષી પૂરે છે.

મહાત્મા ગાંધીજીએ ભારતમાં નવજીવનના પ્રાણ ધબકતા કરવાનો સંકલ્પ કર્યો તો એ કેવળ અહિંસાની ભૂમિકા ઉપર જ. જો એમને અહિંસાની ભાવનાનું આવું તૈયાર ક્ષેત્ર ન મળ્યું હોત તો તેઓ ભાગ્યે જ આટલા સફળ થયા હોત.

[ઇઓચિં૦ ખં૦ ૨, પૃ૦ ૭૫-૭૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિંસા અને અમારિ

માનવપ્રકૃતિમાં હિંસા અને અહિંસાનાં બન્ને તત્ત્વો સમાયેલાં છે. હિંદુસ્તાનમાં તેના મૂળ વતનીઓની અને પાછળથી તેમના વિજેતા તરીકે જાણીતા આર્યોની જાહોજલાલી વખતે અનેક જાતનાં બલિદાનો તેમ જ યજ્ઞયાગની ભારે પ્રથા હતી અને એમાં માત્ર પશુઓ કે પંખીઓ જ નહિ, પણ મનુષ્ય સુધ્ધાંનો બલિ અપાતો. ધાર્મિક ગણાતો હિંસાનો આ પ્રકાર એટલી હદ સુધી વ્યાપેલો હતો કે તેના પ્રત્યાઘાતથી બીજી બાજુએ એ હિંસાનો વિરોધ શરૂ થયો હતો. અને અહિંસાની ભાવનાવાળા પંથો તો ભગવાન મહાવીર અને બુદ્ધ પહેલાં પણ સ્થપાઈ ગયા હતા. એમ છતાં અહિંસાતત્ત્વના અનન્ય પોષક તરીકે અને અહિંસાની આજની ચાલુ ગંગોત્રી તરીકે તો જે બે મહાન ઐતિહાસિક પુરુષો આપણી સામે છે તે ભગવાન મહાવીર અને બુદ્ધ જ છે. એમના સમયમાં અને એમના પછી હિંદુસ્તાનમાં અહિંસાને જે પોષણ મળ્યું છે, તેનો જેટજેટલી રીતે અને જેટજેટલી દિશામાં પ્રચાર થયો છે તેમ જ અહિંસાતત્ત્વ પરત્વે જે શાસ્ત્રીય અને સૂક્ષ્મ વિચારો થયા છે એની જોડ હિંદુસ્તાનની બહારના કોઈ પણ દેશના ઇતિહાસમાં મળી શકે તેમ નથી. દુનિયાના બીજા દેશો અને બીજી જાતિઓ ઉપર અસાધારણ પ્રભાવ પાડનાર, તેમને જીતનાર અને કાયમને માટે તેમનાં મન હરી લેનાર કોઈ તત્ત્વ હિંદુસ્તાનમાં ઉદ્‌ભવ્યું હોય તો તે હજારો વર્ષથી આજ સુધી સળંગ ઓછેવત્તે અંશે ચાલ્યું આવેલું અને વિકાસ પામેલું અહિંસાતત્ત્વ જ છે.

અશોક, સંપ્રતિ અને ખારવેલ

અહિંસાના પ્રચારક જૈન અને બૌદ્ધ સંઘો વ્યવસ્થિત સ્થપાયા પછી તેનું પ્રચારકાર્ય ચોમેર ખૂબ જોસભેર ચાલવા લાગ્યું. એના પુરાવાઓ આજે પણ જીવતા છે. મહાન સમ્રાટ અશોકની ધર્મલિપિઓમાં જે ફરમાનો છે તે આપણને સ્પષ્ટ જણાવે છે કે અશોકે ઉત્સવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સમારંભોમાં હિંસા ન કરવાની આજ્ઞા કરી હતી અથવા એક રીતે લોકો પાસે એમ ન કરવાની પોતાની ઇચ્છા તેણે દર્શાવી હતી. જાતે હિંસામુક્ત થઈ, ફક્કારી ધારણ કરી રાજદંડ ધારણ કરનારા અશોકની ધર્મ-આજ્ઞાઓનો પ્રભાવ દરેક પંથના લોકો ઉપર કેટલો પડ્યો હશે એની કલ્પના કરવી કઠણ નથી. રાજકીય ફરમાનો દ્વારા અહિંસાના પ્રચારનો આ માર્ગ અશોકથી અટક્યો નથી. તેના પૌત્ર, જાણીતા જૈન, સંપ્રતિ રાજાએ એ માર્ગનું ભારે અનુસરણ કર્યું હતું અને પોતાના પિતામહની અહિંસાની ભાવનાને એણે પોતાની ઢબે અને પોતાની રીતે બહુ જ પોષી હતી. રાજાઓ, રાજકુટુંબો અને મોટા મોટા અધિકારીઓ અહિંસાના પ્રચાર તરફ ઝૂકેલા હોય તે ઉપરથી બે વાત જાણવી સહેલ છે. એક તો એ કે અહિંસાપ્રચારક સંઘોએ પોતાના કાર્યમાં કેટલી હદ સુધી પ્રગતિ કરી હતી કે જેની અસર મહાન સમ્રાટો સુધી થઈ હતી; અને બીજી વાત એ કે લોકોને અહિંસાતત્ત્વ કેટલું રુચ્યું હતું અથવા તેમનામાં દાખલ થયું હતું કે જેને લીધે તેઓ આવા અહિંસાની ઘોષણા કરનારા રાજાઓને માન આપતા. કલિંગરાજ આર્હત સમ્રાટ ખારવેલે પણ એ માટે ખૂબ કર્યું હોય તેમ તેની કારકિર્દી ઉપરથી લાગે છે.

વચ્ચે વચ્ચે બલિદાનવાળા યજ્ઞના યુગો માનવપ્રકૃતિમાંથી ઉદયમાં આવતા ગયા એમ ઇતિહાસ સ્પષ્ટ કહે છે, છતાં એકંદર રીતે જોતાં હિંદુસ્તાન અને તેની બહાર એ બન્ને અહિંસાપ્રચારક સંઘોના કાર્યે વધારે સફળતા મેળવી છે. દક્ષિણ અને ઉત્તર હિંદુસ્તાનનાં મધ્ય-કાલીન જૈન અને બૌદ્ધ રાજાઓ તેમ જ રાજકુટુંબો અને અમલદારોનું પહેલું કાર્ય અહિંસાના પ્રચારનું જ રહ્યું હોય તેમ માનવાને ઘણાં કારણો છે.

કુમારપાળ અને અકબર

પશ્ચિમ હિંદુસ્તાનના પ્રભાવશાળી રાજ્યકર્તા પરમ આર્હત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુમારપાળની અહિંસા તો એટલી બધી જાણીતી છે કે ઘણાને આજે તે અતિશયતાવાળી લાગે છે. મોગલસમ્રાટ અકબરનું મન હરણ કરનાર ત્યાગી જૈન ભિક્ષુ હીરવિજયસૂરિના અને ત્યાર પછીના તેમના અનુગામી શિષ્યોના બાદશાહો પાસેથી અહિંસા પરત્વે મેળવેલા ફરમાનો હમેશને માટે ઇતિહાસમાં અમર રહે તેવાં છે. આ ઉપરાંત ઠાકરડાઓ, જમીનદારો, લાગવગવાળા અમલદારો અને ગામના આગેવાન પટેલો તરફથી પણ હિંસા ન કરવાનાં મળેલાં વચનો જો આપણે મેળવી શકીએ અને મળી આવે તો આ દેશમાં અહિંસાપ્રચારક સંઘે અહિંસાનું વાતાવરણ ઊભું કરવા કેટલો પુરુષાર્થ કર્યો છે એની કંઈક કલ્પના આવે.

અહિંસાના પ્રચારનો એક પુરાવો : પાંજરાપોળો

અહિંસાપ્રચારના એક સચોટ પુરાવા તરીકે આપણે ત્યાં પાંજરાપોળની સંસ્થા ચાલી આવે છે. આ પરંપરા કયારથી અને કોની દ્વારા અસ્તિત્વમાં આવી એ ચોક્કસ કહેવું કઠણ છે, છતાં ગૂજરાતમાં એનો પ્રચાર અને એની પ્રતિષ્ઠા જોતાં એમ માનવાનું મન થઈ જાય છે કે પાંજરાપોળની સંસ્થાને વ્યાપક કરવામાં કદાચ કુમારપાલનો અને તેના ધર્મગુરુ આચાર્ય હેમચંદ્રનો મુખ્ય હાથ હોય. આખાયે કચ્છ, કાઠિયાવાડ અને ગૂજરાતનું તેમ જ રજપૂતાનાના અમુક ભાગનું કોઈ એવું જાણીતું શહેર કે સારી આબાદીવાળો કસબો નહિ મળે કે જ્યાં પાંજરાપોળ ન હોય. ઘણે સ્થળે તો નાનાં ગામડાંઓમાં પણ પ્રાથમિક નિશાળો(પ્રાઇમરી સ્કૂલ)ની પેઠે પાંજરાપોળની શાખાઓ છે. આ બધી પાંજરાપોળો મુખ્યપણે પશુઓને અને અંશતઃ પંખીઓને પણ બચાવવાનું અને તેમની સારસંભાળ રાખવાનું કામ કરે છે. આપણી પાસે અત્યારે ચોક્કસ આંકડા નથી, પણ મારી સ્થૂળ અટકળ એવી છે કે દરવર્ષે એ પાંજરાપોળો પાછળ જૈનો પચાસ લાખથી ઓછો ખર્ચ નથી કરતા, અને એ પાંજરાપોળોના આશ્રયમાં કાંઈ નહિ તો નાનામોટા લાખેક જીવો સારસંભાળ પામતા હશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૂજરાત બહારના ભાગમાં જ્યાં જ્યાં ગોશાળાઓ ચાલે છે ત્યાં બધે મુખ્ય ભાગે ફક્ત ગાયોની જ રક્ષા કરવામાં આવે છે. ગોશાળાઓ પણ દેશમાં પુષ્કળ છે અને તેમાં હજારો ગાયો રક્ષણ પામે છે. પાંજરાપોળની સંસ્થા હો કે ગોશાળાની સંસ્થા હો, પણ એ બધી પશુરક્ષણની પ્રવૃત્તિ અહિંસાપ્રચારક સંઘના પુરુષાર્થને જ આભારી છે, એમ કોઈ પણ વિચારક કહ્યા વિના ભાગ્યે જ રહી શકે. આ ઉપરાંત કીડિયારાની પ્રથા, જળચરોને આટાની ગોળીઓ ખવડાવવાની પ્રથા, શિકારો અને દેવીના ભોગો બંધ કરાવવાની પ્રથા—એ બધું અહિંસાની ભાવનાનું જ પરિણામ છે.

માણસજાતની સેવા માટેની પ્રવૃત્તિ

અત્યાર સુધી આપણે પશુ, પંખી અને બીજાં જીવજંતુઓ વિશે જ વિચાર કર્યો છે. હવે આપણે મનુષ્યજાતિ તરફ પણ વળીએ. દેશમાં દાનપ્રથા એટલી ઘોધમંધ ચાલતી કે તેમાં કોઈ માણસ ભૂખે રહેવા ભાગ્યે જ પામતું. પ્રચંડ અને વ્યાપક લાંબા દુષ્કાળોમાં જગડુશા જેવા સખી ગૃહસ્થોએ પોતાના અન્નભંડારો અને ખજાનાઓ ખુલ્લા મૂકવાના વિશ્વસ્ત પુરાવાઓ છે. જે દેશમાં પશુપંખી અને બીજા ક્ષુદ્ર જીવો માટે કરોડો રૂપિયા ખર્ચાતા હોય તે દેશમાં માણસજાત માટે લાગણી ઓછી હોય અગર તો તે માટે કાંઈ ન થયું હોય એમ કલ્પવું એ વિચારશક્તિની બહારની વાત છે. આપણા દેશનું આતિથ્ય જાણીતું છે અને આતિથ્ય એ માનવજાતને લક્ષીને જ છે. દેશમાં લાખો ત્યાગી અને ફકીરો થઈ ગયા અને આજેય છે. તે એક આતિથ્ય કે મનુષ્ય તરફની લોકોની વૃત્તિનો પુરાવો છે. અપંગો, અનાથો અને બીમારો માટે બને તેટલું વધારેમાં વધારે કરી છૂટવાનું બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ત્રણેનાં શાસ્ત્રોમાં ફરમાન છે, જે તત્કાલીન લોકરુચિનો પડઘો છે. મનુષ્યજાતિની સેવાની દિવસે દિવસે વધતી જતી જરૂરિયાતને લીધે, અને પડોશીધર્મની અગત્ય સર્વથી પ્રથમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાને લીધે, ઘણીવાર ઘણા ભાઈઓ આવેશ અને ઉતાવળમાં અહિંસાના પ્રેમી લોકોને એમ કહી દે છે કે એમની અહિંસા કાંડી-મકોડી અને બહુ તો પશુપંખી સુધી વ્યાપેલી છે, માનવજાતને અને દેશભાઈઓને તે બહુ ઓછી સ્પર્શે છે; પણ આ વિધાન બરાબર નથી એની સાબિતી માટે નીચેની હકીકત બસ ગણાવી જોઈએ :—

(૧) જૂના અને મધ્ય કાળને બાજુએ મૂકી માત્ર છેલ્લાં સો વર્ષના નાનામોટા અને ભયંકર દુષ્કાળો તેમ જ બીજી કુદરતી આફતો લઈ તે વખતનો ઇતિહાસ તપાસીએ કે તેમાં અન્નકષ્ટથી પીડાતા માનવો માટે કેટકેટલું અહિંસાપોષક સંઘ તરફથી કરવામાં આવ્યું છે! કેટલા પૈસા ખરચવામાં આવ્યા છે! કેટલું અન્ન વહેંચવામાં આવ્યું છે! દવાદારૂ અને કપડાં માટે પણ કેટલું કરવામાં આવ્યું છે! દા. ત. છપ્પનિયો દુષ્કાળ લો કે જેની વિગતો મળવી શકય છે.

(૨) દુષ્કાળો અને બીજી કુદરતી આફતો ન હોય તેવે વખતે પણ નાના ગામડા સુધ્ધાંમાં જો કોઈ ભૂખે મરતું જાણમાં આવે તો તેને માટે મહાજન કે કોઈ એકાદ ગૃહસ્થ કઈ અને કેવી રીતે મદદ પહોંચાડે છે એની વિગત જાણવી.

(૩) અર્ધા કરોડ જેટલા ફકીર, બાવા અને સાધુસંતોનો વર્ગ મોટેભાગે જાતમહેનત વિના જ, બીજા સાધારણ મહેનતુવર્ગ જેટલા જ સુખ અને આરામથી હંમેશા નભતો આવ્યો છે અને નભે જાય છે તે.

અમારિનું નિષેધાત્મક અને ભાવાત્મક રૂપ : અહિંસા અને દયા

અહિંસા કે અમારિનાં બે રૂપો છે : (૧) નિષેધાત્મક (નકાર); (૨) તેમાંથી જ ફલિત થતું ભાવાત્મક (હકાર). કોઈને ઇજા ન કરવી કે કોઈને પોતાના દુઃખના તેની અનિચ્છાએ ભાગીદાર ન કરવા એ નિષેધાત્મક અહિંસા છે. બીજાના દુઃખમાં ભાગીદાર થવું અગર તો પોતાની સુખસગવડનો લાભ બીજાને આપવો એ ભાવાત્મક અહિંસા છે. એ જ ભાવાત્મક અહિંસા દયા અગર તો સેવા તરીકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણીતી છે. સગવડ ખાતર આપણે અહીં ઉક્ત બન્ને પ્રકારની અહિંસાને અનુક્રમે અહિંસા અને દયાના નામથી ઓળખાવીશું. અહિંસા એ એવી વસ્તુ છે કે જેની દયા કરતાં વધારેમાં વધારે કિંમત હોવા છતાં તે દયાની પેઠે એકદમ સૌની નજરે નથી ચડતી. દયાને લોકગમ્ય કહીએ તો અહિંસાને સ્વગમ્ય કહી શકાય. જે માણસ અહિંસાને અનુસરતો હોય તે તેની સુવાસ અનુભવે છે. તેનો ફાયદો તો અનિવાર્ય રીતે બીજાઓને મળે જ છે, છતાં ઘણીવાર એ ફાયદો ઉઠાવનાર સુધ્ધાંને એ ફાયદાના કારણરૂપ અહિંસાતત્ત્વનો ખ્યાલ સુધ્ધાં નથી હોતો અને એ અહિંસાની સુંદર અસર બીજાઓનાં મન ઉપર પડવામાં ઘણીવાર ઘણો લાંબો વખત પસાર થઈ જાય છે; જ્યારે દયાની બાબતમાં એથી ઊલટું છે. દયા એ એવી વસ્તુ છે કે તેને પાળનાર કરતાં તેનો લાભ ઉઠાવનારને જ તે વધારે સુવાસ આપે છે. દયાની સુંદર અસર બીજાઓનાં મન ઉપર પડતાં વખત જતો જ નથી. તેથી દયા એ ઉઘાડી તરવાર જેવી સૌની નજરે આવે એવી વસ્તુ છે. તેથી તેને આચરવામાં જ ધર્મની પ્રભાવના દેખાય છે.

સમાજના વ્યવસ્થિત ધારણ અને પોષણ માટે અહિંસા તેમ જ દયા બન્નેની અનિવાર્ય જરૂર છે. જે સમાજમાં અને જે રાષ્ટ્રમાં જેટલે અંશે બીજા ઉપર ત્રાસ વધારે ગુજરતો હોય, નબળાના હક્કો વધારે કચરાતા હોય, તે સમાજ કે તે રાષ્ટ્ર તેટલો જ વધારે દુઃખી અને ગુલામ. તેથી ઊલટું, જે સમાજમાં અને જે રાષ્ટ્રમાં એક વર્ગનો બીજા વર્ગ ઉપર કે એક વ્યક્તિનો બીજી વ્યક્તિ ઉપર જેટલો ત્રાસ ઓછો અથવા બીજા નબળાના હક્કોની જેટલી વધારે રક્ષા તેટલો જ તે સમાજ અને તે રાષ્ટ્ર વધારે સુખી અને વધારે સ્વતંત્ર. એ જ રીતે જે સમાજ અને જે રાષ્ટ્રમાં સબળ વ્યક્તિઓ તરફથી નબળાઓ માટે જેટજેટલો વધારે સુખસગવડનો ભોગ અપાતો હોય, જેટજેટલી તેમની વધારે સેવા કરાતી હોય, તેટલો તે સમાજ અને તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાષ્ટ્ર વધારે સ્વસ્થ અને વધારે આબાદ. એથી ઊલટું જેટજેટલું વધારે સ્વાર્થીપણું તેટતેટલો તે સમાજ વધારે પામર અને વધારે છિન્નભિન્ન. આ રીતે આપણે સમાજો અને રાષ્ટ્રોના ઇતિહાસ ઉપરથી જે એક નિશ્ચિત પરિણામ તારવી શકીએ છીએ તે એ છે કે અહિંસા અને દયા એ બન્ને જેટલાં આધ્યાત્મિક હિત કરનારાં તત્ત્વો છે તેટલાં જ તે સમાજ અને રાષ્ટ્રનાં ધારક અને પોષક તત્ત્વો પણ છે.

એ બન્ને તત્ત્વોની જગતના કલ્યાણાર્થે એકસરખી જરૂરિયાત હોવા છતાં અહિંસા કરતાં દયા જીવનમાં લાવવી કાંઈક સહેલ છે. અંતર્દર્શન વિના અહિંસા જીવનમાં ઉતારી શકાતી નથી, પણ દયા તો અંતર્દર્શન વિનાના આપણા જેવા સાધારણ લોકોના જીવનમાં પણ ઊતરી શકે છે.

અહિંસા નકારાત્મક હોવાથી બીજા કોઈને ત્રાસ આપવાના કાર્યથી મુક્ત થવામાં જ એ આવી જાય છે અને એમાં બહુ જ બારીકાઈથી વિચાર ન પણ કર્યો હોય, છતાં એનું અનુસરણ વિધિપૂર્વક શક્ય છે; જ્યારે દયાની બાબતમાં એમ નથી. એ ભાવાત્મક હોવાથી અને એના આચરણનો આધાર સંયોગો તેમ જ પરિસ્થિતિ ઉપર રહેલો હોવાથી એને પાળવામાં વિચાર કરવો પડે છે, બહુ જ સાવધાન રહેવું પડે છે અને દેશકાળની સ્થિતિનું બહુ જ ભાન રાખવું પડે છે.

[દ્રઅચિં૦ ભાગ ૧, પૃ. ૪૫૧-૪૫૬]

સંથારો અને અહિંસા

હિંસાનો અર્થ છે પ્રમાદ કે રાગદ્વેષ કે આસક્તિ. એનો ત્યાગ જ અહિંસા છે. પ્રાચીન કાળથી ચાલી આવતી આત્મઘાતની પ્રથાઓનો જૈન ગ્રંથોએ નિષેધ કર્યો છે. પર્વત ઉપરથી ઝંપાપાત કરવો, પાણીમાં ડૂબી જવું, ઝેર ખાવું વગેરે મરવાની પ્રથાઓ પહેલાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી અને અત્યારે પણ છે—ભલે પછી એ મરણ ધર્મને નામે હોય કે સાંસારિક કોઈ કારણોથી હોય. જેવી રીતે પશુ વગેરેનો વધ ધર્મ-રૂપે પ્રચલિત હતો એવી જ રીતે આત્મવધ પણ પ્રચલિત હતો, અને કયાંક કયાંક તો અત્યારે પણ એ પ્રચલિત છે—ખાસ કરીને શિવની કે શક્તિની સન્મુખ.

એક તરફ આવી પ્રથાઓનો નિષેધ કરવો અને બીજી તરફ પ્રાણાંત અનશન કે સંથારાનું વિધાન કરવું, આ વિરોધ જરૂર વિભાસણમાં નાખી દે એવો છે. પણ મૂળ ભાવ સમજાતાં એમાં કોઈ વિરોધ નથી રહેતો. જૈનધર્મે જે પ્રાણુનાશનો નિષેધ કર્યો છે, તે પ્રમાદ કે આસક્તિ-પૂર્વક કરાતા પ્રાણુનાશનો જ. કોઈ ઇહલૌકિક કે પારલૌકિક સંપત્તિની ઇચ્છાથી, કામિનીની કામનાથી અને બીજા અભ્યુદયની વાંછાથી, ધર્મ-બુદ્ધિએ અનેક પ્રકારના આત્મવધ થતા રહ્યા છે. જૈનધર્મ કહે છે કે એ આત્મવધ હિંસા છે, કારણ કે એનું પ્રેરક તત્ત્વ કોઈ ને કોઈ પ્રકારનો આસક્તભાવ છે. પ્રાણાંત અનશન અને સંથારો પણ જો એ જ ભાવથી કે ભય યા લોભથી પ્રેરાઈને કરવામાં આવે તો એ પણ હિંસા જ છે. એને કરવાની જૈનધર્મ આજ્ઞા નથી આપતો. જે પ્રાણાંત અનશનનું વિધાન કરવામાં આવ્યું છે, એ તો છે સમાધિમરણ.

જ્યારે દેહ અને આધ્યાત્મિક સદ્‌ગુણ–સંયમ, એમાંથી એકની જ પસંદગી કરવાનો વિષમ સમય આવી પડે ત્યારે, એ વ્યક્તિ જો સાચેસાચ ધર્મને પ્રાણરૂપ લેખતી હશે તો તે દેહરક્ષાની પરવા નહીં કરે; એ તો કેવળ પોતાના દેહનો ભોગ આપીને પણ પોતાની વિશુદ્ધ આધ્યાત્મિક સ્થિતિને બચાવી લેશે—જેવી રીતે કોઈ સાચી સતી, પોતાના સતીત્વને બચાવવાનો બીજો કોઈ રસ્તો ન જોતાં, પોતાના દેહનો નાશ કરીને પણ એને બચાવી લે છે. પણ એવી અવસ્થામાં પણ એ વ્યક્તિ ન કોઈના ઉપર ગુસ્સે થશે કે ન કોઈ રીતે ભયભીત થશે, અથવા ન કોઈ સગવડ જોઈને પ્રસન્ન થશે. એનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાન તો કેવળ પોતાના સંયત જીવનને બચાવવા તરફ અને સમભાવની રક્ષા કરવા તરફ જ રહેશે. જ્યાં સુધી દેહ અને સંયમ, એ બન્નેની સમાન રીતે રક્ષા થઈ શકે ત્યાં સુધી બન્નેની રક્ષા કરવી જોઈએ. પણ એકની જ પસંદગી કરવાનો સવાલ ઊભો થાય ત્યારે આપણા જેવા દેહરક્ષાને પસંદ કરશે અને આધ્યાત્મિક સંયમની ઉપેક્ષા કરશે; જ્યારે સમાધિમરણનો અધિકારી એથી ઊલટું જ કરશે. દૈહિક અને આધ્યાત્મિક, એ બન્નેય જીવન તો છે, પણ જે જેનો અધિકારી હોય છે, તે કસોટીના વખતે એને જ પસંદ કરે છે. અને આવી જ આધ્યાત્મિક જીવનવાળી વ્યક્તિને માટે પ્રાણાંત અનશનની અનુજ્ઞા છે; પામર, ભયભીત કે લાલચુઓને માટે નહીં. આથી સમજી શકાશે કે પ્રાણાંત અનશન, દેહરૂપી ઘરનો નાશ કરીને પણ, દિવ્ય જીવનરૂપ પોતાના આત્માને પડતો બચાવી લે છે. એટલા માટે એ, તાત્ત્વિક દૃષ્ટિએ, સાચા અર્થમાં અહિંસક જ છે.

દેહનો નાશ એ આત્મઘાત ક્યારે?–ટીકાકારોને જવાબ

જે લેખકો આવા સંથારાને આત્મઘાતરૂપે વર્ણવે છે, તેઓ એના હાર્દને પામી શકાય એટલો વિચાર નથી કરતા. પણ જો કોઈ અતિ ઉચ્ચ ઉદ્દેશથી પ્રેરાઈને, કોઈના પર રાગદ્વેષ રાખ્યા વગર, સંપૂર્ણ મૈત્રીભાવપૂર્વક અને પ્રસન્ન ચિત્તે, બાપૂ–ગાંધીજી જેવું, પ્રાણાંત અનશન કરે, તો પછી એ જ લેખકો એ મરણની પ્રશંસા કરવાના, એને કયારેય આત્મઘાત નહીં કહેવાના, કારણ કે આવી વ્યક્તિનો ઉદ્દેશ અને જીવનક્રમ એ લેખકોની નજર સામે છે; જ્યારે જૈન પરંપરામાં સંથારો કરવાવાળા ભલે શુભ આશયથી પ્રેરાયેલા ક્રમ ન હોય, છતાં એમનો ઉદ્દેશ અને જીવનક્રમ એમને એ રીતે સુવિદિત નથી. પરંતુ શાસ્ત્રનું વિધાન તો એ જ દૃષ્ટિએ છે, અને એનો અહિંસા સાથે પૂરેપૂરો સુમેળ પણ છે. આ સમજવા માટે એક દાખલો લઈએ. જો કોઈ વ્યક્તિ પોતાના આખા ઘરને બળતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈને પ્રયત્ન કરવા છતાં એને બળતું બચાવી ન શકે તો એ શું કરશે? છેવટે તો એ બીજું બધું બળતું મૂકીને પોતાની જાતને બચાવી લેવાનો. આધ્યાત્મિક જીવનના ઇચ્છુકની આવી જ સ્થિતિ હોય છે. એ નિરર્થક દેહનો નાશ નહીં કરે; શાસ્ત્રે એનો નિષેધ કર્યો છે; ઊલટું દેહની રક્ષાને કર્તવ્યરૂપ માનેલ છે, પરંતુ તે સંયમને માટે. છેવટે બીજો કોઈ રસ્તો ન હોય એવી લાચાર પરિસ્થિતિ આવી પડે તો જ, ઉપર જણાવેલી શરતો સાથે, દેહનો નાશ સમાધિમરણ છે અને અહિંસા પણ; નહીં તો એ બાલમરણ અને હિંસા.

ભયંકર દુષ્કાળ વગેરે જેવા તંગીના સમયમાં દેહરક્ષાને માટે સંયમથી પતિત થવાનો અવસર આવે કે નિશ્ચિતપણે મરણ નિપજાવનારા રોગોને લીધે પોતાની જાતને અને બીજાઓને નિરર્થક હેરાનગતિ થતી હોય અને એમ કરવા છતાં સંયમ કે સદ્‌ગુણની રક્ષા થવાનો સંભવ ન હોય ત્યારે, કેવળ સંયમ અને સમભાવની દૃષ્ટિએ, સંથારાનું વિધાન કરવામાં આવ્યું છે, જેમાં એકમાત્ર સૂક્ષ્મ આધ્યાત્મિક જીવનને જ બચાવવાનું ધ્યેય છે. જ્યારે ગાંધીજી વગેરે પ્રાણાંત અનશનની વાત કરે છે અને મશરૂવાળા વગેરે એનું સમર્થન કરે છે, ત્યારે એની પાછળ આ દૃષ્ટિબિંદુ જ મુખ્ય છે.

હિંસા નહીં પણ આધ્યાત્મિક વીરતા

આમાં હિંસાની કોઈ ગંધ સરખી પણ નથી. આ વિધાન તો એ વ્યક્તિને માટે છે કે જે કેવળ આધ્યાત્મિક જીવનની ઉમેદવાર હોય, અને એ માટે સ્વીકારેલી સત્પ્રતિજ્ઞાઓના પાલનમાં નિરત હોય. આવા જીવનના અધિકારી પણ અનેક પ્રકારના થતા રહ્યા છે. એક તો એ કે જેણે જિનકલ્પનો સ્વીકાર કર્યો હોય, જે આજે વિચ્છિન્ન થયો છે. જિનકલ્પી ફક્ત એકલો જ રહે છે અને કોઈ પણ રીતે કોઈની સેવા નથી લેતો. એને માટે જીવનની અંતિમ ઘડીઓમાં કોઈની સેવા લેવાનો પ્રસંગ ન આવે એટલા માટે એ જરૂરી થઈ પડે છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સાવધ અને સશક્ત અવસ્થામાં જ ધ્યાન અને તપસ્યા દ્વારા એવી તૈયારી કરી લે કે જેથી એને ન તો મરણથી ડરવું પડે કે ન કોઈની સેવા લેવી પડે. એ પોતાની બધી જવાબદારીઓને અદા કર્યા પછી બાર વર્ષ સુધી એકલો ધ્યાન-તપ કરીને પોતાના જીવનનો ઉત્સર્ગ –ત્યાગ કરે છે. પણ આ કલ્પ–આચાર તો કેવળ જિનકલ્પીને માટે જ છે. બાકીનાં વિધાન જુદા જુદા અધિકારીઓને માટે છે. આ બધાનો સાર એ છે કે જો સ્વીકારેલી સત્પ્રતિજ્ઞાઓનો ભંગ થવાનો વખત આવે, અને એ ભંગને જે સહન કરી શકતો ન હોય, એને માટે પ્રતિજ્ઞાભંગ કરતાં પ્રતિજ્ઞાનું પાલન કરવાપૂર્વક મરણનો સ્વીકાર કરવો એ જ કલ્યાણકારી છે. આમાં તો આધ્યાત્મિક વીરતા છે; એ કંઈ સ્થૂળ જીવનના લોભથી આધ્યાત્મિક ગુણોથી ચલિત થઈને મૃત્યુથી ભાગી છૂટવાની કાયરતા નથી; કે સ્થૂળ જીવનની નિરાશાથી કંટાળીને મોતના મોંમાં ઓરાઈ જવાની આત્મઘાતને નામે ઓળખાતી બાલિશતા પણ નથી. આવી વ્યક્તિ મૃત્યુથી જેટલી નિર્ભય હોય છે એટલી જ એને માટે તૈયાર પણ હોય છે. એ જીવનપ્રિય હોય છે, જીવનમોહી નહીં. સંલેખના, એ કંઈ મરણને આમંત્રણ આપવાની વિધિ નથી, પણ પોતાની મેળે આવી પહોંચનાર મરણને માટે નિર્ભય બનવાની તૈયારી માત્ર જ છે. એની પછી સંથારાનો અવસર પણ આવી શકે છે. આ રીતે આ આખો વિચાર અહિંસા અને એમાંથી પ્રગટતા સદ્‌ગુણો તરફની તન્મયતામાંથી જ જન્મ્યો છે, જે આજે પણ અનેક રૂપે શિષ્ટ જનોને માન્ય છે.

બૌદ્ધધર્મમાં આત્મવધ

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને જે એમ લખ્યું છે કે બૌદ્ધધર્મ સ્યુસાઈડ (suicide)–આત્મવધને નથી માનતો, એ બરાબર નથી. ખુદ બુદ્ધના સમયમાં ભિક્ષુ છન્ન અને ભિક્ષુ વક્કલીએ અસાધ્ય રોગને લીધે આત્મવધ કર્યો હતો, અને તથાગતે એને માન્ય રાખ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો. બન્ને ભિક્ષુ અપ્રમત્ત હતા. એમના આત્મવધમાં ફેર એ છે કે તેઓ ઉપવાસ વગેરેથી ધીમે ધીમે મૃત્યુની તૈયારી નથી કરતા, પરંતુ શસ્ત્રથી એક ઘાએ પોતાનો નાશ કરે છે, જેને હારાકીરી કહી શકાય. જૈન શાસ્ત્રો આવા શસ્ત્રવધને સંમતિ નથી આપતાં. બન્ને પરંપરાઓમાં મૂળ ભૂમિકા સંપૂર્ણપણે એક જ છે, અને તે કેવળ સમાધિજીવનનું રક્ષણ. 'સ્યુસાઇડ' – આપઘાત શબ્દ કંઈક નિંદ્ય જેવો છે. શાસ્ત્રમાં એને માટે 'સમાધિમરણ' અને 'પંડિતમરણ' શબ્દ છે, જે યોગ્ય છે. ઉપર જણાવેલ છન્ન અને વક્કલીની કથા અનુક્રમે મજ્ઝિમનિકાય અને સંયુત્તનિકાયમાં છે.

કેટલાંક સૂક્તો

નમૂનારૂપે કેટલાંક પ્રાકૃત પદ્યો અને એનો અનુવાદ જોઈએ :–

मरणपडियारभूया एसा एवं च ण मरणणिमित्ता।
जह गंडच्छेअकिरिया णो आयविराहणारूपा॥

—જેવી રીતે ગૂમડાને નસ્તર મારવું એ આત્મવિરાધનાને માટે નથી થતું, તેવી રીતે સમાધિમરણની ક્રિયા મરણ નિમિત્તે નહીં, કિંતુ એના પ્રતિકારને માટે છે.

जीवियं नाभिकंखेज्जा मरणं नावि पत्थए।

—એને ન તો જીવનની અભિલાષા છે કે ન એ મરણને માટે પ્રાર્થના કરે છે.

अप्पा खलु संथारो हवई विसुद्धचरित्तम्मि।

—ચારિત્રમાં રહેલો વિશુદ્ધ આત્મા પોતે જ સંથારો છે.

[દ્રઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૫૩૩-૫૩૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮

તપ અને પરિષહ

બૌદ્ધ પિટકોમાં અનેક સ્થાને 'નિગંઠ'ની સાથે 'તપસ્સી', 'દીઘતપસ્સી' જેવાં વિશેષણો જોવામાં આવે છે. આ પ્રમાણે કેટલાંય બૌદ્ધ સૂત્રોમાં રાજગૃહી વગેરે સ્થાનોમાં તપસ્યા કરતા નિર્ગ્રંથોનું વર્ણન મળે છે, અને ખુદ તથાગત બુદ્ધે કરેલી નિર્ગ્રંથોની તપસ્યાની સમાલોચના પણ મળે છે.[૧] આ જ રીતે જ્યાં બુદ્ધે પોતાનું પૂર્વજીવન પોતાના શિષ્યોને કહ્યું ત્યાં પણ એમણે પોતાના સાધનાકાળમાં કરેલી કેટલીક એવી તપસ્યાઓનું[૨] વર્ણન કર્યું છે કે જે કેવળ નિર્ગ્રંથ પરંપરાની જ કહી શકાય, અને જે અત્યારે ઉપલબ્ધ જૈન આગમોમાં વર્ણવાયેલી નિર્ગ્રંથ-તપસ્યાઓ સાથે અક્ષરશઃ મળતી આવે છે. હવે આપણે એ જોઈશું કે બૌદ્ધ પિટકોમાં આવતું નિર્ગ્રંથ-તપસ્યાનું વર્ણન કેટલે અંશે ઐતિહાસિક છે?

તપસ્યાપ્રધાન નિર્ગ્રંથપરંપરા

ખુદ જ્ઞાતપુત્ર મહાવીરનું જીવન જ ઉગ્ર તપસ્યાનું મૂર્ત સ્વરૂપ છે, જે આચારાંગના પહેલા શ્રુતસ્કંધમાં જોવા મળે છે. એ ઉપરાંત આગમોના બધાય પ્રાચીન સ્તરોમાં જ્યાં ક્યાંય કોઈએ પ્રવ્રજ્યા લીધાનું વર્ણન આવે છે, ત્યાં શરૂઆતમાં જ આપણે જોઈએ છીએ કે એ

---

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૫૬ અને ૧૪.

૨. એજન સુ૦ ૨૬. અ૦ કોસંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષિત નિર્ગ્રંથ તપસ્યાનું[૧] આચરણ કરે છે. એક રીતે મહાવીરના સાધુસંઘની સમગ્ર ચર્યા જ તપોમય જોવા મળે છે. અનુત્તરોવવાઇય વગેરે આગમોમાં એવા અનેક મુનિઓનું વર્ણન છે કે જેઓએ ઉત્કટ તપ કરીને પોતાના દેહને કેવળ હાડપિંજર જેવો બનાવી દીધો હતો.[૨] વળી અત્યાર સુધીની જૈન પરંપરાનું શાસ્ત્ર અને સાધુઓ તેમ જ ગૃહસ્થોનો આચાર જોવાથી પણ આપણે એમ કહી શકીએ કે મહાવીરના શાસનમાં તપનો મહિમા વધારે છે, અને એમના ઉત્કટ તપનો પ્રભાવ સંઘ ઉપર એવો પડે છે કે જૈનત્વ, એ તપનો બીજો પર્યાય બની ગયું છે. મહાવીરના વિહાર-સ્થળોમાં અંગ-મગધ, કાશી-કોશલ મુખ્ય છે. જે રાજગૃહી વગેરે સ્થાનોમાં તપસ્યા કરનાર નિર્ગ્રંથો સંબંધી ઉલ્લેખ બૌદ્ધ ગ્રંથોમાં મળે છે, એ રાજગૃહી વગેરે સ્થાનો તો મહાવીરના સાધનાકાળનાં અને ધર્મોપદેશસમયનાં મુખ્ય ધામો હતાં, અને મહાવીરનો નિર્ગ્રંથ સંઘ મુખ્યત્વે એ સ્થાનોમાં રહેતો હતો. આ રીતે બૌદ્ધ પિટકો અને આગમોની મેળવણીને આધારે આપણે નીચે મુજબ નિષ્કર્ષ તારવી શકીએ છીએ :–

(૧) ખુદ મહાવીર અને એમનો નિર્ગ્રંથસંઘ તપોમય જીવન ઉપર વિશેષ ભાર આપતો હતો.

(૨) અંગ-મગધનાં રાજગૃહી વગેરે અને કાશી-કોશલનાં શ્રાવસ્તી વગેરે શહેરોમાં તપસ્યા કરનારા નિર્ગ્રંથો મોટી સંખ્યામાં વિચરતા હતા અને રહેતા હતા.

મહાવીર પહેલાં પણ તપસ્યાની પ્રધાનતા

ઉપરના કથનને આધારે મહાવીરની સમકાલીન અને ઉત્તરકાલીન નિર્ગ્રંથ પરંપરા તપસ્યાપ્રધાન વૃત્તિ ધરાવતી હતી એમાં તો કશી શંકા જ નથી રહેતી; પણ હવે વિચારવાનું એ છે કે મહાવીરની પહેલાં

૧. ભગવતી ૯–૩૩; ૨–૧; ૯–૬.

૨. ઔપપાતિક ૨–૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ નિર્ગ્રંથ પરંપરા તપસ્યાપ્રધાન હતી કે નહીં ?

આ પ્રશ્નનો જવાબ આપણને 'હા' માં જ મળી રહે છે, કેમ કે ભગવાન મહાવીરે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં જ દીક્ષા લીધી હતી; અને દીક્ષાની શરૂઆતથી જ તેઓ તપસ્યા તરફ ઢળ્યા હતા. આ ઉપરથી આપણે એ જાણી શકીએ છીએ કે પાર્શ્વાપત્યિક પરંપરાનું તપ તરફ કેવું વલણ હતું. ભગવાન પાર્શ્વનાથનું જે જીવન જૈન ગ્રંથોમાં મળે છે એને જોવાથી પણ આપણે એમ જ કહી શકીએ છીએ કે પાર્શ્વનાથની નિર્ગ્રંથ પરંપરા તપસ્યાપ્રધાન હતી. ભગવાન મહાવીરે પોતાના જીવન દ્વારા એ પરંપરામાં શુદ્ધિ અને વિકાસનું તત્ત્વ ભલે દાખલ કર્યું હોય, પણ એમણે પહેલાંથી ચાલી આવતી પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં તપોમાર્ગને નવેસરથી દાખલ નથી કર્યો. આની સાબિતી આપણને બીજી રીતે પણ મળી રહે છે.

જ્યાં બુદ્ધે પોતાના શિષ્યો પાસે પોતાના પૂર્વજીવનનું વર્ણન કરતાં, અનેક પ્રકારની તપસ્યાઓની નિરર્થકતા[૧] કહી બતાવી હતી ત્યાં એમણે નિર્ગ્રંથ-તપસ્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો. બુદ્ધે જ્ઞાતપુત્ર મહાવીરની પહેલાં જ જન્મ ધારણ કર્યો હતો અને ગૃહત્યાગ કરીને તપસ્વી-માર્ગનો સ્વીકાર કર્યો હતો. એ સમયમાં પ્રચલિત બીજા બીજા પંથોની જેમ બુદ્ધે નિર્ગ્રંથ પંથનો પણ થોડા વખત માટે સ્વીકાર કર્યો હતો અને પોતાના સમયમાં પ્રચલિત નિર્ગ્રંથ-તપસ્યાનું આચરણ પણ કર્યું હતું. તેથી બુદ્ધ જ્યારે પોતે પહેલાં કરેલી તપસ્યાનું વર્ણન કરે છે ત્યારે એમાં હૂબહૂ નિર્ગ્રંથ-તપસ્યાનું સ્વરૂપ પણ આવી જાય છે, જે અત્યારે જૈન ગ્રંથો અને જૈન પરંપરા સિવાય બીજે ક્યાંય જોવામાં નથી આવતું. મહાવીર પહેલાં જે નિર્ગ્રંથ-તપસ્યાનું બુદ્ધે આચરણ કર્યું હતું, એ તપસ્યા પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરા સિવાય બીજી કોઈ નિર્ગ્રંથ પરંપરાની હોવાનો સંભવ નથી, કારણ કે મહાવીર તો હજી જન્મ્યા જ ન હતા,

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૨૬. અ૦ કોસંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બુદ્ધના જન્મસ્થાન કપિલવસ્તુથી લઈને તે એમના સાધનાસ્થાન રાજગૃહી, ગયા, કાશી વગેરેમાં પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાનું નિર્વિવાદ અસ્તિત્ત્વ અને પ્રાધાન્ય હતું. જે સ્થાને બુદ્ધે સૌથી પહેલાં ધર્મચક્રનું પ્રવર્તન કર્યું એ સારનાથ પણ કાશીનો જ એક ભાગ છે; અને એ કાશી તો પાર્શ્વનાથની જન્મભૂમિ તથા તપોભૂમિ હતી. સાધના વખતે બુદ્ધની સાથે જે બીજા પાંચ ભિક્ષુઓ હતા તેઓ બુદ્ધનો ત્યાગ કરીને સારનાથ –ઇસિપત્તનમાં જ રહીને તપસ્યા કરતા હતા. એ પાંચ ભિક્ષુઓ નિર્ગ્રંથ પરંપરાના જ અનુગામી હોય તો નવાઈ નહીં. એ ગમે તેમ હોય, પણ બુદ્ધે નિર્ગ્રંથ-તપસ્યાનું, ભલે થોડા વખત માટે પણ, આચરણ કર્યું હતું, એમાં કોઈ શંકાને સ્થાન નથી; અને એ તપસ્યા પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાની જ હોઈ શકે. આથી આપણે એમ માની શકીએ છીએ કે જ્ઞાતપુત્ર મહાવીર પહેલાં પણ નિર્ગ્રંથ પરંપરાનું સ્વરૂપ તપસ્યાપ્રધાન જ હતું.

ઉપરની ચર્ચા ઉપરથી નિર્ગ્રંથ પરંપરાની તપસ્યા અંગે ઐતિહાસિક દૃષ્ટિએ એટલું પુરવાર થઈ શકે છે કે ઓછામાં ઓછું પાર્શ્વનાથના વખતથી તો નિર્ગ્રંથ પરંપરા તપપ્રધાન હતી; અને એના તપ તરફના વલણને મહાવીરે વધારે વેગ આપ્યો હતો. અહીં આપણી સામે ઐતિહાસિક દૃષ્ટિએ બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે : એક તો એ કે બુદ્ધે વારંવાર નિર્ગ્રંથ-તપસ્યાઓનું ખંડન કર્યું છે એ કેટલે અંશે સાચું છે અને એના ખંડનનો આધાર શું છે? અને બીજો પ્રશ્ન એ કે મહાવીરે પહેલાંથી પ્રચલિત નિર્ગ્રંથ-તપસ્યામાં વિશેષતા લાવવાનો કોઈ પ્રયત્ન કર્યો હતો કે નહીં, અને કર્યો હતો તો શો?

બુદ્ધે કરેલ ખંડનનો ખુલાસો

નિર્ગ્રંથ-તપસ્યાનું ખંડન કરવાની પાછળ બુદ્ધની દૃષ્ટિ મુખ્યત્વે એવી જ હતી કે તપ એ કાયક્લેશ છે, કેવળ દેહદમન છે; એનાથી દુઃખ સહન કરવાનો અભ્યાસ તો આગળ વધે છે, પણ એનાથી કોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધ્યાત્મિક સુખ કે ચિત્તશુદ્ધિ પ્રાપ્ત નથી થતાં.[૧] બુદ્ધની આ દૃષ્ટિની આપણે નિર્ગ્રંથ પરંપરાની દૃષ્ટિ સાથે સરખામણી કરીએ તો કહેવું પડે કે નિર્ગ્રંથ પરંપરાની દૃષ્ટિ અને મહાવીરની દૃષ્ટિ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી. કારણ કે ખુદ મહાવીર અને એમનો ઉપદેશ માનવાવાળી સમગ્ર નિર્ગ્રંથ પરંપરાનું સાહિત્ય, એ બન્ને એકીઅવાજે એમ જ કહે[૨] છે કે દેહદમન કે કાયકલેશ ગમે તેટલું ઉગ્ર કેમ ન હોય, પણ જો એનો ઉપયોગ આધ્યાત્મિક શુદ્ધિ અને ચિત્તક્લેશના નિવારણ માટે ન થાય તો એ દેહદમન અને કાયકલેશ નકામાં છે. આનો અર્થ તો એમ જ થયો કે નિર્ગ્રંથ પરંપરા પણ દેહદમન અને કાયકલેશને ત્યારે જ સાર્થક માને છે, કે જ્યાં લગી એનો સંબંધ આધ્યાત્મિક શુદ્ધિ સાથે હોય. તો પછી સહેજે સવાલ થાય છે કે બુદ્ધે એનું ખંડન કેમ કર્યું? આનો ખુલાસો બુદ્ધના જીવનના વલણ તેમ જ એમના ઉપદેશોમાંથી મળી રહે છે. બુદ્ધનો સ્વભાવ વિશેષ પરિવર્તનશીલ અને વિશેષ તર્કશીલ હતો. જ્યારે એમનો સ્વભાવ ઉગ્ર દેહદમનથી સંતુષ્ટ ન થયો ત્યારે એમણે એને એક અન્ત–છેડો કહીને એનો ત્યાગ કર્યો, અને ધ્યાનમાર્ગ, નૈતિક જીવન તથા પ્રજ્ઞા ઉપર જ વિશેષ ભાર આપ્યો. એમને એ માર્ગે જ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થયું; અને એમણે એ તત્ત્વના આધારે પોતાનો નવો સંઘ સ્થાપ્યો.

નવો સંઘ સ્થાપનારને માટે એ જરૂરી થઈ પડે છે કે એ આચાર-વિચાર સંબંધી પોતાના નવા વલણને વધારેમાં વધારે લોકગ્રાહ્ય બનાવવા માટે પ્રયત્ન કરે, અને પૂર્વકાલીન તેમ જ સમકાલીન અન્ય સંપ્રદાયોનાં મંતવ્યોની આકરી સમાલોચના કરે; આમ કર્યા વગર કોઈ ન તો પોતાના નવા સંઘમાં અનુયાયીઓને ભેગા કરી શકે છે કે ન તો ભેગા થયેલા અનુયાયીઓને ટકાવી શકે છે. બુદ્ધના નવા સંઘની હરીફ અનેક પરંપરાઓ મોજૂદ હતી કે જેના ઉપર નિર્ગ્રંથ

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૨૬. અ૦ કોસંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).
૨. દશવૈકાલિક ૯. ૪-૪. ભગવતી ૩-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંપરાનું વર્ચસ્વ જેવું તેવું ન હતું. સામાન્ય જનતા સ્થૂલદર્શી–નરી નજરે દેખાતું માનનારી–હોવાથી એ બાહ્ય ઉગ્ર તપ અને દેહદમનને કારણે તપસ્વીઓ પ્રત્યે સહેલાઈથી આકર્ષાય છે : આ એક સનાતન અનુભવ છે. એક તો પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાના અનુયાયીઓને તપસ્યાનો સંસ્કાર ગળથૂથીમાંથી મળેલો હતો; અને બીજું, મહાવીરના અને એમના નિર્ગ્રંથ સંઘના ઉગ્ર તપશ્ચરણને લીધે સાધારણ જનતા, સહજ રીતે જ, નિર્ગ્રંથો તરફ ઝૂકતી હતી. અને તપશ્ચર્યા પ્રત્યે બુદ્ધની શિથિલતા જોઈને એમને પ્રશ્ન પૂછી બેસતી હતી કે જ્યારે બધાય શ્રમણો તપ ઉપર ભાર આપે છે, ત્યારે આપ તપને કેમ નથી માનતા ?[૧] ત્યારે બુદ્ધને પોતાના પક્ષનો બચાવ પણ કરવો હતો અને સાધારણ જનતા અને અધિકારીવર્ગ તેમ જ રાજા-મહારાજાઓને પોતાનાં મંતવ્યો તરફ આકર્ષવા પણ હતા. તેથી તપની આકરી સમાલોચના–ટીકા કરવાનું એમના માટે અનિવાર્ય થઈ પડતું. એમણે કર્યું પણ એમ જ. તેઓ તપની ટીકામાં સફળ ત્યારે જ થઈ શકતા હતા કે જ્યારે તેઓ એમ સાબિત કરે કે તપ એ તો માત્ર કષ્ટ જ છે.

એ સમયમાં અનેક તપસ્વીમાર્ગ એવા પણ હતા કે જે કેવળ જુદી જુદી જાતના બાહ્ય કલેશોમાં જ તપની પૂર્ણાહુતિ માનતા હતા. જ્યાં સુધી એ બાહ્ય તપોમાર્ગોની નિરર્થકતાને લાગેવળગે છે ત્યાં સુધી તો બુદ્ધે કરેલું તપસ્યાનું ખંડન સાચું છે; પણ જ્યારે આધ્યાત્મિક શુદ્ધિની સાથે સંકળાયેલ તપસ્યાઓના ખંડનનો સવાલ આવે છે ત્યારે એ ખંડન ન્યાયયુક્ત નથી લાગતું. આમ છતાં બુદ્ધે તો નિર્ગ્રંથ-તપસ્યાઓનો અનેક વાર છડેચોક વિરોધ કર્યો છે; તો એનો અર્થ એટલો જ સમજવો કે બુદ્ધે નિર્ગ્રંથ પરંપરાના દૃષ્ટિબિંદુને પૂરેપૂરું ધ્યાનમાં લીધા વગર કેવળ એના બાહ્ય તપ તરફ જ ધ્યાન આપ્યું. અને બીજી પરંપરાઓના ખંડનની સાથે સાથે નિર્ગ્રંથ પરંપરાના

૧. અંગુત્તરનિકાય વો૦ ૧, પૃ૦ ૨૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપને પણ ખેંચ્યું. નિર્ગ્રંથ પરંપરાનું તાત્ત્વિક દૃષ્ટિબિંદુ ગમે તે હોય, પણ મનુષ્યસ્વભાવનું અવલોકન કરતાં, તથા જૈન ગ્રંથોમાં[1] આવતાં કેટલાંક વર્ણનોને આધારે, આપણે એમ પણ કહી શકીએ કે બધાય નિર્ગ્રંથ તપસ્વીઓ કંઈ એવા ન હતા કે જેઓ પોતાના તપ કે દેહદમનને કેવળ આધ્યાત્મિક શુદ્ધિમાં જ ચરિતાર્થ કરતા હોય. આવી સ્થિતિમાં જો બુદ્ધે તથા એમના શિષ્યોએ નિર્ગ્રંથ-તપસ્યાનું ખંડન કર્યું હોય તો તે અમુક અંશે સાચું પણ કહી શકાય એમ છે.

ભગવાન મહાવીરે આણેલી વિશેષતા

બીજા પ્રશ્નનો જવાબ આપણને જૈન આગમોમાંથી જ મળી રહે છે. બુદ્ધની જેમ મહાવીર પણ કેવળ દેહદમનને જીવનનું ધ્યેય ગણતા ન હતા; કારણ કે આવાં અનેક પ્રકારનાં દેહદમન કરનારાઓને તાપસ કે મિથ્યા તપ કરનારા કહ્યા છે.[2] તપસ્યાની બાબતમાં પણ પાર્શ્વનાથની દૃષ્ટિ માત્ર દેહદમન કે કાયકલેશપ્રધાન નહીં પણ આધ્યાત્મિક શુદ્ધિના લક્ષવાળી હતી. પણ એમાં તો મુદ્દલ શંક નથી કે નિર્ગ્રંથ પરંપરા પણ, કાળના પ્રવાહમાં ખેંચાઈને અને માનવ-સ્વભાવની નિર્બળતાનો ભોગ બનીને, અત્યારની મહાવીરની પરંપરાની જેમ, મુખ્યત્વે દેહદમન તરફ ઢળી ગઈ હતી અને આધ્યાત્મિક ધ્યેય એક બાજુ રહી ગયું હતું. ભગવાન મહાવીરે જે કાંઈ કર્યું તે એટલું જ કે પરંપરાથી ચાલ્યા આવતા એ સ્થૂલ તપનો સંબંધ આધ્યાત્મિક શુદ્ધિની સાથે અનિવાર્યપણે જોડી દીધો અને કહી દીધું કે બધી જાતના કાયકલેશ, ઉપવાસ વગેરેથી શરીર અને ઇંદ્રિયનું દમન, એ ભલે તપ હોય, પણ એ બાહ્ય તપ છે, આભ્યંતર તપ નહીં.[3] આભ્યંતર અને આધ્યાત્મિક તપ તો બીજું જ છે; અને આત્મશુદ્ધિ

૧. ઉત્તરાધ્યયન અ૦ ૧૭.
૨. ભગવતી ૩-૧; ૧૧-૯.
૩. ઉત્તરાધ્યયન અ૦ ૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે એને અનિવાર્ય સંબંધ છે; અને એ ધ્યાન, જ્ઞાન વગેરે રૂપ છે. મહાવીરે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં ચાલ્યા આવતા બાહ્ય તપનો સ્વીકાર તો કર્યો, પણ જેવા ને તેવા રૂપમાં એનો સ્વીકાર ન કર્યો, બલ્કે કેટલેક અંશે પોતાના જીવન દ્વારા એમાં ઉગ્રતા લાવીને પણ એ દેહદમનનો સંબંધ આભ્યંતર તપની સાથે જોડી દીધો અને સાફસાફ કહી દીધું કે તપની પૂર્ણતા તો આધ્યાત્મિક શુદ્ધિની પ્રાપ્તિથી જ થઈ શકે છે. પોતાના આચરણથી પોતાના કથનને પુરવાર કરીને મહાવીરે જ્યાં એક તરફ નિર્ગ્રંથ પરંપરામાં પહેલાંથી પ્રચલિત શુષ્ક દેહદમનમાં સુધારો કર્યો, ત્યાં બીજી તરફ બીજી શ્રમણ પરંપરાઓમાં પ્રચલિત જુદી જુદી જાતનાં દેહદમનોને પણ અપૂર્ણ તપ કે મિથ્યા તપ તરીકે ઓળખાવ્યાં. તેથી એમ કહી શકાય કે તપોમાર્ગમાં મહાવીરનું વિશિષ્ટ અર્પણ છે, અને તે એ કે કેવળ શરીર અને ઇંદ્રિયોના દમનમાં સમાઈ જતા તપ શબ્દના અર્થને એમણે આધ્યાત્મિક શુદ્ધિના બધાય ઉપાયો સુધી વિસ્તૃત કર્યો. એટલા માટે જ જૈન આગમોનાં ઠેર ઠેર આભ્યંતર અને બાહ્ય, એમ બન્ને પ્રકારનાં તપોનો નિર્દેશ સાથોસાથ મળે છે.

બુદ્ધને તપની પૂર્વપરંપરાનો ત્યાગ કરીને ધ્યાન-સમાધિની પરંપરા ઉપર જ વધારે ભાર આપવો હતો; જ્યારે મહાવીરને તપની પૂર્વપરંપરાનો ત્યાગ કર્યા સિવાય, પણ, એની સાથે આધ્યાત્મિક શુદ્ધિનો સંબંધ જોડીને, ધ્યાન-સમાધિના માર્ગ ઉપર ભાર આપવો હતો. બન્નેની પ્રવૃત્તિ અને પ્રરૂપણા વચ્ચે આ જ મુખ્ય અંતર છે. મહાવીરના અને એમના શિષ્યોના તપસ્વી-જીવનનો જે પ્રભાવ સમકાલીન જનતા ઉપર પડતો હતો એથી વિવશ થઈને બુદ્ધને પોતાના ભિક્ષુ સંઘમાં અનેક કડક નિયમો દાખલ કરવા પડ્યા, જે બૌદ્ધ ગ્રંથ વિનય-પિટકને જોવાથી જાણી શકાય છે.[1] તેમ છતાં બુદ્ધે કયારેય બાહ્ય

૧. બૌદ્ધ સંઘનો પરિચય પૃ૦ ૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપનો પક્ષ નથી લીધો; બલકે જ્યારે જ્યારે અવસર મળ્યો ત્યારે એમણે એનો ઉપહાસ જ કર્યો. સ્વયં બુદ્ધની આ શૈલીને ઉત્તરકાલીન બધાય બૌદ્ધ લેખકોએ અપનાવી; પરિણામે, આજે આપણે એ જોઈએ છીએ કે, બુદ્ધે કરેલો દેહદમનનો વિરોધ બૌદ્ધ સંઘમાં આજે સુકુમારતામાં ફેરવાઈ ગયો છે; જ્યારે મહાવીરનું બાહ્ય તપવાળું જીવન જૈન પરંપરામાં કેવળ દેહદમનમાં પરિણત થઈ ગયું. આ બન્ને દોષ સામુદાયિક પ્રકૃતિના સ્વાભાવિક દોષ છે, નહીં કે મૂળ પુરુષોના આદર્શના દોષ.

[દર્શનચિંતન ખંડ ૨, પૃ૦ ૯૦-૯૬]

ભગવાન મહાવીરે તપની શોધ કાંઈ નવી કરી ન હતી; તપ તો એમને કુળ અને સમાજના વારસામાંથી જ સાંપડ્યું હતું. એમની શોધ જો હોય તો તે એટલી જ કે એમણે તપને—કઠોરમાં કઠોર તપને—દેહદમનને અને કાયકલેશને આચરતા રહી તેમાં આંતરદૃષ્ટિ ઉમેરી, એટલે કે બાહ્ય તપને અંતર્મુખ બનાવ્યું. પ્રસિદ્ધ દિગંબર તાર્કિક સમંતભદ્રની ભાષામાં કહીએ તો ભગવાન મહાવીરે કઠોરતમ તપ પણ આચર્યું; પરંતુ તે એવા ઉદ્દેશથી કે તે દ્વારા જીવનમાં વધારે ડોકિયું કરી શકાય, વધારે ઊંડા ઊતરાય અને જીવનનો અંતર્મળ ફેંકી દઈ શકાય. આ જ કારણથી જૈન તપ બે ભાગમાં વહેંચાઈ જાય છે : એક બાહ્ય અને બીજું આભ્યંતર. બાહ્ય તપમાં દેહને લગતાં બધાં જ દેખી શકાય તેવાં નિયમનો આવી જાય છે, જ્યારે આભ્યંતર તપમાં જીવનશુદ્ધિના બધા જ આવશ્યક નિયમો આવી જાય છે. ભગવાન દીર્ઘતપસ્વી કહેવાયા તે માત્ર બાહ્ય તપના કારણે નહિ, પણ એ તપનો અંતર્જીવનમાં પૂર્ણ ઉપયોગ કરવાને કારણે જ—એ વાત ભુલાવી ન જોઈએ.

તપનો વિકાસ

ભગવાન મહાવીરના જીવનક્રમમાંથી જે અનેક પરિપક્વ ફળરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણને વારસો મળ્યો છે તેમાં તપ પણ એક વસ્તુ છે. ભગવાન પછીનાં આજ સુધીનાં ૨૫૦૦ વર્ષમાં જૈન સંઘે જેટલો તપનો અને તેના પ્રકારોનો જીવતો વિકાસ કર્યો છે તેટલો બીજા કોઈ સંપ્રદાયે ભાગ્યે જ કર્યો હશે. એ ૨૫૦૦ વર્ષના સાહિત્યમાંથી કેવળ તપ અને તેનાં વિધાનોને લગતું સાહિત્ય જુદું તારવવામાં આવે તો એક ખાસો અભ્યાસયોગ્ય ભાગ જ થાય. જૈન તપ માત્ર ગ્રંથોમાં જ નથી રહ્યું, એ તો ચતુર્વિધ સંઘમાં જીવતા અને વહેતા વિવિધ તપના પ્રકારોનો એક પડઘોમાત્ર છે. આજે પણ તપ આચરવામાં જૈનો એક્કા ગણાય છે. બીજી કોઈ પણ બાબતમાં જૈનો કદાચ બીજા કરતાં પાછળ રહે, પણ જો તપની પરીક્ષા—ખાસ કરી ઉપવાસ-આયંબિલની પરીક્ષા—લેવામાં આવે તો આખા દેશમાં અને કદાચ આખી દુનિયામાં પહેલે નંબર આવનાર જૈન પુરુષો નહિ તો છેવટે સ્ત્રીઓ નીકળવાની જ, એવી મારી ખાતરી છે. તપને લગતા ઉત્સવો, ઉજમણાંઓ અને તેવા જ બીજા ઉત્તેજક પ્રકારો આજે પણ એટલા બધા વ્યાપેલા છે કે જે કુટુંબે—ખાસ કરીને જે બહેને—તપ કરી તેનું નાનું-મોટું ઉજમણું ન કર્યું હોય, તેને એક રીતે પોતાની ઊણપ લાગે છે. મુગલ સમ્રાટ અકબરનું આકર્ષણ કરનાર એક કઠોર તપસ્વિની જૈન બહેન જ હતી.

પરિષહ

તપને તો જૈન ન હોય તે પણ જાણે છે, પરંતુ પરિષહોની બાબતમાં તેમ નથી. અજૈન માટે પરિષહ શબ્દ જરા નવા જેવો છે, પરંતુ એનો અર્થ નવો નથી. ઘર છોડી ભિક્ષુ બનેલાને પોતાના ધ્યેયની સિદ્ધિ માટે જે જે સહવું પડે તે પરિષહ. જૈન આગમોમાં આવા પરિષહો ગણાવવામાં આવ્યા છે, તે ફક્ત ભિક્ષુજીવનને ઉદ્દેશીને જ. બાર પ્રકારનું તપ દર્શાવવામાં આવ્યું છે તે તો ગૃહસ્થ કે ત્યાગી બધાને જ ઉદ્દેશીને; જ્યારે બાવીસ પરિષહો ગણાવવામાં આવ્યા છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ત્યાગી જીવનને ઉદ્દેશીને જ. તપ અને પરિષહ એ બે જુદાં દેખાય છે, એના ભેદો પણ જુદા છે, છતાં એકબીજાથી છૂટા ન પાડી શકાય એવા એ બે ફણગા છે.

વ્રતનિયમ અને ચારિત્ર એ બન્ને એક જ વસ્તુ નથી. એ જ રીતે જ્ઞાન એ પણ બન્નેથી જુદી વસ્તુ છે. આમ છતાં વ્રતનિયમ, ચારિત્ર અને જ્ઞાન એ ત્રણનો યોગ એક વ્યક્તિના જીવનમાં શકય છે, અને જો એ યોગ હોય તો જીવનનો વધારે ને વધારે વિકાસ સંભવે છે; એટલું જ નહિ, પણ એવા યોગવાળા આત્માનો જ વધારે વ્યાપક પ્રભાવ બીજા ઉપર પડે છે; અથવા તો એમ કહો કે એવો જ માણસ બીજાઓને દોરી શકે છે. આ જ કારણથી ભગવાને તપ અને પરિષહોમાં એ ત્રણ તત્ત્વો સમાવ્યાં છે. તેમણે જોયું કે મનુષ્યનો જીવનપંથ લાંબો છે, તેનું ધ્યેય અતિ દૂર છે, તે ધ્યેય જેટલું દૂર છે તેટલું જ સૂક્ષ્મ છે અને તે ધ્યેયે પહોંચતાં વચ્ચે મોટી મુસીબતો ઊભી થાય છે; એ માર્ગમાં અંદરના અને બહારના બન્ને દુશ્મનો હુમલો કરે છે, એનો પૂર્ણ વિજય એકલા વ્રતનિયમથી, એકલા ચારિત્રથી કે એકલા જ્ઞાનથી શકય નથી. આ તત્ત્વ ભગવાને પોતાના જીવનમાં અનુભવ્યા બાદ જ એમણે તપ અને પરિષહોની એવી ગોઠવણી કરી કે તેમાં વ્રતનિયમ, ચારિત્ર અને જ્ઞાન એ ત્રણેનો સમાવેશ થઈ જાય. એ સમાવેશ એમણે પોતાના જીવનમાં શકય કરી બતાવ્યો.

જૈન તપમાં ક્રિયાયોગ અને જ્ઞાનયોગનો સુમેળ

મૂળમાં તો તપ અને પરિષહ એ ત્યાગી તેમ જ ભિક્ષુજીવનમાંથી જ ઉત્પન્ન થયેલાં છે—જોકે એનો પ્રચાર અને પ્રભાવ તો એક અદના ગૃહસ્થ સુધી પણ પહોંચેલો છે. આર્યાવર્તના ત્યાગજીવનનો ઉદ્દેશ આધ્યાત્મિક શાંતિ જ હતો. આધ્યાત્મિક શાંતિ એટલે ક્લેશોની અને વિકારોની શાંતિ. આર્ય ઋષિઓને મન ક્લેશોનો વિજય એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાન વિજય હતો. તેથી જ તો મહર્ષિ પતંજલિ તપનું પ્રયોજન બતાવતાં કહે છે કે 'તપ ક્લેશોને નબળા પાડવા અને સમાધિના સંસ્કારો પુષ્ટ કરવા માટે છે.' તપને પતંજલિ ક્રિયાયોગ કહે છે, કારણ કે એ તપમાં વ્રતનિયમોને જ ગણે છે; તેથી પતંજલિને ક્રિયાયોગથી જુદો જ્ઞાનયોગ સ્વીકારવો પડ્યો છે. પરંતુ જૈન તપમાં તો ક્રિયાયોગ અને જ્ઞાનયોગ બન્ને આવી જાય છે, અને એ પણ સ્મરણમાં રાખવું જોઈએ કે બાહ્ય તપ, જે ક્રિયાયોગ જ છે, તે આભ્યંતર તપ એટલે જ્ઞાનયોગની પુષ્ટિ માટે જ છે, ને એ જ્ઞાનયોગની પુષ્ટિ દ્વારા જ જીવનના અંતિમ સાધ્યમાં ઉપયોગી છે, સ્વતંત્રપણે નહિ.

[દ્રવ્યચિં૰ ભા૰ ૧, પૃ ૪૪૧-૪૪૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯

જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર

જૈન દૃષ્ટિનું સ્પષ્ટીકરણ

માત્ર તત્ત્વજ્ઞાન કે માત્ર આચારમાં જૈન દૃષ્ટિ પૂર્ણ થતી નથી. એ તત્ત્વજ્ઞાન અને આચાર ઉભયની મર્યાદા સ્વીકારે છે. કોઈ પણ વસ્તુનો (પછી તે જડ હોય કે ચેતન)-તેની બધી બાજુઓનો-વાસ્તવિક સમન્વય કરવો એ અનેકાંતવાદ જૈન તત્ત્વજ્ઞાનનો મૂળ પાયો છે; અને રાગદ્વેષના નાનામોટા દરેક પ્રસંગોથી અલિપ્ત રહેવારૂપ નિવૃત્તિ એ સમગ્ર જૈન આચારનો મૂળ પાયો છે. અનેકાન્તવાદનું કેન્દ્ર મધ્યસ્થતામાં છે અને નિવૃત્તિ પણ મધ્યસ્થતામાંથી જ જન્મે છે, તેથી અનેકાન્તવાદ અને નિવૃત્તિ એ બન્ને એકબીજાનાં પૂરક અને પોષક છે. એ બન્ને તત્ત્વ જેટલે અંશે સમજાય અને જીવનમાં ઊતરે તેટલે અંશે જૈનધર્મનું જ્ઞાન અને પાલન થયું કહેવાય.

જૈનધર્મનું વહેણ નિવૃત્તિ તરફ છે. નિવૃત્તિ એટલે પ્રવૃત્તિની વિરોધી બીજી બાજુ. પ્રવૃત્તિનો અર્થ રાગદ્વેષના પ્રસંગોમાં ઝંપલાવવું. જીવનમાં ગૃહસ્થાશ્રમ એ રાગદ્વેષના પ્રસંગોનાં વિધાનોનું કેન્દ્ર છે. તેથી જે ધર્મમાં ગૃહસ્થાશ્રમનું વિધાન કરવામાં આવ્યું છે તે પ્રવૃત્તિધર્મ; અને જે ધર્મમાં ગૃહસ્થાશ્રમનું નહિ પણ માત્ર ત્યાગનું વિધાન છે તે નિવૃત્તિધર્મ. જૈનધર્મ એ નિવૃત્તિધર્મ હોવા છતાં તેના પાલન કરનારાઓમાં જે ગૃહસ્થાશ્રમનો વિભાગ દેખાય છે તે નિવૃત્તિની અપૂર્ણતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીધે. સર્વાંશે નિવૃત્તિ મેળવવા અસમર્થ વ્યક્તિઓ જેટજેટલા અંશોમાં નિવૃત્તિ સેવે તેટતેટલા અંશોમાં તેઓ જૈન છે. જે અંશોમાં નિવૃત્તિ સેવી ન શકે તે અંશોમાં પોતાની પરિસ્થિતિ પ્રમાણે વિવેકદૃષ્ટિથી તેઓ પ્રવૃત્તિ ગોઠવી લે; પણ એ પ્રવૃત્તિનું વિધાન જૈન શાસ્ત્ર નથી કરતું, તેનું વિધાન તો માત્ર નિવૃત્તિ છે. તેથી જૈનધર્મને વિધાનની દૃષ્ટિએ એકાશ્રમી કહી શકાય. તે એકાશ્રમ એટલે બ્રહ્મચર્ય અને સંન્યાસ-આશ્રમના એકીકરણરૂપ ત્યાગનો આશ્રમ.

આ જ કારણથી જૈનાચારના પ્રાણભૂત ગણાતાં અહિંસાદિ પાંચ મહાવ્રતો પણ વિરમણ(નિવૃત્તિ)રૂપ છે. ગૃહસ્થનાં અણુવ્રતો પણ વિરમણરૂપ છે. ફેર એટલો કે એકમાં સર્વાંશે નિવૃત્તિ છે અને બીજામાં અલ્પાંશે નિવૃત્તિ છે. તે નિવૃત્તિનું મુખ્ય કેન્દ્ર અહિંસા છે. હિંસાથી સર્વાંશે નિવૃત્ત થવામાં બીજાં બધાં મહાવ્રતો આવી જાય છે. હિંસાના 'પ્રાણઘાત'રૂપ અર્થ કરતાં જૈન શાસ્ત્રમાં તેનો અર્થ બહુ જ સૂક્ષ્મ અને વ્યાપક છે. બીજો કોઈ જીવ દુભાય કે નહિ, પણ મલિન વૃત્તિમાત્રથી પોતાના આત્માની શુદ્ધતા હણાય તો તે પણ હિંસા. આવી હિંસામાં દરેક જાતની સૂક્ષ્મ કે સ્થૂલ પાપવૃત્તિ આવી જાય છે. અસત્યભાષણ, અદત્તાદાન (ચૌર્ય), અબ્રહ્મ (મૈથુન અથવા કામાચાર) કે પરિગ્રહ–એ બધાંની પાછળ કાં તો અજ્ઞાન અને કાં તો લોભ, ક્રોધ, કુતૂહલ કે ભયાદિ મલિન વૃત્તિઓ પ્રેરક હોય છે જ. તેથી અસત્યાદિ બધી પ્રવૃત્તિઓ હિંસાત્મક જ છે. એવી હિંસાથી નિવૃત્ત થવું એ જ અહિંસાનું પાલન; અને તેવા પાલનમાં સહેજે બીજા બધા નિવૃત્તિગામી ધર્મો આવી જાય છે. જૈનધર્મ પ્રમાણે બાકીના બધા વિધિનિષેધો એ ઉક્ત અહિંસાના માત્ર પોષક અંગો જ છે.

ચેતના અને પુરુષાર્થ એ આત્માનાં મુખ્ય બળો છે. તે બળોનો દુરુપયોગ અટકાવવામાં આવે તો જ તેમને સદુપયોગની દિશામાં વાળી શકાય. આ કારણથી જૈનધર્મ પ્રથમ તો દોષવિરમણ (નિષિદ્ધત્યાગ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ શીલનું વિધાન કરે છે; પણ ચેતના અને પુરુષાર્થ એવાં નથી કે તે માત્ર અમુક દિશામાં ન જવારૂપ નિવૃત્તિ માત્રથી નિષ્ક્રિય થઈ પડ્યાં રહે. તે તો પોતાના વિકાસની ભૂખ ભાંગવા ગતિની દિશા શોધ્યા જ કરે છે. આ કારણથી જૈનધર્મે નિવૃત્તિની સાથે જ શુદ્ધ પ્રવૃત્તિ (વિહિતઆચરણરૂપ ચારિત્ર)નાં વિધાનો પણ ગોઠવ્યાં છે. તેણે કહ્યું છે કે મલિન વૃત્તિથી આત્માનો ઘાત ન થવા દેવો અને તેના રક્ષણમાં જ (સ્વદયામાં જ) બુદ્ધિ અને પુરુષાર્થનો ઉપયોગ કરવો. પ્રવૃત્તિના એ વિધાનમાંથી જ સત્યભાષણ, બ્રહ્મચર્ય, સંતોષ આદિ વિધિમાર્ગો જન્મે છે. આટલા વિવેચન ઉપરથી એ જણાશે કે જૈન દૃષ્ટિ પ્રમાણે કામાચારથી નિવૃત્તિ મેળવવી એ અહિંસાનો માત્ર એક અંશ છે અને તે અંશનું પાલન થતાં જ તેમાંથી બ્રહ્મચર્યનો વિધિમાર્ગ નીકળી આવે છે. કામાચારથી નિવૃત્તિ એ બીજ છે અને બ્રહ્મચર્ય એ તેનું પરિણામ છે.

ભગવાન મહાવીરનો ઉદ્દેશ ઉપર કહેલા નિવૃત્તિધર્મનો પ્રચાર છે, તેથી તેમના ઉદ્દેશમાં જ્ઞાતિનિર્માણ, સમાજસંગઠન, આશ્રમવ્યવસ્થા આદિને સ્થાન નથી. લોકવ્યવહારની ચાલુ ભૂમિકામાંથી ગમે તે અધિકારી પોતાની શક્તિ પ્રમાણે નિવૃત્તિ લે અને કેળવે, તેમ જ તે દ્વારા મોક્ષ સાધે એ એક જ ઉદ્દેશથી ભગવાન મહાવીરના વિધિનિષેધો છે. તેથી તેમાં ગૃહસ્થાશ્રમનો કે લગ્નસંસ્થાનો વિધિ ન જ હોય એ સ્વાભાવિક છે. લગ્નસંસ્થાનું વિધાન ન હોવાથી તેને લગતી બાબતોનાં વિધાનો પણ જૈનાગમોમાં નથી.

કેટલાક મુદ્દાઓ

જૈન સંસ્થા એ મુખ્યપણે ત્યાગીઓની સંસ્થા હોવાથી અને તેમાં ઓછાવત્તા પ્રમાણમાં ત્યાગ લેનાર વ્યક્તિઓનું મુખ્ય સ્થાન હોવાથી બ્રહ્મચર્યને વગતી પુષ્કળ માહિતી મળી આવે છે. આ સ્થળે બ્રહ્મચર્યને લગતા કેટલાક મુદ્દાઓ તારવી તે ઉપર જૈન શાસ્ત્રોના આધારે કાંઈક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખવા ધાર્યું છે. તે મુદ્દાઓ આ પ્રમાણે:

(૧) બ્રહ્મચર્યની વ્યાખ્યા. (૨) બ્રહ્મચર્યનાં અધિકારી સ્ત્રીપુરુષો. (૩) બ્રહ્મચર્યના જુદાપણાનો ઇતિહાસ. (૪) બ્રહ્મચર્યનું ધ્યેય અને તેના ઉપાયો. (૪) બ્રહ્મચર્યના સ્વરૂપની વિવિધતા અને તેની વ્યાપ્તિ. (૬) બ્રહ્મચર્યના અતિચારો. (૭) બ્રહ્મચર્યની નિરપવાદતા.

૧. વ્યાખ્યા

જૈન શાસ્ત્રમાં બ્રહ્મચર્ય શબ્દની બે વ્યાખ્યાઓ મળે છે. પહેલી વ્યાખ્યા બહુ વિશાળ અને સંપૂર્ણ[૧] છે. એ વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે જીવનસ્પર્શી સંપૂર્ણ સંયમ. આ સંયમમાં માત્ર પાપવૃત્તિઓ ઉપર અંકુશ મૂકવાનો જ—જૈન પરિભાષામાં કહીએ તો આસ્રવ-નિરોધનો જ—સમાવેશ નથી થતો, પણ તેવા સંપૂર્ણ સંયમમાં શ્રદ્ધા, જ્ઞાન, ક્ષમાદિ સ્વાભાવિક સદ્વૃત્તિઓના વિકાસનો સુધ્ધાં સમાવેશ થઈ જાય છે. તેથી પહેલી વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે કામક્રોધાદિ દરેક અસદ્વૃત્તિને જીવનમાં ઉદ્ભવતી અટકાવી શ્રદ્ધા, ચેતના, નિર્ભયતા આદિ સદ્વૃત્તિઓ–ઊર્ધ્વગામી ધર્મો–ને જીવનમાં પ્રગટાવી તેમાં તન્મય થવું તે.

સાધારણ લોકોમાં બ્રહ્મચર્ય શબ્દનો જે અર્થ જાણીતો છે અને જે ઉપર વર્ણવેલ સંપૂર્ણ સંયમનો માત્ર એક અંશ જ છે, તે અર્થ બ્રહ્મચર્ય શબ્દની બીજી વ્યાખ્યામાં જૈન શાસ્ત્રોએ પણ સ્વીકારેલ છે. તે વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે મૈથુનવિરમણ અર્થાત્ કામસંગનો –કામાચારનો–અબ્રહ્મનો ત્યાગ; આ બીજા અર્થમાં બ્રહ્મચર્ય શબ્દ એટલો બધો પ્રસિદ્ધ થઈ ગયો છે કે બ્રહ્મચર્ય અને બ્રહ્મચારી કહેવાથી દરેક જણ તેનો અર્થ સામાન્ય રીતે એટલો જ સમજે છે કે મૈથુન-સેવનથી દૂર રહેવું તે બ્રહ્મચર્ય; અને જીવનના બીજા અંશોમાં ગમે તેવો અસંયમ હોવા છતાં માત્ર કામસંગથી છૂટો રહેનાર હોય તે

૧. સૂત્રકૃતાંગસૂત્ર શ્રુ૦ ૨, અ૦ ૫, ગા૦ ૧. તત્ત્વાર્થભાષ્ય અ૦ ૯, સૂ૦ ૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રહ્મચારી. આ બીજો અર્થ જ વ્રત-નિયમો સ્વીકારવામાં ખાસ લેવાય છે અને તેથી જ્યારે કોઈ ગૃહત્યાગ કરી ભિક્ષુ થાય અગર ઘરમાં રહી મર્યાદિત ત્યાગ સ્વીકારે, ત્યારે બ્રહ્મચર્યનો નિયમ અહિંસાના નિયમથી જુદો પાડીને જ લેવામાં આવે છે.[૧]

૨. અધિકારી અને વિશિષ્ટ સ્ત્રીપુરુષો

અ. સ્ત્રી કે પુરુષ જાતિનો જરાયે ભેદ રાખ્યા સિવાય બન્નેને એકસરખી રીતે બ્રહ્મચર્ય માટે અધિકારી માનવામાં આવ્યાં છે. તે માટે ઉંમર, દેશ, કાલ વગેરેનો કશો જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. આ માટે સ્મૃતિઓમાં જુદો જ મત બતાવેલો છે. તેમાં આ જાતના સમાન અધિકારોનો અસ્વીકાર કરેલો છે. બ્રહ્મચર્ય માટે જોઈતું આત્મબલ સ્ત્રી અને પુરુષ બન્ને એકસરખી રીતે પ્રગટ કરી શકે છે, એ બાબતમાં જૈન શાસ્ત્ર અને બૌદ્ધ શાસ્ત્રનો મત એક છે. આ જ કારણથી વિશુદ્ધ બ્રહ્મચર્યને પાલન કરનારી અનેક સ્ત્રીઓમાંથી સોળ સ્ત્રીઓ મહાસતી તરીકે એકેએક જૈન ઘરમાં જાણીતી છે અને પ્રાતઃકાળમાં આબાલવૃદ્ધ દરેક જૈન કેટલાક વિશિષ્ટ સત્પુરુષોનાં નામોની સાથે એ મહાસતીઓનાં નામોનો પણ પાઠ કરે છે, અને તેઓના સ્મરણને પરમમંગળ માને છે.

આ. કેટલાંક બ્રહ્મચારીઓ અને બ્રહ્મચારિણીઓ બ્રહ્મચર્ય-જીવનમાં શિથિલ થયાના દાખલા છે; તેમ તેથીયે વધારે આકર્ષક દાખલાઓ બ્રહ્મચર્યમાં અદ્‌ભુત સ્થિરતા બતાવનાર સ્ત્રીપુરુષોના છે. એવાઓમાં માત્ર ત્યાગી વ્યક્તિઓ જ નહિ, પણ ગૃહસ્થાશ્રમમાં રહેલી વ્યક્તિઓ પણ આવે છે. બિમ્બિસાર શ્રેણિક રાજાનો પુત્ર ભિક્ષુ નન્દિષેણ માત્ર કામરાગને વશ થઈ બ્રહ્મચર્યથી ચ્યુત થઈ બાર વર્ષ ફરી ભોગજીવન સ્વીકારે છે. આષાઢભૂતિ નામક મુનિએ પણ

૧. અહિંસા તથા બ્રહ્મચર્યના પાલનની પ્રતિજ્ઞા માટે જુઓ પાક્ષિકસૂત્ર પૃ૦ ૮ તથા ૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ જ કરેલું. આર્દ્રકુમાર નામનો રાજપુત્ર બ્રહ્મચર્યજીવનથી શિથિલ થઈ ચોવીસ વર્ષ સુધી ફરી ગૃહસ્થાશ્રમ તરફ વળે છે; અને છેવટે એકવાર ચલિત થયેલા આ ત્રણે મુનિઓ પાછા એવડા બળથી બ્રહ્મચર્યમાં સ્થિર થાય છે. આથી ઊલટું, ભગવાન મહાવીરના પટ્ટધર શિષ્ય શ્રી સુધર્મા ગુરુ પાસેથી વર્તમાન જૈનાગમોને ઝીલનાર તરીકે પ્રસિદ્ધ થયેલ શ્રી જંબૂ નામક વૈશ્યકુમાર પરણવાને દિવસે જ પોતાની આઠ સ્ત્રીઓને, તેઓનું અત્યંત આકર્ષણ છતાં, છોડીને તારુણ્યમાં જ સર્વથા બ્રહ્મચર્ય સ્વીકારે છે, અને એ અદ્‌ભુત અને અખંડ પ્રતિજ્ઞા વડે આઠે નવપરિણીત બાળાઓને પોતાને માર્ગે આવવા પ્રેરે છે. કોશા નામક વેશ્યાના પ્રલોભક હાવભાવો અને રસપૂર્ણ ભોજન છતાં, તેમ જ તેને જ ઘેર એકાન્તવાસ છતાં, નન્દમન્ત્રી સકડાળના પુત્ર સ્થૂલભદ્રે પોતાના બ્રહ્મચર્યને જરાયે આંચ આવવા દીધી નહિ અને તેને પ્રભાવે એ કોશાને પાકી બ્રહ્મચારિણી બનાવી.

જૈનોના પરમપૂજ્ય તીર્થંકરોમાં સ્થાન પામેલ મલ્લિ એ જાતે સ્ત્રી હતાં. તેઓએ કૌમાર અવસ્થામાં પોતાની ઉપર આસક્ત થઈ પરણવા આવેલા છ રાજકુમારોને માર્મિક ઉપદેશ આપી વિરક્ત બનાવ્યા અને છેવટે બ્રહ્મચર્ય લેવરાવી પોતાના અનુયાયી બનાવી ગુરુપદ માટે સ્ત્રીજાતિની યોગ્યતા સાબિત કર્યાની વાત જૈનોમાં ખૂબ જાણીતી છે.

બાવીસમા તીર્થંકર નેમિનાથે ચોરીમાં ફેરા ફર્યા પહેલાં જ ત્યાગેલી અને પછી સાધ્વી થયેલી રાજકુમારી રાજીમતીએ ગિરનારની ગુફાના એકાન્તમાં પોતાના સૌન્દર્યને જોઈ બ્રહ્મચર્યથી ચલિત થતા સાધુ અને પૂર્વાશ્રમના દિયર રથનેમિને બ્રહ્મચર્યમાં સ્થિર થવા જે માર્મિક ઉપદેશ આપ્યો છે અને તે વડે રથનેમિને પાછા સ્થિર કરી હમેશને માટે સ્ત્રીજાતિ ઉપર મુકાતા ચંચળતા અને અબલાત્વના આરોપને દૂર કરી ધીર સાધકોમાં જે વિશિષ્ટ નામના મેળવી છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળતાં અને વાંચતાં આજે પણ બ્રહ્મચર્યના ઉપદેષ્ટાઓને અદ્‌ભુત ધૈર્ય અર્પે છે.

બ્રહ્મચારિણી શ્રાવિકા થયા પછી કોશા વેશ્યાએ પોતાને ત્યાં આવેલા અને ચંચળ મનના થયેલા શ્રી સ્થૂલભદ્રના એક ગુરુભાઈને જે શિખામણ આપી સ્થિર કર્યાની વાત નોંધાઈ છે, તે પડતા પુરુષને એક ભારે કામ આપે તેવી અને સ્ત્રીજાતિનું ગૌરવ વધારે તેવી છે.

પણ આ બધાઓમાં સૌથી ચડે તેવો દાખલો વિજય શેઠ અને વિજયા શેઠાણીનો છે. એ બન્ને દમ્પતી પરણ્યાં ત્યારથી જ એકશયનશાયી છતાં પોતપોતાની, શુકલ અને કૃષ્ણ પક્ષમાં બ્રહ્મચર્ય પાળવાની પ્રથમ લીધેલ જુદીજુદી પ્રતિજ્ઞા પ્રમાણે એમાં પ્રસન્નતાપૂર્વક આખી જિંદગી અડગ રહ્યાં અને હંમેશને માટે સ્મરણીય બની ગયાં. એ દંપતીની દૃઢતા, પ્રથમ દંપતી અને પાછળથી ભિક્ષુકજીવનમાં આવેલ બૌદ્ધ ભિક્ષુ મહાકાશ્યપ અને ભિક્ષુણી ભદ્રાકપિલાની[૧] અલૌકિક દૃઢતાને યાદ કરાવે છે. આવાં અનેક આખ્યાનો જૈન સાહિત્યમાં નોંધાયેલાં છે. એમાં બ્રહ્મચર્યથી ચલિત થતા પુરુષને સ્ત્રી દ્વારા સ્થિર કરાયાના જેવા ઓજસ્વી દાખલાઓ છે તેવા ઓજસ્વી દાખલાઓ ચલિત થતી સ્ત્રીને પુરુષ દ્વારા સ્થિર કરાયાના નથી, અથવા તદ્દન વિરલ છે.

૩. બ્રહ્મચર્યના જુદાપણાનો ઇતિહાસ

જૈન પરંપરામાં ચાર અને પાંચ યામોના (મહાવ્રતોના) અનેક ઉલ્લેખો મળે છે. સૂત્રોમાં આવેલાં વર્ણનો[૨] ઉપરથી સમજાય છે કે ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં ચાર યામો (મહાવ્રતો) નો પ્રચાર હતો, અને શ્રીમહાવીર ભગવાને તેમાં એક યામ (મહાવ્રત) વધારી પંચયામિક

૧. જુઓ બૌદ્ધ સંઘનો પરિચય પૃ૦ ૧૯૦ તથા ૨૭૪.

૨. સ્થાનાંગસૂત્ર પૃ૦ ૨૦૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મનો ઉપદેશ કર્યો. આચારાંગસૂત્રમાં ધર્મનાં ત્રણ યામો[1] પણ કહેલા છે. એની વ્યાખ્યા જોતાં એમ લાગે છે કે ત્રણ યામની પરંપરા પણ જૈનસંમત હોય. આનો અર્થ એમ થયો કે કોઈ જમાનામાં જૈન પરંપરામાં (૧) હિંસાનો ત્યાગ, (૨) અસત્યનો ત્યાગ અને (૩) પરિગ્રહનો ત્યાગ એમ ત્રણ જ યામો હતા. પછી એમાં ચૌર્યનો ત્યાગ ઉમેરાઈ ત્રણના ચાર યામ થયા; અને છેલ્લે કામાચારના ત્યાગનો યામ વધારી ભગવાન મહાવીરે ચારના પાંચ યામ કર્યા. આ રીતે ભગવાન મહાવીરના સમયથી અને એમના જ શ્રીમુખે ઉપદેશાયેલું બ્રહ્મચર્યનું જુદાપણું જૈન પરંપરામાં જાણીતું છે. જે સમયે ત્રણ કે ચાર યામો હતા તે સમયે પણ પાલન તો પાંચનું થતું હતું. ફક્ત એ સમયના વિચક્ષણ અને સરળ મુમુક્ષુઓ ચૌર્ય અને કામાચારને પરિગ્રહરૂપ સમજી લેતા, અને પરિગ્રહનો ત્યાગ કરતાં જ તે બન્નેનો પણ ત્યાગ આપોઆપ થઈ જતો. પાર્શ્વનાથની પરંપરા સુધી તો કામાચારનો ત્યાગ પરિગ્રહના ત્યાગમાં જ આવી જતો અને એથી એનું જુદું વિધાન નહિ થયેલું, પણ આમ કામાચારના ત્યાગના જુદા વિધાનને અભાવે શ્રમણ સંપ્રદાયમાં બ્રહ્મચર્યનું શૈથિલ્ય આવ્યું અને કેટલાક તો એવા અનિષ્ટ વાતાવરણમાં પડવા પણ લાગ્યા. એથી જ ભગવાન મહાવીરે પરિગ્રહ-ત્યાગમાં સમાસ પામતા કામાચારત્યાગને પણ એક ખાસ મહાવ્રત તરીકે જુદો ઉપદેશ્યો.

૪. બ્રહ્મચર્યનું ધ્યેય અને તેના ઉપાયો

જૈનધર્મમાં અન્ય તમામ વ્રતનિયમોની પેઠે બ્રહ્મચર્યનું સાધ્ય પણ માત્ર મોક્ષ છે. જગતની દૃષ્ટિએ મહત્ત્વની ગણાતી ગમે તે બાબત બ્રહ્મચર્યથી સિદ્ધ થઈ શકતી હોય, પણ જો તેનાથી મોક્ષ સાધવામાં ન આવે તો જૈન દૃષ્ટિ પ્રમાણે એ બ્રહ્મચર્ય લોકોત્તર (આધ્યાત્મિક) નથી. જૈન દૃષ્ટિ પ્રમાણે મોક્ષમાં ઉપયોગી થતી વસ્તુ જ સાચું મહત્ત્વ

૧. આચારાંગ શ્રુ૦ ૧, અ૦ ૮, ઉ૦ ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવે છે. શરીરસ્વાસ્થ્ય, સમાજબળ આદિ ઉદ્દેશો ખરા મોક્ષસાધક આદર્શ બ્રહ્મચર્યમાંથી સ્વતઃ સિદ્ધ થઈ જાય છે.

બ્રહ્મચર્યને સંપૂર્ણપણે સિદ્ધ કરવા બે માર્ગો નક્કી કરવામાં આવ્યા છે : પહેલો ક્રિયામાર્ગ અને બીજો જ્ઞાનમાર્ગ. ક્રિયામાર્ગ, વિરોધી કામસંસ્કારને ઉત્તેજિત થતો અટકાવી તેના સ્થૂલ વિકારવિષને બ્રહ્મચર્ય-જીવનમાં પ્રવેશવા નથી દેતો; અર્થાત્ તેની નિષેધબાજુ સિદ્ધ કરે છે; પણ તેનાથી કામસંસ્કાર નિર્મૂળ થતો નથી. જ્ઞાનમાર્ગ બે કામસંસ્કારને નિર્મૂળ કરી બ્રહ્મચર્યને સર્વથા અને સર્વદા સ્વાભાવિક જેવું કરી મૂકે છે; અર્થાત્ તેની વિધિબાજુ સિદ્ધ કરે છે. જૈન પરિભાષામાં કહીએ તો ક્રિયામાર્ગથી બ્રહ્મચર્ય ઔપશમિકભાવે સિદ્ધ થાય છે, અને જ્ઞાનમાર્ગથી ક્ષાયિકભાવે સિદ્ધ થાય છે. ક્રિયામાર્ગનું કાર્ય જ્ઞાનમાર્ગની મહત્ત્વની ભૂમિકા તૈયાર કરવાનું હોવાથી તે માર્ગ વસ્તુતઃ અપૂર્ણ છતાં પણ બહુ ઉપયોગી મનાયો છે, અને દરેક સાધક માટે પ્રથમ આવશ્યક હોવાથી તેના ઉપર જૈન શાસ્ત્રમાં બહુ જ ભાર મૂકવામાં આવ્યો છે. બે ક્રિયામાર્ગમાં બાહ્ય નિયમોનો સમાવેશ થાય છે. બે નિયમોનું નામ ગુપ્તિ છે. ગુપ્તિ બેટલે રક્ષાનું સાધન, અર્થાત્ વાડ. બેવી ગુપ્તિબો નવ ગણાવવામાં આવી છે. બેક વધુ નિયમ બે ગુપ્તિબોમાં ઉમેરી બેમને જ બ્રહ્મચર્યનાં દશ સમાધિસ્થાનક તરીકે વર્ણવવામાં આવ્યાં છે.

ક્રિયામાર્ગમાં આવતાં દશ સમાધિસ્થાનોનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના સોળમાં અધ્યયનમાં બહુ માર્મિક રીતે કરવામાં આવ્યું છે. તેનો સાર આ પ્રમાણે છે :

(૧) દિવ્ય કે માનુષી સ્ત્રીના, બકરી, બેટી વગેરે પશુના અને નપુંસકના સંસર્ગવાળાં શયન, આસન અને રહેઠાણ વગેરેનો ઉપયોગ ન કરવો.

(૨) બેકલા બેકલી સ્ત્રીબોની સાથે સંભાષણ ન કરવું. માત્ર સ્ત્રીબોને કથાવાર્તા વગેરે ન કહેવાં અને સ્ત્રીકથા ન કરવી, બેટલે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રીનાં જાતિ, કુળ, રૂપ અને વેશ વગેરેનું વર્ણન કે વિવેચન ન કરવું.

(૩) સ્ત્રીઓની સાથે એક આસને ન બેસવું. જે આસને સ્ત્રી બેઠેલી હોય ત્યાં તેના ઊઠ્યા પછી પણ બે ઘડી સુધી ન બેસવું.

(૪) સ્ત્રીઓનાં મનોહર નયન, નાસિકા વગેરે ઇન્દ્રિયોનું વા તેઓનાં અંગોપાંગનું અવલોકન ન કરવું અને તે વિશેનું ચિંતન-સ્મરણ પણ વર્જવું.

(૫) સ્ત્રીઓના રતિપ્રસંગના અવ્યક્ત શબ્દો, રતિકલહના શબ્દો, ગીતના ધ્વનિઓ, હાસ્યના કિલકિલાટો, ક્રીડાના શબ્દો અને વિરહ સમયે રુદનના શબ્દો પડદા પાછળ રહીને કે ભીંતની આડમાં રહીને પણ ન સાંભળવા.

(૬) પૂર્વે અનુભવેલી, આચરેલી કે સાંભળેલી રતિક્રીડા, કામ-ક્રીડા વગેરે ન સંભારવાં.

(૭) ધાતુને વધારનારાં પૌષ્ટિક ખાનપાન ન લેવાં.

(૮) સાદું ખાનપાન પણ પ્રમાણથી અધિક ન લેવું.

(૯) શણગાર ન સજવો; એટલે કે કામરાગને ઉદ્દેશીને સ્નાન, વિલેપન, ધૂપ, માલ્ય, વિભૂષણ કે વેશ વગેરેની રચના ન કરવી.

(૧૦) જે શબ્દો, રૂપો, રસો, ગંધો અને સ્પર્શો કામગુણને જ પોષનારાં હોય તેઓને વર્જવાં.

આ ઉપરાંત કામોદ્દીપક હાસ્ય ન કરવું, સ્ત્રીનાં ચિત્રો ન રાખવાં, ન જોવાં, અબ્રહ્મચારીનો સંગ ન કરવો વગેરે બ્રહ્મચારીએ ન કરવા જેવી બીજી અનેક જાતની ક્રિયાઓ આ દશ સ્થાનોમાં સમાઈ જાય છે.

સૂત્રકાર કહે છે કે પૂર્વોક્ત નિષિદ્ધ પ્રવૃત્તિમાંની કોઈ પણ પ્રવૃત્તિ કરનાર બ્રહ્મચારી પોતાનું બ્રહ્મચર્ય તો ખોશે જ, તદુપરાંત એને કામજન્ય માનસિક કે શારીરિક રોગો પણ થવાનો સંભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. બ્રહ્મચર્યના સ્વરૂપની વિવિધતા અને તેની વ્યાપ્તિ

ઉપર આપેલી બીજી વ્યાખ્યા પ્રમાણે કામસંગના ત્યાગરૂપ બ્રહ્મચર્યનો જે ભાવ સાધારણ લોકો સમજે છે તે કરતાં ઘણો સૂક્ષ્મ અને વ્યાપક ભાવ જૈન શાસ્ત્રોમાં લેવાયો છે. જ્યારે કોઈ વ્યક્તિ જૈનધર્મની મુનિદીક્ષા લે છે ત્યારે તે વ્યક્તિ વડે લેવાતી પાંચ પ્રતિજ્ઞાઓમાં ચોથી પ્રતિજ્ઞારૂપે એવા ભાવના બ્રહ્મચર્યનો સ્વીકાર કરવામાં આવે છે. એ પ્રતિજ્ઞા આ પ્રમાણે છે : હે પૂજ્ય ગુરો ! હું સર્વ મૈથુનનો પરિત્યાગ કરું છું; અર્થાત્ દૈવી, માનુષી કે તૈર્યંચી (પશુપક્ષી સંબંધી) કોઈ પણ જાતના મૈથુનને હું મનથી, વાણીથી અને શરીરથી, જીવનપર્યંત નહિ સેવું, તેમ જ મનથી વચનથી અને શરીરથી ત્રણ પ્રકારે બીજા પાસે જીવનપર્યંત સેવરાવીશ નહિ અને બીજો કોઈ મૈથુન સેવતો હશે તો તેમાં હું એ જ ત્રણ પ્રકારે જીવનપર્યંત અનુમતિ પણ નહિ આપું.

જોકે મુનિદીક્ષામાં સ્થાન પામેલ ઉપર વર્ણવેલું નવ પ્રકારનું બ્રહ્મચર્ય જ બીજી વ્યાખ્યા પ્રમાણેના બ્રહ્મચર્યનું અંતિમ અને સંપૂર્ણ સ્વરૂપ છે, છતાં તેવા એક જ પ્રકારના બ્રહ્મચર્યને દરેક પાસે પળાવવાનો દુરાગ્રહ કે મિથ્યા આશા જૈન આચાર્યોએ નથી રાખ્યાં. પૂર્ણ શક્તિ ધરાવનાર વ્યક્તિ હોય તો બ્રહ્મચર્યનો સંપૂર્ણ આદર્શ સચવાય; અને અલ્પશક્તિ અને અશક્તિવાળી હોય તો પૂર્ણ આદર્શને નામે દંભ ચાલવા ન પામે એવા સ્પષ્ટ ઉદ્દેશથી, શક્તિ અને ભાવનાની ઓછીવત્તી યોગ્યતા ધ્યાનમાં રાખી, જૈન આચાર્યોએ અસંપૂર્ણ બ્રહ્મચર્ય પણ ઉપદેશ્યું છે. જેમ સંપૂર્ણતામાં ભેદને અવકાશ નથી તેમ અસંપૂર્ણતામાં અભેદનો સંભવ જ નથી. તેથી અપૂર્ણ બ્રહ્મચર્યના અનેક પ્રકારો થઈ જાય અને તેને લીધે તેના વ્રતનિયમોની પ્રતિજ્ઞાઓ પણ જુદી જુદી હોય તે સ્વાભાવિક છે. આવા અસંપૂર્ણ બ્રહ્મચર્યના ઓગણપચાસ પ્રકારો જૈન શાસ્ત્રોમાં કલ્પાયેલા છે, અને અધિકારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાંથી પોતાની શક્તિ પ્રમાણે નિયમ સ્વીકારે છે. મુનિદીક્ષાના સંપૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવા અસમર્થ અને છતાં તેવી પ્રતિજ્ઞાના આદર્શને પસંદ કરી તે દિશામાં પ્રગતિ કરવા ઇચ્છનાર ઉમેદવાર ગૃહસ્થો પોતપોતાની શક્તિ અને રુચિ પ્રમાણે એ ઓગણપચાસ પ્રકારોમાંથી કોઈ ને કોઈ જાતના બ્રહ્મચર્યનો નિયમ લઈ શકે તેવી વિવિધ પ્રતિજ્ઞાઓ જૈન શાસ્ત્રો પૂરી પાડે છે. આ રીતે વાસ્તવિક અને આદર્શ બ્રહ્મચર્યમાં ભેદ ન હોવા છતાં વ્યાવહારિક જીવનની દૃષ્ટિએ તેના સ્વરૂપની વિવિધતા જૈન શાસ્ત્રોમાં બહુ વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવી છે.

સર્વબ્રહ્મચર્ય તે નવે પ્રકારનું બ્રહ્મચર્ય અને દેશબ્રહ્મચર્ય તે આંશિક બ્રહ્મચર્ય. તેનું વધારે સ્વરૂપ આ પ્રમાણે છે : મન, વચન અને શરીર એ પ્રત્યેક દ્વારા સેવવું, સેવરાવવું અને સેવનની અનુમતિ આપવી એ નવે કોટીથી સર્વબ્રહ્મચારીને કામાચારનો ત્યાગ હોય છે. સાધુ કે સાધ્વી તો સંસારનો ત્યાગ કરતાં જ એ નવે કોટીના પૂર્ણ બ્રહ્મચર્યનો નિયમ લે છે અને ગૃહસ્થ પણ તેનો અધિકારી થઈ શકે છે. પૂર્ણ બ્રહ્મચર્યની એ નવે કોટી ઉપરાંત એ પ્રત્યેક કોટીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા પણ છે. એ દરેક મર્યાદા ક્રમશઃ આ પ્રમાણે છે : કોઈ પણ સજીવ કે નિર્જીવ આકૃતિઓ સાથે નવે કોટીથી કામાચારનો નિષેધ એ દ્રવ્યમર્યાદા. ઉપરનો લોક, નીચેનો લોક અને તિરછો લોક એ ત્રણેમાં નવે કોટીએ કામાચારનો ત્યાગ એ ક્ષેત્રમર્યાદા. દિવસે, રાત્રીએ કે એ સમયના કોઈ ભાગમાં એ જ નવે કોટીથી કામાચારનો નિષેધ એ કાળમર્યાદા. અને રાગ કે દ્વેષથી એટલે માયા, લોભ, દ્વેષ કે અહંકારના ભાવથી કામાચારનો નવે કોટીથી ત્યાગ એ ભાવમર્યાદા. આંશિક બ્રહ્મચર્યનો અધિકારી ગૃહસ્થ જ હોય છે. એને પોતાના કુટુંબ ઉપરાંત સામાજિક જવાબદારી હોય છે, અને પશુપક્ષીના પાલનની પણ ચિંતા હોય છે. એટલે એને વિવાહ કરવા–કરાવવાના પ્રસંગો અને પશુ-પક્ષીને ગર્ભાધાન કરાવવાના પ્રસંગો આવ્યા જ કરે છે. આ કારણથી ગૃહસ્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ નવે કોટીનું બ્રહ્મચર્ય બહુ વિરલ રીતે પાળી શકે છે. આગળ જે નવ કોટીઓ બતાવી છે તેમાંની મન, વચન અને શરીરથી અનુમતિ આપવાની ત્રણ કોટીઓ એને નથી હોતી; અર્થાત્ એનું ઉત્તમ બ્રહ્મચર્ય બાકીની છયે કોટીએ લીધેલું હોય છે. આંશિક બ્રહ્મચર્ય લેવાની આ છ પદ્ધતિઓ છે :

(૧) દ્વિવિધે ત્રિવિધે, (૨) દ્વિવિધે દ્વિવિધે, (૩) દ્વિવિધે એકવિધે, તથા (૪) એકવિધે ત્રિવિધે, (૫) એકવિધે દ્વિવિધે, (૬) એકવિધે એકવિધે. આમાંના કોઈ એક પ્રકારને ગૃહસ્થ પોતાની શક્તિ પ્રમાણે બ્રહ્મચર્ય માટે સ્વીકારે છે. દ્વિવિધે એટલે કરવું અને કરાવવું એ અપેક્ષાએ અને ત્રિવિધે એટલે મન, વચન અને શરીરથી; અર્થાત્ મનથી કરવા-કરાવવાનો ત્યાગ, વચનથી કરવા-કરાવવાનો ત્યાગ અને શરીરથી કરવા-કરાવવનો ત્યાગ. એ પ્રથમ પદ્ધતિ છે. આ જ રીતે બધી પદ્ધતિઓ લેવાની છે.

૬. બ્રહ્મચર્યના અતિચારો

કોઈ પણ પ્રતિજ્ઞાને લગતાં ચાર દૂષણો હોય છે. તેમાં લૌકિક દૃષ્ટિથી દૂષિતપણાનું તારતમ્ય માનવામાં આવે છે. એ ચારે પ્રતિજ્ઞાના ઘાતક તો છે જ, પણ વ્યવહાર તો પ્રતિજ્ઞાના દૃશ્ય ઘાતને જ ઘાત માને છે. એ ચારનાં નામ અને સ્વરૂપ આ પ્રમાણે છે :

(૧) પ્રતિજ્ઞાનો અતિક્રમ કરવો એટલે પ્રતિજ્ઞાના ભંગનો માનસિક સંકલ્પ કરવો.

(૨) પ્રતિજ્ઞાનો વ્યતિક્રમ કરવો એટલે એ સંકલ્પની સહાયક સામગ્રીના સંયોગની યોજના કરવી. આ બન્ને દૂષણરૂપ હોવા છતાં વ્યવહાર એ બન્નેને ક્ષમ્ય ગણે છે, અર્થાત્ મનુષ્યની અપૂર્ણ ભૂમિકા અને તેની આસપાસનું વાતાવરણ જોતાં એ બન્ને દોષો ચલાવી લેવાય ખરા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) પણ જે પ્રવૃત્તિને લીધે વ્યવહારમાં પણ લીધેલી પ્રતિજ્ઞાનો આંશિક ભંગ મનાય, અર્થાત્ જે પ્રવૃત્તિ વડે મનુષ્યનું વર્તન વ્યવહારમાં દૂષિત મનાય તે પ્રવૃત્તિને ત્યાજ્ય માનવામાં આવી છે. એવી પ્રવૃત્તિનું જ નામ અતિચાર વા દોષ છે, અને એ ત્રીજો દોષ ગણાય છે.

(૪) અનાચાર એટલે પ્રતિજ્ઞાનો સર્વથા નાશ. એ મહાદોષ છે.

શાસ્ત્રકાર કહે છે કે ગૃહસ્થના શીલના પાંચ અતિચાર છે : (૧) ઇત્વરપરિગૃહીતાગમન, (૨) અપરિગૃહીતાગમન, (૩) અનંગક્રીડા, (૪) પરવિવાહકરણ, (૫) કામભોગોમાં તીવ્ર અભિલાષ.

આ પાંચે પ્રકારની પ્રવૃત્તિ સ્વદારસંતોષી ગૃહસ્થના શીલને દૂષણરૂપ છે. કોઈ પણ ગૃહસ્થ સ્વદારસંતોષને પૂરેપૂરો વફાદાર રહે તો એ પાંચમાંની એક પણ પ્રવૃત્તિને કદી પણ નહિ આચરે.

૭. બ્રહ્મચર્યની નિરપવાદતા

અહિંસા, સત્ય, અસ્તેય વગેરે મહાવ્રતો સાપવાદ છે, પરંતુ માત્ર એક બ્રહ્મચર્ય જ નિરપવાદ છે. અહિંસા વ્રત સાપવાદ છે એટલે સર્વ પ્રકારે અહિંસાનો પાલક કોઈ ખાસ વિશિષ્ટ લાભના ઉદ્દેશથી હિંસાની પ્રવૃત્તિમાં ઊતરે છતાં તેના વ્રતનો ભંગ નથી મનાતો. કેટલાક તો પ્રસંગો જ એવા છે કે જેને લઈને એ અહિંસક હિંસા ન જ કરે યા હિંસામાં પ્રવૃત્ત ન જ થાય તો તેને વિરાધક પણ માનેલો છે.[૧] વિરાધક એટલે જૈન આજ્ઞાનો લોપક. આવી જ સ્થિતિ સત્યવ્રત અને અસ્તેયાદિ વ્રતમાં પણ ઘટાવવાની છે. પણ બ્રહ્મચર્યમાં તો આવો એક પણ અપવાદ નથી. જેણે જે જાતનું બ્રહ્મચર્ય સ્વીકાર્યું હોય તેણે વિના અપવાદે તેવું ને તેવું જ આચરવાનું છે.

બીજાના આધ્યાત્મિક હિતની દૃષ્ટિ લક્ષ્યમાં રાખીને અહિંસાદિનો અપવાદ કરનારો તટસ્થ યા વીતરાગ રહી શકે છે; બ્રહ્મચર્યના અપ-

૧. તિલકાચાર્યકૃત જીતકલ્પવૃત્તિ પૃ૦ ૩૫-૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદમાં એવો સંભવ જ નથી; એવો પ્રસંગ તો રાગ, મોહ કે દ્વેષને જ આધીન છે. વળી, એવો કામાચારનો પ્રસંગ કોઈના આધ્યાત્મિક હિતને માટે પણ સંભવી નથી શકતો. આવા જ કારણથી બ્રહ્મચર્યના પાલનનું નિરપવાદ વિધાન કરવામાં આવ્યું છે અને એ માટે દરેક જાતના ઉપાયો પણ બતાવવામાં આવ્યા છે. બ્રહ્મચર્યનો ભંગ કરનારાને પ્રાયશ્ચિત્ત તો આકરાં છે જ, તેમાં પણ જે જેટલે ઊંચે દરજ્જેથી બ્રહ્મચર્યની વિરાધના કરે છે તેને તેના દરજ્જા પ્રમાણે તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ પ્રાયશ્ચિત્ત કહેલાં છે. જેમ કે, કોઈ સાધારણ ક્ષુલ્લક સાધુ અજ્ઞાન અને મોહને વશ થઈ બ્રહ્મચર્યની વિરાધના કરે તો તેનું પ્રાયશ્ચિત્ત એના ક્ષુલ્લક અધિકાર પ્રમાણે યોજેલું છે. અને ગીતાર્થ (સિદ્ધાંતનો પારગામી અને સર્વમાન્ય) આચાર્ય આવી ભૂલ કરે તો તેનું પ્રાયશ્ચિત્ત પેલા ક્ષુલ્લક સાધુ કરતાં અનેકગણું વધારે કહેલું છે. લોકોમાં પણ આ જ ન્યાય પ્રચલિત છે. કોઈ તદ્દન સામાન્ય માણસ આવી ભૂલ કરે તો સમાજ એ વિષે લગભગ બેદરકાર જેવો રહે છે, પણ કોઈ કુલીન અને આદર્શ કોટીનો માણસ આ પ્રસંગને અંગે સાધારણ પણ ભૂલ કરે તો સમાજ તેને કદાપિ સાંખી લેતો નથી.[1]

[દ્રઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૫૦૭-૫૧૫, ૫૧૭-૫૨૧, ૫૨૪-૫૨૭, ૫૩૩, ૫૩૪]

---

૧. આ લેખના સહલેખક શ્રી બેચરદાસજી દોશી પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦

આવશ્યક ક્રિયા

વૈદિક સમાજમાં 'સંધ્યા'નું, પારસીઓમાં 'ખોર દેહ અવસ્તા'-નું, યહૂદીઓ અને ક્રિશ્ચિયનોમાં 'પ્રાર્થના'નું અને મુસલમાનોમાં 'નમાજ'નું જેવું મહત્ત્વ છે એવું જ મહત્ત્વ જૈન સમાજમાં 'આવશ્યક'નું છે.

સાધુઓને તો સવાર-સાંજ બન્ને વખતે 'આવશ્યક' અનિવાર્ય રીતે કરવું જ પડે છે; કેમ કે શાસ્ત્રની એવી આજ્ઞા છે કે પહેલા અને છેલ્લા તીર્થંકરોના સાધુઓ 'આવશ્યક' નિયમપૂર્વક કરે. તેથી જો તેઓ એ આજ્ઞાનું પાલન ન કરે તો એમને સાધુપદના અધિકારી જ ન લેખી શકાય.

શ્રાવકોમાં 'આવશ્યક'નો પ્રચાર વૈકલ્પિક–ઐચ્છિક છે. એટલે જેઓ ભાવનાશીલ અને નિયમ પાળવાવાળા હોય છે, તેઓ એ અવશ્ય કરે છે; અને બીજા શ્રાવકોમાં આની પ્રવૃત્તિ ઐચ્છિક છે. આમ છતાં એટલું તો જોવામાં આવે છે કે જેઓ રોજ 'આવશ્યક' ન કરતા હોય તેઓ પણ પખવાડિયે, ચાર મહિને કે છેવટે વર્ષે તો બનતાં સુધી એ જરૂર કરે છે.

શ્વેતાંબર સંપ્રદાયમાં 'આવશ્યક ક્રિયા'નો એટલો બધો આદર છે કે જે વ્યક્તિ બીજા કોઈ સમયે ધર્મસ્થાનમાં ન જતી હોય એ, તેમ જ નાનાં-મોટાં બાલક-બાલિકાઓ પણ, મોટે ભાગે સાંવત્સરિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્વના દિવસે 'આવશ્યક ક્રિયા' કરવા માટે ધર્મસ્થાનોમાં ભેગાં થઈ જ જાય છે; અને એ ક્રિયાને કરવામાં બધાં પોતાનાં અહોભાગ્ય માને છે. આના ઉપરથી એટલું તો સ્પષ્ટ રૂપે જાણી શકાય છે કે શ્વેતાંબર સંપ્રદાયમાં 'આવશ્યક ક્રિયા'નું મહત્ત્વ કેટલું બધું છે! આ કારણને લીધે જ બધા પોતાની સંતતિને ધાર્મિક શિક્ષણ અપાવતી વખતે સૌથી પહેલાં 'આવશ્યક ક્રિયા'નો અભ્યાસ કરાવે છે.

'આવશ્યક ક્રિયા' એટલે શું? સામાયિક વગેરે પ્રત્યેક 'આવશ્યક'-નું સ્વરૂપ શું છે? એમના ભેદકમનું સમર્થન કેવી રીતે થઈ શકે? 'આવશ્યક ક્રિયા'ને આધ્યાત્મિક કેમ લેખવામાં આવે છે? વગેરે પ્રશ્નોનો વિચાર કરવો જરૂરી છે.

'આવશ્યક ક્રિયા'ની પ્રાચીન વિધિ ક્યાં સચવાઈ રહી છે?

પરંતુ આ સવાલોનો વિચાર કરીએ તે પહેલાં અહીં એક વાત જાણી લેવી જરૂરી છે કે 'આવશ્યક ક્રિયા'ની જે વિધિ ચૂર્ણિના સમય કરતાં પણ બહુ પ્રાચીન છે અને જેનો ઉલ્લેખ શ્રીહરિભદ્રસૂરિ જેવા પ્રતિષ્ઠિત આચાર્યે પોતાની આવશ્યકવૃત્તિ (પૃ. ૭૯૦)માં કર્યો છે, એ વિધિ ઘણેખરે અંશે કોઈ પણ જાતના ફેરફાર વગર, જેમની તેમ, જેવી શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં ચાલી આવે છે, એવી સ્થાનક-વાસી સંપ્રદાયમાં નથી. આ વાત તપાગચ્છ, ખરતરગચ્છ વગેરે ગચ્છોની સામાચારી જોવાથી સ્પષ્ટ જણાઈ આવે છે. સ્થાનકવાસી સંપ્રદાયની સામાચારીમાં જેવી રીતે 'આવશ્યક ક્રિયા'માં બોલાતાં કેટલાંય પ્રાચીન સૂત્રોમાં—જેવાં કે, પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં બુદ્ધાણં, અરિહંતચેઇયાણં, આયરિયઉવજ્ઝાએ, અબ્ભુટ્ઠિઓહં વગેરે સૂત્રોમાં—કાપકૂપ કરવામાં આવી છે, એવી જ રીતે એમાં પ્રાચીન વિધિની પણ કાપકૂપ કરાયેલી જોવામાં આવે છે. આથી ઊલટું તપાગચ્છ, ખરતરગચ્છ વગેરેની સામાચારીમાં 'આવશ્યક'નાં પ્રાચીન સૂત્રો તથા એની પ્રાચીન વિધિમાં કોઈ ફેરફાર કર્યાનું જોવામાં નથી આવતું. અર્થાત્ 'સામાયિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યક 'થી લઈને–એટલે કે પ્રતિક્રમણની સ્થાપનાથી શરૂ કરીને–તે 'પ્રત્યાખ્યાન–પચ્ચક્ખાણ' સુધીનાં છયે આવશ્યકનાં સૂત્રોનો તથા વચમાં વિધિ કરવાનો ક્રમ મોટે ભાગે એ જ છે, જેનો ઉલ્લેખ શ્રીહરિભદ્રસૂરિએ કર્યો છે.

આવશ્યક ક્રિયા એટલે શું?

જે ક્રિયા અવશ્ય કરવા જેવી હોય એને જ 'આવશ્યક' કહેવામાં આવે છે. 'આવશ્યક ક્રિયા' બધાને માટે એક નથી; એ અધિકારભેદે જુદી જુદી છે. તેથી 'આવશ્યક ક્રિયા'નું સ્વરૂપ જણાવતાં પહેલાં એ જણાવવું જરૂરી છે કે અહીં કેવા પ્રકારના અધિકારીઓના 'આવશ્યક કર્મ'નો વિચાર થાય છે?

સામાન્ય રીતે શરીરધારી પ્રાણીઓના બે વિભાગ છે : (૧) બહિર્દૃષ્ટિ અને (૨) અન્તર્દૃષ્ટિ. જેઓ અંતર્દૃષ્ટિ છે—જેમની દૃષ્ટિ આત્મા તરફ ઢળેલી છે, અર્થાત્ જેઓ સહજ સુખને પ્રગટ કરવાનો વિચાર તથા પ્રયત્ન કરી રહ્યા છે—એમનાં જ 'આવશ્યક કર્મ'નો અહીં વિચાર કરવાનો છે. આ કથન ઉપરથી એ નિશ્ચિત થાય છે કે જેઓ જડ વસ્તુઓમાં પોતાની જાતને ભૂલી નથી ગયા—જેમની દૃષ્ટિને કોઈ પણ જડ વસ્તુનું સૌંદર્ય લોભાવી નથી શકતું—એમનું 'આવશ્યક કર્મ' એ જ હોઈ શકે કે જેને લઈને એમનો આત્મા સહજ સુખનો અનુભવ કરી શકે. જ્યારે અંતર્દૃષ્ટિ ધરાવતા આત્માઓના સમ્યક્ત્વ, ચેતના, ચારિત્ર વગેરે ગુણ વ્યક્ત હોય ત્યારે જ તેઓ સહજ સુખનો અનુભવ કરી શકે છે. તેથી જે ક્રિયાઓ સમ્યક્ત્વ વગેરે ગુણોના વિકાસમાં સહાયક થાય એ ક્રિયાઓને જ તેઓ 'આવશ્યક કર્મ' સમજે છે. એટલે અહીં ટૂંકાણમાં 'આવશ્યક'ની વ્યાખ્યા એટલી જ સમજવી કે જે ક્રિયા જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવા માટે અવશ્ય કરવા જેવી હોય એ જ 'આવશ્યક.'

આવું 'આવશ્યક' જ્ઞાન અને ક્રિયા ઉભય પરિણામરૂપ—અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગપૂર્વક કરવામાં આવતી ક્રિયા—છે. આ જ કર્મ આત્માને ગુણસંપન્ન કરનારું હોવાથી એ 'આવાસક' પણ કહેવાય છે. વૈદિક દર્શનમાં 'આવશ્યક' ગણવામાં આવતાં કર્મો માટે 'નિત્યકર્મ' શબ્દ પ્રસિદ્ધ છે. જૈન દર્શનમાં 'અવશ્ય કર્તવ્ય', ધ્રુવ, નિગ્રહ, વિશોધિ, અધ્યયનષટ્કવર્ગ, ન્યાય, આરાધના, માર્ગ વગેરે અનેક શબ્દો એવા છે કે જે 'આવશ્યક' શબ્દના સમાનાર્થક-પર્યાય છે.[૧]

છ આવશ્યકનું સ્વરૂપ

સ્થૂળ દૃષ્ટિએ 'આવશ્યક ક્રિયા'ના છ ભેદ કરવામાં આવ્યા છે: (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન.

(૧) સામાયિક—રાગ અને દ્વેષને તાબે ન થતાં સમભાવ-મધ્યસ્થ ભાવમાં-રહેવું, અર્થાત્ બધાની સાથે આત્મતુલ્ય વ્યવહાર કરવો, એ સામાયિક કહેવાય છે.[૨] એના (૧) સમ્યક્ત્વસામાયિક, (૨) શ્રુતસામાયિક અને (૩) ચારિત્રસામાયિક એ ત્રણ ભેદ છે; કારણ કે સમ્યક્ત્વથી, શ્રુતથી કે ચારિત્રથી જ સમભાવમાં રહી શકાય છે. અધિકારીના ભેદે ચારિત્રસામાયિકના પણ બે ભેદ છે: (૧) દેશચારિત્ર અને (૨) સર્વચારિત્ર. દેશચારિત્ર-સામાયિક ગૃહસ્થોને અને સર્વચારિત્ર-સામાયિક સાધુઓને હોય છે.[૩] સમતા, સમ્યક્ત્વ, શાંતિ, સુવિહિત વગેરે શબ્દો સામાયિકના પર્યાય છે.[૪]

(૨) ચતુર્વિંશતિસ્તવ—જેઓ સર્વગુણસંપન્ન આદર્શરૂપ છે, તે ચોવીસ તીર્થંકરોની સ્તુતિરૂપ છે. આના (૧) દ્રવ્ય (૨) ભાવ, એ બે ભેદ છે. ફૂલ વગરે સાત્ત્વિક વસ્તુઓ દ્વારા તીર્થંકરોની પૂજા કરવી,

૧. આવશ્યકવૃત્તિ પૃ૦ ૫૩.
૨. આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૦૩૨.
૩. આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૭૯૬.
૪. એજન ગા૦ ૧૦૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ 'દ્રવ્ય સ્તવ' છે. અને એમના વાસ્તવિક ગુણોનું કીર્તન કરવું, એ 'ભાવસ્તવ' છે.[૧] અધિકારીવિશેષ ગૃહસ્થને માટે 'દ્રવ્યસ્તવ' કેટલું લાભકારક છે તે આવશ્યક નિર્યુક્તિ (પૃ. ૪૯૨-૪૯૩) માં જણાવ્યું છે.

(૩) **વંદન**—પૂજ્યો પ્રત્યે બહુમાન દર્શાવતી મન, વચન, કાયાની પ્રવૃત્તિ, એ વંદન છે. શાસ્ત્રોમાં વંદનના ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ વગેરે પર્યાયો જાણીતા છે.[૨] વંદનના યથાર્થ સ્વરૂપને જાણવા માટે વંદ્ય કેવા હોવા જોઈએ? એ કેટલા પ્રકારના છે? અવંદ્ય કોણ કોણ છે? અવંદ્યને વંદન કરવામાં શો દોષ છે? વંદન કરતી વેળાએ કયા કયા દોષો દૂર કરવા જોઈએ? વગેરે બાબતો જાણવા જેવી છે.

દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર, એ બન્ને પ્રકારના ચારિત્રધારી મુનિઓ વંદ્ય છે.[૩] વંદનને પાત્ર મુનિઓ (૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) પ્રવર્તક, (૪) સ્થવિર અને (૫) રત્નાધિક—એટલે કે પોતાથી અધિક સમ્યગ્દર્શનાદિગુણયુક્ત મુનિ, એમ પાંચ પ્રકારના છે.[૪] જેઓમાં દ્રવ્યલિંગ કે ભાવલિંગ, એમાંનું એક પણ ન હોય તે અવંદ્ય છે. કોણ વંદનીય અને કોણ અવંદનીય, એ સંબંધમાં સિક્કાની ચતુર્ભંગી જાણીતી છે. ચાંદી શુદ્ધ હોય પણ ઉપરની છાપ બરાબર ન હોય તો એવા સિક્કાને કોઈ લેતું નથી. એ જ રીતે જેઓ ભાવલિંગ તો ધરાવે છે, પણ દ્રવ્યલિંગ વગરના છે, તે પ્રત્યેકબુદ્ધ વગેરેને વંદન કરવામાં નથી આવતું. જે સિક્કા ઉપર છાપ તો બરાબર ઊઠેલી હોય, પણ ચાંદી અશુદ્ધ હોય તો એ સિક્કાનો પણ સ્વીકાર થતો નથી. એ પ્રમાણે દ્રવ્યલિંગધારી હોવા છતાં જેઓ ભાવલિંગ વગરના હોય તે

૧. આવશ્યક વૃત્તિ પૃ૦ ૪૯૨.
૨. આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૧૧૦૩
૩. આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૧૧૦૬.
૪. એજન ગા૦ ૧૧૯૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વસ્થ–પાસત્થા વગેરે પાંચ પ્રકારના કુસાધુઓ અવંદનીય છે. જે સિક્કામાં ચાંદી અને છાપ બન્ને બરાબર ન હોય એને પણ કોઈ લેતું નથી. એ પ્રમાણે જેઓ દ્રવ્ય અને ભાવ બન્ને લિંગોથી રહિત છે તેઓ વંદનીય નથી. વંદનને યોગ્ય તો ફક્ત તેઓ જ છે, જેઓ શુદ્ધ ચાંદી અને શુદ્ધ છાપવાળા સિક્કાની જેમ દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારનાં લિંગનાં ધારક હોય.[૧]

જે વંદન કરવાને યોગ્ય ન હોય એને વંદન કરવાથી વંદન કરનારને ન તો કર્મની નિર્જરા થાય છે કે ન તો કીર્તિ મળે છે; બલકે અસંયમ વગેરે દોષોની અનુમોદના કરવાથી કર્મબંધ થાય છે.[૨] અવંદ્યને વંદન કરવાથી કેવળ વંદન કરનારને જ દોષ લાગે છે, એવું નથી, કિંતુ ગુણી પુરુષો પાસે પોતાનું વંદન કરાવવારૂપ અસંયમની વૃદ્ધિને કારણે અવંદનીય આત્માનો પણ અધઃપાત થાય છે.[૩] વંદન બત્રીશ દોષોથી રહિત હોવું જોઈએ. 'અનાદૃત' વગેરે બત્રીસ દોષ આવશ્યકનિર્યુક્તિની ૧૨૦૭–૧૨૧૧ ગાથાઓમાં વર્ણવ્યા છે.

(૪) **પ્રતિક્રમણ**—પ્રમાદને કારણે શુભ યોગથી નીચે પડીને અશુભ યોગ પ્રાપ્ત કરી લીધા પછી ફરીવાર શુભ યોગને પ્રાપ્ત કરવો એનું નામ 'પ્રતિક્રમણ' છે; તેમ જ અશુભ યોગનો ત્યાગ કરીને ઉત્તરોત્તર શુભ યોગમાં પ્રવૃત્ત થવું, એ પણ 'પ્રતિક્રમણ' છે.[૪] પ્રતિવરણ, પરિહરણ, કરણ, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શોધિ—આ બધા 'પ્રતિક્રમણ'ના પર્યાયો છે.[૫] આ શબ્દોનો ભાવાર્થ સમજાવવા માટે દરેક શબ્દની વ્યાખ્યા કરતાં એક એક દૃષ્ટાંત આપેલ છે, જે બહુ મનો-

૧. આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૧૩૮.
૨. એજન ગા૦ ૧૧૦૮.
૩. એજન ગા૦ ૧૧૧૦.
૪. આવશ્યકસૂત્ર પૃ૦ ૫૫૩.
૫. આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૨૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રંજક છે.[૧] 'પ્રતિક્રમણ'નો અર્થ છે પાછા ફરવું : એક સ્થિતિમાં જઈને વળી પાછી મૂળ સ્થિતિને પ્રાપ્ત કરી લેવી એ 'પ્રતિક્રમણ' છે.

પ્રતિક્રમણના (૧) દૈવસિક, (૨) રાત્રિક, (૩) પાક્ષિક, (૪) ચાતુર્માસિક અને (૫) સાંવત્સરિક–એ પાંચ ભેદ બહુ પ્રાચીન અને શાસ્ત્રસંમત છે, કારણ કે એનો ઉલ્લેખ શ્રી ભદ્રબાહુસ્વામીએ પણ કર્યો છે.[૨] કાળભેદે ત્રણ પ્રકારનું પ્રતિક્રમણ પણ કહ્યું છે : (૧) ભૂતકાળમાં લાગેલ દોષોની આલોચના કરવી, (૨) સંવર કરીને વર્તમાનકાળના દોષોથી બચવું અને (૩) પચ્ચક્ખાણ કરીને ભવિષ્યકાળના દોષોને રોકવા, એ પણ પ્રતિક્રમણ છે.[૩]

ઉત્તરોત્તર આત્માના વધુ ને વધુ શુદ્ધ સ્વરૂપમાં રહેવાની ભાવનાવાળા અધિકારીઓએ એ પણ જાણવું જોઈએ કે પ્રતિક્રમણ કોનું કોનું કરવું જોઈએ ?

(૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) કષાય અને (૪) અપ્રશસ્ત યોગ, એ ચારનું પ્રતિક્રમણ કરવું જોઈએ. અર્થાત્ મિથ્યાત્વનો ત્યાગ કરીને સમ્યક્ત્વ મેળવવું જોઈએ, અવિરતિનો ત્યાગ કરીને વિરતિનો સ્વીકાર કરવો જોઈએ; કષાયોને દૂર કરીને ક્ષમા વગેરે ગુણો પ્રાપ્ત કરવા જોઈએ; અને સંસારની વૃદ્ધિ કરનાર મન–વચન–કાયાની પ્રવૃત્તિને તજીને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવી જોઈએ.

સામાન્ય રીતે પ્રતિક્રમણ (૧) દ્રવ્ય અને (૨) ભાવ, એવા બે પ્રકારનું છે. ભાવપ્રતિક્રમણ જ ઉપાદેય છે, દ્રવ્ય પ્રતિક્રમણ નહીં. દ્રવ્યપ્રતિક્રમણ એ છે, જે દેખાવને માટે કરવામાં આવે છે. દોષોનું પ્રતિક્રમણ કર્યા પછી પણ, ફરી એ દોષનું વારંવાર સેવન કરવું, એ દ્રવ્યપ્રતિક્રમણ છે. આથી આત્મા શુદ્ધ થવાને બદલે ધૃષ્ટતાને લીધે દોષોનું વધારે પોષણ થાય છે. આવા દ્રવ્યપ્રતિક્રમણ માટે, કાંકરા ભારી

૧. આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૨૪૨.

૨. એજન ગા૦ ૧૨૪૭.

૩. આવશ્યકવૃત્તિ પૃ૦ ૫૫૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારીને કુંભારનાં વાસણોને વારંવાર ફોડી નાખીને ક્ષમા માંગનાર ક્ષુલ્લક સાધુનું દૃષ્ટાંત જાણીતું છે.

(૫) **કાયોત્સર્ગ**—ધર્મ કે શુક્લ ધ્યાનને માટે એકાગ્ર થઈને શરીર ઉપરની મમતાનો ત્યાગ કરવો, તે 'કાયોત્સર્ગ'—કાઉસગ્ગ. કાયોત્સર્ગ બરાબર કરી શકાય તે માટે એના દોષોનો ત્યાગ કરવો જોઈએ. એ ઘોટક વગેરે દોષો સંક્ષેપમાં ઓગણીસ છે.[૧]

. કાઉસગ્ગથી દેહની અને બુદ્ધિની જડતા દૂર થાય છે અર્થાત્ વાત વગેરે ધાતુઓની વિષમતા દૂર થાય છે. અને બુદ્ધિની મંદતા દૂર થવાથી વિચારશક્તિનો વિકાસ થાય છે. કાયોત્સર્ગથી સુખ-દુઃખતિતિક્ષામાં—એટલે કે અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પ્રકારના સંયોગોમાં—સમભાવ રાખવાની શક્તિ પ્રગટે છે. ભાવના અને ધ્યાનનો અભ્યાસ કાયોત્સર્ગથી પરિપુષ્ટ થાય છે. અતિચારનું ચિંતન પણ કાઉસગ્ગમાં સારી રીતે થઈ શકે છે. આ રીતે જોતાં કાઉસગ્ગ એ બહુ મહત્ત્વની ક્રિયા છે. કાઉસગ્ગ દરમ્યાન લેવાના શ્વાસોશ્વાસનું કાલમાન એક શ્લોકના એક ચરણના ઉચ્ચારણના કાલમાન જેટલું કહેવામાં આવે છે.

(૬) **પ્રત્યાખ્યાન**—ત્યાગ કરવાને 'પ્રત્યાખ્યાન'—પચ્ચક્ખાણ કહે છે. બે જાતની વસ્તુઓનો ત્યાગ કરવાનો હોય છે : (૧) દ્રવ્ય અને (૨) ભાવ. અન્ન, વસ્ત્ર વગેરે બાહ્ય વસ્તુઓ દ્રવ્યરૂપ છે; અને અજ્ઞાન, અસંયમ વગેરે વૈભાવિક—પુદ્ગલજન્ય આત્મપરિણામ ભાવરૂપ છે. અન્ન, વસ્ત્ર વગેર બાહ્ય વસ્તુઓનો ત્યાગ અજ્ઞાન, અસંયમ આદિનો ત્યાગ કરીને ભાવત્યાગપૂર્વક અને ભાવત્યાગના ધ્યેયથી જ થવો જોઈએ. જે દ્રવ્યત્યાગ ભાવત્યાગપૂર્વક તથા ભાવત્યાગને માટે નથી કરવામાં આવતો તેથી આત્માને ગુણની પ્રાપ્તિ નથી થતી.

જે પચ્ચક્ખાણ (૧) શ્રદ્ધા, (૨) જ્ઞાન, (૩) વંદન, (૪) અનુરૂપ પાલન, (૫) અનુરૂપ સંભાષણ અને (૬) ભાવ—આ છ શુદ્ધિઓ સાથે

૧. આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૫૪૬-૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવે તે શુદ્ધ પચ્ચક્ખાણ છે.

પ્રત્યાખ્યાનનું બીજું નામ 'ગુણધારણ' છે, તે એટલા માટે કે એથી અનેક ગુણ પ્રાપ્ત થાય છે. પ્રત્યાખ્યાનથી આસ્રવનો નિરોધ એટલે કે સંવર થાય છે. સંવરથી તૃષ્ણાનો નાશ, તૃષ્ણાના નાશથી અનુપમ સમભાવ પ્રગટે છે. અને એવા સમભાવથી અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ક્રમની સ્વાભાવિકતા અને ઉપપત્તિ

જેઓ અંતર્દૃષ્ટિ ધરાવે છે, એમના જીવનનું મુખ્ય ધ્યેય સમભાવ–સામાયિક પ્રાપ્ત કરવાનું હોય છે. તેથી પ્રત્યેક પ્રવૃત્તિમાં સમભાવનું દર્શન થાય છે. અંતર્દૃષ્ટિવાળા જ્યારે કોઈને સમભાવની પૂર્ણતાને શિખરે આરૂઢ થયેલા જાણે છે ત્યારે તેઓ એમના વાસ્તવિક ગુણોની સ્તુતિ કરવા લાગે છે. આ રીતે તેઓ સમભાવમાં રહેલા સાધુપુરુષોને વંદન–નમસ્કાર કરવાનું પણ નથી ચૂકતા. અંતર્દૃષ્ટિ ધરાવનારાઓના જીવનમાં એવી સ્ફૂર્તિ–અપ્રમત્તતા હોય છે કે કયારેક તેઓ પૂર્વવાસનાને લીધે કે ખરાબ સંસર્ગને પરિણામે સમભાવથી ચ્યુત થઈ જાય તોપણ એ અપ્રમત્તાને લીધે, પ્રતિક્રમણ કરીને તેઓ પોતાની પહેલાંની સ્થિતિને ફરી પ્રાપ્ત કરી લે છે, અને કયારેક કયારેક તો પહેલાંની સ્થિતિથી આગળ પણ વધી જાય છે.

ધ્યાન એ જ આધ્યાત્મિક જીવનના વિકાસની ચાવી છે. તેથી અંતર્દૃષ્ટિના ધરાવનારા વારંવાર ધ્યાન–કાઉસગ્ગ કરે છે. ધ્યાન દ્વારા ચિત્તશુદ્ધિ કરીને તેઓ આત્મસ્વરૂપમાં સવિશેષ નિમગ્ન થઈ જાય છે. એટલે જડ વસ્તુઓના ભોગનો ત્યાગ–પચ્ચક્ખાણ પણ એમને માટે સહજ ક્રિયા બની જાય છે.

આ રીતે એ સ્પષ્ટ રૂપે સમજી શકાય છે કે આધ્યાત્મિક પુરુષોના ઉચ્ચ તથા સ્વાભાવિક જીવનનું પૃથક્કરણ, એ જ 'આવશ્યક–ક્રિયા'ના ક્રમનો આધાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'આવશ્યક ક્રિયા'ની આધ્યાત્મિકતા

જે ક્રિયા આત્માના વિકાસને અનુલક્ષીને કરવામાં આવે એ જ આધ્યાત્મિક ક્રિયા છે. આત્માના વિકાસનો ઉદ્દેશ એના સમ્યક્ત્વ, ચેતન, ચારિત્ર વગેરે ગુણોની ક્રમે ક્રમે શુદ્ધિ કરવાનો છે. આ કસોટીએ કસતાં એ નિશ્ચિતપણે સિદ્ધ થાય છે કે 'સામાયિક' વગેરે છયે 'આવશ્યક' આધ્યાત્મિક છે; કારણ કે સામાયિકનું ફળ પાપજનક પ્રવૃત્તિની નિવૃત્તિ છે, કે જે કર્મની નિર્જરા દ્વારા આત્માના વિકાસનું નિમિત્ત બને છે. ચતુર્વિંશતિસ્તવનો ઉદ્દેશ ગુણાનુરાગની વૃદ્ધિ કરીને ગુણોની પ્રાપ્તિ કરવી એ છે. એ પણ કર્મની નિર્જરા દ્વારા આત્માના વિકાસનું સાધન બને છે. વંદનક્રિયાથી વિનયની પ્રાપ્તિ થાય છે, માનનો નાશ થાય છે, ગુરુજનોની પૂજા-ભક્તિ થાય છે, તીર્થંકરોની આજ્ઞાનું પાલન થાય છે, અને શ્રુતધર્મની આરાધના થાય છે, જે આત્માના ક્રમિક વિકાસ દ્વારા મોક્ષનાં નિમિત્ત બને છે. વંદન કરનારાઓને નમ્રતાને લીધે શાસ્ત્રશ્રવણનો લાભ મળે છે. શાસ્ત્રશ્રવણથી અનુક્રમે જ્ઞાન, વિજ્ઞાન, પ્રત્યાખ્યાન, સંયમ, અનાસ્રવ, તપ, કર્મનાશ, અક્રિયા-અયોગ [-મન-વચન-કાયાની પ્રવૃત્તિનો અભાવ] અને મોક્ષ-એ ફળ મળે છે.[૧] એટલા માટે વંદનક્રિયા આત્માના વિકાસનું અસંદિગ્ધ નિમિત્ત છે. ખરી રીતે આત્મા પૂર્ણ શુદ્ધ અને પૂર્ણ બળવાન છે, પણ જુદી જુદી વાસનાઓના અનાદિ પ્રવાહમાં પડવાને લીધે એ દોષોનાં અનેક પડો નીચે દબાઈ ગયો છે. તેથી જ્યારે એ ઊંચે ચડવાનો પ્રયત્ન કરે છે ત્યારે એનાથી, અનાદિકાળના અભ્યાસને કારણે, ભૂલો થઈ જવી સ્વાભાવિક છે. જ્યાં સુધી એ ભૂલોની શુદ્ધિ ન કરે ત્યાં સુધી ઇષ્ટસિદ્ધિ થઈ જ ન શકે. એટલા માટે ડગલે ને પગલે થયેલી ભૂલોને સંભારીને, પ્રતિક્રમણ દ્વારા ફરી એવી ભૂલો ન કરવાનો એ નિશ્ચય કરી લે છે. આ રીતે પ્રતિક્રમણ-ક્રિયાનો ઉદ્દેશ પહેલાંના દોષોને દૂર કરવાનો અને ફરી એવા દોષો ન થઈ જાય એ માટે આત્માને

૧. આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૨૬૫ તથા એની વૃત્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાવધાન કરી દેવાનો છે, જેથી આત્મા દોષમુક્ત થઈને ધીમે ધીમે પોતાના શુદ્ધ સ્વરૂપમાં અવસ્થિત થઈ જાય. આટલા માટે પ્રતિક્રમણની ક્રિયા આધ્યાત્મિક છે. કાઉસગ્ગથી ચિત્ત એકાગ્ર થાય છે, અને આત્માને પોતાના સ્વરૂપનો વિચાર કરવાનો અવસર મળે છે, જેથી આત્મા ભયમુક્ત બનીને પોતાના મુશ્કેલમાં મુશ્કેલ સાધ્યને પ્રાપ્ત કરી શકે છે. આ કારણે જ કાઉસગ્ગની ક્રિયા પણ આધ્યાત્મિક ક્રિયા છે. દુનિયામાં જે કંઈ છે એ બધું ન તો ભોગવી શકાય છે કે ન તો ભોગવવાને યોગ્ય છે. અને વાસ્તવિક શાંતિ તો પાર વગરના ભોગો ભોગવીએ તોપણ મળી શકતી નથી. તેથી પ્રત્યાખ્યાન-ક્રિયા દ્વારા મુમુક્ષુઓ પોતાની જાતને નિરર્થક ભોગોથી ઉગારી લે છે અને એમ કરીને ચિરકાલીન આત્મશાંતિ મેળવે છે. તેથી પ્રત્યખ્યાનની ક્રિયા પણ આધ્યાત્મિક જ છે.

પ્રતિક્રમણ શબ્દનો રૂઢ અર્થ

'પ્રતિક્રમણ' શબ્દની વ્યુત્પત્તિ 'प्रति + क्रमण = प्रतिक्रमण' એ પ્રમાણે છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે એનો અર્થ 'પાછા ફરવું' એટલો જ થાય છે. પણ રૂઢિને લીધે 'પ્રતિક્રમણ' શબ્દ ફક્ત ચોથા 'આવશ્યક'નો તેમ જ છયે આવશ્યકોના સમૂહનો સૂચક બની જાય છે. છયે આવશ્યકના સૂચક તરીકે એ શબ્દની પ્રસિદ્ધિ એટલી બધી થઈ ગઈ છે કે આજકાલ 'આવશ્યક' શબ્દનો પ્રયોગ કરવાને બદલે સૌ કોઈ છયે 'આવશ્યકો'ને માટે 'પ્રતિક્રમણ' શબ્દનો ઉપયોગ કરે છે. આ રીતે વ્યવહારમાં અને અર્વાચીન ગ્રંથોમાં 'પ્રતિક્રમણ' શબ્દ 'આવશ્યક' શબ્દનો પર્યાય બની ગયો છે. પ્રાચીન ગ્રંથોમાં સામાન્ય 'આવશ્યક'ના અર્થમાં 'પ્રતિક્રમણ' શબ્દનો પ્રયોગ કયાંય જોવામાં નથી આવ્યો. 'પ્રતિક્રમણગર્ભહેતુ,' 'પ્રતિક્રમણવિધિ,' 'ધર્મસંગ્રહ' વગેરે અર્વાચીન ગ્રંથોમાં 'પ્રતિક્રમણ' શબ્દ સામાન્ય 'આવશ્યક'ના અર્થમાં વપરાયો છે, અને સાધારણ જૈન જનતામાં સામાન્ય 'આવશ્યક'ના અર્થમાં 'પ્રતિક્રમણ' શબ્દનો એકધારો ઉપયોગ થતો હોય એમ દેખાય છે.

[દર્શનચિંતન ખંડ ૨, પૃ. ૧૭૪-૧૮૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧

જીવ અને પંચ પરમેષ્ઠી

પરમેષ્ઠીનો અર્થ

પ્રશ્ન : પરમેષ્ઠી કોને કહે છે?

ઉત્તર : જે જીવો પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ સ્વરૂપમાં–સમભાવમાં 'ષ્ઠિન્' એટલે અવસ્થિત છે, તેઓ જ પરમેષ્ઠી કહેવાય છે.

પ્રશ્ન : પરમેષ્ઠી અને એમનાથી જુદા જીવો વચ્ચે શો ફેર છે?

ઉત્તર : ફેર આધ્યાત્મિક વિકાસના હોવા અને ન હોવાનો છે. જેઓએ આધ્યાત્મિક વિકાસ સાધ્યો છે અને નિર્મળ આત્મ-શક્તિ મેળવી છે તે પરમેષ્ઠી ગણાય છે. અને જેઓની આત્મશક્તિમાં મેલ છે તે એમનાથી જુદા છે.

પ્રશ્ન : જેઓ અત્યારે પરમેષ્ઠી નથી, શું તેઓ પણ સાધનો દ્વારા આત્માને નિર્મળ કરીને એવા થઈ શકે છે?

ઉત્તર : જરૂર.

પ્રશ્ન : તો પછી જેઓ પરમેષ્ઠી નથી અને જેઓ પરમેષ્ઠી બન્યા છે, એ બન્ને વચ્ચે શક્તિની અપેક્ષાએ શો ફરક સમજવો?

ઉત્તર : કંઈ નહીં. ફરક ફક્ત શક્તિઓના પ્રગટ થવા અને નહીં થવાનો છે. એકમાં આત્મશક્તિઓનું વિશુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું છે, બીજામાં એ પ્રગટ થયું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ સંબંધી કેટલીક વિચારણા

જીવનું સામાન્ય લક્ષણ

પ્રશ્ન : જો મૂળમાં બધા જીવો સમાન જ છે, તો એ બધાનું સામાન્ય સ્વરૂપ (લક્ષણ) શું છે?

ઉત્તર : રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પૌદ્‌ગલિક ગુણોનો અભાવ અને ચેતનાનું અસ્તિત્વ, એ બધા જીવોનું સામાન્ય લક્ષણ છે.

પ્રશ્ન : આ લક્ષણ તો અતીન્દ્રિય છે; તો પછી એનાથી જીવની ઓળખ કેવી રીતે થઈ શકે?

ઉત્તર : નિશ્ચયદૃષ્ટિએ જીવ અતીન્દ્રિય છે, તેથી એનું લક્ષણ અતીન્દ્રિય જ હોવું જોઈએ.

પ્રશ્ન : જીવ તો આંખ વગેરે ઇંદ્રિયોથી જાણી શકાય છે, તો પછી એ અતીન્દ્રિય કેવી રીતે?

ઉત્તર : શુદ્ધ રૂપ અર્થાત્ સ્વભાવની અપેક્ષાએ જીવ અતીન્દ્રિય છે. અશુદ્ધ રૂપ અર્થાત્ વિભાવ–પૌદ્‌ગલિક ભાવ–ની અપેક્ષાએ એ ઇંદ્રિય-ગમ્ય છે. અમૂર્તપણું, રૂપ, રસ વગેરેનો અભાવ અને ચેતનાશક્તિ એ જીવનો સ્વભાવ છે; અને ભાષા, આકાર, સુખ, દુઃખ, રાગ, દ્વેષ વગેરે જીવના વિભાવ અર્થાત્ કર્મજન્ય પર્યાય છે. સ્વભાવ પુદ્‌ગલ-નિરપેક્ષ હોવાને લીધે અતીન્દ્રિય છે; અને વિભાવ પુદ્‌ગલ-સાપેક્ષ હોવાથી ઇંદ્રિયગ્રાહ્ય છે. તેથી સ્વાભાવિક લક્ષણની અપેક્ષાએ જીવને અતીન્દ્રિય માનવો જોઈએ.

પ્રશ્ન : જો વિભાવનો સંબંધ જીવ સાથે છે, તો એને આધારે પણ જીવનું લક્ષણ કરવું જોઈએ ને?

ઉત્તર : કર્યું જ છે. પણ એ લક્ષણ બધાય જીવોને લાગુ નહીં પડે, ફક્ત સંસારી જીવોને જ લાગુ પડશે; જેમ કે જેમનામાં સુખ-દુઃખ, રાગ-દ્વેષ વગેરે ભાવો હોય, જે કર્મોના કર્તા અને કર્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળના ભોક્તા તેમ જ દેહધારી હોય તે જીવ છે.

પ્રશ્ન : આ બે લક્ષણો વચ્ચે સ્પષ્ટ તફાવત શો ?

ઉત્તર : પહેલું લક્ષણ સ્વભાવને સ્પર્શે છે, તેથી એને નિશ્ચય-નયની અપેક્ષાએ, તેમ જ પૂર્ણ અને સ્થાયી સમજવું જોઈએ. બીજું લક્ષણ વિભાવને સ્પર્શનારું છે, તેથી એને વ્યવહારનયની અપેક્ષાએ તેમ જ અપૂર્ણ અને અસ્થાયી સમજવું જોઈએ. સારાંશ એ કે પહેલું લક્ષણ નિશ્ચયદૃષ્ટિ પ્રમાણે છે, તેથી એ ત્રણે કાળમાં લાગુ પડે એવું છે; અને બીજું લક્ષણ વ્યવહારદૃષ્ટિ મુજબ છે તેથી એ ત્રણે કાળમાં લાગુ પડે એવું નથી; અર્થાત્ એ સંસારી જીવોને લાગુ પડે છે અને મોક્ષના જીવોને લાગું નથી પડતું.

પ્રશ્ન : ઉપર મુજબ બે દૃષ્ટિને આધારે જૈન દર્શનમાં જેમ જીવનાં બે જાતનાં લક્ષણ કરવામાં આવ્યાં છે એવાં જ બે લક્ષણ શું જૈનેતર દર્શનોમાં પણ છે ?

ઉત્તર : સાંખ્ય, યોગ, વેદાંત વગેરે દર્શનોમાં આત્માને ચેતન-રૂપ કે સચ્ચિદાનંદરૂપ કહેલ છે તે નિશ્ચયનયની દૃષ્ટિએ; અને ન્યાય, વૈશેષિક વગેરે દર્શનોમાં સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ વગેરે આત્માનાં લક્ષણો કહ્યાં છે તે વ્યવહારનયની દૃષ્ટિએ.

પ્રશ્ન : 'જીવ' અને 'આત્મા' એ બન્ને શબ્દોનો અર્થ એક છે ?

ઉત્તર : હા. જૈન શાસ્ત્રમાં તો સંસારી અને અસંસારી બધાય ચેતનોને માટે 'જીવ' અને 'આત્મા', એ બન્ને શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે; પણ વેદાંત વગેરે દર્શનોમાં 'જીવ'નો અર્થ સંસારી અવસ્થાનો જ ચેતન થાય છે, મુક્ત ચેતન નહીં. અને બન્ને માટે સામાન્ય શબ્દ 'આત્મા' છે.

જીવના સ્વરૂપનું અનિર્વચનીયપણું

પ્રશ્ન : આપે તો જીવનું સ્વરૂપ વર્ણવ્યું, પણ કેટલાક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વાનોનું કહેવું છે કે આત્માનું સ્વરૂપ અનિર્વચનીય અર્થાત્ શબ્દોથી વર્ણવી ન શકાય એવું છે. તો આમાં સાચું શું છે?

ઉત્તર : એમનું કહેવું પણ સાચું છે, કારણ કે શબ્દો મારફત તો મર્યાદિત ભાવ જ વ્યક્ત કરી શકાય છે. જો જીવનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણપણે જાણવું હોય તો એ, અમર્યાદિત હોવાને કારણે, શબ્દોથી કોઈ રીતે દર્શાવી શકાય નહીં. એટલા માટે, આ અપેક્ષાએ, જીવનું સ્વરૂપ અનિર્વચનીય છે. આ વાત જેમ બીજાં દર્શનોમાં 'નિર્વિકલ્પ' શબ્દથી કે 'નેતિ' શબ્દથી કહેવામાં આવી છે, એ જ રીતે જૈન દર્શનમાં 'सरा तत्थ निवत्तंते, तक्का तत्थ न विज्जई' (આચારાંગસૂત્ર ૫-૬)—એટલે કે ત્યાંથી શબ્દો પાછા ફરે છે અને તર્કો એમાં થઈ શકતા નથી—વગેરે કહેવામાં આવ્યું છે. આ અનિર્વચનીયપણાનું કથન પરમ નિશ્ચયનય કે પરમ શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ સમજવું જોઈએ. અમૂર્તત્વને જીવ કે ચેતનાનું લક્ષણ કહેવામાં આવ્યું છે તે નિશ્ચયનયની દૃષ્ટિએ કે શુદ્ધ પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ.

જીવ સ્વયંસિદ્ધ છે કે ભૌતિક મિશ્રણોનું પરિણામ?

પ્રશ્ન : એવું સાંભળવામાં અને વાંચવામાં આવ્યું છે કે જીવ એક રાસાયનિક વસ્તુ છે, અર્થાત્ ભૌતિક મિશ્રણોનું પરિણામ છે; એ કોઈ સ્વયંસિદ્ધ વસ્તુ નથી. એ ઉત્પન્ન પણ થાય છે અને નાશ પણ પામે છે. આમાં સાચું શું?

ઉત્તર : આ કથન ભ્રાંતિજન્ય છે, કારણ કે જ્ઞાન, સુખ, દુઃખ, હર્ષ, શોક વગેરે જે વૃત્તિઓ મનની સાથે સંબંધ ધરાવે છે તે સ્થૂળ કે સૂક્ષ્મ ભૌતિક વસ્તુઓના આલંબનથી થાય છે; ભૌતિક વસ્તુઓ એ વૃત્તિઓને પેદા કરવામાં કેવળ સાધન એટલે કે નિમિત્તકારણ છે, ઉપાદાનકારણ નહીં. એનું ઉપાદાનકારણ તો જુદું જ છે, અને તે છે આત્મતત્ત્વ. તેથી ભૌતિક વસ્તુઓને આવી વૃત્તિઓનું ઉપા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વાનકારણ માનવું એ ભ્રાંતિ છે. જો એમ ન માનવામાં આવે તો અનેક દોષ ઊભા થાય છે: જેમ કે સુખ-દુઃખ, રાજા-રંકપણું, લાંબું-ટૂંકું આયુષ્ય, સત્કાર-તિરસ્કાર, જ્ઞાન-અજ્ઞાન વગેરે અનેક પરસ્પર વિરોધી ભાવો એક જ મા-બાપનાં બે સંતાનોમાં જોવામાં આવે છે એ, જો જીવને સ્વતંત્રતત્ત્વ ન માનીએ તો, કોઈ રીતે અ-સંદિગ્ધપણે પુરવાર ન થઈ શકે.

પ્રશ્ન : જીવના અસ્તિત્વની બાબતમાં આપણે કોના ઉપર વિશ્વાસ કરવો જોઈએ?

ઉત્તર : અત્યંત એકાગ્રતાપૂર્વક, લાંબા વખત લગી આત્માનું જ મનન કરવાવાળા નિઃસ્વાર્થ ઋષિઓના વચન ઉપર તથા આપણા પોતાના અનુભવ ઉપર. અને ચિત્તને શુદ્ધ કરીને એકાગ્રતાપૂર્વક ચિંતન અને મનન કરવાથી આવો અનુભવ મળી શકે છે.

પંચ પરમેષ્ઠી

પંચ પરમેષ્ઠીના પ્રકાર

પ્રશ્ન : શું બધા પરમેષ્ઠી એક જ પ્રકારના છે? એમની વચ્ચે અંતર શું છે?

ઉત્તર : ના. બધાય એક પ્રકારના નથી હોતા. સ્થૂલ દૃષ્ટિએ એમના પાંચ પ્રકાર છે: (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) આચાર્ય, (૪) ઉપાધ્યાય અને (૫) સાધુ. આ પાંચ વચ્ચેનો ફરક જાણવા માટે સ્થૂળ રૂપે એમના બે વિભાગ કરવા જોઈએ. પહેલા વિભાગમાં પહેલા બે; અને બીજા વિભાગમાં બાકીના ત્રણ પરમેષ્ઠીનો સમાવેશ થાય છે; કારણ કે અરિહંત અને સિદ્ધ એ બેએ તો જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય વગેરેનો શુદ્ધ રૂપમાં પૂરેપૂરો વિકાસ કર્યો હોય છે; પણ આચાર્ય વગેરે ત્રણે આ શક્તિઓને પૂર્ણ રૂપે પ્રગટ કરી નથી હોતી, પરંતુ એને પ્રગટ કરવા માટે તેઓ પ્રયત્નશીલ હોય છે. ફક્ત અરિહંત અને સિદ્ધ એ બે જ પૂજ્ય અવસ્થાને પામેલા છે; એમને પૂજક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થા નથી હોતી; એટલા માટે એ દેવતત્ત્વ મનાય છે. આથી ઊલટું, આચાર્ય વગેરે ત્રણ, પૂજ્ય અને પૂજક એ બન્ને અવસ્થા ધરાવે છે. તેઓ પોતાથી ઊતરતી કોટીવાળાના પૂજ્ય અને ચડિયાતી કોટીવાળાના પૂજક છે. તેથી જ ગુરુતત્ત્વ મનાય છે.

અરિહંત અને સિદ્ધની વચ્ચેનો ફેર

પ્રશ્ન : અરિહંત અને સિદ્ધની વચ્ચે ફેર શો છે?

ઉત્તર : સિદ્ધ શરીર રહિત એટલે બધાય પૌદ્ગલિક પર્યાયોથી દૂર હોય છે; પણ અરિહંત એવા નથી હોતા. એમને શરીર હોય છે તેથી, મોહ, અજ્ઞાન વગેરેનો નાશ થઈ જવા છતાં, તેઓ ચાલવું-ફરવું, બોલવું, વિચારવું વગેરે શારીરિક, વાચિક તથા માનસિક ક્રિયાઓ કરતા રહે છે. સારાંશ એ છે કે જ્ઞાન, ચારિત્ર વગેરે શક્તિઓના વિકાસની પૂર્ણતા અરિહંત અને સિદ્ધ બન્નેમાં એકસરખી હોય છે, પણ સિદ્ધ યોગ(મન-વચન-કાયાની ક્રિયા)થી રહિત હોય છે, અને અરિહંત યોગથી સહિત હોય છે. જેઓ પહેલાં અરિહંત બને છે, તેઓ જ શરીરના ત્યાગ પછી સિદ્ધ કહેવાય છે.

આચાર્ય વગેરે વચ્ચેનો ફેર

પ્રશ્ન : આચાર્ય વગેરે ત્રણ વચ્ચે શો ફેર છે?

ઉત્તર : આ જ પ્રમાણે [અરિહંત અને સિદ્ધની જેમ જ] આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓમાં સાધુના ગુણ સામાન્ય રીતે એકસરખા હોવા છતાં 'સાધુ' કરતાં 'ઉપાધ્યાય' અને 'આચાર્ય'માં વિશેષતા હોય છે. તે એ કે ઉપાધ્યાયપદને માટે સૂત્ર તથા અર્થનું વાસ્તવિક જ્ઞાન, ભણાવવાની શક્તિ, વચનમધુરતા અને ચર્ચા કરવાની શક્તિ વગેરે કેટલાક ખાસ ગુણો મેળવવા જરૂરી છે, પણ સાધુપદને માટે આ ગુણોની કોઈ ખાસ જરૂર નથી હોતી. એ જ રીતે આચાર્ય-પદને માટે શાસનનું સંચાલન કરવાની શક્તિ, ગચ્છના હિતાહિતની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબદારી, ખૂબ ગંભીરતા અને દેશકાળનું વિશેષ જ્ઞાન વગેરે ગુણો જોઈએ. સાધુપદને માટે આ ગુણોને પ્રાપ્ત કરવાની ખાસ જરૂર નથી રહેતી. સાધુપદને માટે તો સત્તાવીશ ગુણ જરૂરી છે; એ તો આચાર્ય અને ઉપાધ્યાયમાં પણ હોય છે; પણ એ ઉપરાંત ઉપાધ્યાયમાં પચ્ચીસ અને આચાર્યમાં છત્રીસ ગુણ હોવા જોઈએ. અર્થાત્ સાધુપદ કરતાં ઉપાધ્યાયનું મહત્ત્વ વધારે છે, અને ઉપાધ્યાયપદ કરતાં આચાર્યપદનું મહત્ત્વ વધારે છે.

અરિહંતનું અલૌકિકપણું

પ્રશ્ન : જેમ અરિહંતની જ્ઞાન વગેરે આભ્યંતર શક્તિઓ અલૌકિક હોય છે, એમ એમની બાહ્ય અવસ્થા પણ શું આપણાથી વિશેષતાવાળી થઈ જાય છે?

ઉત્તર : આભ્યંતર શક્તિઓ સંપૂર્ણ થઈ જવાને કારણે અરિહંતનો પ્રભાવ એટલે તો અલૌકિક થઈ જાય છે કે સામાન્ય માનવીને તો એના ઉપર વિશ્વાસ પણ ન બેસે. અરિહંતનો સમગ્ર વ્યવહાર લોકોત્તર હોય છે. મનુષ્ય, પશુ, પક્ષી વગેરે જુદી જુદી જાતના જીવો અરિહંતના ઉપદેશને પોતપોતાની ભાષામાં સમજી જાય છે. સાપ-નોળિયો, ઉંદર-બિલાડી, ગાય-વાઘ વગેરે જન્મનાં વેરી પ્રાણીઓ પણ સમવસરણમાં પોતાની વૈરવૃત્તિને ભૂલીને ભ્રાતૃભાવ ધારણ કરે છે. અરિહંતના વચનમાં જે પાંત્રીશ ગુણ હોય છે તે બીજાઓના વચનમાં નથી હોતા. જ્યાં અરિહંત બિરાજે છે ત્યાં માનવી વગેરેની તો વાત શું કરવી, કરોડો દેવો પણ હાજર થાય છે, હાથ જોડીને ખડા રહે છે, ભક્તિ કરે છે અને અશોકવૃક્ષ વગેરે આઠ પ્રાતિહાર્યોની રચના કરે છે. આ બધું અરિહંતના પરમયોગની વિભૂતિ છે.

પ્રશ્ન : આવું કેવી રીતે માની શકાય?

ઉત્તર : આપણને જે વાતો અસંભવ જેવી લાગે તે પરમયોગીઓને માટે સામાન્ય છે. એક જંગલી ભીલને ચક્રવર્તીની ઋદ્ધિનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જરા સરખો પણ ખ્યાલ નથી આવી શકતો. આપણી અને યોગીઓની યોગ્યતા વચ્ચે મોટું અંતર છે. આપણે વિષયોના ગુલામ, લાલચના પૂતળા અને અસ્થિરતાના કેન્દ્ર છીએ. આથી ઊલટું યોગીઓને મન વિષયોનું આકર્ષણ કોઈ ચીજ નથી; લાલચ તો એમને સ્પર્શી પણ નથી શકતી; તેઓ તો સ્થિરતાના સુમેરુ જેવા હોય છે. આપણે થોડા સમય માટે પણ મનને સર્વથા સ્થિર નથી રાખી શકતા; કોઈનું કડવું વેણ સાંભળીને મારવા-મરવા તૈયાર થઈ જઈએ છીએ; નજીવી વસ્તુ ખોવાઈ જતાં જાણે આપણા પ્રાણ નીકળી જવા માંડે છે; સ્વાર્થાંધતાને લીધે બીજાની વાત તો શું કરવી, ભાઈ અને બાપને પણ આપણે દુશ્મન માની લઈએ છીએ! પરમયોગી આ બધા દોષોથી મુક્ત હોય છે. જ્યારે એમની આંતરિક દશા આટલી ઊંચી હોય છે, ત્યારે એમની ઉપર જણાવ્યા મુજબની લોકોત્તર સ્થિતિ થાય એમાં કશી નવાઈ નથી. સામાન્ય યોગસમાધિ કરનારા મહાત્માઓનો અને ઉચ્ચ ચારિત્રવાળા સામાન્ય માણસોનો પણ જેટલો મહિમા-પ્રભાવ જોવામાં આવે છે, એનો વિચાર કરવાથી અરિહંત જેવા પરમયોગીની લોકોત્તર વિભૂતિ માટે સંદેહ નથી રહેતો.

વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિએ પાંચેનું સ્વરૂપ

પ્રશ્ન : વ્યવહાર (બાહ્ય) અને નિશ્ચય (આભ્યંતર) એ બન્ને દૃષ્ટિએ અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર : આ બન્ને દૃષ્ટિએ સિદ્ધના સ્વરૂપમાં કશો ફેર નથી. એમને માટે જે નિશ્ચય છે એ જ વ્યવહાર છે, કારણ કે સિદ્ધ અવસ્થામાં નિશ્ચય અને વ્યવહારની એકતા થઈ જાય છે. પણ અરિહંતની બાબતમાં આવું નથી. અરિહંતને શરીર હોય છે, તેથી એમનું વ્યાવહારિક સ્વરૂપ તો બાહ્ય વિભૂતિઓ સાથે સંબંધ ધરાવે છે; અને નિશ્ચય સ્વરૂપનો સંબંધ આંતરિક શક્તિઓના વિકાસ સાથે હોય છે, તેથી નિશ્ચયદૃષ્ટિએ અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ એકસરખું માનવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ.

પ્રશ્ન : નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિએ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર : નિશ્ચયદૃષ્ટિએ ત્રણેનું સ્વરૂપ એક જેવું હોય છે. ત્રણેમાં મોક્ષમાર્ગના આરાધનની તત્પરતા અને બાહ્ય-આભ્યંતર નિર્ગ્રંથપણું વગેરે નિશ્ચયદૃષ્ટિનું અને પારમાર્થિક સ્વરૂપ સરખું હોય છે; પણ ત્રણેના વ્યાવહારિક સ્વરૂપમાં થોડોઘણો ફેર હોય છે. આચાર્યની વ્યાવહારિક યોગ્યતા સૌથી વધારે હોય છે; કેમ કે એમને ગચ્છ ઉપર શાસન ચલાવવાની અને જૈન શાસનનો મહિમા સાચવી રાખવાની જવાબદારી ઉઠાવવી પડે છે. ઉપાધ્યાયને આચાર્યપદની લાયકાત મેળવવા માટે કંઈકે વિશેષ ગુણો મેળવવા પડે છે, જે સામાન્ય સાધુઓમાં ન પણ હોય.

નમસ્કારનો હેતુ અને એના પ્રકાર

પ્રશ્ન : પરમેષ્ઠીઓને નમસ્કાર શા માટે કરવામાં આવે છે? નમસ્કારના પ્રકાર કેટલા?

ઉત્તર : ગુણપ્રાપ્તિને માટે. તેઓ ગુણવાન છે અને ગુણવાનોને નમસ્કાર કરવાથી ગુણની પ્રાપ્તિ જરૂર થાય છે, કારણ કે જેવું ધ્યેય હોય એવો જ ધ્યાતા બની જાય છે. દિવસ-રાત ચોર અને ચોરીની ભાવના ભાવવાવાળો માનવી કયારેય પ્રામાણિક (શાહુકાર) બની નથી શકતો. એ જ રીતે વિદ્યા અને વિદ્વાનની ભાવના ભાવવાવાળો જરૂર કંઈકે ને કંઈકે વિદ્યા હાંસલ કરી જ લે છે. મોટાઓ પાસે આપણી લઘુતા અને એમની મોટાઈ પ્રગટ થાય એવું વર્તન કરવું એનું નામ જ નમસ્કાર છે. આ નમસ્કાર દ્વૈત અને અદ્વૈત એમ બે પ્રકારનો હોય છે. વિશેષ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત ન થઈ હોય અને નમસ્કાર કરનારના મનમાં એવો ભાવ હોય કે હું ઉપાસક છું અને અમુક વ્યક્તિ મારી ઉપાસ્ય છે, એને દ્વૈત-નમસ્કાર કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ-દ્વેષના વિકલ્પોનો નાશ થઈ જવાથી ચિત્તની એટલી બધી સ્થિરતા થઈ જાય છે કે જેમાં આત્મા પોતાની જાતને જ ઉપાસ્ય માને છે, અને કેવળ પોતાના રૂપનું જ ધ્યાન કરે છે; એ છે અદ્વૈત-નમસ્કાર. આ બે નમસ્કારોમાં અદ્વૈત-નમસ્કાર શ્રેષ્ઠ છે, કારણ કે દ્વૈત-નમસ્કાર તો અદ્વૈત-નમસ્કારનું માત્ર સાધન છે.

પ્રશ્ન : માનવીના અંતરંગ ભાવ–ભક્તિ–ના કેટલા ભેદ છે?

ઉત્તર : બે ભેદ : એક સિદ્ધ-ભક્તિ અને બીજી યોગી-ભક્તિ. સિદ્ધોના અનંત ગુણોની ભાવના ભાવવી એ સિદ્ધ-ભક્તિ છે; અને યોગીઓ (મુનિઓ) ના ગુણોની ભાવના ભાવવી એ યોગી-ભક્તિ છે.

પ્રશ્ન : અરિહંતને પહેલાં અને સિદ્ધ વગેરેને પછી નમસ્કાર કરવાનું કારણ શું છે?

ઉત્તર : વસ્તુનું પ્રતિપાદન કરવાના બે ક્રમ હોય છે. એક પૂર્વાનુપૂર્વી અને બીજો પશ્ચાનુપૂર્વી. મોટાની પછી નાનાનું કથન એ પૂર્વાનુપૂર્વી છે; અને નાના પછી મોટાનું કથન, એ પશ્ચાનુપૂર્વી છે. પાંચે પરમેષ્ઠીઓમાં સિદ્ધ સૌથી મોટા છે, અને સાધુ સૌથી નાના છે, કારણ કે સિદ્ધઅવસ્થા ચૈતન્યશક્તિના વિકાસની ચરમ સીમા છે; અને સાધુઅવસ્થા એની સાધના કરવાની પહેલી ભૂમિકા. એટલા માટે અહીં પૂર્વાનુપૂર્વી ક્રમથી નમસ્કાર કરવામાં આવ્યો છે. જોકે કર્મ-ક્ષયની દૃષ્ટિએ સિદ્ધો અરિહંત કરતાં શ્રેષ્ઠ છે, છતાં પણ કૃતકૃત્યતાની દૃષ્ટિએ બન્ને સરખા જ છે; અને વ્યવહારની દૃષ્ટિએ તો અરિહંત સિદ્ધ કરતા શ્રેષ્ઠ છે, કારણ કે સિદ્ધોના પરોક્ષ સ્વરૂપને બતાવવાવાળા તો અરિહંત જ છે. એટલા માટે વ્યવહારદૃષ્ટિએ અરિહંતોને શ્રેષ્ઠ માનીને એમને પહેલાં નમસ્કાર કરવામાં આવ્યો છે.

[દ્રવ્યાનુયોગ ખં૦ ૨, પૃ. ૫૨૨–૫૩૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ ગુરુ, ધર્મ તત્ત્વો

જૈન પરંપરામાં તાત્ત્વિક ધર્મ ત્રણ તત્ત્વોમાં સમાયેલો મનાય છે : દેવ, ગુરુ અને ધર્મ. આત્માની પૂરેપૂરી નિર્દોષ અવસ્થા એ દેવતત્ત્વ; એવી નિર્દોષતા પ્રાપ્ત કરવાની સાચી આધ્યાત્મિક સાધના એ ગુરુતત્ત્વ; અને બધી જાતનો વિવેકી યથાર્થ સંયમ તે ધર્મતત્ત્વ. આ ત્રણ તત્ત્વોને જૈનત્વનો આત્મા કહેવો જોઈએ. એ તત્ત્વોને સાચવનાર અને પોષનાર ભાવનાને એનું શરીર કહેવું જોઈએ. દેવતત્ત્વને સ્થૂલ રૂપ આપનાર મંદિર, એમાંની મૂર્તિ, એની પૂજા-આરતી, એ સંસ્થા નભાવવાનાં સાધનો, તેની વ્યવસ્થાપક પેઢીઓ, તીર્થસ્થાનો એ બધું દેવતત્ત્વની પોષક ભાવનારૂપ શરીરનાં વસ્ત્ર અને અલંકાર જેવું છે. એ જ રીતે મકાન, ખાનપાન, રહેવા આદિના નિયમો અને બીજાં વિધિવિધાનો એ ગુરુતત્ત્વના શરીરનાં વસ્ત્ર કે અલંકારો છે. અમુક ચીજ ન ખાવી, અમુક જ ખાવી, અમુક પ્રમાણમાં ખાવી, અમુક વખતે ન જ ખાવું, અમુક સ્થાનમાં અમુક જ થાય, અમુકના પ્રત્યે અમુક રીતે જ વરતાય, ઇત્યાદિ વિધિનિષેધના નિયમો એ સંયમતત્ત્વના શરીરનાં કપડાં કે ઘરેણાં છે.

[દર્શન ભા૦ ૧, પૃ૦ ૫૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨

કર્મતત્ત્વ

કર્મવાદીનો સિદ્ધાન્ત એવો છે કે જીવન એ માત્ર વર્તમાન જન્મમાં જ પૂરું નથી થતું; એ તો પહેલાં પણ હતું અને આગળ પણ ચાલવાનું. કોઈ પણ સારું કે નરસું, સ્થૂલ કે સૂક્ષ્મ, શારીરિક કે માનસિક એવું પરિણામ જીવનમાં નથી ઉદ્‌ભવતું કે જેનું બીજ તે વ્યક્તિએ વર્તમાન કે પૂર્વ જન્મમાં વાવ્યું ન હોય.

કર્મવાદની દીર્ઘ દૃષ્ટિ

એવું એક પણ સ્થૂલ કે સૂક્ષ્મ, માનસિક, વાચિક કે કાયિક કર્મ નથી કે જે આ કે પર જન્મમાં પરિણામ ઉત્પન્ન કર્યા સિવાય વિલય પામે. કર્મવાદીની દૃષ્ટિ દીર્ઘ એટલા માટે છે કે તે ત્રણે કાળને સ્પર્શે છે; જ્યારે ચાર્વાકની દૃષ્ટિ દીર્ઘ નથી, કેમ કે તે માત્ર વર્તમાનને સ્પર્શે છે. કર્મવાદની આ દીર્ઘ દૃષ્ટિ સાથે તેની વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક કે વિશ્વીય જવાબદારીઓ અને નૈતિક બંધનોમાં, ચાર્વાકની અલ્પ દૃષ્ટિમાંથી ફલિત થતી જવાબદારીઓ અને નૈતિક બંધનો કરતાં, મોટો ફેર પડી જાય છે. જો આ ફેર બરાબર સમજવામાં આવે અને તેનો અંશ પણ જીવનમાં ઊતરે તો તો કર્મવાદીઓનો ચાર્વાક પ્રત્યે આક્ષેપ સાચો ગણાય અને ચાર્વાકના ધર્મધ્યેય કરતાં કર્મવાદીનું ધર્મધ્યેય ઉન્નત અને ગ્રાહ્ય છે એમ જીવનવ્યવહારથી બતાવી શકાય.

[દ્રવ્યચિં૦ ભા૦ ૧, પૃ૦ ૫૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રોના અનાદિપણાની માન્યતા

જૈન સાહિત્યમાં અત્યારે શ્વેતાંબરો અને દિગંબરોનાં જે કર્મ-શાસ્ત્ર મોજૂદ છે, એમાંના પ્રાચીન મનાતા કર્મવિષયક ગ્રંથોનો સાક્ષાત્ સંબંધ બન્ને પરંપરાઓ આગ્રાયણીય પૂર્વ સાથે બતાવે છે. બન્ને પરંપરાઓ આગ્રાયણીય પૂર્વને દૃષ્ટિવાદ નામના બારમા અંગમાંના ચૌદ પૂર્વોમાંનું બીજું પૂર્વ માને છે, અને બન્ને પરંપરાઓ એક-સરખી રીતે માને છે કે બધાં અંગો અને ચૌદ પૂર્વ, એ બધું ભગ-વાન મહાવીરની સર્વજ્ઞવાણીનું સાક્ષાત્ ફળ છે. આ ચિરકાલીન સાંપ્ર-દાયિક માન્યતા પ્રમાણે અત્યારે વિદ્યમાન કર્મવિષયક સમગ્ર સાહિત્ય, શબ્દરૂપે નહીં તો છેવટે ભાવરૂપે તો, ભગવાન મહાવીરના સાક્ષાત ઉપદેશનો જ પરંપરાથી મળેલો સાર છે. આ જ રીતે એવી પણ સાંપ્રદાયિક માન્યતા છે કે ખરી રીતે બધાં શાસ્ત્રો ભાવરૂપે કેવળ ભગવાન મહાવીરથી જ પૂર્વકાલીન નહીં બલ્કે પૂર્વે પૂર્વે થયેલ બીજા બીજા તીર્થંકરોથી પણ પહેલાંના સમયના એટલે કે એક રીતે અનાદિ છે. અંગશાસ્ત્રો પ્રવાહરૂપે અનાદિ હોવા છતાં સમયે સમયે થતા નવા નવા તીર્થંકરો દ્વારા પૂર્વ પૂર્વનાં અંગશાસ્ત્રો નવું નવું રૂપ ધારણ કરતા રહે છે. આ માન્યતાને પ્રગટ કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રે પ્રમાણમીમાંસામાં, નૈયાયિક જયંત ભટ્ટનું અનુકરણ કરીને, ભારે ખૂબીથી કહ્યું છે કે—"अनादय एवैता विद्याः संक्षेपविस्तरविव-क्षया नवनवीभवन्ति, तत्तत्कर्तृकाश्चोच्यन्ते। किन्नाश्रौषीः, न कदाचिदनी-दृशं जगत्?"—અનાદિકાલીન એવી આ જ વિદ્યાઓ સંક્ષેપમાં કે વિસ્તારથી વિવરણ કરવાની ઇચ્છાને લીધે નવું નવું સ્વરૂપ પામે છે, અને એ વિવરણ કરનારની કૃતિ તરીકે ઓળખાય છે. શું તેં નથી સાંભળ્યું કે દુનિયા તો સદાકાળથી આવી ને આવી જ ચાલી આવે છે?

ઉપર જણાવેલી સાંપ્રદાયિક માન્યતા એવી છે કે જેને સાંપ્રદાયિક લોકો અત્યાર સુધી અક્ષરશઃ સાચી માની રહ્યા છે, અને જેવી રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મીમાંસકો વેદોના અનાદિપણાની માન્યતાનું સમર્થન કરે છે, એ રીતે જ એનું સમર્થન પણ કરે છે. શાસ્ત્રોને લગતી ઉપર સૂચવેલી માન્યતા પ્રત્યે સાંપ્રદાયિક લોકોનો ભારે આદર હોવા છતાં અહીં કર્મશાસ્ત્ર અને એના મુખ્ય વિષય કર્મતત્ત્વના સંબંધમાં એક બીજી દૃષ્ટિએ વિચાર કરવાનો છે. એ દૃષ્ટિ છે ઐતિહાસિક.

કર્મતત્ત્વની જરૂર શા માટે ?

પહેલો પ્રશ્ન તો કર્મતત્ત્વને માનવું કે નહીં અને માનવું તો કયા આધારે, એ હતો. એક પક્ષ એવો હતો કે જે કામ અને એના સાધન-રૂપ અર્થ સિવાય બીજા કોઈ પુરુષાર્થને માનતો ન હતો. એની સમજણ મુજબ આ લોક એ જ પુરુષાર્થ હતો. તેથી એને એવું કોઈ કર્મતત્ત્વ સ્વીકારવાની જરૂર ન હતી કે જે સારા-ખોટા જન્માંતર કે પરલોકને અપાવનારું હોય. આ જ પક્ષ ચાર્વાક પરંપરાને નામે પ્રખ્યાત થયો. પણ સાથે સાથે જ, એ અતિ પ્રાચીન યુગમાં પણ, એવા ચિંતકો હતા કે જેઓ કહેતા હતા કે મરણ પછી જન્માંતર પણ છે; એટલું જ નહીં, બલ્કે આ દેખાતા લોક-જગત ઉપરાંત બીજા પણ શ્રેષ્ઠ અને કનિષ્ઠ લોક છે. આવા લોકો પુનર્જન્મવાદી અને પર-લોકવાદી કહેવાતા હતા. એમની માન્યતા એવી હતી કે જો કર્મ ન હોય તો જન્મ-જન્માંતર તેમ જ આ લોક-પરલોકનો સંબંધ બંધ બેસી જ નથી શકતો. એટલા માટે પુનર્જન્મની માન્યતાને આધારે કર્મ-તત્ત્વનો સ્વીકાર કરવો જરૂરી છે. આ કર્મવાદીઓ જ પોતાની જાતને પરલોકવાદી તથા આસ્તિક કહેતા હતા.

ધર્મ, અર્થ, કામને જ માનનાર પ્રવર્તકધર્મવાદી પક્ષ

કર્મવાદીઓના મુખ્ય બે પક્ષ છે. એક તો એમ કહેતો હતો કે કર્મનું ફળ જન્માંતર અને પરલોક જરૂર છે, પણ શ્રેષ્ઠ જન્મ તથા શ્રેષ્ઠ પરલોકને માટે કર્મ પણ શ્રેષ્ઠ જ જોઈએ. આ પક્ષ પરલોકવાદી હોવાથી તથા શ્રેષ્ઠ લોક, જેને સ્વર્ગ કહેવામાં આવે છે, એ મેળવવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધનરૂપે ધર્મનું પ્રતિપાદન કરાવવાળો હોવાથી, એ ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ જ પુરુષાર્થોને માનતો હતો; એની દૃષ્ટિમાં મોક્ષનું જુદા પુરુષાર્થરૂપે કોઈ સ્થાન ન હતું. જ્યાં જ્યાં પ્રવર્તક ધર્મનો ઉલ્લેખ મળે છે, એ બધા આ ત્રણ-પુરુષાર્થવાદી પક્ષના મંતવ્યના જ સૂચક છે. ટૂંકમાં, એ પક્ષનું મંતવ્ય એવું છે કે ધર્મ એટલે કે શુભ કર્મનું ફળ સ્વર્ગ અને અધર્મ એટલે અશુભ કર્મનું ફળ નરક વગેરે છે. ધર્મ-અધર્મ જ પુણ્ય-પાપ તથા અદૃષ્ટ કહેવાય છે, અને એની મારફત જ જન્મ-જન્માંતરનું ચક્ર ચાલ્યા કરે છે; અને એનો ઉચ્છેદ થવો શક્ય નથી. શક્ય એટલું જ છે કે જે સારો લોક અને વધારે સુખ મેળવવાં હોય તો ધર્મનું જ પાલન કરવું. આ મત પ્રમાણે અધર્મ કે પાપ તો હેય છે, પણ ધર્મ કે પુણ્ય હેય નથી. આ પક્ષ સામાજિક વ્યવસ્થાનો સમર્થક હતો, તેથી જ એ સમાજમાં માન્ય એવાં શિષ્ટ તેમ જ વિહિત આચરણોથી ધર્મની ઉત્પત્તિ થવાનું અને નિંદ્ય-હલકાં આચરણોથી અધર્મની ઉત્પત્તિ થવાનું જણાવીને દરેક પ્રકારની સામાજિક સુવ્યવસ્થા તરફ ધ્યાન આપતો હતો. એ જ પક્ષ બ્રાહ્મણમાર્ગ, મીમાંસક અને કર્મકાંડીને નામે પ્રસિદ્ધ થયો.

મોક્ષપુરુષાર્થી નિવર્તકધર્મવાદી પક્ષ

કર્મવાદીઓનો બીજો પક્ષ ઉપર જણાવેલ પક્ષથી સાવ વિરુદ્ધ દૃષ્ટિ ધરાવતો હતો. એ માનતો હતો કે પુનર્જન્મનું કારણ કર્મ છે, એમાં શંકા નથી. શિષ્ટસંમત તેમ જ વિહિત કાર્યોનું આચરણ કરવાથી ધર્મ થાય છે, અને એથી સ્વર્ગ પણ મળે છે. પણ એ ધર્મ પણ, અધર્મની જેમ જ, સર્વથા હેય છે. એની માન્યતા પ્રમાણે એક ચોથો સ્વતંત્ર પુરુષાર્થ પણ છે, જે મોક્ષ કહેવાય છે. એનું કહેવું છે કે કેવળ મોક્ષ જ જીવનનું ધ્યેય છે, અને મોક્ષને માટે બધાંય કર્મ— ભલે પછી એ પુણ્યરૂપ હોય કે પાપરૂપ—હેય છે. કર્મનો નાશ શક્ય નથી, એવું પણ નથી. પ્રયત્નથી એ પણ થઈ શકે છે. જ્યાં જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવર્તક ધર્મનો ઉલ્લેખ આવે છે ત્યાં બધેય એ આ મતને જ દર્શાવે છે. એની માન્યતા પ્રમાણે જ્યારે કર્મની નિવૃત્તિ શકય અને ઇષ્ટ છે ત્યારે એને કર્મની ઉત્પત્તિનું મૂળ કારણ પહેલા પક્ષની માન્યતાથી વિરુદ્ધ જ જણાવવું પડ્યું. એણે કહ્યું કે ધર્મ અને અધર્મનું મૂળ કારણ પ્રચલિત સામાજિક વિધિ-નિષેધ નહીં પણ અજ્ઞાન અને રાગ-દ્વેષ છે. આચરણ ગમે તેવું શિષ્ટસંમત અને વિહિત કેમ ન હોય, પણ જો એ અજ્ઞાન તેમ જ રાગદ્વેષજન્ય હોય તો એથી અધર્મની જ ઉત્પત્તિ થાય છે. એના મતે પુણ્ય અને પાપના ભેદ કેવળ સ્થૂળ દૃષ્ટિવાળાઓને માટે છે, તાત્ત્વિક રીતે તો પુણ્ય અને પાપ બન્ને અજ્ઞાન તેમ જ રાગદ્વેષજન્ય હોવાને લીધે અધર્મ તેમ જ હેય જ છે. આ નિવર્તકધર્મવાદી પક્ષ સામાજિક નહીં પણ વ્યક્તિવિકાસવાદી હતો.

જ્યારે એ પક્ષે કર્મનો નાશ અને મોક્ષ પુરુષાર્થ સ્વીકારી લીધો ત્યારે એને કર્મનો ઉચ્છેદ કરનારાં અને મોક્ષને અપાવનારાં કારણોનો પણ વિચાર કરવો પડ્યો. આ વિચારણાના ફળરૂપે એણે કર્મને દૂર કરનારાં જે કારણો નક્કી કર્યાં એ જ એ પક્ષનો નિવર્તક ધર્મ છે. પ્રવર્તક ધર્મ અને નિવર્તક ધર્મની દિશા એકબીજાથી સાવ વિરુદ્ધ છે. એકનું ધ્યેય સામાજિક વ્યવસ્થાનું સ્થાપન છે, જ્યારે બીજાનું ધ્યેય પોતાના આત્યંતિક-સંપૂર્ણ સુખની પ્રાપ્તિ છે; તેથી એ કેવળ આત્મગામી છે. નિવર્તક ધર્મ જ શ્રમણ, પરિવ્રાજક, તપસ્વી અને યોગમાર્ગ વગેરે નામે પ્રસિદ્ધ છે. કર્મની પ્રવૃત્તિ અજ્ઞાન તેમ જ રાગ-દ્વેષજન્ય હોવાને લીધે એની સંપૂર્ણ નિવૃત્તિનો ઉપાય અજ્ઞાનનું વિરોધી સમ્યગ્જ્ઞાન અને રાગ-દ્વેષનો વિરોધી-રાગદ્વેષના નાશ રૂપ-સંયમ જ નક્કી થયાં. બાકીનાં તપ, ધ્યાન, ભક્તિ વગેરે બધાય ઉપાયો ઉપર સૂચવેલ જ્ઞાન અને સંયમના જ સાધનરૂપ લેખવામાં આવ્યા છે.

કર્મતત્ત્વ સંબંધી વિચાર અને એનો જ્ઞાતાવર્ગ

નિવર્તકધર્મવાદીઓને મોક્ષના સ્વરૂપ તથા એનાં સાધનોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આખતમાં તો ઊહાપોહ કરવો જ પડ્યો, પણ સાથે સાથે એમને કર્મતત્ત્વ સંબંધી પણ ઘણો વિચાર કરવો પડ્યો. એમણે કર્મ તથા એના ભેદોની પરિભાષાઓ તેમ જ વ્યાખ્યાઓ સ્થિર કરી; કાર્ય અને કારણની દૃષ્ટિએ કર્મતત્ત્વનું જુદી જુદી રીતે વર્ગીકરણ કર્યું; કર્મની ફળ આપવાની શક્તિઓનું વિવેચન કર્યું; જુદા જુદા વિપાકોની સમયમર્યાદા વિચારી; કર્મોના અરસપરસના સંબંધનો પણ વિચાર કર્યો. આ રીતે નિવર્તકધર્મવાદીઓનું કર્મતત્ત્વ સંબંધી એક ખાસું શાસ્ત્ર વ્યવસ્થિત થઈ ગયું, અને દિવસે દિવસે નવા નવા પ્રશ્નો અને એના ઉત્તરોને લીધે એનો વધુ ને વધુ વિકાસ પણ થતો રહ્યો. આ નિવર્તકધર્મવાદી જુદા જુદા પક્ષો પોતાની અનુકૂળતા મુજબ જુદા જુદા વિચારો ધરાવતા હતા, પણ જ્યાં સુધી એ બધાનું એક સંયુક્ત ધ્યેય પ્રવર્તકધર્મવાદનું ખંડન કરવાનું હતું ત્યાં સુધી એમનામાં વિચારવિનિમય પણ થતો રહ્યો અને એકવાકયતા પણ ચાલુ રહી. આ કારણથી જ, જોકે ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, જૈન અને બૌદ્ધ દર્શનોનું અત્યારે ઉપલબ્ધ થતું સાહિત્ય મોટે ભાગે તો એવા સમયમાં રચાયું હતું કે જ્યારે આ દર્શનોનો એકબીજા પ્રત્યેનો સદ્‌ભાવ સારા પ્રમાણમાં ઘટી ગયો હતો છતાં પણ, એ દર્શનોના કર્મવિષયક સાહિત્યમાં પરિભાષા, ભાવ, વર્ગીકરણ વગેરેમાં શબ્દની તેમ જ અર્થની દૃષ્ટિએ ઘણું ખરું સામ્ય જોવામાં આવે છે.

મોક્ષવાદીઓની સામે શરૂઆતથી જ એક મુશ્કેલ સવાલ એ હતો કે, એક તો પહેલાં બાંધેલાં કર્મો જ અનંત છે; વળી, ક્રમે ક્રમે એનું ફળ ભોગવતી વખતે દરેક ક્ષણે નવાં નવાં કર્મો પણ બંધાય છે; તો પછી આ સમસ્ત કર્મોનો સર્વથા નાશ કેવી રીતે થઈ શકે? આ સવાલનો ઉકેલ પણ મોક્ષવાદીઓએ ભારે ખૂબીથી શોધી કાઢ્યો હતો. અત્યારે એ નિવૃત્તિવાદી દર્શનોના સાહિત્યમાં એ ઉકેલનું સંક્ષિપ્ત તેમ જ વિસ્તૃત એકસરખું વર્ણન આપણને જોવા મળે છે. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુસ્થિતિ એટલું સૂચિત કરવાને માટે બસ છે કે કયારેક નિવર્તક-ધર્મવાદીઓના જુદા જુદા પક્ષો વચ્ચે ખૂબ વિચારવિનિમય થતો હતો. આવું બધું હોવા છતાં પણ ધીમે ધીમે એવો સમય આવી ગયો કે જ્યારે આ નિવર્તકધર્મવાદી પક્ષો પહેલાં જેટલા એકબીજાની સમીપ ન રહ્યા. એમ છતાં દરેક પક્ષ કર્મતત્ત્વ સંબંધી ઊહાપોહ તો કરતો જ રહ્યો. દરમ્યાનમાં એવું પણ બન્યું કે નિવર્તકધર્મવાદી પક્ષમાં એક ખાસો કર્મચિંતક પક્ષ જ સ્થિર થઈ ગયો, કે જે મોક્ષ સંબંધી સવાલો કરતાં કર્મ સંબંધી જ ઊંડો વિચાર કરતો હતો અને મુખ્યત્વે એનું જ અધ્યયન-અધ્યાપન કરતો હતો—જેવી રીતે બીજા બીજા વિષયોનો ખાસ ચિંતકવર્ગ પોતપોતાના વિષયમાં કરતો હતો અને અત્યારે પણ કરે છે. મુખ્યત્વે એ જ કર્મશાસ્ત્રનો ચિંતકવર્ગ જૈનધર્મમાં કર્મશાસ્ત્રઅનુયોગધર વર્ગ કે કર્મસિદ્ધાંતવેત્તા વર્ગ છે.

કર્મતત્ત્વની વિચારણાની પ્રાચીનતા અને સમાનતા

કર્મબંધનાં કારણો અને એના નાશના ઉપાયો સંબંધમાં તો બધા મોક્ષવાદી ગૌણ-મુખ્યભાવે એકમત જ છે, પણ કર્મતત્ત્વના સ્વરૂપ સંબંધમાં ઉપર સૂચવેલ કર્મચિંતક વર્ગનું જે મંતવ્ય છે એ જાણવું જરૂરી છે. પરમાણુવાદી મોક્ષમાર્ગી વૈશેષિક વગેરે કર્મને ચેતનનિષ્ઠ માનીને એને ચેતનનો ધર્મ કહેતા હતા; જ્યારે પ્રધાનવાદી –પ્રકૃતિવાદી સાંખ્ય-યોગ એને અંતઃકરણસ્થિત માનીને જડ કહેતા હતા. પરંતુ આત્મા અને પરમાણુને પરિણામી માનવાવાળા જૈન ચિંતકો પોતાની જુદી પ્રક્રિયા પ્રમાણે કર્મને ચેતન અને જડ બન્નેનાં પરિણામરૂપે ઉભયરૂપ માનતા હતા. એમના મત મુજબ આત્મા ચેતન હોવા છતાં સાંખ્યના પ્રકૃતિજન્ય અંતઃકરણની જેમ સંકોચ-વિકાસશીલ હતો, જેમાં કર્મરૂપી વિકારનો પણ સંભવ છે અને જે જડ પરમાણુઓ સાથે એકરસ પણ થઈ શકે છે. વૈશેષિક વગેરેના મત મુજબ કર્મ ચેતનધર્મ હોવાને લીધે ખરી રીતે ચેતનથી જુદું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી અને સાંખ્યના મત મુજબ કર્મ પ્રકૃતિનો ધર્મ હોવાથી ખરી રીતે એ જડથી જુદું નથી; પણ જૈન ચિંતકોની માન્યતા મુજબ કર્મતત્ત્વ ચેતન અને જડ બન્ને રૂપે જ ફલિત થાય છે, જેને તેઓ ભાવ અને દ્રવ્યકર્મ પણ કહે છે.

આ બધી કર્મ સંબંધી પ્રક્રિયા એટલી પ્રાચીન તો જરૂર છે કે જ્યારે કર્મતત્ત્વના ચિંતકો વચ્ચે પરસ્પર વિચારવિનિમય વધારેમાં વધારે થતો હતો. એ સમય કેટલો પ્રાચીન છે એ નિશ્ચિત રૂપે તો કહી શકાય એમ નથી, પણ જૈન દર્શનમાં લાંબા સમયથી કર્મશાસ્ત્રનું જે સ્થાન છે, એ શાસ્ત્રમાં વિચારોનું જે ઊંડાણ, ઝીણવટપણું અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવોનું અસાધારણ નિરૂપણ છે, એને ધ્યાનમાં લેતાં એમ માન્યા વિના નથી ચાલતું કે જૈન દર્શનની વિશિષ્ટ કર્મવિદ્યા ભગવાન પાર્શ્વનાથ પહેલાં જરૂર સુસ્થિર થઈ ચૂકી હતી. આ શાસ્ત્રના જાણકાર કર્મશાસ્ત્રવેત્તા કહેવાયા અને એ જ વિદ્યા આગ્રાયણીય પૂર્વ તથા કર્મપ્રવાદ પૂર્વને નામે વિશ્રુત થઈ. ઐતિહાસિક દૃષ્ટિએ 'પૂર્વ' શબ્દનો અર્થ ભગવાન મહાવીર પહેલાંથી ચાલ્યાં આવતાં શાસ્ત્રવિશેષ થાય છે. નિઃશંકપણે આ 'પૂર્વ' ખરી રીતે ભગવાન પાર્શ્વનાથ પહેલાંથી જ એક કે બીજે રૂપે પ્રચલિત હતાં. એક તરફ જૈન ચિંતકોએ કર્મતત્ત્વના ચિંતન પ્રત્યે ખૂબ ધ્યાન આપ્યું, જ્યારે બીજી તરફ સાંખ્ય-યોગે ધ્યાનમાર્ગ પ્રત્યે સવિશેષ ધ્યાન આપ્યું. આગળ જતાં જ્યારે તથાગત બુદ્ધ થયા ત્યારે એમણે પણ ધ્યાન ઉપર જ વધારે ભાર આપ્યો. પણ બધાએ વારસામાં મળેલ કર્મચિંતનને સાચવી રાખ્યું. એટલા માટે જ સૂક્ષ્મતાની અને વિસ્તારની દૃષ્ટિએ જૈન કર્મશાસ્ત્ર પોતાનું અસાધારણ સ્થાન ધરાવવા છતાં સાંખ્ય-યોગ, બૌદ્ધ વગેરે દર્શનોનાં કર્મચિંતનોની સાથે એનું ઘણુંખરું સામ્ય છે અને મૂળમાં એકતા પણ છે, જે કર્મશાસ્ત્રના અભ્યાસીઓએ જાણવા જેવાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન તથા અન્ય દર્શનોની ઈશ્વરના સૃષ્ટિકર્તૃત્વ સંબંધી માન્યતા

કર્મવાદનું માનવું એમ છે કે સુખ-દુઃખ, સંપત્તિ-વિપત્તિ, ઊંચ-નીચ વગેરે અનેક પ્રકારની અવસ્થાઓ જોવામાં આવે છે, એમાં કાળ, સ્વભાવ, પુરુષાર્થ વગેરે કારણોની જેમ કર્મ પણ એક કારણ છે. પરંતુ કર્મ-પ્રધાન જૈન દર્શન, અન્ય દર્શનોની જેમ, ઉપર જણાવી એવી અવસ્થાઓના કે સૃષ્ટિની ઉત્પત્તિના કારણરૂપે ઈશ્વરને નથી માનતું. બીજાં દર્શનો તો સૃષ્ટિની કચારેક ઉત્પત્તિ થઈ એમ માને છે; અને તેથી એ દર્શનોમાં કોઈ ને કોઈ રીતે સૃષ્ટિની ઉત્પત્તિની સાથે ઈશ્વરનો સંબંધ જોડી દેવામાં આવ્યો છે. ન્યાયદર્શન કહે છે કે સારાં-ખરાબ કર્મોનું ફળ ઈશ્વરની પ્રેરણાથી જ મળે છે.[૧] વૈશેષિક દર્શનમાં ઈશ્વરને સૃષ્ટિનો કર્તા માનીને એનું સ્વરૂપ વર્ણવ્યું છે.[૨] યોગ-દર્શનમાં ઈશ્વરને અધિષ્ઠાતા માનીને તે દ્વારા પ્રકૃતિનું પરિણામ-જડ જગતનો ફેલાવો-માનેલ છે.[૩] અને શંકરાચાર્યે પણ પોતાના બ્રહ્મસૂત્રના ભાષ્યમાં, ઉપનિષદના આધારે, ઠેર ઠેર બ્રહ્મને સૃષ્ટિનું ઉપાદાનકારણ સિદ્ધ કર્યું છે.[૪]

પરંતુ જીવોને ફળ ભોગવાવવા માટે જૈન દર્શન ઈશ્વરને કર્મનો પ્રેરક નથી માનતું, કારણ કે કર્મવાદનું માનવું છે કે જેવી રીતે જીવ કર્મ કરવામાં સ્વતંત્ર છે, એ જ રીતે એના ફળને ભોગવવામાં પણ સ્વતંત્ર છે. એ જ રીતે જૈન દર્શન ઈશ્વરને સૃષ્ટિનો અધિષ્ઠાતા પણ નથી માનતું, કેમ કે એની માન્યતા મુજબ સૃષ્ટિ અનાદિઅનંત હોવાથી એ કચારેય ઉત્પન્ન નથી થઈ; તથા એ પોતે જ પરિણમનશીલ હોવાથી એને ઈશ્વરના અધિષ્ઠાનની અપેક્ષા નથી રહેતી.

---

૧. ગૌતમસૂત્ર અ૦ ૪, આ૦ ૧, સૂ૦ ૧.

૨. પ્રશસ્તપાદ-ભાષ્ય પૃ૦ ૪૮.

૩. સમાધિપાદ સૂ૦ ૨૪નાં ભાષ્ય અને ટીકા.

૪. બ્રહ્મસૂત્ર ૨-૧-૨૬નું ભાષ્ય; બ્રહ્મસૂત્ર અ૦ ૨-૩-૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈશ્વર સૃષ્ટિનો કર્તા અને કર્મફલદાતા કેમ નહીં ?

આ જગત કયારેય નવું નથી બન્યું; એનું અસ્તિત્વ તો સદા-કાળથી જ છે. હા, એમાં પરિવર્તન થતાં રહે છે. અનેક પરિવર્તન એવાં થાય છે કે જે થવામાં મનુષ્ય વગેરે પ્રાણીવર્ગના પ્રયત્નની જરૂર જોવામાં આવે છે; તેમ જ એવાં પરિવર્તન પણ થાય છે કે જેમાં કોઈના પ્રયત્નની અપેક્ષા નથી રહેતી; એ જડ તત્ત્વોના જાતજાતના સંયોગોથી—ગરમી, વેગ, ક્રિયા વગેરે શક્તિઓથી—થતાં રહે છે. દાખલા તરીકે માટી, પથ્થર વગેરે વસ્તુઓ એકત્ર થઈ જવાથી નાના-મોટા ટેકરા કે પહાડ બની જાય છે; આમતેમથી પાણીના પ્રવાહો ભેગા થઈ જવાથી એ નદીરૂપે વહેવા લાગે છે; વરાળ પાણીરૂપે વરસે છે અને ફરી પાછું પાણી વરાળ બની જાય છે, વગેરે વગેરે. એટલા માટે ઈશ્વરને સૃષ્ટિનો કર્તા માનવાની કોઈ જરૂર નથી.

પ્રાણી જેવું કર્મ કરે છે એવું જ ફળ એને કર્મ દ્વારા મળે છે. કર્મ જડ છે, અને પ્રાણી પોતે કરેલા ખરાબ કર્મનું ફળ મળે એમ નથી ઇચ્છતો, એ સાચું છે; પણ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે જીવ—ચેતનના સંસર્ગથી કર્મમાં એવી શક્તિ પેદા થઈ જાય છે કે જેથી એ પોતાના સારા-ખરાબ વિપાકોને, નિયત સમયે, જીવ વિષે પ્રગટ કરી દે છે. કર્મવાદ એમ નથી માનતો કે જડ કર્મ, ચેતનના સંપર્ક વગર જ, ફળ આપવામાં સમર્થ છે. એ તો એટલું જ કહે છે કે ફળ આપવા માટે ઈશ્વરરૂપ ચેતનની પ્રેરણા માનવાની કોઈ જરૂર નથી. કારણ કે બધાય જીવ ચેતન છે. તેઓ જેવું કર્મ કરે છે એવી જ એમની બુદ્ધિ થઈ જાય છે, કે જેથી કર્મના ફળની ઇચ્છા ન હોવા છતાં તેઓ એવું જ કામ કરી બેસે છે કે જેથી એમને પોતાના કર્મ પ્રમાણે ફળ મળી જાય છે. કર્મ કરવું એક વાત છે, અને એના ફળને ન ઇચ્છવું એ બીજી વાત છે. કેવળ ઇચ્છા નહીં હોવાથી કરેલા કર્મનું ફળ મળતું અટકી જાય, એવું નથી બનતું. સામગ્રી એકત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ ગયા પછી કાર્ય પોતાની મેળે જ થવા માંડે છે. દાખલા તરીકે, એક માણસ તડકામાં ઊભો છે, ગરમ ગરમ વસ્તુ ખાય છે, અને ઇચ્છે છે કે તરસ ન લાગે; તો શું કોઈ રીતે એની તરસ રોકાઈ શકે છે? ઈશ્વરકર્તૃત્વવાદીઓનું કહેવું છે કે ઈશ્વરની ઇચ્છાથી પ્રેરણા પામીને કર્મ પોતપોતાનું ફળ પ્રાણીઓમાં પ્રગટાવે છે. આ વિષે કર્મવાદીઓ કહે છે કે કર્મ કરતી વખતે, એના આત્માના પરિણામ પ્રમાણે જીવમાં એવા સંસ્કાર રોપાઈ જાય છે કે જેથી પ્રેરાઈને કર્તા–જીવ કર્મના ફળને આપમેળે જ ભોગવે છે; અને કર્મ એના ઉપર પોતાનું ફળ પોતે જ પ્રગટાવે છે.

જીવ અને ઈશ્વર વચ્ચે ભેદ-અભેદ

ઈશ્વર ચેતન છે અને જીવ પણ ચેતન; તો પછી એમની વચ્ચે અંતર જ શું છે? હા, એટલું અંતર હોઈ શકે કે જીવની બધી શક્તિઓ આવરણોથી ઘેરાયેલી છે, અને ઈશ્વરની ઘેરાયેલી નથી. પણ જ્યારે જીવ પોતાનાં આવરણોને દૂર કરી નાખે છે, ત્યારે એની બધી શક્તિઓ પૂર્ણરૂપે પ્રકાશી ઊઠે છે. પછી જીવ અને ઈશ્વર વચ્ચે વિષમતા કેવી? વિષમતાનું કારણ જે ઔપાધિક કર્મ છે, એ દૂર થઈ જવા છતાં પણ જો વિષમતા ચાલુ રહે તો પછી મુક્તિનો જ શો અર્થ? વિષમતાનું રાજ્ય સંસાર સુધી જ મર્યાદિત છે, આગળ નહીં. તેથી કર્મવાદ મુજબ એમ માનવામાં કોઈ વાંધો નથી કે બધાય મુક્ત જીવ ઈશ્વર જ છે; કેવળ શ્રદ્ધાને આધારે એમ કહેવું કે ઈશ્વર એક જ હોવો જોઈએ, એ બરાબર નથી.

પોતાના વિઘ્નનું કારણ જીવ પોતે જ

આ લોક કે પરલોક સાથે સંબંધ ધરાવતા કોઈ કામ માટે જ્યારે મનુષ્ય પ્રવૃત્તિ કરે ત્યારે એ તો સંભવતું જ નથી કે એને કોઈ પણ જાતના વિઘ્નનો સામનો કરવો ન પડે. મનુષ્યને એટલો વિશ્વાસ હોવો જ જોઈએ કે ભલે હું જાણી શકું કે ન જાણી શકું, પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારા વિઘ્નનું આંતરિક અને મૂળ કારણ મારી અંદર જ હોવું જોઈએ. જે આભ્યંતર ભૂમિકા ઉપર વિઘ્નરૂપી વિષવૃક્ષ ઊગે છે, એનું બીજ પણ એ જ ભૂમિમાં વાવેલું હોવું જોઈએ. પવન, પાણી વગેરે બાહ્ય નિમિત્તોની જેમ એ વિઘ્નરૂપી વિષવૃક્ષને ઉગાડવામાં કદાચ કોઈ અન્ય વ્યક્તિ નિમિત્ત બની શકે, પણ એ વ્યક્તિ વિઘ્નનું બીજ નથી– એટલો વિશ્વાસ માનવીનાં બુદ્ધિનેત્રોને સ્થિર કરી દે છે, જેથી એ મુશ્કેલીનું મૂળ કારણ પોતાની જાતમાં નિહાળીને એને માટે એ ન તો બીજા કોઈના ઉપર દોષારોપણ કરે છે કે ન પોતે ગભરાય છે.

કર્મના સિદ્ધાંત અંગે ડૉ. મેક્સમૂલરનો અભિપ્રાય

કર્મના સિદ્ધાંતની શ્રેષ્ઠતા દર્શાવતા જે વિચારો ડૉ. મેક્સમૂલરે દર્શાવ્યા છે તે જાણવા જેવા છે. તેઓ કહે છે કે:—

"એ તો નિશ્ચિત છે કે કર્મના સિદ્ધાંતનો પ્રભાવ માનવજીવન ઉપર બેહદ પડ્યો છે. જો માનવી એ જાણે કે વર્તમાન જીવનમાં કોઈ જાતનો અપરાધ કર્યા વગર પણ મારે જે કંઈ દુઃખ વેઠવું પડે છે એ મારા પૂર્વજન્મના કર્મનું જ ફળ છે, તો એ, જૂનું દેવું ચૂકવનાર માનવીની જેમ, શાંતપણે એ સંકટને સહન કરી લેશે; અને સાથે સાથે જો એ માનવી એટલું પણ જાણતો હોય કે સહનશીલતાથી જૂનું દેવું ચૂકતે કરી શકાય છે, તથા એથી જ ભવિષ્યને માટે ધર્મની મૂડી ભેગી કરી શકાય છે, તો એને ભલાઈને માર્ગે ચાલવાની પ્રેરણા આપોઆપ જ મળી જવાની. સારું કે ખરાબ, કોઈ પણ જાતનું કર્મ નાશ નથી પામતું : ધર્મશાસ્ત્રનો આ સિદ્ધાંત અને ભૌતિકશાસ્ત્રનો બલ-સંરક્ષણસંબંધી સિદ્ધાંત, એ બન્ને એકસરખા છે. બન્ને સિદ્ધાંતોનો સાર એટલો જ છે કે કોઈનો પણ નાશ નથી થતો. કોઈ પણ ધર્મશિક્ષણના અસ્તિત્વ વિશે ગમે તેટલી શંકા કેમ ન હોય, પણ એટલું તો સુનિશ્ચિત છે કે કર્મનો સિદ્ધાંત સૌથી વધારે સ્થાનોમાં સ્વીકારવામાં આવ્યો છે. એનાથી લાખો માનવીઓનાં કષ્ટો ઓછાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયાં છે. અને એ જ સિદ્ધાંતને લીધે માનવીને વર્તમાન સંકટ સહન કરવાની શક્તિ પેદા કરવાનું તથા ભવિષ્યનું જીવન સુધારવાનું ઉત્તેજન મળતું રહ્યું છે.

કર્મશાસ્ત્ર એ અધ્યાત્મશાસ્ત્રનો અંશ છે

અધ્યાત્મશાસ્ત્રનો ઉદ્દેશ આત્માને લગતા વિષયો સંબંધી વિચાર કરવો, એ છે. તેથી એને આત્માના પારમાર્થિક સ્વરૂપનું નિરૂપણ કરતાં પહેલાં એનું વ્યાવહારિક સ્વરૂપ પણ જણાવવું પડે છે. સવાલ એ થાય છે કે આત્માની આ દૃશ્યમાન અવસ્થાઓ જ એનો સ્વભાવ કેમ નથી? એટલા માટે અધ્યાત્મશાસ્ત્રને માટે એ જરૂરી છે કે એ પહેલાં આત્માના દૃશ્યમાન સ્વરૂપનું સમર્થન કેવી રીતે થાય છે, એ બતાવીને પછી જ આગળ વધે. આ જ કામ કર્મશાસ્ત્રે કર્યું છે. એ આત્માની દૃશ્યમાન બધી અવસ્થાઓને કર્મજન્ય કહીને એમનાથી આત્માના જુદાપણાને સૂચિત કરે છે. આ દૃષ્ટિએ કર્મશાસ્ત્ર એ અધ્યાત્મશાસ્ત્રનો જ એક અંશ છે.

જ્યારે એમ માલૂમ પડે છે કે ઉપરનાં બધાં રૂપ માયિક કે વૈભાવિક છે, તો આપોઆપ જિજ્ઞાસા થઈ આવે છે કે આત્માનું સાચું સ્વરૂપ શું છે? કર્મશાસ્ત્રનું કહેવું છે કે આત્મા એ જ પરમાત્મા છે, જીવ એ જ ઈશ્વર છે. આત્માનું પરમાત્મામાં મળી જવું, એનો અર્થ એ છે કે કર્મથી ઢંકાયેલ પોતાના પરમાત્મભાવને પ્રગટ કરીને આત્માનું પરમાત્મરૂપ બની જવું. જીવ પરમાત્માનો અંશ છે એનો અર્થ કર્મશાસ્ત્રની દૃષ્ટિએ એ છે કે જીવમાં જેટલી જ્ઞાનકળા પ્રગટ થયેલી છે તે સંપૂર્ણ પરંતુ અવ્યક્ત (ઢંકાયેલ) ચેતનારૂપી ચંદ્રિકાનો એક અંશ માત્ર છે. કર્મનું આવરણ દૂર થઈ જતાં ચેતના પૂર્ણ રૂપે પ્રગટ થાય છે. એને જ ઈશ્વરપણું કે ઈશ્વરપણાની પ્રાપ્તિ સમજવી જોઈએ.

ધન, શરીર વગેરે બાહ્ય વિભૂતિઓમાં આત્મબુદ્ધિ કરવી, અર્થાત્ જડમાં હુંપણું માની લેવું, એ બાહ્ય દૃષ્ટિ છે. આ અભેદનો ભ્રમ, એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો બહિરાત્મભાવ છે, એમ સાબિત કરીને એનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવાનું કામ કર્મશાસ્ત્ર કરે છે. જેમના સંસ્કારો કેવળ બહિરાત્મ-ભાવમય થઈ ગયા હોય એમને કર્મશાસ્ત્રનો ઉપદેશ ભલે પસંદ ન પડે, પરંતુ એથી એની યથાર્થતામાં કશો જ ફેર નથી પડતો.

કર્મશાસ્ત્ર શરીર અને આત્માના અભેદના ભ્રમને દૂર કરીને એના ભેદજ્ઞાનને (વિવેકખ્યાતિને) પ્રગટ કરે છે. એ સમયથી જ અંતર્દૃષ્ટિ ઊઘડે છે. અંતર્દૃષ્ટિ દ્વારા પોતામાં રહેલ પરમાત્મભાવનાં દર્શન થાય છે. પરમાત્મભાવને જોઈને એને પૂર્ણરૂપે અનુભવમાં ઉતારવો, એનું જ નામ જીવનું શિવ (બ્રહ્મ) થયું છે. આ બ્રહ્મભાવને પ્રગટ કરાવ-વાનું કામ, કંઈક જુદી જ ઢબે, કર્મશાસ્ત્રે સ્વીકારી લીધું છે; કારણ કે એ જીવને થયેલ જીવ-જડના અભેદ-ભ્રમમાંથી ભેદ-જ્ઞાન તરફ દોરી જઈને પછી સ્વાભાવિક અભેદધ્યાનની ઉચ્ચ ભૂમિકા તરફ ખેંચી જાય છે. બસ, એનું કાર્યક્ષેત્ર આટલું જ છે. સાથે સાથે યોગશાસ્ત્રના મુખ્ય પ્રતિપાદ્ય અંશનું વર્ણન પણ એમાં મળી જાય છે. તેથી એ સ્પષ્ટ છે કે કર્મશાસ્ત્ર અનેક શાસ્ત્રીય વિચારોની ખાણ છે. એ જ એનું મહત્ત્વ છે. ઘણા માણસોને કર્મપ્રકૃતિઓની ગણતરી, સંખ્યાની બહુલતા વગેરેને લીધે એના પ્રત્યે રુચિ નથી થતી, પરંતુ એમાં કર્મશાસ્ત્રનો શો દોષ? ગણિત, પદાર્થવિજ્ઞાન. વગેરે ગૂઢ અને રસપૂર્ણ વિષયોમાં સ્થૂલદર્શી લોકોની દૃષ્ટિ નથી ખૂંપતી અને એમને રસ નથી આવતો, એમાં એ વિષયોનો શો દોષ? દોષ તો છે સમજનારાઓની બુદ્ધિનો. કોઈ પણ વિષયના અભ્યાસીને એમાં રસ ત્યારે જ આવે છે, જ્યારે એ એના તળિયા સુધી ઊતરી જાય.

'કર્મ' શબ્દનો અર્થ અને એના કેટલાક પર્યાય

જૈન શાસ્ત્રમાં 'કર્મ' શબ્દથી બે અર્થ સમજવામાં આવે છે: પહેલો છે રાગ-દ્વેષાત્મક પરિણામ, જેને કષાય (ભાવકર્મ) કહે છે. અને બીજો છે કાર્મણજાતિના પુદ્ગલવિશેષ, જે કષાયને લીધે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માને ચોંટેલા હોય છે, અને દ્રવ્યકર્મ કહેવાય છે.

જૈન દર્શનમાં જે અર્થ માટે 'કર્મ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે એ અર્થને માટે અથવા એને ભળતા અર્થને માટે જૈનેતર દર્શનોમાં આ શબ્દો મળે છે: માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય, ધર્માધર્મ, અદૃષ્ટ, સંસ્કાર, દૈવ, ભાગ્ય વગેરે.

'માયા', 'અવિદ્યા', 'પ્રકૃતિ' આ ત્રણ શબ્દ વેદાંતમાં મળે છે. એનો અર્થ લગભગ જૈન દર્શનના 'ભાવકર્મ' જેવો થાય છે. 'અપૂર્વ' શબ્દ મીમાંસા દર્શનમાં મળે છે. 'વાસના' શબ્દ બૌદ્ધ દર્શનમાં પ્રસિદ્ધ છે, પરંતુ યોગ દર્શનમાં પણ એનો પ્રયોગ કરવામાં આવ્યો છે. 'ધર્માધર્મ', 'અદૃષ્ટ' અને 'સંસ્કાર' આ ત્રણ શબ્દોનો પ્રયોગ અન્ય દર્શનોમાં પણ મળે છે, પણ વિશેષે કરીને ન્યાય તથા વૈશેષિક દર્શનમાં 'દૈવ', 'ભાગ્ય', 'પુણ્ય-પાપ' વગેરે કેટલાય શબ્દો એવા છે કે જે બધાંય દર્શનોમાં સામાન્ય જેવા છે. જેટલાં દર્શનો આત્મવાદી છે અને પુનર્જન્મને માને છે, એમને પુનર્જન્મની સિદ્ધિને માટે –એના સમર્થનને માટે–કર્મ માનવું જ પડે છે.

કર્મનું સ્વરૂપ

મિથ્યાત્વ, કષાય વગેરે કારણોથી પ્રેરાઈને જીવ જે પ્રવૃત્તિ કરે છે તે 'કર્મ' કહેવાય છે. કર્મનું આ લક્ષણ ઉપર સૂચવેલ ભાવકર્મ તથા દ્રવ્યકર્મ બન્નેને લાગુ પડે છે, કેમ કે ભાવકર્મ આત્મા કે જીવનો વૈભાવિક પરિણામ છે, તેથી જીવ જ એનો ઉપાદાનરૂપ કર્તા છે અને દ્રવ્યકર્મ, જે કાર્મણજાતિના સૂક્ષ્મ પુદ્ગલોનો વિકાર છે, એનો કર્તા પણ નિમિત્તરૂપે જીવ જ છે. ભાવકર્મમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને દ્રવ્યકર્મમાં ભાવકર્મ નિમિત્ત છે. આ રીતે આ બન્નેનો આપસ-આપસમાં બીજ અને અંકુરના જેવો કાર્યકારણ સંબંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપ-પુણ્યની કસોટી

સામાન્ય લોકો કહે છે કે દાન, પૂજન, સેવા વગેરે ક્રિયાઓ કરવાથી શુભ કર્મનો (પુણ્યનો) બંધ થાય છે, અને કોઈને દુઃખ દેવું, ઇચ્છા વિરુદ્ધ કામ કરવું વગેરેથી અશુભ કર્મનો (પાપનો) બંધ થાય છે. પણ આ કંઈ પુણ્ય-પાપનો નિર્ણય કરવાની મુખ્ય કસોટી નથી. એક પરોપકારી દાક્તર જ્યારે કોઈનું ઑપરેશન કરે છે ત્યારે એ દર્દીને કષ્ટ તો જરૂર થાય છે; હિતચિંતક મા-બાપ અણસમજુ છોકરાને એની ઇચ્છા વિરુદ્ધ ભણાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે એ બાળકને દુઃખ જેવું જરૂર લાગે છે; પણ એટલા માત્રથી ન તો એ દાક્તર અનુચિત કામ કરનારો લેખાય છે કે ન એ હિતસ્વી મા-બાપ જ દોષને પાત્ર ગણાય છે. આથી ઊલટું, જ્યારે કોઈ માણસ, ભોળા લોકોને ઠગવાના ઇરાદાથી કે બીજા કોઈ હલકા ઇરાદાથી દાન, પૂજન વગેરે ક્રિયાઓ કરે છે ત્યારે એ પુણ્યને બદલે પાપનો બંધ કરે છે. તેથી પુણ્યબંધ કે પાપબંધની સાચી કસોટી કેવળ ઉપરની ક્રિયા નથી, પણ એની સાચી કસોટી કર્તાનો ઇરાદો જ છે. પુણ્ય-પાપની આ કસોટી સૌને સામાન્ય રીતે માન્ય છે, કારણ કે આ સિદ્ધાંત સર્વમાન્ય છે કે–'यादृशी भावना यस्य सिद्धिर्भवती तादृशी।'

સાચી નિર્લેપતા–કર્મ કયારે ન બંધાય?

સામાન્ય લોકો એમ માની લે છે કે અમુક કામ ન કરવાથી આપણને પુણ્ય-પાપનો લેપ નહીં લાગે. તેથી તેઓ એ કામને તો તજી દે છે, પણ મોટેભાગે એમની માનસિક ક્રિયા નથી છૂટતી. તેથી તેઓ પુણ્ય-પાપથી અલિપ્ત રહેવાથી ઇચ્છા ધરાવવા છતાં પણ એનાથી પોતાની જાતને મુક્ત નથી કરી શકતા.

એટલા માટે એ વિચારવું જોઈએ કે સાચી નિર્લેપતા કોને કહેવાય? માનસિક ક્ષોભ અર્થાત્ કષાયને લેપ (બંધ) કહે છે. જો કષાય ન હોય તો ઉપર જણાવેલી કોઈ ક્રિયા આત્માને બંધનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખી શકતી નથી. આથી ઊલટું, જો કષાયનો વેગ અંદર વિદ્યમાન હોય તો ઉપર ઉપરથી હજાર પ્રયત્ન કરવા છતાં પણ કોઈ વ્યક્તિ પોતાની જાતને બંધનથી બચાવી નથી શકતી. કષાયમુક્ત વીતરાગ બધી જગ્યાએ, જળમાં કમળની જેમ, નિર્લેપ રહે છે; પણ કષાયવાન આત્મા યોગનો દેખાવ કરીને પણ પોતાની તલ જેટલી પણ શુદ્ધિ નથી કરી શકતો. એટલા માટે જ એમ કહેવામાં આવે છે કે આસક્તિનો ત્યાગ કરીને જે કામ કરવામાં આવે છે, તે બંધક નથી થતું. મતલબ કે સાચી નિર્લેપતા માનસિક ક્ષોભના ત્યાગમાં છે. આ જ ઉપદેશ કર્મશાસ્ત્રમાં મળે છે, અને બીજે પણ એ જ વાત કહેવામાં આવી છે કે—

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयाऽऽसंगि मोक्षे निर्विषयं स्मृतम् ।। मैत्र्युपनिषद

કર્મનું અનાદિપણું

વિચારશીલ માણસના મનમાં પ્રશ્ન ઊઠે છે કે કર્મ સાદિ છે કે અનાદિ? આના જવાબમાં જૈન દર્શને કહ્યું છે કે કર્મ વ્યક્તિની (એક એક કર્મની) અપેક્ષાએ સાદિ છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. પણ કર્મનો પ્રવાહ કયારે શરૂ થયો, એ કોઈ કહી શકતું નથી. ભવિષ્યની સામે ભૂતકાળનું ઊંડાણ અનંત છે. અને અનંતનું વર્ણન અનાદિ કે અનંત શબ્દ સિવાય બીજી કોઈ રીતે થઈ શકતું નથી. એટલા માટે કર્મના પ્રવાહને અનાદિ કહેવા સિવાય બીજો કોઈ આરો નથી. કર્મપ્રવાહના અનાદિપણાને અને મુક્ત જીવોના સંસારમાં પાછા નહીં ફરવાપણાને બધાં પ્રતિષ્ઠિત દર્શનો માને છે.

કર્મબંધનું કારણ

જૈન દર્શનમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારને કર્મબંધનાં કારણો કહેલ છે. આનો સંક્ષેપ પાછળનાં બે (કષાય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ) કારણોમાં કરેલો મળે છે. વધારે ટૂંકાણમાં કહેવું હોય તો એમ કહી શકીએ કે કષાય જ કર્મબંધનું કારણ છે. આમ તો કષાયોના વિકારના અનેક પ્રકાર છે, પણ આધ્યાત્મિક વિદ્વાનોએ એ બધાનું ટૂંકમાં વર્ગીકરણ કરીને એના રાગ અને દ્વેષ એવા બે જ પ્રકાર કર્યા છે. અજ્ઞાન, મિથ્યાજ્ઞાન વગેરે જે કર્મના કારણો કહેવાય છે એ પણ રાગ-દ્વેષના સંબંધને લીધે જ. રાગની કે દ્વેષની માત્રા વધી કે જ્ઞાન વિપરીત રૂપે બદલવા લાગ્યું જ સમજો. તેથી શબ્દનો ભેદ હોવા છતાં કર્મબંધનાં કારણો અંગે બીજાં આસ્તિક દર્શનો સાથે જૈન દર્શનને કોઈ મતભેદ નથી. નૈયાયિક તથા વૈશેષિક દર્શનમાં મિથ્યાજ્ઞાનને, યોગ-દર્શનમાં પ્રકૃતિ-પુરુષના અભેદજ્ઞાનને અને વેદાંત વગેરેમાં અવિદ્યાને તથા જૈન દર્શનમાં મિથ્યાત્વને કર્મનું કારણ કહ્યું છે. પણ એ વાત ખ્યાલમાં રાખવી કે ગમે તેને કર્મનું કારણ કેમ ન માનવામાં આવે, પણ જ્યાં એમાં કર્મની બંધકતા (કર્મલેપ પેદા કરવાની શક્તિ) હશે તો તે રાગ-દ્વેષના સંબંધને લીધે જ. રાગ-દ્વેષનો ઘટાડો કે અભાવ થતાં જ અજ્ઞાનપણું (મિથ્યાત્વ) ઓછું થવા લાગે છે કે નાશ પામે છે. મહાભારતના શાંતિપર્વમાંના 'कर्मणा बध्यते जन्तुः' એ કથનમાં પણ કર્મ શબ્દનો અર્થ રાગ-દ્વેષ જ છે.

કર્મથી મુક્ત થવાના ઉપાયો

જૈન શાસ્ત્રોમાં પરમ પુરુષાર્થ—મોક્ષ મેળવવાનાં ત્રણ સાધન બતાવ્યાં છે: (૧) સમ્યગ્દર્શન, (૨) સમ્યગ્જ્ઞાન અને (૩) સમ્યક્-ચારિત્ર. કયાંક કયાંક જ્ઞાન અને ક્રિયા, એ બેને જ મોક્ષનાં સાધન કહ્યાં છે. આવાં સ્થળોમાં દર્શનને જ્ઞાનસ્વરૂપ—જ્ઞાનવિશેષ—માનીને એને જુદું નથી ગણતાં. પણ સવાલ એ થાય છે કે વૈદિક દર્શનોમાં કર્મ, જ્ઞાન, યોગ, અને ભક્તિ, એ ચારેને મોક્ષનું સાધન માનેલ છે, તો પછી જૈન દર્શનમાં ત્રણ કે બે જ સાધન કેમ કહ્યાં? આનો ખુલાસો એ છે કે જૈન દર્શનમાં જે સમ્યક્ચારિત્રને સમ્યક્ક્રિયા કહેલ છે, એમાં કર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને યોગ બન્ને માર્ગોનો સમાવેશ થઈ જાય છે, કારણ કે સમ્યક્ચારિત્રમાં મનોનિગ્રહ, ઇંદ્રિયજય, ચિત્તશુદ્ધિ, સમભાવ અને એ માટે લેવામાં આવતા ઉપાયોનો સમાવેશ થઈ જાય છે. મનોનિગ્રહ, ઇંદ્રિયજય વગેરે સાત્ત્વિક યજ્ઞ જ કર્મમાર્ગ છે અને ચિત્તશુદ્ધિ તેમ જ એને માટે કરવામાં આવતી સત્પ્રવૃત્તિ એ જ યોગમાર્ગ છે. આ રીતે કર્મમાર્ગ અને યોગમાર્ગનું મિશ્રણ, એ જ સમ્યક્ચારિત્ર છે. સમ્યગ્દર્શન એ જ ભક્તિમાર્ગ છે, કારણ કે ભક્તિમાં શ્રદ્ધાનો અંશ મુખ્ય હોય છે, અને સમ્યગ્દર્શન પણ શ્રદ્ધારૂપ જ છે. સમ્યગ્જ્ઞાન જ જ્ઞાનમાર્ગ છે. આ રીતે જૈન દર્શનમાં કહેલાં મોક્ષનાં ત્રણ સાધનો, અન્ય દર્શનોનાં બધાં સાધનોનો સમુચ્ચય છે.

આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ અને પુનર્જન્મ

કર્મ અંગે ઉપર જે કંઈ કહેવામાં આવ્યું છે, એની સંગતિ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે આત્માને જડથી જુદું તત્ત્વ માનવામાં આવે. આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ જે પ્રમાણોથી જાણી શકાય છે એમાં એક પુનર્જન્મ પણ છે; એટલું જ નહીં બલ્કે વર્તમાન શરીર પછી આત્માનું અસ્તિત્વ માનવામાં ન આવે તો કેટલાય પ્રશ્નોનો નિકાલ નથી થઈ શકતો.

ઘણા માણસો એવા જોવામાં આવે છે કે તેઓ આ જન્મમાં પ્રામાણિક જીવન વિતાવે છે, પરંતુ રહે છે દરિદ્ર. અને એવા પણ માણસો જોવામાં આવે છે કે જેઓ ન્યાય, નીતિ અને ધર્મનું નામ સાંભળીને ચિડાઈ જાય છે, પરંતુ હોય છે બધી રીતે સુખી. એવા અનેક માણસો મળી શકે છે કે જેઓ પોતે દોષ કરે છે અને એ દોષો –અપરાધોનું ફળ ભોગવે છે બીજા. ખૂન એક કરે છે અને બંદીવાન બનીને ફાંસીને માંચડે ચડે છે બીજો. ચોરી એક કરે છે અને પકડાયો જાય છે બીજો. આ ઉપરથી એ વિચાર કરવો જોઈએ કે જેમને પોતાના સારા કે ખરાબ કૃત્યનો બદલો આ જન્મમાં નથી મળતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમનું કૃત્ય શું એમ જ નિષ્ફળ જવાનું? આવી બધી વાતોને ધ્યાનમાં લેતાં એમ માન્યા વગર સંતોષ નથી થતો કે ચેતન એક સ્વતંત્ર તત્ત્વ છે, અને એ જાણતાં-અજાણતાં જે કંઈ સારું-ખોટું કર્મ કરે છે, એનું ફળ એને ભોગવવું જ પડે છે; અને એટલા માટે એને પુનર્જન્મના ચક્રાવામાં ફરવું પડે છે. બુદ્ધ ભગવાને પણ પુનર્જન્મ માનેલ છે. પાકા નિરીશ્વરવાદી જર્મન પંડિત નિત્શે કર્મચક્રે પ્રવર્તાવેલ પુનર્જન્મને માને છે. પુનર્જન્મનો આ સ્વીકાર આત્માના સ્વતંત્ર અસ્તિત્વને માનવાનો પ્રબળ પુરાવો છે.

કર્મતત્ત્વ અંગે જૈન દર્શનની વિશેષતા

જૈન દર્શનમાં દરેક કર્મની બધ્યમાન, સત્ અને ઉદીયમાન એ ત્રણ અવસ્થાઓ માની છે. એને અનુક્રમે બંધ, સત્તા અને ઉદય કહે છે. જૈનેતર દર્શનોમાં પણ કર્મની આ અવસ્થાઓનું વર્ણન છે. એમાં 'બધ્યમાન' કર્મને 'ક્રિયમાણ', 'સત્' કર્મને 'સંચિત' અને ઉદીયમાનને 'પ્રારબ્ધ' કહેલ છે. પણ જૈન શાસ્ત્રોમાં જ્ઞાનાવરણીય વગેરે કર્મના ૮ મૂળભેદો તથા ૧૪૮ પ્રભેદોનું વર્ગીકરણ કર્યું છે. અને એ દ્વારા સંસારી આત્માની અનુભવસિદ્ધ ભિન્નભિન્ન અવસ્થાઓનો જેવો ખુલાસો કરવામાં આવ્યો છે તેવો કોઈ પણ જૈનેતર દર્શનમાં નથી. પાતંજલ દર્શનમાં કર્મના 'જાતિ', 'આયુ' અને 'ભોગ' એવા ત્રણ પ્રકારના વિપાક દર્શાવ્યા છે, પરંતુ જૈન દર્શનમાં કરવામાં આવેલ કર્મ સંબંધી વિચારણાની આગળ એ વર્ણન નામનું જ લાગે છે.

આત્માની સાથે કર્મનો બંધ કેવો થાય છે? એનાં કારણો શાં શાં છે? કયા કારણે કર્મમાં કેવી શક્તિ પેદા થઈ જાય છે? વધુમાં વધુ અને ઓછામાં ઓછા કેટલા વખત સુધી કર્મ આત્માને વળગી રહે છે? આત્માને લાગેલું એવું પણ કર્મ કેટલા વખત સુધી વિપાક –ફળ આપવામાં અસમર્થ છે? વિપાકના નિશ્ચિત સમયમાં પણ ફેરફાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ શકે કે નહીં ? એક કર્મ બીજા કર્મમાં કયારે ફેરવાઈ જાય છે ? એમની બંધ સમયની તીવ્ર કે મંદ શક્તિમાં કેવી રીતે ફેરફાર થઈ શકે ? પાછળથી વિપાક-ફળ આપનારું કર્મ પહેલાં જ કયારે અને કેવી રીતે ભોગવી લઈ શકાય છે ? કર્મ ગમે તેટલું બળવાન કેમ ન હોય, પણ આત્માના શુદ્ધ પરિણામોથી એ વિપાકને કેવી રીતે રોકી શકાય છે ? કયારેક કયારેક આત્મા સેંકડો પ્રયત્ન કરે તોપણ કર્મ પોતાનો વિપાક ચખાડ્યા વગર કેમ નથી છૂટતું ? આત્મા કેવી રીતે કર્મનો કર્તા અને ભોક્તા છે ? આમ હોવા છતાં પણ વસ્તુતઃ આત્મામાં કર્મનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ કેવી કેવી રીતે નથી ? સંક્લેશરૂપ પરિણામ પોતાની આકર્ષણશક્તિથી આત્મા ઉપર એક પ્રકારની સૂક્ષ્મ રજનું આચ્છાદન કેવી રીતે નાખી દે છે ? આત્મા વીર્ય-શક્તિને પ્રગટાવીને આ સૂક્ષ્મ રજના આચ્છાદનને કેવી રીતે ફગાવી દે છે ? સ્વભાવે શુદ્ધ આત્મા પણ કર્મના પ્રભાવે કેવી રીતે મલિન જેવો દેખાય છે ? અને બાહ્ય હજારો આવરણ હોવા છતાં પણ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપથી ચલિત કેવી રીતે નથી થતો ? એ પોતાની ઉત્ક્રાંતિને સમયે પહેલાં બાંધેલાં ઉગ્ર કર્મોને કેવી રીતે દૂર કરી દે છે ? એ પોતામાં રહેલા પરમાત્મભાવનાં દર્શન કરવા માટે જ્યારે ઉત્સુક થાય છે તે વખતે એની અને એમાં અંતરાયરૂપ થતાં કર્મોની વચ્ચે કેવું દ્વંદ્વ જામે છે ? છેવટે વીર્યવાન આત્મા કેવી જાતનાં પરિણામોથી બળવાન કર્મોને કમજોર કરીને પોતાના પ્રગતિ-માર્ગને નિષ્કંટક બનાવે છે ? આત્મમંદિરમાં બિરાજતા પરમાત્મદેવનો સાક્ષાત્કાર કરાવવામાં સહાયક થતા પરિણામ, જેને 'અપૂર્વકરણ' તથા 'અનિવૃત્તિકરણ' કહે છે, એમનું સ્વરૂપ શું છે ? જીવ પોતાના શુદ્ધ પરિણામોની પરંપરારૂપી વીજળીક યંત્રથી કર્મરૂપી પહાડોના કેવી રીતે ટુકડેટુકડા કરી નાખે છે ? વળી કયારેક કયારેક થોડા વખત માટે દબાઈ ગયેલાં કર્મ જ ફરી પાછાં ઊથલો ખાઈને પ્રગતિશીલ આત્માને કેવી રીતે નીચે પટકી દે છે ? બંધ અને ઉદયની દૃષ્ટિએ કયાં કયાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ એકબીજાનાં વિરોધી છે? કયા કર્મનો બંધ કઈ અવસ્થામાં અવશ્યંભાવી અને કઈ અવસ્થામાં અનિયત છે? કયા કર્મનો વિપાક કઈ સ્થિતિ સુધી નિયત અને કઈ સ્થિતિમાં અનિયત છે? આત્મા સાથે જોડાયેલ અતીન્દ્રિય કર્મરજ કેવા પ્રકારની આકર્ષણશક્તિથી પુદ્ગલોને આકર્ષ્યા કરે છે, અને એ દ્વારા કેવી રીતે શરીર, મન, સૂક્ષ્મ શરીર વગેરેની રચના કર્યા કરે છે?—વગેરે વગેરે કર્મ સાથે સંબંધ ધરાવતા સંખ્યાબંધ પ્રશ્નોનો યુક્તિયુક્ત, વિસ્તૃત અને વિશદ ખુલાસો જૈન કર્મસાહિત્ય સિવાય બીજા કોઈ પણ દર્શનના સાહિત્યથી નથી થઈ શકતો. કર્મતત્ત્વ સંબંધી જૈન દર્શનની આ જ વિશેષતા છે.

[દ્રૌચિં૦ ખં૦ ૨, પૃ૦ ૨૦૫-૨૧૬, ૨૨૩-૨૨૯, ૨૩૫-૨૩૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

અનેકાંતવાદ

અનેકાંત એ જૈન સંપ્રદાયનો મુખ્ય સિદ્ધાંત છે, જે તત્ત્વજ્ઞાન અને ધર્મના બન્ને પ્રદેશમાં સમાનપણે માન્ય થયેલો છે. અનેકાંત અને સ્યાદ્વાદ એ બન્ને શબ્દો અત્યારે સામાન્ય રીતે એક જ અર્થમાં વપરાય છે. માત્ર જૈનો જ નહિ, પણ જૈનેતર સમજદાર લોકો જૈન દર્શન ને જૈન સંપ્રદાયને અનેકાંતદર્શન કે અનેકાંતસંપ્રદાય તરીકે ઓળખે-ઓળખાવે છે. હમેશાંથી જૈન લોકો પોતાની અનેકાંત સંબંધી માન્યતાને એક અભિમાનની વસ્તુ લેખતા આવ્યા છે અને એની ભવ્યતા, ઉદારતા તેમ જ સુંદરતાનું સ્થાપન કરતા આવ્યા છે. અહીં આપણે જોવાનું એ છે કે અનેકાંત એ વસ્તુ શું છે?

અનેકાંતની સામાન્ય સમજૂતી

અનેકાંત એ એક જાતની વિચારપદ્ધતિ છે. તે બધી દિશાઓથી, બધી બાજુથી ખુલ્લું એવું એક માનસચક્ષુ છે. જ્ઞાનના, વિચારના અને આચરણના કોઈ પણ વિષયને તે માત્ર એક જ તૂટેલી કે અધૂરી બાજુથી જોવા ના પાડે છે અને શક્ય હોય તેટલી વધારેમાં વધારે બાજુએથી, વધારેમાં વધારે વિગતોથી અને વધારેમાં વધારે માર્મિક રીતે તે સર્વ કાંઈ વિચારવા, આચરવાનો પક્ષપાત ધરાવે છે. આ તેનો પક્ષપાત પણ માત્ર સત્યના પાયા ઉપર જ બંધાયેલો છે. અનેકાંતનું જીવિતપણું અગર જીવન એટલે તેની પાછળ, આગળ કે અંદર સર્વત્ર સત્યનું-યથાર્થતાનું વહેણ. અનેકાંત એ માત્ર કલ્પના નથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સત્યસિદ્ધ થયેલી કલ્પના હોઈ તે તત્ત્વજ્ઞાન છે અને વિવેકી આચરણનો વિષય હોઈ તે ધર્મ પણ છે. અનેકાંતનું જીવિતપણું એમાં છે કે તે જેમ બીજા વિષયોને બધી બાજુથી તટસ્થપણે જોવા, વિચારવા, અપનાવવા પ્રેરે છે, તેમ એ પોતાના સ્વરૂપ અને જીવિતપણા વિશે પણ ખુલ્લા મનથી વિચાર કરવા ફરમાવે છે. જેટલું વિચારનું ખુલ્લાપણું, સ્પષ્ટપણું અને તટસ્થપણું તેટલું જ અનેકાંતનું બળ કે જીવન.

[દર્શચિં૦ ભા૦ ૨, પૃ. ૮૭૩]

કોઈ પણ વિશિષ્ટ દર્શન હોય કે ધર્મ-પંથ હોય, એના આધારરૂપ —એના મૂળ પ્રવર્તક પુરુષની—એક ખાસ દૃષ્ટિ હોય છે, જેમ કે શંકરાચાર્યની પોતાના મતનિરૂપણમાં 'અદ્વૈતદૃષ્ટિ' અને ભગવાન બુદ્ધની પોતાના ધર્મ-પંથ-પ્રવર્તનમાં 'મધ્યમપ્રતિપદાદૃષ્ટિ' એ ખાસ દૃષ્ટિઓ છે. જૈન દર્શન ભારતીય દર્શનોમાં એક વિશિષ્ટ દર્શન છે; સાથે સાથે વિશિષ્ટ ધર્મ-પંથ પણ છે; તેથી એના પ્રવર્તક અને પ્રચારક મુખ્ય પુરુષોની એક ખાસ દૃષ્ટિ એના મૂળમાં હોવી જ જોઈએ, અને એ છે પણ ખરી. આ દૃષ્ટિ જ અનેકાંતવાદ છે. જૈન તત્ત્વવિચાર હોય કે આચાર–વ્યવહાર હોય, ગમે તે હોય, એ બધુંય અનેકાંતદૃષ્ટિને આધારે યોજવામાં આવે છે. અથવા એમ કહી શકાય કે અનેક પ્રકારના વિચારો અને આચારોમાંથી જૈન વિચાર અને જૈન આચાર શું છે? એ કેવા હોઈ શકે?—એ નક્કી કરવાની અને એની આકારણી કરવાની એકમાત્ર કસોટી પણ અનેકાંતદૃષ્ટિ જ છે.

[દર્શચિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૪૯]

અન્ય દર્શનોમાં દેખાતી અનેકાંતદૃષ્ટિ

આપણે બધા જાણીએ છીએ કે બુદ્ધ પોતાને વિભજ્યવાદી કહે છે.[૧] જૈન આગમોમાં મહાવીરને પણ વિભજ્યવાદી કહ્યા છે.[૨] વિભ-

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૯૯.

૨. સૂત્રકૃતાંગ ૧-૧૪-૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યવાદનો અર્થ છે પૃથક્કરણ કરીને સત્ય-અસત્યનું નિરૂપણ કરવું અને સત્યોનો યોગ્ય સમન્વય કરવો. વિભજ્યવાદનું જ બીજું નામ અનેકાંત છે, કારણ કે વિભજ્યવાદમાં એકાંત દૃષ્ટિબિંદુનો ત્યાગ હોય છે. બૌદ્ધ પરંપરામાં 'વિભજ્યવાદ'ને સ્થાને 'મધ્યમમાર્ગ' શબ્દ વધારે રૂઢ છે. અંતો(છેડાઓ)નો ત્યાગ કરવા છતાં અનેકાંતના અવલંબનમાં જુદા જુદા વિચારકોનાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ હોઈ શકે છે. તેથી જ આપણે ન્યાય, સાંખ્ય-યોગ અને મીમાંસક જેવાં દર્શનોમાં પણ વિભજ્યવાદ તથા અનેકાંત શબ્દના ઉપયોગથી નિરૂપણ થયેલું જોઈએ છીએ. અક્ષપાદકૃત ન્યાયસૂત્રના પ્રસિદ્ધ ભાષ્યકાર વાત્સ્યાયને ૨–૧–૧૫, ૧૬ ના ભાષ્યમાં જે નિરૂપણ કર્યું છે તે અનેકાંતનું સ્પષ્ટ દ્યોતક છે; અને '**યથાદર્શનં વિભાગવચનં**' એમ કહીને તો એમણે વિભજ્યવાદનો જ પડઘો પાડ્યો છે. આપણે સાંખ્યદર્શનની તત્ત્વચિંતનની સમગ્ર પ્રક્રિયાને ધ્યાનપૂર્વક જોઈશું તો જણાશે કે એનું નિરૂપણ અનેકાંતદૃષ્ટિથી કરવામાં આવ્યું છે. યોગદર્શનના ૩–૧૩ સૂત્રના ભાષ્ય તથા તત્ત્વવૈશારદી વિવરણને ધ્યાનપૂર્વક વાંચનાર, સાંખ્ય-યોગ દર્શનની અનેકાંતદૃષ્ટિને બરાબર સમજી શકે છે. કુમારિલે પણ શ્લોકવાર્તિકમાં તેમ જ બીજે પોતાની તત્ત્વવ્યવસ્થામાં અનેકાંતદૃષ્ટિનો ઉપયોગ કર્યો છે.[૧] માત્ર ઉપનિષદોનો જ આધાર લઈને કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત વગેરે અનેક વાદ સ્થાપિત થયા છે, તે ખરી રીતે અનેકાંતવિચારસરણીના જુદા જુદા પ્રકાર છે. તત્ત્વચિંતનની વાત બાજુએ મૂકી આપણે માનવજૂથોના જુદા જુદા આચાર–વ્યવહારો ઉપર ધ્યાન આપીશું તો એમાં પણ આપણને અનેકાંતદૃષ્ટિ દેખાશે. ખરી રીતે જીવનનું સ્વરૂપ જ એવું છે કે જે એકાંત દૃષ્ટિમાં પૂરેપૂરું અભિવ્યક્ત નથી થઈ શકતું. માનવ-વ્યવહાર પણ એવો છે કે જે અનેકાંતદૃષ્ટિનું અંતિમ અવલંબન લીધા વગર નભી શકતો નથી.

[દાર્શનિક ખં૦ ૨, પૃ૦ ૫૦૦–૫૦૧]

૧. શ્લોકવાર્તિક, આત્મવાદ ૨૯, ૩૦ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેકાંતદૃષ્ટિનો આધાર : સત્ય

જ્યારે સમગ્ર જૈન વિચાર અને આચારનો પાયો અનેકાંતદૃષ્ટિ જ છે ત્યારે પહેલાં એ જોવું જોઈએ કે અનેકાંતદૃષ્ટિ કયાં તત્ત્વોને આધારે ઊભી કરવામાં આવી છે? વિચાર કરતાં તેમ જ અનેકાંત-દૃષ્ટિના સાહિત્યનું અવલોકન કરતાં જણાય છે કે અનેકાંતદૃષ્ટિ સત્યના આધારે ઊભી છે. જોકે બધાય મહાપુરુષો સત્યને જ ચાહે છે અને સત્યની જ શોધ તેમ જ સત્યના જ નિરૂપણમાં પોતાનું જીવન વિતાવે છે, છતાં પણ સત્યના નિરૂપણની પદ્ધતિ અને સત્યની શોધ બધાની એકસરખી નથી હોતી. બુદ્ધદેવ જે શૈલીથી સત્યનું નિરૂપણ કરે છે કે શંકરાચાર્ય, ઉપનિષદોને આધારે, જે ઢબે સત્યનું પ્રકાશન કરે છે, એનાથી ભગવાન મહાવીરની સત્યપ્રકાશન શૈલી જુદી છે. ભગવાન મહાવીરની સત્યપ્રકાશન શૈલીનું જ બીજું નામ અનેકાંતવાદ છે. એના મૂળમાં બે તત્ત્વ છે: પૂર્ણતા અને યથાર્થતા. જે પૂર્ણ હોય, અને પૂર્ણ હોવા છતાં યથાર્થ રૂપે પ્રતીત થાય એને જ સત્ય કહેવામાં આવે છે.

કોઈ પણ વસ્તુનું સંપૂર્ણરૂપે ત્રિકાલાબાધિત યથાર્થ દર્શન થવું મુશ્કેલ છે; અને કોઈને એ થઈ પણ જાય તોપણ એનું એ જ રૂપે શબ્દોમાં યથાર્થ વર્ણન કરવું એ સત્યદ્રષ્ટા અને સત્યવાદીને માટે પણ બહુ મુશ્કેલ છે. કોઈ એ મુશ્કેલ કામને કેટલેક અંશે કરવાવાળા નીકળી પણ આવે તોપણ દેશ, કાળ, પરિસ્થિતિ, ભાષા, શૈલી વગેરેના અનિવાર્ય ભેદને લીધે એ બધાના વર્ણનમાં કંઈકને કંઈક વિરોધ કે ભેદ દેખાઈ આવે, એ અનિવાર્ય છે. આ તો થઈ એ પૂર્ણદર્શી અને સત્યવાદી ગણ્યાગાંઠ્યા મનુષ્યોની વાત કે જેમને આપણે કેવળ કલ્પના કે અનુમાનને આધારે સમજી કે માની શકીએ છીએ. આપણો અનુભવ તો સામાન્ય માણસો સુધી મર્યાદિત છે, અને એ કહે છે કે સાધારણ માણસોમાં પણ ઘણાખરા યથાર્થવાદી હોવા છતાં પણ અપૂર્ણદર્શી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. આવી સ્થિતિમાં યથાર્થવાદીપણું હોવા છતાં પણ પોતાનું દર્શન અપૂર્ણ હોવાને લીધે અને એને પ્રગટ કરવાની સામગ્રી પણ અપૂર્ણ હોવાને કારણે સત્યપ્રિય માણસોની સમજણમાં પણ કચારેક કચારેક ફરક પડી જાય છે; અને સંસ્કારભેદ એમનામાં પરસ્પરમાં સવિશેષ સંઘર્ષ પેદા કરી દે છે. આ રીતે પૂર્ણદર્શી અને અપૂર્ણદર્શી બધાય સત્યવાદીઓ મારફત છેવટે ભેદ અને વિરોધની સામગ્રી આપોઆપ રજૂ થઈ જાય છે; અથવા બીજા લોકો એમના નામે આવી સામગ્રી પેદા કરી લે છે.

ભગવાન મહાવીરે શોધેલી અનેકાંતદૃષ્ટિ અને એની શરતો

આવી વસ્તુસ્થિતિ જોઈને ભગવાન મહાવીરે વિચાર્યું કે એવો શો રસ્તો કાઢી શકાય કે જેથી વસ્તુનું પૂર્ણ કે અપૂર્ણ સત્યદર્શન કરવાવાળાની સાથે અન્યાય ન થાય. બીજાનું દર્શન અપૂર્ણ તેમ જ પોતાના દર્શનનું વિરોધી હોવા છતાં જો એ સત્ય હોય, અને એ જ પ્રમાણે પોતાનું દર્શન અપૂર્ણ તેમ જ બીજાના દર્શનનું વિરોધી હોય, છતાં જો એ સત્ય હોય તો એ બન્નેને ન્યાય મળે એનો પણ શો ઇલાજ છે? —આવી જ ચિંતનપ્રધાન તપસ્યાએ ભગવાન મહાવીરને અનેકાંતદૃષ્ટિ સુઝાડી, અને એમનો સત્યની શોધનો સંકલ્પ સફળ થયો. એમણે પોતાને સાંપડેલી એ અનેકાંતદૃષ્ટિની ચાવીથી વ્યક્તિગત તેમ જ સામૂહિક જીવનની વ્યાવહારિક અને પારમાર્થિક સમસ્યાઓના તાળાને ઉઘાડી નાખ્યું અને સમાધાન મેળવ્યું, ત્યારે એમણે જીવનમાં ઉપયોગી વિચાર અને આચારનું ઘડતર કરતી વખતે, એ અનેકાંતદૃષ્ટિને, નીચે પ્રમાણેની મુખ્ય શરતોથી પ્રકાશિત કરી, અને પોતાના જીવન દ્વારા એનું અનુસરણ કરવાનો એ જ શરતોએ ઉપદેશ આપ્યો. એ શરતો આ પ્રમાણે છે:—

(૧) રાગ અને દ્વેષમાંથી પેદા થતા સંસ્કારોને વશ ન થવું, અર્થાત્ તેજસ્વી મધ્યસ્થભાવ ધારણ કરવો.

(૨) જ્યાં લગી મધ્યસ્થભાવનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં લગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ધ્યેય તરફ ધ્યાન રાખીને કેવળ સત્યની જિજ્ઞાસા રાખવી.

(૩) ગમે તેવા વિરોધી દેખાતા પક્ષથી ગભરાવું નહીં અને પોતાના પક્ષની જેમ એ પક્ષની પણ આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષ તરફ પણ વિરોધી પક્ષની જેમ આકરી સમાલોચક દૃષ્ટિ રાખવી.

(૪) પોતાના તેમ જ બીજાઓના અનુભવોમાંથી જે જે અંશો સાચા લાગે—ભલે પછી તે વિરોધી જ કેમ ન લાગતા હોય—એ બધાનો વિવેકબુદ્ધિથી સમન્વય કરવાની ઉદારતાનો અભ્યાસ કરવો અને અનુભવ વધતાં પહેલાંના સમન્વયમાં જ્યાં ભૂલ દેખાય ત્યાં મિથ્યાભિમાનનો ત્યાગ કરીને, સુધારો કરવો અને એ જ ક્રમે આગળ વધવું.

અનેકાંતદૃષ્ટિનું ખંડન અને તેની વ્યાપક અસર

જ્યારે બીજા વિદ્વાનોએ અનેકાંતદૃષ્ટિનો તત્ત્વ રૂપે સ્વીકાર કરવાને બદલે સાંપ્રદાયિક વાદ રૂપે સ્વીકાર કર્યો ત્યારે એના ઉપર ચોતરફથી આક્ષેપોની ઝડીઓ વરસવા લાગી. બાદરાયણ જેવા સૂત્રકારોએ એના ખંડન માટે સૂત્રો રચી દીધાં; અને એ સૂત્રોના ભાષ્યકારોએ એ જ વિષયને અનુલક્ષીને પોતાનાં ભાષ્યોની રચનાઓ કરી. વસુબંધુ, દિઙ્નાગ, ધર્મકીર્તિ અને શાંતરક્ષિત જેવા મોટા મોટા પ્રભાવશાળી બૌદ્ધ વિદ્વાનોએ પણ અનેકાંતવાદની પૂરેપૂરી ખબર લઈ નાખી ! આ બાજુ જૈન વિચારક વિદ્વાનોએ પણ એમનો સામનો કર્યો. આ પ્રચંડ સંઘર્ષનું અનિવાર્ય પરિણામ એ આવ્યું કે એક બાજુ અનેકાંતદૃષ્ટિનો તર્કબદ્ધ રીતે વિકાસ થયો અને બીજી બાજુ એનો પ્રભાવ બીજા વિરોધી સંપ્રદાયના વિદ્વાનો ઉપર પણ પડ્યો. દક્ષિણ ભારતમાં પ્રચંડ દિગંબરાચાર્યો અને પ્રચંડ મીમાંસક અને વેદાંતી વિદ્વાનોની વચ્ચે શાસ્ત્રાર્થનું દ્વંદ્વ થયું; એથી છેવટે તો અનેકાંતદૃષ્ટિનો પ્રભાવ જ વધુ ફેલાયો; તે એટલે સુધી કે રામાનુજ જેવા જૈન તત્ત્વના સાવ વિરોધી પ્રખર આચાર્યે શંકરાચાર્યના માયાવાદના વિરોધમાં પોતાના મતનું સ્થાપન કરતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે જોકે આધાર તો સામાન્ય ઉપનિષદોનો લીધો, પણ એમાંથી વિશિષ્ટાદ્વૈતનું નિરૂપણ કરતી વખતે અનેકાંતદૃષ્ટિનો ઉપયોગ કર્યો, અથવા એમ કહો કે, રામાનુજે પોતાની ઢબે અનેકાંતદૃષ્ટિને વિશિષ્ટાદ્વૈતની રચનામાં પરિણત કરી અને એને ઔપનિષદ તત્ત્વનો જામો પહેરાવીને અનેકાંતદૃષ્ટિમાંથી વિશિષ્ટાદ્વૈતવાદ ઊભો કરીને અનેકાંતદૃષ્ટિ તરફ આકર્ષાયેલી જનતાને વેદાંતના માર્ગમાં સ્થિર કરી. પુષ્ટિમાર્ગના પુરસ્કર્તા વલ્લભાચાર્ય, જેઓ દક્ષિણ ભારતમાં થઈ ગયા, એમના શુદ્ધાદ્વૈતવિષયક બધાં તત્ત્વ જોકે છે તો ઉપનિષદના આધારવાળાં, પણ એમની સમગ્ર વિચારસરણી અનેકાંતદૃષ્ટિને આપવામાં આવેલું નવીન વેદાંત સ્વરૂપ છે. આ બાજુ ઉત્તર અને પશ્ચિમ ભારતમાં બીજા વિદ્વાનો સાથે શ્વેતાંબર સંપ્રદાયના મહાન વિદ્વાનોનું ખંડનમંડનવિષયક જે દ્વંદ્વ થયું એના પરિણામે અનેકાંતવાદનો પ્રભાવ જનતામાં ફેલાયો અને સાંપ્રદાયિક ઢબે અનેકાંતવાદનો વિરોધ કરવાવાળા પણ જાણતા-અજાણતાં અનેકાંતદૃષ્ટિને અપનાવવા લાગ્યા. આ રીતે જોકે એક વાદરૂપે અનેકાંતદૃષ્ટિ અત્યાર સુધી જૈનોની જ લેખાય છે, તોપણ એનો પ્રભાવ કોઈ ને કોઈ રૂપે, અહિંસાની જેમ વિકૃત કે અર્ધવિકૃત રૂપે, ભારતના દરેક ભાગમાં ફેલાયેલો છે. આની સાબિતી બધા ભાગોના સાહિત્યમાંથી મળી શકે છે.

[દાર્શનિક ખંડ ૨, પૃ૦ ૧૫૧-૧૫૨, ૧૫૫-૧૫૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪

નયવાદ

જૈન તત્ત્વજ્ઞાનની પરિભાષાઓમાં 'નયવાદ'ની પરિભાષાનું પણ સ્થાન છે. નય પૂર્ણ સત્યની એક બાજુને જાણનારી દૃષ્ટિનું નામ છે. આવા નયના સાત પ્રકાર જૈન શાસ્ત્રોમાં પ્રાચીન સમયથી મળે છે, જેમાંના પહેલા નયનું નામ છે 'નૈગમ.'

'નૈગમ' શબ્દનું મૂળ અને એનો અર્થ

એ કહેવાની જરૂર નથી કે 'નૈગમ' શબ્દ 'નિગમ' ઉપરથી બન્યો છે. આ નિગમો વૈશાલીમાં હતા અને એના ઉલ્લેખો સિક્કાઓમાં પણ મળે છે. એકસરખો કારોબાર ચલાવનારી શ્રેણીવિશેષને 'નિગમ' કહે છે. એમાં એક પ્રકારની એકતા હોય છે, અને બધો સ્થૂળ વ્યવહાર એક જેવો ચાલે છે. એ જ 'નિગમ'નો ભાવ લઈને, એના ઉપરથી 'નૈગમ' શબ્દ દ્વારા જૈન પરંપરાએ એક એવી દૃષ્ટિનું સૂચન કર્યું છે કે જે સમાજમાં સ્થૂળ હોય છે, અને જેને આધારે જીવનવ્યવહાર ચાલે છે.

બાકીના છ નયો, એનો આધાર અને એની સમજૂતી

નૈગમ પછી સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એવા છ શબ્દો દ્વારા આ આંશિક [–સત્યના અમુક અંશને ગ્રહણ કરતી] વિચારસરણીઓ સૂચવવામાં આવી છે. ઉપરની છયે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિઓ જોકે તત્ત્વજ્ઞાનની સાથે સંબંધ ધરાવે છે, પણ મૂળમાં એ તે સમયના રાજ્યવ્યવહાર અને સામાજિક વ્યવહારને આધારે ફલિત કરવામાં આવી છે; એટલું જ નહીં, બલ્કે 'સંગ્રહ', 'વ્યવહાર' વગેરે ઉપર જણાવેલ શબ્દો પણ તે સમયના ભાષાપ્રયોગમાંથી લેવામાં આવ્યા છે. અનેક ગણો મળીને રાજ્યવ્યવસ્થા કે સમાજવ્યવસ્થા કરે છે, જે એક પ્રકારનો સમુદાય કે સંગ્રહ હતો, અને જેમાં ભેદમાં અભેદ દૃષ્ટિનું પ્રાધાન્ય રહેતું હતું. તત્ત્વજ્ઞાનના 'સંગ્રહ' નયના અર્થમાં પણ એ જ ભાવ છે. વ્યવહાર ભલે રાજકીય હોય કે સામાજિક, પણ એ જુદી જુદી વ્યક્તિઓ કે જુદાં જુદાં જૂથો દ્વારા જ સિદ્ધ થાય છે. તત્ત્વજ્ઞાનના 'વ્યવહાર' નયમાં પણ ભેદ એટલે વિભાજનનો જ ભાવ મુખ્ય છે. વૈશાલીમાંથી મળેલા સિક્કાઓ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે 'વ્યાવહારિક' અને 'વિનિશ્ચય મહામાત્ય'ની જેમ 'સૂત્રધાર' પણ એક પદ–હોદ્દો હતો. મારા માનવા પ્રમાણે, સૂત્રધારનું કામ એ જ હોવું જોઈએ જે જૈન તત્ત્વજ્ઞાનના 'ઋજુસૂત્ર' નયથી કહેવા ધાર્યું છે. 'ઋજુસૂત્ર' નયનો અર્થ છે–આગળ પાછળની (ભૂત-ભવિષ્યની) ગલીકૂંચીમાં ન જતાં કેવળ વર્તમાનનો જ વિચાર કરવો. સંભવ છે, સૂત્રધારનું કામ પણ કંઈક એવું જ હોય કે જે સવાલો ઊભા થાય એનું તરત જ નિરાકરણ કરવામાં આવે. દરેક સમાજમાં, સંપ્રદાયમાં અને રાજ્યમાં પણ વિશિષ્ટ પ્રસંગોએ શબ્દ અર્થાત્ આજ્ઞાને જ પ્રાધાન્ય આપવું પડે છે; જ્યારે બીજી રીતે મામલો થાળે પડતો ન હોય ત્યારે કોઈ એક વ્યક્તિનો શબ્દ–આજ્ઞા જ અંતિમ પ્રમાણ માનવામાં આવે છે. શબ્દના આ મુખ્યપણાનો ભાવ, બીજે રૂપે, 'શબ્દ' નયમાં સમાયેલો છે. બુદ્ધ બુદ્ધે જ કહ્યું છે કે લિચ્છવીગણો જૂના રીતરિવાજોનો અર્થાત્ રૂઢિઓનો આદર કરે છે. કોઈ પણ સમાજ પ્રચલિત રૂઢિઓનું સર્વથા ઉન્મૂલન કરીને જીવી નથી શકતો. 'સમભિરૂઢ' નયમાં રૂઢિના અનુસરણનો ભાવ તાત્ત્વિક દૃષ્ટિએ ઘટાવ્યો છે. સમાજ, રાજ્ય અને ધર્મની અને વ્યવહારને લગતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થૂળ વિચારસરણી કે વ્યવસ્થા ગમે તેવી કેમ ન હોય, પણ એમાં જો સત્યની પારમાર્થિક દૃષ્ટિ ન હોય તો એ નથી જીવી શકતી કે નથી પ્રગતિ સાધી શકતી. 'એવંભૂત' નય એ જ પારમાર્થિક દૃષ્ટિનો સૂચક છે, જે તથાગતના 'તથા' શબ્દમાં કે પાછળના મહાયાનના 'તથતા' શબ્દમાં રહેલી છે. જૈન પરંપરામાં પણ 'તહત્તિ' શબ્દ એ જ યુગથી અત્યાર સુધી પ્રચલિત છે, જે એટલું જ સૂચિત કરે છે કે અમે સત્ય જેવું છે તેવું જ સ્વીકારીએ છીએ.

[દૃઔચિં૦ ખં૦ ૧, પૃ૦ ૫૮-૬૦]

અપેક્ષાઓ અને અનેકાન્ત

મકાન કોઈ એક ખૂણામાં પૂરું નથી થતું; એના અનેક ખૂણા પણ કોઈ એક જ દિશામાં નથી હોતા. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વગેરે એકબીજાથી વિરુદ્ધ દિશામાં આવેલ એક એક ખૂણામાં ઊભા રહીને કરવામાં આવેલું એ મકાનનું અવલોકન પૂર્ણ તો નથી હોતું, પણ એ અયથાર્થ પણ નથી હોતું. જુદા જુદા સંભવિત બધાય ખૂણાઓમાં ઊભા રહીને કરવામાં આવેલાં સંભવિત અવલોકનોનો સારસમુચ્ચય જ એ મકાનનું પૂર્ણ અવલોકન છે. દરેક ખૂણામાંથી કરવામાં આવેલું દરેક અવલોકન એ પૂર્ણ અવલોકનનું અનિવાર્ય અંગ છે. એ જ પ્રમાણે કોઈ એક વસ્તુ કે સમગ્ર વિશ્વનું તાત્ત્વિક ચિંતન-દર્શન પણ અનેક અપેક્ષાઓથી થઈ શકે છે. મનની સહજ રચના, એના ઉપર પડનારા આગંતુક સંસ્કારો અને ચિંત્ય વસ્તુનું સ્વરૂપ વગેરેના સમ્મેલનથી જ અપેક્ષા જન્મે છે. આવી અપેક્ષાઓ અનેક હોય છે, જેનો આશ્રય લઈને વસ્તુનો વિચાર કરવામાં આવે છે. વિચારને આધાર આપવાને કારણે કે વિચારપ્રવાહના ઉદ્ગમનો આધાર બનવાને લીધે એ જ અપેક્ષાઓ દૃષ્ટિકોણ કે દૃષ્ટિબિંદુ પણ કહેવાય છે. સંભવિત બધી અપેક્ષાઓથી—ભલે પછી એ વિરુદ્ધ જ કેમ ન દેખાતી હોય—કરવામાં આવતાં ચિંતન અને દર્શનોનો સાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમુચ્ચય જ એ વિષયનું પૂર્ણ–અનેકાંત–દર્શન છે. અપેક્ષામાંથી ઉદ્‌ભવતું દરેક દર્શન એ પૂર્ણ દર્શનનું એક એક અંગ છે, જે પરસ્પર વિરુદ્ધ હોવા છતાં, પૂર્ણ દર્શનમાં એનો સમન્વય થતો હોવાને કારણે, ખરી રીતે અવિરુદ્ધ જ છે.

સાત નયોનું કાર્યક્ષેત્ર

જ્યારે કોઈની મનોવૃત્તિ વિશ્વમાં રહેલા બધાય ભેદોને—ભલે પછી એ ભેદો ગુણથી, ધર્મથી કે સ્વરૂપથી થયેલા હોય અથવા વ્યક્તિત્વને કારણે થયા હોય—ભુલાવીને અર્થાત્ એ ભેદો તરફ ઝૂકયા વગર જ એક માત્ર અખંડતાનો વિચાર કરે છે, ત્યારે એને અખંડ કે એક જ વિશ્વનું દર્શન થાય છે. અભેદની એ ભૂમિકામાંથી નિષ્પન્ન થતા 'સત્' શબ્દના એકમાત્ર અખંડ અર્થનું દર્શન, એ જ 'સંગ્રહ' નય છે. ગુણ-ધર્મકૃત કે વ્યક્તિત્વકૃત ભેદો તરફ ઝૂકનારી મનોવૃત્તિથી કરવામાં આવતું વિશ્વનું દર્શન 'વ્યવહાર'નય કહેવાય છે, કારણ કે લોકસિદ્ધ વ્યવહારોની ભૂમિકારૂપે ભેદોનું ખાસ સ્થાન છે. આ દર્શનથી 'સત્' શબ્દની મર્યાદા અખંડિત ન રહેતાં અનેક ખંડોમાં વહેંચાઈ જાય છે. એ જ ભેદ કરનારી મનોવૃત્તિ કે અપેક્ષા કેવળ કાળકૃત ભેદો તરફ ઝૂકીને, કાર્યક્ષમ હોવાને લીધે, જ્યારે ફક્ત વર્તમાનને જ 'સત્' રૂપ જુએ છે, અને ભૂતકાળ અને ભવિષ્યકાળને 'સત્' શબ્દની વ્યાખ્યામાંથી દૂર કરે છે, ત્યારે એનાથી ફલિત થતું વિશ્વદર્શન 'ઋજુસૂત્ર' નય છે, કેમ કે એ ભૂત અને ભવિષ્યના ચક્કાવાને છોડી દઈને ફક્ત વર્તમાનની સીધી લીટી ઉપર ચાલે છે.

ઉપર જણાવેલી ત્રણે પ્રકારની મનોવૃત્તિઓ એવી છે કે જે શબ્દ કે શબ્દના ગુણ–ધર્મોનો આશ્રય લીધા વિના જ કોઈ પણ વસ્તુનું ચિંતન કરે છે. તેથી જ એ ત્રણે પ્રકારનું ચિંતન 'અર્થનય' કહેવાય છે. પણ એવી પણ મનોવૃત્તિ હોય છે કે જે શબ્દના ગુણ–ધર્મોનો આશ્રય લઈને જ અર્થનો વિચાર કરે છે. તેથી જ આવી મનોવૃત્તિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફલિત થતા અર્થચિંતનને 'શબ્દનય' કહે છે. શબ્દશાસ્ત્રીઓ–વૈયાકરણો જ મુખ્યત્વે શબ્દનયના અધિકારી છે, કેમ કે એમનાં જ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી શબ્દનયમાં વિવિધતા આવી છે.

જે શબ્દશાસ્ત્રીઓ બધાય શબ્દોને અખંડ અર્થાત્ અવ્યુત્પન્ન માને છે તેઓ વ્યુત્પત્તિભેદે અર્થભેદ ન માનવા છતાં લિંગ, પુરુષ, કાળ વગેરે જુદી જુદી જાતના શબ્દધર્મોના આધારે અર્થનું વૈવિધ્ય દર્શાવે છે. એમનું એ પ્રકારે અર્થભેદનું દર્શન 'શબ્દ'નય કે 'સાંપ્રત'નય છે. દરેક શબ્દને વ્યુત્પત્તિસિદ્ધ જ માનવાવાળી મનોવૃત્તિથી વિચાર કરનારા શાબ્દિકો પર્યાયના—અર્થાત્ એકાર્થક સમજવામાં આવતા શબ્દોના—અર્થમાં પણ વ્યુત્પત્તિભેદે ભેદ માને છે. શક્ર, ઇંદ્ર વગેરે જેવા પર્યાયવાચી શબ્દોના અર્થભેદનું એમણે કરેલું એ દર્શન 'સમભિરૂઢ' નય કહેવાય છે. વ્યુત્પત્તિના ભેદે જ નહીં, બલ્કે એક જ વ્યુત્પત્તિથી ફલિત થતા અર્થની હયાતી અને ગેરહયાતીના ભેદને લીધે પણ જે દર્શન અર્થભેદ માને છે, એને 'એવંભૂત' નય કહે છે. આ તાર્કિક છ નયો ઉપરાંત એક 'નૈગમ' નામનો નય પણ છે, જેમાં નિગમ અર્થાત્ દેશની રૂઢિ પ્રમાણે અભેદગામી અને ભેદગામી બધા પ્રકારના વિચારોનો સમાવેશ માનવામાં આવ્યો છે. મુખ્યત્વે આ જ સાત નય છે. પણ કોઈ એક અંશને અર્થાત્ દૃષ્ટિબિંદુને લઈને પ્રવૃત્ત થતા બધી જાતના વિચાર તે તે અપેક્ષાને સૂચિત કરતા નયો જ છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય

શાસ્ત્રમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે નય પણ પ્રસિદ્ધ છે. પણ એ નયો ઉપર જણાવેલ સાત નયોથી જુદા નથી, પરંતુ એમનું જ ટૂંકું વર્ગીકરણ કે ભૂમિકા માત્ર છે. દ્રવ્ય અર્થાત્ સામાન્ય, અન્વય, અભેદ કે એકત્વને અનુલક્ષીને કરવામાં આવતો વિચાર એ દ્રવ્યાર્થિક નય છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર, એ ત્રણે દ્રવ્યાર્થિક જ છે. આમાંથી સંગ્રહ તો શુદ્ધ અભેદનો વિચાર કરનાર હોવાથી શુદ્ધ કે મૂળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યાર્થિક જ છે, જ્યારે વ્યવહાર અને નૈગમની પ્રવૃત્તિ ભેદગામી હોવા છતાં પણ કોઈ ને કોઈ પ્રકારના અભેદને પણ અવલંબીને જ ચાલે છે. એટલા માટે એને પણ દ્રવ્યાર્થિક જ માનવામાં આવ્યા છે. અલબત્ત, એ સંગ્રહ નયની જેમ શુદ્ધ નહીં પણ અશુદ્ધ–મિશ્રિત દ્રવ્યાર્થિક જ છે.

પર્યાય એટલે વિશેષ, વ્યાવૃત્તિ કે ભેદને જ અનુલક્ષીને પ્રવૃત્ત થતો વિચારમાર્ગ પર્યાયાર્થિક નય છે. 'ઋજુસૂત્ર' વગેરે બાકીના ચારે નયને પર્યાયાર્થિક જ ગણવામાં આવ્યા છે. અભેદને છોડીને એક માત્ર ભેદનો વિચાર ઋજુસૂત્રનયથી શરૂ થાય છે, તેથી એને જ શાસ્ત્રમાં પર્યાયાર્થિક નયની પ્રકૃતિ કે મૂળ આધાર કહેલ છે. પાછલા ત્રણ નયો એ જ મૂળભૂત પર્યાયાર્થિકના એક રીતે વિસ્તાર માત્ર છે.

ફક્ત જ્ઞાનને ઉપયોગી માનીને એને આધારે પ્રવૃત્ત થતી વિચાર-ધારાને જ્ઞાનનય કહે છે, તો ફક્ત ક્રિયાને આધારે પ્રવૃત્ત થતી વિચાર-ધારા ક્રિયાનય છે. નયરૂપી આધારસ્તંભો અપાર હોવાથી વિશ્વનું પૂર્ણ દર્શન–અનેકાંત પણ નિઃસીમ છે.

[દ્વાત્રિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૭૦–૧૭૨]

નિશ્ચય અને વ્યવહારનયનો અન્ય દર્શનોમાં સ્વીકાર

જૈન પરંપરામાં નિશ્ચય અને વ્યવહારનય પ્રસિદ્ધ છે. વિદ્વાનો જાણે છે કે આ જ નયવિભાગની આધારભૂત દૃષ્ટિનો સ્વીકાર અન્ય દર્શનોમાં પણ કરવામાં આવ્યો છે. બૌદ્ધ દર્શન ઘણા પ્રાચીન સમયથી પરમાર્થ અને સંવૃતિ, એ બે દૃષ્ટિઓનું નિરૂપણ કરતું આવ્યું છે. શાંકર વેદાંતની પારમાર્થિક તથા વ્યાવહારિક કે માયિક દૃષ્ટિ પ્રસિદ્ધ છે. આ રીતે જૈન–જૈનેતર દર્શનોમાં પરમાર્થ કે નિશ્ચય અને સંવૃતિ કે વ્યવહારદૃષ્ટિનો સ્વીકાર કરવામાં આવ્યો છે, પણ એ દર્શનોમાં એ બે દૃષ્ટિઓનું કરવામાં આવેલું તત્ત્વનિરૂપણ સાવ જુદું જુદું છે. જોકે જૈનેતર બધાંય દર્શનોમાં નિશ્ચયદૃષ્ટિસંમત તત્ત્વનિરૂપણ એક નથી, તોપણ બધાંય મોક્ષલક્ષી દર્શનોમાં નિશ્ચયદૃષ્ટિસંમત આચાર અને ચારિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો એક જ છે—ભલે પછી એનાં પરિભાષા, વર્ગીકરણ વગેરે જુદાં હોય. અહીં તો જોવાનું એ છે કે જૈન પરંપરામાં નિશ્ચય અને વ્યવહારરૂપે જે બે દૃષ્ટિઓ માનવામાં આવી છે, એ તત્ત્વજ્ઞાન અને આચાર, એ બન્ને ક્ષેત્રોને લાગુ પાડવામાં આવી છે. બીજાં બધાંય ભારતીય દર્શનોની જેમ જૈન દર્શનમાં પણ તત્ત્વજ્ઞાન અને આચાર એ બન્નેનો સમાવેશ થાય છે.

તત્ત્વજ્ઞાન અને આચારમાં એની ભિન્નતા

જ્યારે નિશ્ચય અને વ્યવહારનયનો પ્રયોગ તત્ત્વજ્ઞાન અને આચાર બન્નેમાં થાય છે, ત્યારે સામાન્ય રૂપે શાસ્ત્રચિંતન કરનારને એ ભેદ નથી સમજાતો કે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં કરવામાં આવતો નિશ્ચય અને વ્યવહારનો પ્રયોગ આચારના ક્ષેત્રમાં કરવામાં આવતા એવા પ્રયોગથી ભિન્ન છે અને ભિન્ન પરિણામનો સૂચક પણ છે. તત્ત્વજ્ઞાનની નિશ્ચય-દૃષ્ટિ અને આચાર સંબંધી નિશ્ચયદૃષ્ટિ એ બન્ને એક નથી. એ બન્નેની વ્યવહારદૃષ્ટિના સંબંધમાં પણ એમ જ સમજવું. એનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે :

તત્ત્વલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ

જ્યારે નિશ્ચયદૃષ્ટિથી તત્ત્વના સ્વરૂપનું પ્રતિપાદન કરવું હોય તો એની મર્યાદામાં ફક્ત એ જ વાત આવવી જોઈએ કે જગતનાં મૂળ-તત્ત્વ કયાં છે? કેટલાં છે? અને એમનું ક્ષેત્ર-કાલ વગેરેથી નિરપેક્ષ સ્વરૂપ શું છે? અને જ્યારે વ્યવહારદૃષ્ટિએ તત્ત્વનિરૂપણ કરવું હોય ત્યારે એ જ મૂળ તત્ત્વોના સ્વરૂપનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેની અપેક્ષાએ પ્રતિપાદન કરવામાં આવે છે. આ રીતે આપણે નિશ્ચયદૃષ્ટિનો ઉપયોગ કરીને જૈન દર્શનસંમત તત્ત્વોનું સ્વરૂપ કહેવા ઇચ્છીએ તો ટૂંકમાં એમ કહી શકીએ કે ચેતન અને અચેતન એવા પરસ્પર અત્યન્ત વિજાતીય એવાં બે તત્ત્વ છે. બન્ને એકબીજા ઉપર અસર કરવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિ પણ ધરાવે છે. ચેતનનો સંકોચ-વિસ્તાર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ વગેરેની અપેક્ષાએ હોવાથી એ વ્યવહારદૃષ્ટિથી સિદ્ધ છે. અચેતન પુદ્ગલનું પરમાણુરૂપત્વ કે એકપ્રદેશાવગાહત્વ, એ નિશ્ચયદૃષ્ટિનો વિષય છે; જ્યારે એનું સ્કંધરૂપે પરિણમવું અથવા પોતાના ક્ષેત્રમાં બીજા અનન્ત પરમાણુ અને સ્કંધોને અવકાશ આપવો એ વ્યવહારદૃષ્ટિનું નિરૂપણ છે.

આચારલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ

પરંતુ આચારલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિનું નિરૂપણ જુદી રીતે થાય છે. જૈન દર્શન મોક્ષને પરમ પુરુષાર્થ માનીને એ દૃષ્ટિએ જ આચારની ગોઠવણ કરે છે. તેથી જે આચારો સીધેસીધા મોક્ષ-લક્ષી છે એ જ નિશ્ચય આચાર છે. આ આચારમાં દૃષ્ટિભ્રમ (મિથ્યા-દૃષ્ટિ) અને કાષાયિક વૃત્તિઓના નિર્મૂલીકરણનો જ સમાવેશ થાય છે. પણ વ્યાવહારિક આચાર આવો એકરૂપ નથી. નિશ્ચયદૃષ્ટિના આ-ચારની ભૂમિકામાંથી નિષ્પન્ન થયેલા એવા ભિન્ન ભિન્ન દેશ, કાલ, જાતિ, સ્વભાવ, રુચિ વગેરે પ્રમાણે કયારેક કયારેક પરસ્પર વિરુદ્ધ દેખાતા પણ આચારો વ્યાવહારિક આચારકોટીમાં ગણાય છે. નિશ્ચય-દૃષ્ટિના આચારની ભૂમિકામાં રહેલ એક જ વ્યક્તિ અનેક પ્રકારના વ્યાવહારિક આચારોમાંથી પસાર થાય છે. આ રીતે આપણે જોઈ એ છીએ કે આચારલક્ષી નિશ્ચયદૃષ્ટિ કે વ્યવહારદૃષ્ટિ મુખ્યત્વે મોક્ષની દૃષ્ટિએ જ વિચાર કરે છે; જ્યારે તત્ત્વનિરૂપક નિશ્ચય કે વ્યવહારદૃષ્ટિ ફક્ત જગતના સ્વરૂપને અનુલક્ષીને પ્રવૃત્ત થાય છે.

તત્ત્વલક્ષી અને આચારલક્ષી નિશ્ચય-વ્યવહારદૃષ્ટિ વચ્ચે બીજું મહત્ત્વનું અંતર

તત્ત્વજ્ઞાન અને આચારલક્ષી આ બન્ને નયો વચ્ચે એક બીજું પણ મહત્ત્વનું અંતર છે, જે ધ્યાન આપવા જેવું છે. નિશ્ચયદૃષ્ટિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંમત તત્ત્વોનું સ્વરૂપ આપણે બધા સામાન્ય જિજ્ઞાસુઓ કયારેય પ્રત્યક્ષ કરી નથી શકતા. જે વ્યક્તિએ તત્ત્વસ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હોય એવી કોઈ વ્યક્તિના કથન ઉપર શ્રદ્ધા રાખીને જ આપણે એવા સ્વરૂપને માનીએ છીએ. પણ આચારની બાબતમાં એવું નથી. કોઈ પણ જાગરૂક સાધક પોતાની આંતરિક સત્-અસત્ વૃત્તિઓને અને એની તીવ્રતા-મંદતાના તારતમ્યને સીધેસીધાં વિશેષ પ્રત્યક્ષરૂપે જાણી શકે છે; જ્યારે બીજી વ્યક્તિને માટે પહેલી વ્યક્તિની વૃત્તિઓ સર્વથા પરોક્ષ છે. નિશ્ચયદૃષ્ટિ હોય કે વ્યવહારદૃષ્ટિ, તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ તે તે દર્શનના બધાય અનુયાયીઓને માટે એકસરખું હોય છે, તેમ જ એ એકસરખી પરિભાષાથી બંધાયેલું હોય છે. પણ નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિએ આચારનું સ્વરૂપ એવું નથી હોતું. પ્રત્યેક વ્યક્તિનો નિશ્ચયદૃષ્ટિનો આચાર એને માટે પ્રત્યક્ષ છે. આ અલ્પ વિવેચનથી ફક્ત એટલું જ સૂચિત કરવાનું છે કે નિશ્ચયનય અને વ્યવહારનય, આ બે શબ્દો ભલે સમાન હોય, પણ તત્ત્વજ્ઞાન અને આચારના ક્ષેત્રમાં એ જુદી જુદી દૃષ્ટિએ લાગુ થાય છે, અને આપણને જુદાં જુદાં પરિણામો તરફ દોરી જાય છે.

જૈન અને ઉપનિષદના તત્ત્વજ્ઞાનની નિશ્ચયદૃષ્ટિ વચ્ચે ભેદ

નિશ્ચયદૃષ્ટિએ જૈન તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપનિષદના તત્ત્વજ્ઞાનથી સાવ જુદી છે. પ્રાચીન મનાતાં બધાં ઉપનિષદ સત્, અસત્, આત્મા, બ્રહ્મ, અવ્યકત, આકાશ વગેરે ભિન્ન ભિન્ન નામોથી જગતના મૂળનું નિરૂપણ કરીને કેવળ એક જ નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે જગત જડ, ચેતન વગેરે રૂપે ગમે તેવું નાનારૂપ કેમ ન હોય, પણ એના મૂળમાં અસલી તત્ત્વ તો કેવળ એક જ છે; જ્યારે જૈન દર્શન જગતના મૂળમાં કોઈ એક તત્ત્વનો સ્વીકાર નથી કરતું; ઊલટું પરસ્પર વિજાતીય એવાં સ્વતંત્ર બે તત્ત્વોનો સ્વીકાર કરીને, એને આધારે વિશ્વની વિવિધતાની વ્યવસ્થા કરે છે. ચોવીસ તત્ત્વ માનનાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંખ્યદર્શન અને શાંકર વગેરે વેદાંતશાખાઓ સિવાયના ભારતીય દર્શનોમાં એવું કોઈ દર્શન નથી જે જગતના મૂળરૂપે ફક્ત એક જ તત્ત્વનો સ્વીકાર કરતું હોય. ન્યાય-વૈશેષિક હોય કે પચીસ તત્ત્વ માનનાર સાંખ્ય-યોગ હોય કે પૂર્વમીમાંસા હોય, બધા પોતપોતાની દૃષ્ટિએ જગતના મૂળમાં અનેક તત્ત્વોનો સ્વીકાર કરે છે. એથી જ સ્પષ્ટ છે કે જૈન તત્ત્વચિંતનની પ્રકૃતિ ઉપનિષદના તત્ત્વચિંતનની પ્રકૃતિથી સર્વથા ભિન્ન છે.

[દાર્શ્વચિં૦ ખં૦ ૨, પૃ૦ ૪૯૮-૫૦૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫

સપ્તભંગી

સપ્તભંગી અને એનો આધાર

ભિન્ન ભિન્ન અપેક્ષાઓ, દૃષ્ટિબિંદુઓ અને મનોવૃત્તિઓથી એક જ વસ્તુના જે ભિન્ન ભિન્ન દર્શન ફલિત થાય છે, એને જ આધારે ભંગવાદની રચના થાય છે. જે બે દર્શનોના વિષય બરાબર એકબીજાથી સાવ વિરોધી હોય, એવાં દર્શનો વચ્ચે સમન્વય બતાવવાની દૃષ્ટિએ, એના વિષયરૂપ ભાવાત્મક અને અભાવાત્મક બન્ને અંશોને લઈને, એના આધારે જે સંભવિત વાક્યભંગો રચવામાં આવે છે, એ જ સપ્તભંગી છે. સપ્તભંગીનો આધાર નયવાદ છે, અને એનું ધ્યેય સમન્વય છે, અર્થાત્ અનેકાંતકોટીનું વ્યાપક દર્શન કરાવવું એ છે. જેવી રીતે કોઈ પણ પ્રમાણથી જાણેલ પદાર્થનો બીજાને બોધ કરાવવા માટે પરાર્થઅનુમાન અર્થાત્ અનુમાનવાક્યની રચના કરવામાં આવે છે, એવી જ રીતે વિરુદ્ધ અંશોનો સમન્વય શ્રોતાને સમજાવવાની દૃષ્ટિએ ભંગ-વાક્યની રચના પણ કરવામાં આવે છે. આ રીતે નયવાદ અને ભંગવાદ અનેકાંતદૃષ્ટિના ક્ષેત્રમાં આપોઆપ ફલિત થઈ જાય છે.

[દર્શૌચિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૭૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાત ભંગો અને એનું મૂળ

(૧) ભંગ એટલે વસ્તુનું સ્વરૂપ દર્શાવનાર વચનના પ્રકાર અર્થાત્ વાક્યરચના.

(૨) એ સાત કહેવાય છે, છતાં મૂળ તો ત્રણ [(૧) સ્યાદ્ અસ્તિ, (૨) સ્યાદ્ નાસ્તિ અને (૩) સ્યાદ્ અવક્તવ્ય] જ છે. બાકીના ચાર [(૧) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ, (૨) સ્યાદ્ અસ્તિ-અવક્તવ્ય, (૩) સ્યાદ્ નાસ્તિ-અવક્તવ્ય અને (૪) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય] એ ત્રણ મૂળ ભંગોના પારસ્પરિક વિવિધ સંયોજનથી થાય છે.

(૩) કોઈ પણ એક વસ્તુ વિશે કે એક જ ધર્મ પરત્વે ભિન્ન ભિન્ન વિચારકોની માન્યતામાં ભેદ દેખાય છે. એ ભેદ વિરોધરૂપ છે કે નહિ અને જો ન હોય તો દેખાતા વિરોધમાં અવિરોધ કેવી રીતે ઘટાવવો ? અથવા એમ કહો કે અમુક વિવક્ષિત વસ્તુ પરત્વે જ્યારે ધર્મવિષયક દૃષ્ટિભેદો દેખાતા હોય ત્યારે એવા ભેદોનો પ્રમાણપૂર્વક સમન્વય કરવો, અને તેમ કરી બધી સાચી દૃષ્ટિઓને તેના યોગ્ય સ્થાનમાં ગોઠવી ન્યાય આપવો એ ભાવનામાં સપ્તભંગીનું મૂળ છે.

સપ્તભંગીનું કાર્ય : વિરોધનો પરિહાર

દાખલા તરીકે એક આત્મદ્રવ્યની બાબતમાં તેના નિત્યત્વ વિશે દૃષ્ટિભેદ છે. કોઈ આત્માને નિત્ય માને છે તો કોઈ નિત્ય માનવા ના પાડે છે. કોઈ વળી એમ કહે છે કે એ તત્ત્વ જ વચન-અગોચર છે. આ રીતે આત્મતત્ત્વની બાબતમાં ત્રણ પક્ષ પ્રસિદ્ધ છે. તેથી વિચારવું એ પ્રાપ્ત થાય છે કે શું તે નિત્ય જ છે અને અનિત્યત્વ તેમાં પ્રમાણબાધિત છે ? અથવા શું તે અનિત્ય જ છે અને નિત્યત્વ એમાં પ્રમાણબાધિત છે ? અથવા તેને નિત્ય કે અનિત્ય રૂપે ન કહેતાં અવક્તવ્ય જ કહેવું એ યોગ્ય છે ? આ ત્રણ વિકલ્પોની પરીક્ષા કરતાં ત્રણે સાચા હોય તો એમનો વિરોધ દૂર કરવો જ જોઈએ. જ્યાં સુધી વિરોધ ઊભો રહે ત્યાં સુધી પરસ્પર વિરુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક ધર્મો એક વસ્તુમાં છે એમ કહી જ ન શકાય. તેથી વિરોધ-પરિહાર તરફ જ સપ્તભંગીની દૃષ્ટિ પહેલવહેલી જાય છે. તે નક્કી કરે છે કે આત્મા નિત્ય છે, પણ સર્વ દૃષ્ટિએ નહિ; માત્ર મૂળ તત્ત્વની દૃષ્ટિએ તે નિત્ય છે, કારણ કે કયારે પણ તે તત્ત્વ ન હતું અને પછી ઉત્પન્ન થયું એમ નથી, તેમ જ કયારેક એ તત્ત્વ મૂળમાંથી જ નાશ પામશે એમ પણ નથી. તેથી તત્ત્વરૂપે એ અનાદિનિધન છે અને તે જ તેનું નિત્યત્વ છે. આમ છતાં તે અનિત્ય પણ છે, પરંતુ એનું અનિત્યત્વ તત્ત્વદૃષ્ટિએ ન હોતાં માત્ર અવસ્થાની દૃષ્ટિએ છે. અવસ્થાઓ તો પ્રતિસમયે નિમિત્તાનુસાર બદલાતી જ રહે છે. જેમાં કાંઈ ને કાંઈ રૂપાંતર થતું ન હોય, જેમાં આંતરિક કે બાહ્ય નિમિત્ત પ્રમાણે સૂક્ષ્મ કે સ્થૂળ અવસ્થાભેદ સતત ચાલુ ન હોય એવા તત્ત્વની કલ્પના જ નથી થઈ શકતી. તેથી અવસ્થાભેદ માનવો પડે છે; અને એ જ અનિત્યત્વ છે. આ રીતે આત્મા તત્ત્વરૂપે (સામાન્ય રૂપે) નિત્ય છતાં, અવસ્થારૂપે (વિશેષ રૂપે) અનિત્ય પણ છે. નિત્યત્વ અને અનિત્યત્વ બન્ને એક જ સ્વરૂપે એક વસ્તુમાં માનતાં વિરોધ આવે; જેમ કે, તત્ત્વરૂપે જ આત્મા નિત્ય છે એમ માનનાર તે જ રૂપે અનિત્ય પણ માને તો. એ જ પ્રમાણે આત્મા નિત્ય, અનિત્ય આદિ શબ્દ દ્વારા તે તે રૂપે પ્રતિપાદ્ય છતાં સમગ્ર રૂપે કોઈ પણ એક શબ્દથી કહી શકાય નહિ માટે તે અસમગ્ર રૂપે શબ્દનો વિષય થાય છે; છતાં સમગ્ર રૂપે એવા કોઈ શબ્દનો વિષય નથી થઈ શકતો, માટે અવક્તવ્ય પણ છે. આ રીતે એક નિત્યત્વધર્મને અવલંબી આત્માના વિષયમાં નિત્ય, અનિત્ય અને અવક્તવ્ય એવા ત્રણ પક્ષો–ભંગો વાજબી ઠરે છે.

એ જ પ્રમાણે એકત્વ, સત્ત્વ, ભિન્નત્વ, અભિલાપ્યત્વ આદિ સર્વસાધારણ ધર્મો લઈ કોઈ પણ વસ્તુ વિશે એવા ત્રણ ભંગો બને, અને તે ઉપરથી સાત બને. ચેતનત્વ, ઘટત્વ આદિ અસાધારણ ધર્મોને લઈને પણ સપ્તભંગી ઘટાવી શકાય. એક વસ્તુમાં વ્યાપક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે અવ્યાપક જેટજેટલા ધર્મો હોય તે દરેકને લઈ તેની બીજી બાજુ વિચારી સપ્તભંગ ઘટાવી શકાય.

પ્રાચીન કાળમાં આત્મા, શબ્દ આદિ પદાર્થોમાં નિત્યત્વ-અનિત્યત્વ, સત્ત્વ-અસત્ત્વ, એકત્વ-બહુત્વ, વ્યાપકત્વ-અવ્યાપકત્વ આદિની બાબતમાં પરસ્પર તદ્દન વિરોધી વાદો ચાલતા. એ વાદોનો સમન્વય કરવાની વૃત્તિમાંથી ભંગકલ્પના આવી. એ ભંગકલ્પનાએ પણ પાછું સાંપ્રદાયિક વાદનું રૂપ ધારણ કર્યું અને સપ્તભંગીમાં પરિણમન થયું.

સાતથી વધારે ભંગો સંભવતા નથી, માટે જ સાતની સંખ્યા કહી છે. મૂળ ત્રણની વિવિધ સંયોજના કરો અને સાતમાં અંતર્ભાવ ન પામે એવો ભંગ ઉપજાવી શકો તો જૈન દર્શન સપ્તભંગિત્વનો આગ્રહ કરી જ ન શકે.

આનો ટૂંકમાં સાર નીચે પ્રમાણે :—

૧. તત્કાલીન ચાલતા વિરોધી વાદોનું સમીકરણ કરવું, એ ભાવના સપ્તભંગીની પ્રેરક છે.

૨. તેમ કરી વસ્તુના સ્વરૂપની ચોકસાઈ કરવી અને યથાર્થ જ્ઞાન મેળવવું, એ એનું સાધ્ય છે.

૩. બુદ્ધિમાં ભાસતા કોઈ પણ ધર્મ પરત્વે મૂળમાં ત્રણ જ વિકલ્પો સંભવે છે અને ગમે તેટલા શાબ્દિક પરિવર્તનથી સંખ્યા વધારીએ તોયે સાત જ થઈ શકે.

૪. જેટલા ધર્મો તેટલી જ સપ્તભંગી છે. આ વાદ અનેકાંત-દૃષ્ટિનો વિચારવિષયક એક પુરાવો છે. આના દાખલાઓ, જે શબ્દે, આત્મા વગેરે આપ્યા છે, તેનું કારણ એ છે કે પ્રાચીન આર્ય વિચારકો આત્માનો વિચાર કરતા અને બહુ તો આગમપ્રામાણ્યની ચર્ચામાં શબ્દને લેતા.

૫. વૈદિક આદિ દર્શનોમાં, ખાસ કરી વલ્લભદર્શનમાં, 'સર્વ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મસમન્વય' છે, તે આનું જ એક રૂપ છે. શંકર પોતે વસ્તુને વર્ણવે છે, છતાં અનિર્વચનીય કહે છે.

૬. પ્રમાણથી બાધિત ન હોય એવું બધું જ સંધરી લેવાનો આની પાછળ ઉદ્દેશ છે—પછી ભલે તે વિરુદ્ધ મનાતું હોય.

[દ્રવ્યચિં૦ ભા૦ ૨, પૃ૦ ૧૦૬૨-૧૦૬૪]

મહત્ત્વના ચાર ભંગોનો અન્યત્ર મળતો નિર્દેશ

સપ્તભંગીના સાત ભંગોમાં શરૂઆતના ચાર જ મહત્ત્વના છે,[૧] કેમ કે વેદ, ઉપનિષદ વગેરે ગ્રંથોમાં તથા 'દીઘનિકાય'ના બ્રહ્મજાલ સૂત્રમાં આવા ચાર વિકલ્પોનો છૂટોછવાયો કે એકસાથે નિર્દેશ મળી આવે છે. સાત ભંગોમાં જે છેલ્લા ત્રણ ભંગ છે, એનો નિર્દેશ કોઈના પક્ષરૂપે–મંતવ્યરૂપે કયાંય જોવામાં નથી આવ્યો. તેથી શરૂઆતના ચાર ભંગ જ પોતાની ઐતિહાસિક ભૂમિકા ધરાવે છે, એમ નક્કી થાય છે.

'અવક્તવ્ય' અર્થ અંગે કેટલીક વિચારણા

શરૂઆતના ચાર ભંગોમાં એક 'અવક્તવ્ય' નામનો ભંગ પણ છે. એના અર્થ સંબંધમાં કંઈક વિચાર કરવા જેવું છે. આગમયુગના પ્રારંભથી 'અવક્તવ્ય' ભંગનો અર્થ એવો કરવામાં આવે છે કે સત્-અસત્ કે નિત્ય-અનિત્ય વગેરે બે અંશોનું એકસાથે પ્રતિપાદન કરી શકે એવો કોઈ શબ્દ નથી, એટલા માટે આવું પ્રતિપાદન કરવાની ઇચ્છા થઈ આવતાં વસ્તુ 'અવક્તવ્ય' છે. પરંતુ અવક્તવ્ય શબ્દનો ઇતિહાસ જોતાં કહેવું પડે છે કે એની બીજી અને ઐતિહાસિક વ્યાખ્યા પ્રાચીન શાસ્ત્રોમાં છે.

---

૧. આ સાત ભંગ આ પ્રમાણે છે : (૧) સ્યાદ્ અસ્તિ, (૨) સ્યાદ્ નાસ્તિ, (૩) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ, (૪) સ્યાદ્ અવક્તવ્ય, (૫) સ્યાદ્ અસ્તિ-અવક્તવ્ય, (૬) સ્યાદ્ નાસ્તિ-અવક્તવ્ય અને (૭) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપનિષદમાં 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह'[૧] એ ઉક્તિ દ્વારા બ્રહ્મના સ્વરૂપને અનિર્વચનીય અથવા વચનાગોચર કહ્યું છે, એ જ પ્રમાણે આચારાંગમાં પણ 'सव्वे सरा निअट्टंति, तत्थ झुणी न विज्जइ'[૨] વગેરે દ્વારા આત્માના સ્વરૂપને વચનાગોચર કહ્યું છે. બુદ્ધે પણ અનેક વસ્તુઓને 'अव्याकृत'[૩] શબ્દ દ્વારા વચનાગોચર કહી છે.

જૈન પરંપરામાં 'અનભિલાપ્ય'[૪] ભાવ પ્રસિદ્ધ છે, જે કદાપિ વચનગોચર નથી થતા. હું માનું છું કે સપ્તભંગીમાં 'અવક્તવ્ય'થી જે અર્થ લેવામાં આવે છે, તે જૂની વ્યાખ્યાનું વાદાશ્રિત અને તર્કગમ્ય બીજું રૂપ છે.

સપ્તભંગી સંશયાત્મક જ્ઞાન નથી

સપ્તભંગીની વિચારણા પ્રસંગે એક વાતનો નિર્દેશ કરવો જરૂરી છે. શ્રી શંકરાચાર્યે 'બ્રહ્મસૂત્ર' ૨–૨–૩૩ના ભાષ્યમાં સપ્તભંગીનો 'સંશયાત્મક જ્ઞાન' તરીકે નિર્દેશ કર્યો છે. શ્રી રામાનુજાચાર્યે પણ એમનું જ અનુસરણ કર્યું છે. એ તો થઈ પ્રાચીન ખંડનમંડનપ્રધાન સાંપ્રદાયિક યુગની વાત; પણ જેમાં તુલનાત્મક અને વ્યાપક અધ્યયન કરવામાં આવે છે એવા નવા યુગના વિદ્વાનોના આ સંબંધી વિચારો જાણવા જોઈએ. ડૉ. એ. બી. ધ્રુવ, જેઓ ભારતીય તેમ જ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનની બધી શાખાઓના પારદર્શી વિદ્વાન હતા—ખાસ કરીને શાંકર વેદાંતના વિશેષ પક્ષપાતી હતા—તેઓએ પોતાના 'જૈન અને બ્રાહ્મણ'[૫] ભાષણમાં સ્પષ્ટ કહ્યું છે કે સપ્તભંગી એ કંઈ સંશય-જ્ઞાન નથી; એ તો સત્યનાં જુદા જુદા પ્રકારનાં સ્વરૂપોનું નિદર્શન

૧. તૈત્તિરીય ઉપનિષદ ૨–૪.
૨. આચારાંગ સૂ૦ ૧૭૦.
૩. મજ્ઝિમનિકાય સુ૦ ૬૩.
૪. વિશેષાવશ્યકભાષ્ય ૧૪૧, ૪૮૮.
૫. આપણો ધર્મ પૃ૦ ૬૭૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવતી એક વિચારસરણી છે. શ્રી નર્મદાશંકર મહેતા, જેઓ ભારતીય સમગ્ર તત્ત્વજ્ઞાનની પરંપરાઓ અને ખાસ કરીને વેદ-વેદાંતની પરંપરાઓના અસાધારણ મૌલિક વિદ્વાન હતા, અને જેઓએ 'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' વગેરે અનેક અભ્યાસપૂર્ણ પુસ્તકો લખ્યાં છે, તેઓએ પણ (પૃ. ૨૧૩–૨૧૯) સપ્તભંગીનું નિરૂપણ બિલકુલ અસાંપ્રદાયિક દૃષ્ટિએ કર્યું છે, જે વાંચવા જેવું છે. સર સર્વપલ્લી રાધાકૃષ્ણન,[૧] ડૉ. દાસગુપ્તા[૨] વગેરે તત્ત્વચિંતકોએ પણ સપ્તભંગીનું નિરૂપણ જૈન દૃષ્ટિબિંદુને બરાબર સમજીને જ કર્યું છે.

[દૃઔચિં૦, ખં૦ ૨, પૃ૦ ૫૦૩–૫૦૪]

૧. ઇન્ડિયન ફિલોસોફી વૉ. ૧, પૃ૦ ૩૦૨.
૨. એ હિસ્ટરી ઑફ ઇન્ડિયન ફિલોસોફી વૉ. ૧, પૃ૦ ૧૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬

બ્રહ્મ અને સમ

ભારતીય તત્ત્વવિચારને સંબંધ છે ત્યાં લગી એમ કહી શકાય કે એ તત્ત્વવિચારનાં ઉદ્‌ગમસ્થાનો બે જુદાં જુદાં છે : એક છે સ્વાત્મા, અને બીજું છે પ્રકૃતિ. અર્થાત્ પહેલું આંતર અને બીજું બાહ્ય.

સમતાનું પ્રેરક તત્ત્વ 'સમ'

કોઈ અજ્ઞાત કાળમાં મનુષ્ય પોતાની જાત વિશે વિચાર કરવા પ્રેરાયો : હું પોતે શું છું ? કેવો છું ? અને બીજા જીવો સાથે મારો શો સંબંધ છે ?-એવા પ્રશ્નો એને ઉદ્‌ભવ્યા. આનો ઉત્તર મેળવવા તે અંતર્મુખ થયો અને એને પોતાના સંશોધનને પરિણામે જણાયું કે હું એક સચેતન તત્ત્વ છું અને બીજા પ્રાણીવર્ગમાં પણ એવી જ ચેતના છે. આ વિચારે તેને પોતાની જાત અને બીજા પ્રાણીવર્ગ વચ્ચે સમતાનું દર્શન કરાવ્યું. એ દર્શનમાંથી સમભાવના વિવિધ અર્થો અને તેની ભૂમિકાઓ તત્ત્વવિચારમાં રજૂ થયાં. બુદ્ધિના આ વહેણને **સમ** તરીકે ઓળખવામાં આવે છે.

'બ્રહ્મ' અને તેના વિવિધ અર્થો

બુદ્ધિનું બીજું પ્રભવસ્થાન બાહ્ય પ્રકૃતિ છે. જેઓ વિશ્વપ્રકૃતિની વિવિધ બાજુઓ, ઘટનાઓ અને તેનાં પ્રેરક બળો તરફ આકર્ષાયા હતા, તેમને એમાંથી કવિત્વની, કહો કે કવિત્વમય ચિંતનની, ભૂમિકા લાધી. દા. ત., ઋગ્વેદના જે કવિએ ઉષાના ઉલ્લાસપ્રેરક અને રોમાં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચકારી દર્શનનું સંવેદન ઝીલ્યું, તેણે ઉષાને એક રક્તવસ્ત્રા તરુણીરૂપે ઉષાસૂક્તમાં ગાઈ. સમુદ્રનાં ઊછળતા તરંગો અને તોફાનો વચ્ચે નૌકા-યાત્રા કરતાં ઋગ્વેદના જે કવિને સમુદ્રના અધિષ્ઠાયક વરુણનું રક્ષણહાર તરીકે સ્મરણ થઈ આવ્યું, તેણે વરુણસૂક્તમાં એ વરુણદેવને પોતાના સર્વશક્તિમાન રક્ષણહાર લેખે સ્તવ્યો. જેને અગ્નિની જ્વાળાઓ અને પ્રકાશક શક્તિઓનું રોમાંચક સંવેદન થયું તેણે અગ્નિનાં સૂક્તો રચ્યાં. જેને ગાઢ અંધકારવાળી રાત્રિનું રોમાંચક સંવેદન થયું તેણે રાત્રિસૂક્ત રચ્યું. એ જ રીતે વાક્, સ્કંભ, કાળ આદિ સૂક્તો વિશે કહી શકાય. પ્રકૃતિનાં એ જુદાં જુદાં પાસાં હોય કે તેમાં કોઈ દિવ્ય સત્ત્વો હોય, અગર એ બધાં પાછળ કોઈ એક જ પરમગૂઢ તત્ત્વ હોય, પણ આ જુદા જુદા કવિઓએ કરેલી પ્રાર્થનાઓ, દૃશ્યમાન પ્રકૃતિના કોઈ ને કોઈ પ્રતીકને આશ્રીને ઉદ્ભવી છે. આવી જુદાં જુદાં પ્રતીકોને સ્પર્શતી પ્રાર્થનાઓ બ્રહ્મ રૂપે ઓળખાવાતી.

બ્રહ્મના આ પ્રાથમિક અર્થમાંથી ક્રમે ક્રમે અનેક અર્થો ફલિત થયા. જે યજ્ઞોમાં આ સૂક્તોનો વિનિયોગ થતો તે પણ 'બ્રહ્મ' કહેવાયા. તેના નિરૂપક ગ્રંથો અને વિધિવિધાન કરનાર પુરોહિતો પણ બ્રહ્મ, બ્રહ્મા કે બ્રાહ્મણ તરીકે વ્યવહારાયા. અને પ્રાચીન કાળમાં જ પ્રકૃતિનાં એ વિવિધ પાસાંઓ કે દિવ્ય સત્ત્વો, એ બધાંને એક જ તત્ત્વરૂપે પણ ઓળખાવવામાં આવ્યાં. અને ઋગ્વેદના પ્રથમ મંડળમાં જ સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે, ઇન્દ્ર, મિત્ર, વરુણ, અગ્નિ ઇત્યાદિ જુદાં જુદાં નામોથી જે સ્તવાય અને ગવાય છે તે તો છેવટે એક જ તત્ત્વ છે અને તે તત્ત્વ એટલે સત્. આમ પ્રકૃતિનાં અનેક પ્રતીકો છેવટે એક સત્‌રૂપ પરમ તત્ત્વમાં વિશ્રામ પામ્યાં અને એ વિચાર અનેક રીતે આગળ વિકસતો અને વિસ્તરતો ગયો.

શ્રમણ અને બ્રાહ્મણ વિચારધારાની એક ભૂમિકા

સમભાવના ઉપાસકો **સમન** કે **સમણ** કહેવાયા. સંસ્કૃતમાં એનું **શમન** અને **શ્રમણ** એવું રૂપાંતર થયું છે. પણ **સમ** શબ્દ સંસ્કૃત જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોઈ તેનું સંસ્કૃતમાં **સમન** એવું રૂપ બને છે. **બ્રહ્મન્**ના ઉપાસકો અને ચિંતકો બ્રાહ્મણ કહેવાયા. પહેલો વર્ગ મુખ્યપણે આત્મલક્ષી રહ્યો; બીજો વર્ગ વિશ્વપ્રકૃતિમાંથી પ્રેરણા પામેલો અને તેનાં જ પ્રતીકો દ્વારા સૂક્ષ્મતમ તત્ત્વ સુધી પહોંચેલો, તેથી મુખ્યપણે પ્રકૃતિલક્ષી રહ્યો. આ રીતે બન્ને વર્ગની બુદ્ધિનું આદ્ય પ્રેરક સ્થાન જુદું જુદું હતું, પણ બન્ને વર્ગની બુદ્ધિનાં વહેણો તો કોઈ અંતિમ સત્ય ભણી જ વહ્યે જતાં હતાં.

વચલા અનેક ગાળાઓમાં આ બન્ને વહેણોની દિશા ફંટાતી કે ફંટાયા જેવી લાગતી. કયારેક એમાં સંઘર્ષ પણ જન્મતો. પણ **સમ**નો આત્મલક્ષી પ્રવાહ છેવટે સમગ્ર વિશ્વમાં ચેતનતત્ત્વ છે, અને એવું તત્ત્વ બધા દેહધારીઓમાં સ્વભાવે સમાન જ છે એ સ્થાપનામાં વિરમ્યો. તેથી જ તેણે પૃથ્વી, પાણી અને વનસ્પતિ સુધ્ધાંમાં ચેતનતત્ત્વ નિહાળ્યું અને અનુભવ્યું. બીજી બાજુ પ્રકૃતિલક્ષી બીજો વિચારપ્રવાહ વિશ્વનાં અનેક બાહ્ય પાસાંઓને સ્પર્શતો સ્પર્શતો અંતર તરફ વળ્યો અને એણે ઉપનિષદકાળમાં એ સ્પષ્ટપણે સ્થાપ્યું કે જે અખિલ વિશ્વના મૂળમાં એક સત્ કે બ્રહ્મ તત્ત્વ છે, તે જ દેહધારી જીવવ્યક્તિમાં પણ છે. આમ પહેલા પ્રવાહમાં વ્યક્તિગત ચિંતન સમગ્ર વિશ્વના સમભાવમાં પરિણમ્યું અને તેને આધારે જીવનનો આચારમાર્ગ પણ ગોઠવાયો. બીજી બાજુ વિશ્વના મૂળમાં દેખાયેલું પરમ તત્ત્વ તે જ વ્યક્તિગત જીવ છે, જીવવ્યક્તિ એ પરમ તત્ત્વથી ભિન્ન છે જ નહીં, એવું અદ્વૈત પણ સ્થપાયું. અને એ અદ્વૈતને આધારે જ અનેક આચારોની યોજના પણ થઈ. ગંગા અને બ્રહ્મપુત્રાનાં પ્રભવસ્થાનો જુદાં જુદાં, પણ છેવટે તે બન્ને પ્રવાહો એક જ મહાસમુદ્રમાં મળે છે, તે જ પ્રમાણે આત્મલક્ષી અને પ્રકૃતિલક્ષી બન્ને વિચારની ધારાઓ અંતે એક જ ભૂમિકા ઉપર આવી મળી. ભેદ દેખાતો હોય તો તે માત્ર શાબ્દિક, અને બહુ બહુ તો વચલા ગાળામાં સંઘર્ષને પરિણામે ઉત્પન્ન થયેલા સંસ્કારોને કારણે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાશ્વત વિરોધ છતાં એકતાની પ્રેરક પરમાર્થદૃષ્ટિ

એ ખરું છે કે સમાજમાં, શાસ્ત્રોમાં અને શિલાલેખ આદિમાં પણ બ્રહ્મ અને સમની આસપાસ પ્રવર્તેલા વિચાર અને આચારના ભેદો કે વિરોધોની નોંધ છે; આપણે બૌદ્ધ પિટકો, જૈન આગમો અને અશોકના શિલાલેખો, તેમ જ બીજા અનેક ગ્રંથોમાં બ્રાહ્મણ અને શ્રમણ, એ બે વર્ગોનો ઉલ્લેખ જોઈએ છીએ. મહાભાષ્યકાર પતંજલિએ આ બન્ને વર્ગોને શાશ્વત વિરોધીરૂપે પણ નિર્દેશ્યા છે. આમ છતાં, ઉપર કહેવામાં આવ્યું છે તેમ, એ બન્ને પ્રવાહો પોતપોતાની રીતે એક જ પરમ તત્ત્વને સ્પર્શે છે, એવું પ્રતિપાદન કરવામાં આવે તો એ કઈ દૃષ્ટિએ? આ પ્રશ્નનો ખુલાસો કર્યા વિના તત્ત્વજિજ્ઞાસા સંતોષાય નહીં.

એ દૃષ્ટિ તે પરમાર્થની. પરમાર્થદૃષ્ટિ કુળ, જાતિ, વંશ, ભાષા, ક્રિયાકાંડ અને વેશ આદિના ભેદોને અતિક્રમી વસ્તુના મૂળગત સ્વરૂપને નિહાળે છે, એટલે તે સહેજે અભેદ કે સમતા ભણી જ વળે છે. વ્યવહારમાં ઊભા થયેલા ભેદો અને વિરોધો સંપ્રદાયો તેમ જ તેના અનુગામીઓમાં પ્રવર્તેલા, અને કયારેક તેમાંથી સંઘર્ષ પણ જન્મેલો. એ સંઘર્ષના સૂચક બ્રાહ્મણ-શ્રમણ વર્ગોના ભેદોની નોંધ તો સચવાઈ, પણ એની સાથે સાથે પરમાર્થદૃષ્ટિને પામેલ એવા પ્રાજ્ઞ પુરુષોએ જે ઐકય જોયું કે અનુભવ્યું તેની નોંધ પણ અનેક પરંપરાનાં અનેક શાસ્ત્રોમાં સચવાઈ છે. જૈન આગમો, કે જેમાં બ્રાહ્મણ અને શ્રમણ વર્ગોના ભેદનો નિર્દેશ છે, તેમાં જ સાચા બ્રાહ્મણ અને સાચા શ્રમણનું સમીકરણ જોવા મળે છે. બૌદ્ધ પિટકોમાં પણ એવું જ સમીકરણ છે. મહાભારતમાં વ્યાસે સ્થળે સ્થળે સાચા બ્રાહ્મણની વ્યાખ્યા સાચા શ્રમણ રૂપે જ આપી છે. વનપર્વમાં અજગરરૂપે અવતરેલ નહુષે સાચો બ્રાહ્મણ કોણ, એવો પ્રશ્ન યુધિષ્ઠિરને પૂછ્યો છે. ઉત્તરમાં યુધિષ્ઠિરના મુખે મહર્ષિ વ્યાસે કહ્યું છે કે દરેક જન્મ લેનાર સંકર પ્રજા છે. મનુના શબ્દો ટાંકી વ્યાસે સમર્થન કર્યું છે કે પ્રજામાત્ર સંકરજન્મા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, અને સદ્‌વૃત્તવાળો શૂદ્ર એ જન્મબ્રાહ્મણથી પણ ચડિયાતો છે. વ્યક્તિમાં સચ્ચરિત્ર અને પ્રજ્ઞા હોય ત્યારે જ તે સાચો બ્રાહ્મણ બને છે. આ થઈ પરમાર્થદૃષ્ટિ. ગીતામાં બ્રહ્મ પદનો અનેકધા ઉલ્લેખ આવે છે. સાથે જ સમ પદ પણ ઉચ્ચ અર્થમાં મળે છે. પણ્ડિતાઃ સમદર્શિનઃ। એ વાકય તો બહુ જાણીતું છે. સુત્તનિપાત નામના બૌદ્ધ ગ્રંથમાં એક પરમટ્ઠસુત્ત છે; તેમાં ભારપૂર્વક કહ્યું છે કે બીજા બીજા ઊતરતા કે ખોટા, અને હું શ્રેષ્ઠ, એ પરમાર્થદૃષ્ટિ નથી.

ગંગા અને બ્રહ્મપુત્રાનાં પ્રભવસ્થાનો જુદાં, પણ તેમનું મિલનસ્થાન એક. આમ છતાં બન્ને મહાનદીઓના પટ જુદા, કિનારાની વસતીઓ જુદી, ભાષા અને આચારો પણ જુદાં. આ જુદાઈમાં જ રચ્યાપચ્યા રહેનારાઓ મિલનસ્થાનની એકતાને જોઈ નથી શકતા. તેમ છતાં એ એકતા તો સાચી જ છે. એ જ રીતે ભિન્ન ભિન્ન પ્રભવસ્થાનથી ઉદ્‌ભવેલ વિચારપ્રવાહો ભિન્ન ભિન્ન રીતે પોષાવાને લીધે, એના સ્થૂળ આવરણમાં રાચતા અનુગામીઓ બન્ને પ્રવાહોનું સમીકરણ જોઈ નથી શકતા, પણ એ તથ્ય અબાધિત છે. એને જોનાર પ્રતિભાવાન પુરુષો સમયે સમયે અવતરતા જ રહ્યા છે, અને તે બધી જ પરંપરાઓમાં.

સમત્વ એ મુદ્રાલેખ હોવા છતાં જૈન અને બૌદ્ધ જેવી શ્રમણપરંપરાઓમાં બ્રહ્મચર્ય અને બ્રહ્મવિહાર શબ્દો એટલા બધા પ્રચલિત થયા છે કે તેને એ પરંપરાઓથી છૂટા પાડી શકાય તેમ છે જ નહીં. એ જ રીતે બ્રહ્મ તત્ત્વનો મુદ્રાલેખ ધરાવનાર વર્ગમાં પણ 'સમ' પદ એવી રીતે એકરસ થયું છે કે તેને બ્રહ્મભાવથી કે બ્રાહ્મી સ્થિતિથી વિખૂટું પાડી શકાય તેમ છે જ નહીં.

પ્રાચીન કાળથી જ ચાલી આવતી આ પરમાર્થદૃષ્ટિ ઉત્તર કાળમાં પણ કાળજીપૂર્વક પોષાતી રહી છે. તેથી જ જન્મે બ્રાહ્મણ પણ સંપ્રદાયે બૌદ્ધ એવા વસુબંધુએ અભિધર્મકોષમાં સ્પષ્ટ કહ્યું કે શ્રામણ્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ममलो मार्गः ब्राह्मण्यमेव तत्। એના જ્યેષ્ઠ બધુ અસંગે પણ એવી મતલબની સૂચના કયાંક કરી છે.

પરમાર્થદૃષ્ટિની આ પરંપરા સાંપ્રદાયિક ગણાય એવા નરસિંહ મહેતામાં વ્યક્ત થઈ છે. આખા વિશ્વમાં એક તત્ત્વરૂપે એમણે હરિનું કીર્તન કર્યું અને પછી એ હરિના ભક્ત વૈષ્ણવજનના એક લક્ષણરૂપે 'સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી' એમ પણ કહ્યું. એ જ રીતે સાંપ્રદાયિક મનાતા ઉપાધ્યાય યશોવિજયજીએ પણ કહ્યું કે સમત્વ પ્રાપ્ત કરવું એ જ બ્રહ્મપદની પ્રાપ્તિ છે.

છેલ્લે આ પરમાર્થ અને વ્યવહારદૃષ્ટિનો ભેદ તેમ જ પરમાર્થ-દૃષ્ટિની યથાર્થતા ડૉ. એ. બી. ધ્રુવે પણ દર્શાવી છે. એક બ્રાહ્મણીના હાથનું ભોજન તેમણે ન સ્વીકાર્યું ત્યારે તેમણે કહ્યું કે આ તો મારો એક કુટુંબગત નાગર સંસ્કાર છે, એનું વાસ્તવિકત્વ હું તર્કસિદ્ધ માનતો જ નથી; માત્ર સંસ્કારને અનુસરું છું, એટલું જ. ખરી દૃષ્ટિ એમણે બીજે સ્થળે નિર્દેશી છે. જૈન આગમ સૂત્રકૃતાંગની પ્રસ્તાવના લખતાં તેમણે કહ્યું છે: "જૈન (શ્રમણ) થયા વિના 'બ્રાહ્મણ' થવાતું નથી, અને 'બ્રાહ્મણ' થયા વિના 'જૈન' થવાતું નથી. તાત્પર્ય કે જૈન ધર્મનું તત્ત્વ ઇન્દ્રિયોને અને મનોવૃત્તિઓને જીતવામાં છે, અને બ્રાહ્મણ ધર્મનું તત્ત્વ વિશ્વની વિશાળતા આત્મામાં ઉતારવામાં છે."

આટલા સંક્ષેપ ઉપરથી આપણે એટલું પામી શકીએ છીએ કે બુદ્ધિ છેવટે એક જ સત્યમાં વિરમે છે અને સાથે એ પણ સમજી શકીએ છીએ કે વ્યવહારના ગમે તેટલા ભેદો અને વિરોધો અસ્તિત્વમાં હોય છતાં પરમાર્થદૃષ્ટિ કદી લોપાતી નથી.

[ગુજરાતી સાહિત્ય પરિષદના સને ૧૯૫૯ના ઑક્ટોબરમાં અમદાવાદમાં ભરાયેલ અધિવેશનના તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકે આપેલ ભાષણમાંથી]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭

ચાર સંસ્થાઓ

[૧] સંઘસંસ્થા : ચતુર્વિધ સંઘ

ભગવાન મહાવીરે જ્યારે વર્ણબંધનનો છેદ ઉડાડી મૂકયો ત્યારે ત્યાગના દૃષ્ટિબિંદુ ઉપર પોતાની સંસ્થાના વર્ગો પાડયા. મુખ્ય બે વર્ગ : એક ઘરબાર અને કુટુંબકબીલા વિનાનો ફરતો અનગાર વર્ગ; અને બીજો કુટુંબકબીલામાં રાચનાર સ્થાનબદ્ધ અગારી વર્ગ. પહેલો વર્ગ પૂર્ણ ત્યાગી. એમાં સ્ત્રી અને પુરુષ બન્ને આવે, અને તે સાધુ-સાધ્વી કહેવાય. બીજો વર્ગ પૂર્ણ ત્યાગનો ઉમેદવાર. એમાં પણ સ્ત્રી અને પુરુષો બન્ને આવે, અને તે શ્રાવક-શ્રાવિકા કહેવાય. આ રીતે ચતુર્વિધ સંઘવ્યવસ્થા—અથવા બ્રાહ્મણ-પંથના પ્રાચીન શબ્દનો નવેસર ઉપયોગ કરીએ તો ચતુર્વિધ વર્ણ-વ્યવસ્થા—શરૂ થઈ. સાધુસંઘની વ્યવસ્થા સાધુઓ કરે. એના નિયમો એ સંઘમાં અત્યારે પણ છે, અને શાસ્ત્રમાં પણ બહુ સુંદર અને વ્યવસ્થિત રીતે મુકાયેલા છે. સાધુસંઘ ઉપર શ્રાવકસંઘનો અંકુશ નથી એમ કોઈ ન સમજે. પ્રત્યેક નિર્વિવાદ સારું કાર્ય કરવા સાધુ-સંઘ સ્વતંત્ર જ છે, પણ કયાંય ભૂલ દેખાય અથવા તો મતભેદ હોય અથવા તો સારા કાર્યમાં પણ ખાસ મદદની અપેક્ષા હોય ત્યાં સાધુસંઘે પોતે જાતે જ શ્રાવકસંઘનો અંકુશ પોતાની ઇચ્છાથી જ સ્વીકાર્યો છે. એ જ રીતે શ્રાવકસંઘનું બંધારણ ઘણી રીતે જુદું હોવા છતાં તે સાધુસંઘનો અંકુશ સ્વીકારતો જ આવ્યો છે. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે પરસ્પરના સહકારથી એ બન્ને સંઘો એકંદર હિતકાર્ય જ કરતા આવ્યા છે.

[દ્રઅચિં૦ ભા૦ ૧, પૃ. ૩૭૭-૩૭૮]

[૨] સાધુસંસ્થા

આજની સાધુસંસ્થા ભગવાન મહાવીરને તો આભારી છે, પણ એ સંસ્થા તો એથીયે જૂની છે. ભગવતી જેવા આગમોમાં અને બીજા જૂના ગ્રંથોમાં પાર્શ્વાપત્ય એટલે પાર્શ્વનાથના શિષ્યોની વાતો આવે છે. તેમાંના કેટલાક ભગવાન પાસે જતાં ખચકાય છે; કેટલાક તેમને ધર્મવિરોધી સમજી પજવે છે; કેટલાક ભગવાનને હરાવવા કે તેમની પરીક્ષા કરવા ખાતર તરેહતરેહનાં પ્રશ્નો કરે છે; પણ છેવટે એ પાર્શ્વાપત્યની પરંપરા ભગવાન મહાવીરની શિષ્યપરંપરામાં કાં તો સમાઈ જાય છે અને કાં તો તેમાંનો કેટલોક સડેલો ભાગ આપોઆપ ખરી જાય છે. અને એકંદર પાછો ભગવાનનો સાધુસંઘ નવે રૂપે જ ઊભો થાય છે; તે એક સંસ્થાના રૂપમાં ગોઠવાઈ જાય છે.

ડહાપણ ભરેલું બંધારણ

તેના રહેણીકરણીના, અરસપરસના વહેવારના અને કર્તવ્યોના નિયમો ઘડાય છે. એ નિયમના પાલન માટે અને એમાં કોઈ ભંગ કરે તો એને શાસન કરવા માટે સુવ્યવસ્થિત રાજતંત્રની પેઠે એ સાધુસંસ્થાના તંત્રમાં પણ નિયમો ઘડાય છે; નાનામોટા અધિકારીઓ નિમાય છે. એ બધાનાં કામોની મર્યાદા અંકાય છે. સંઘસ્થવિર, ગચ્છસ્થવિર, આચાર્ય, ઉપાચાર્ય, પ્રવર્તક, ગણી વગેરેની મર્યાદાઓ, અરસપરસના વ્યવહારો, કામના વિભાગો, એકબીજાની તકરારના ફેંસલાઓ, એકબીજા ગચ્છની અંદર કે એકબીજા ગુરુની પાસે જવા-આવવાના, શીખવાના, આહાર વગેરેના નિયમોનું જે વર્ણન છેદસૂત્રોમાં મળે છે, તે જોઈ સાધુસંસ્થાના બંધારણ પરત્વેના આચાર્યોના ડહાપણ વિશે માન ઉત્પન્ન થયા વિના રહેતું નથી. એટલું જ નહિ, પણ આજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પણ મહતી સંસ્થાને પોતાનું બંધારણ બાંધવા અથવા વિશાળ કરવા માટે એ સાધુસંસ્થાના બંધારણનો અભ્યાસ બહુ જ મદદગાર થઈ પડે તેમ મને સ્પષ્ટ લાગ્યું છે.

ભિક્ષુણીસંઘ અને તેની બૌદ્ધસંઘ ઉપર અસર

આ દેશના ચારે ખૂણામાં સાધુસંસ્થા ફેલાઈ ગઈ હતી. ભગવાનના અસ્તિત્વ દરમિયાન ચૌદ હજાર ભિક્ષુ અને છત્રીસ હજાર ભિક્ષુણીઓ હોવાનું કથન છે. તેમના નિર્વાણ પછી એ સાધુસંસ્થામાં કેટલો ઉમેરો થયો કે કેટલો ઘટાડો થયો તેની ચોક્કસ વિગત આપણી પાસે નથી, છતાં એમ લાગે છે કે ભગવાન પછીની અમુક સદીઓ સુધી તો એ સંસ્થામાં ઘટાડો નહોતો જ થયો, કદાચ વધારો થયો હશે. સાધુસંસ્થામાં સ્ત્રીઓને સ્થાન કાંઈ ભગવાન મહાવીરે જ પહેલાં નથી આપ્યું. તેમના પહેલાંય ભિક્ષુણીઓ જૈન સાધુસંઘમાં હતી અને બીજા પરિવ્રાજક પંથોમાં પણ હતી, છતાં પણ એટલું તો ખરું જ કે ભગવાન મહાવીરે પોતાના સાધુસંઘમાં સ્ત્રીઓને ખૂબ અવકાશ આપ્યો અને એની વ્યવસ્થા વધારે મજબૂત કરી. એનું પરિણામ બૌદ્ધ સાધુસંઘ ઉપર પણ થયું. બુદ્ધ ભગવાન સાધુસંઘમાં સ્ત્રીઓને સ્થાન આપવા ઇચ્છતા ન હતા, પણ તેમને છેવટે સાધુસંસ્થામાં સ્ત્રીઓને સ્થાન આપવું પડ્યું. આ તેમના પરિવર્તનમાં જૈન સાધુસંસ્થાની કાંઈક અસર અવશ્ય છે એમ વિચાર કરતાં લાગે છે.

સાધુનું ધ્યેય : જીવનશુદ્ધિ

સાધુ એટલે સાધક. સાધક એટલે અમુક ધ્યેયની સિદ્ધિ માટે સાધના કરનાર, તે ધ્યેયનો ઉમેદવાર. જૈન સાધુઓનું ધ્યેય મુખ્યપણે તો જીવનશુદ્ધિ જ નક્કી કરવામાં આવેલું છે. જીવનને શુદ્ધ કરવું એટલે તેનાં બંધનો, તેનાં મળો, તેના વિક્ષેપો અને તેની સંકુચિતતાઓ ટાળવી. ભગવાને પોતાના જીવન મારફત સમજદારને એવો પદાર્થપાઠ શીખવ્યો છે કે જ્યાં સુધી પોતે પોતાનું જીવન અંતર્મુખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ તપાસી ન લે, શોધી ન લે, પોતે વિચાર અને વર્તનમાં સ્થિર ન થાય, પોતે પોતાના ધ્યેય પરત્વે સ્પષ્ટ ભાન કરે ત્યાં સુધી તે બીજાને શી રીતે દોરી શકે? ખાસ કરી આધ્યાત્મિક જીવન જેવી મહત્ત્વની બાબતમાં જો કોઈની દોરવણી કરવાની હોય તો પહેલાં—એટલે કે બીજાના ઉપદેશક અથવા ગુરુ થયા પહેલાં—પોતાની જાતને એ બાબતમાં ખૂબ તૈયાર કરી લેવી જોઈએ. એ તૈયારીનો સમય એ જ સાધનાનો સમય. આવી સાધના માટે એકાંત જગ્યા, સ્નેહીઓ અને બીજા લોકોથી અલગપણું, કોઈ પણ સામાજિક કે બીજી ખટપટમાં માથું ન મારવાપણું, અમુક પ્રકારના ખાનપાનના અને રહેણીકરણીના નિયમો—એ બધું યોજાયેલું હતું.

સ્થાનાંતર અને લોકોપકાર

એ સંસ્થામાં એવા અસાધારણ પુરુષો પાકયા છે કે જેમની અંતર્દૃષ્ટિ અને સૂક્ષ્મ વિચારણા કાયમ હતી. કેટલાક એવા પણ થઈ ગયા છે કે જેમની બહિર્દૃષ્ટિ તો હતી છતાં અંતર્દૃષ્ટિ પણ ચુકાઈ ન હતી. કેટલાક એવા પણ થઈ ગયા છે કે જેમનામાં અંતર્દૃષ્ટિ નહિવત્ અથવા તદ્દન ગૌણ થઈ હતી અને બહિર્દૃષ્ટિ જ મુખ્ય થઈ ગઈ હતી. ગમે તેમ હો, છતાં એક બાજુ સમાજ અને કુળધર્મ તરીકે જૈનપણાનો વિસ્તાર થતો ગયો અને એ સમાજમાંથી જ સાધુઓ થઈ સંસ્થામાં દાખલ થતા ગયા, અને બીજી બાજુ સાધુઓનું વસતિસ્થાન પણ ધીરે ધીરે બદલાતું ચાલ્યું. જંગલો, ટેકરીઓ અને શહેરની બહારના ભાગમાંથી સાધુગણ લોકવસતિમાં આવતો ગયો. સાધુસંસ્થાએ જનસમુદાયમાં સ્થાન લઈ અનિચ્છાએ લોકસંસર્ગજનિત કેટલાક દોષો સ્વીકાર્યા હોય, તો તેની સાથે જ તે સંસ્થાએ લોકોમાં કેટલાક પોતાના ખાસ ગુણો પણ દાખલ કર્યા છે, અને તેમ કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. જે કેટલાક ત્યાગીઓ માત્ર અંતર્દૃષ્ટિવાળા હતા અને જેમણે પોતાના જીવનમાં આધ્યાત્મિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંતિ સાધી હતી, એવાઓના શુભ અને શુદ્ધ કૃત્યની નોંધ તો એમની સાથે જ ગઈ, કારણ કે એમને પોતાના જીવનની યાદી બીજાઓને સોંપવાની કશી પડી જ ન હતી; પણ જેઓએ, અંતર્દૃષ્ટિ હોવા છતાં કે ન હોવા છતાં અગર ઓછીવત્તી હોવા છતાં, લોકકાર્યમાં પોતાના પ્રયત્નનો ફાળો આપેલો હતો એની નોંધ આપણી સામે વજ્રલિપિમાં લખાયેલી છે—એકવારના માંસભોજી અને મદ્યપાયી જનસમાજમાં જે માંસ અને મદ્ય તરફની અરુચિ અથવા તેના સેવનમાં અધર્મબુદ્ધિ ઉત્પન્ન થઈ છે, તેનું શ્રેય કાંઈ સાધુસંસ્થાને ભાગે ઓછું નથી. સાધુસંસ્થાનું રાતદિવસ એક કામ તો ચાલ્યા જ કરતું કે તેઓ જ્યાં જાય ત્યાં સાત વ્યસનના ત્યાગનો શબ્દથી અને જીવનથી પદાર્થપાઠ શીખવે. માંસનો તિરસ્કાર, દારૂની ઘૃણા અને વ્યભિચારની અપ્રતિષ્ઠા તેમ જ બ્રહ્મચર્યનું બહુમાન—આટલું વાતાવરણ લોકમાનસમાં ઉતારવામાં જૈન સાધુસંસ્થાનો અસાધારણ ફાળો છે એની કોઈ ના પાડી શકે નહિ.

[દચિં૦ ભા૦ ૧, પૃ૦ ૪૧૨-૪૧૬]

[૩] તીર્થસંસ્થા

જ્યાં ધાર્મિક આત્માઓનો કાંઈ પણ સંબંધ રહ્યો હોય, અગર જ્યાં કુદરતી સુંદરતા હોય અથવા એ એમાંથી એકે ન હોય છતાં જ્યાં કોઈ પૈસાદારે પુષ્કળ નાણું ખરચી ઇમારતની, સ્થાપત્યની, મૂર્તિની કે એવી કાંઈ વિશેષતા આણી હોય ત્યાં ઘણેભાગે તીર્થ ઊભાં થઈ જાય છે. ગામ અને શહેરો ઉપરાંત સમુદ્રતટ, નદીકાંઠો, બીજાં જળાશયો અને નાનામોટા પહાડો એ જ મોટેભાગે તીર્થ તરીકે પ્રસિદ્ધ છે.

જૈન તીર્થો જળાશય પાસે નથી આવ્યાં એમ તો નથી જ; સુંદર તીર્થો ગંગા જેવી મહતી નદીને કિનારે અને બીજાં જળાશયો પાસે આવેલાં છે. તેમ છતાં સ્થાન પરત્વે જૈન તીર્થોની ખાસ વિશેષતા પહાડોની પસંદગીમાં છે. પૂર્વ હિંદુસ્તાન કે પશ્ચિમ હિંદુસ્તાન, દક્ષિણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંદુસ્તાન કે ઉત્તર હિંદુસ્તાન—જ્યાં જાઓ ત્યાં જૈનોનાં પ્રધાન તીર્થો ટેકરીઓ અને પહાડોની ઉપર જ આવેલાં છે. માત્ર શ્વેતાંબર સંપ્રદાય જ નહિ પણ દિગંબર સંપ્રદાય સુધ્ધાંની સ્થાન પરત્વે ખાસ પસંદગી પહાડોની જ છે. જ્યાં શ્વેતાંબરોને જરા પણ સંબંધ નથી, અવરજવર નથી એવાં કેટલાંક ખાસ દિગંબરોનાં તીર્થો દક્ષિણ હિંદુસ્તાનમાં છે, અને તે પણ પહાડી ભાગમાં આવેલાં છે. આ ઉપરથી એટલું જ ફલિત થાય છે કે તીર્થના પ્રાણભૂત સંતપુરુષોનું મન કેવાં કેવાં સ્થાનોમાં વધારે લાગતું, અને તેઓ કઈ જાતનાં સ્થાનો પસંદ કરતા. વળી ભક્તવર્ગ હો કે મનુષ્યમાત્ર હો, તેમને એકાંત અને કુદરતી સુંદરતા કેવી ગમે છે એ પણ એ તીર્થસ્થાનોના વિકાસ ઉપરથી જાણી શકાય છે. ગમે તેટલું ભોગમય અને ધમાલિયું જીવન ગાળ્યા પછી પણ છેવટે, અથવા વચ્ચે વચ્ચે કચારેક કચારેક, માણસ આરામ અને આનંદ માટે કયાં અને કેવાં સ્થાન તરફ દૃષ્ટિ દોડાવે છે એ આપણે તીર્થસ્થાનોની પસંદગી ઉપરથી જાણી શકીએ છીએ.

તીર્થોના વિકાસમાં મૂર્તિપ્રચારનો વિકાસ છે અને મૂર્તિપ્રચારની સાથે જ મૂર્તિનિર્માણકળા તેમ જ સ્થાપત્યકળા સંકળાયેલાં છે. આપણા દેશના સ્થાપત્યમાં જે વિશેષતાઓ અને જે મોહકતાઓ છે તે તીર્થસ્થાનો અને મૂર્તિપૂજનને જ મુખ્યપણે આભારી છે. ભોગસ્થાનોમાં સ્થાપત્ય આવ્યું છે ખરું, પણ તેનું મૂળ ધર્મસ્થાનો અને તીર્થસ્થાનોમાં જ છે.

દેવદ્રવ્યના રક્ષણની સુંદર વ્યવસ્થા

જૈનોના તીર્થો એ કાંઈ બે-પાંચ કે દશ નથી પણ સેંકડોની સંખ્યામાં, અને તે પણ દેશના કોઈ એક જ ભાગમાં નહિ, પરંતુ જ્યાં જાઓ ત્યાં ચારેતરફ મળી આવે છે. એ જ એક વખતના જૈન સમાજના વિસ્તારનો પુરાવો છે. જૈન તીર્થોની ખાસ એક સંસ્થા જ છે. ધરમંદિરો અને તદ્દન ખાનગી માલિકીનાં મંદિરોને બાજુએ મૂકીએ તોપણ જેના ઉપર નાનામોટા સંઘની માલિકી હોય, દેખરેખ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવાં સંઘમાલિકીનાં મંદિરોના નાનામોટા ભંડારો હોય છે. એ ભંડારોમાં નાણાંનું ખાસું ભંડોળ હોય છે, જે દેવદ્રવ્ય કહેવાય છે. એમાં શંકા નથી કે આ દેવદ્રવ્ય એકઠું કરવામાં, તેની સારસંભાળ રાખવામાં અને તે ભરખાઈ ન જાય તે માટે ચાંપતા ઇલાજો લેવામાં જૈન સંઘે ખૂબ ચાતુરી અને ઈમાનદારી વાપરી છે. હિંદુસ્તાનમાંના બીજા કોઈ સંપ્રદાયના દેવદ્રવ્યમાં જૈન સંપ્રદાયના દેવદ્રવ્ય જેટલી ચોખવટ તમે ભાગ્યે જ જોશો. એ જ રીતે દેવદ્રવ્ય એના ઉદ્દેશ સિવાય બીજે કયાંય ખર્ચાય નહિ, વેડફાય નહિ અને કોઈ એને પચાવી ન જાય એ માટે પણ જૈન સંઘે એક નૈતિક અને વ્યાવહારિક સુંદર વાતાવરણ ઊભું કર્યું છે.

જાણવા જેવી બાબતો

તીર્થસંસ્થા સાથે મૂર્તિનો, મંદિરનો, ભંડારનો અને સંઘ નીકળવાનો, એ ચાર ભારે મનોરંજક અને મહત્ત્વના ઇતિહાસો છે. લાકડા, ધાતુ અને પથ્થરે મૂર્તિ અને મંદિરોમાં કેવી કેવી રીતે, કયા કયા જમાનામાં, કેવો કેવો ભાગ ભજવ્યો, એક પછી બીજી અવસ્થા કેવી કેવી રીતે આવતી ગઈ, ભંડારોમાં અવ્યવસ્થા અને ગરબડ કેવી રીતે આવ્યાં અને તેની જગ્યાએ પાછી વ્યવસ્થા અને નિયંત્રણ કેવી રીતે શરૂ થયાં, નજીકનાં અને દૂરનાં તીર્થોમાં હજારો અને લાખો માણસોના સંઘો યાત્રાએ કેવી રીતે જતા અને એની સાથે એ શું શું કામો કરતા—એ બધો ઇતિહાસ ભારે જાણવા જેવો છે.

ત્યાગ, શાંતિ અને વિવેક કેળવવાની પ્રેરણામાંથી જ આપણે તીર્થો ઊભાં કર્યાં છે અને ત્યાં જવાનો તથા તેની પાછળ શક્તિ, સંપત્તિ અને સમય ખર્ચવાનો આપણો ઉદ્દેશ પણ એ જ છે.

[દચિં૦ ભા૦ ૧, પૃ. ૪૦૫-૪૦૮]

[૪] જ્ઞાનસંસ્થા–જ્ઞાનભંડારો

જ્યાં માનવજાત છે ત્યાં જ્ઞાનનો આદર સહજ હોય જ છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને હિંદુસ્તાનમાં તો જ્ઞાનની પ્રતિષ્ઠા હજારો વર્ષથી ચાલી આવે છે. બ્રાહ્મણ અને શ્રમણ સંપ્રદાયની ગંગા-યમુનાની ધારાઓ માત્ર વિશાળ જ્ઞાનના પટ ઉપર જ વહેતી આવી છે, અને વહે જાય છે. ભગવાન મહાવીરનું તપ એટલે બીજું કાંઈ જ નહિ, પણ જ્ઞાનની ઊંડી શોધ. જે શોધ માટે એમણે તન તોડ્યું, રાતદિવસ ન ગણ્યાં અને તેમની જે ઊંડી શોધ જાણવા-સાંભળવા હજારો માણસોની મેદની તેમની સામે ઊભરાતી, તે શોધ એ જ જ્ઞાન, અને એના ઉપર જ ભગવાનના પંથનું મંડાણ છે.

જ્ઞાન અને તેનાં સાધનોનો મહિમા

એ જ્ઞાને શ્રુત અને આગમ નામ ધારણ કર્યું. એમાં ઉમેરો પણ થયો અને સ્પષ્ટતાઓ પણ થતી ચાલી. જેમ જેમ એ શ્રુત અને આગમના માનસરોવરને કિનારે જિજ્ઞાસુ હંસો વધારે અને વધારે આવતા ગયા તેમ તેમ એ જ્ઞાનનો મહિમા વધતો ચાલ્યો. એ મહિમાની સાથે જ એ જ્ઞાનને મૂર્ત કરનાર એનાં સ્થૂળ સાધનોનો પણ મહિમા વધતો ચાલ્યો. સીધી રીતે જ્ઞાન સાચવવામાં મદદ કરનાર પુસ્તક પાનાં જ નહિ, પણ તેના કામમાં આવનાર તાડપત્ર, લેખણ, શાહીનો પણ જ્ઞાનના જેટલો જ આદર થવા લાગ્યો. એટલું જ નહિ, પણ એ પોથી-પાનાનાં બંધનો, તેને રાખવા મૂકવા અને બાંધવાનાં ઉપકરણો પણ બહુ જ સત્કારાવા લાગ્યાં. જ્ઞાન આપવા અને મેળવવામાં જેટલું પુણ્ય-કાર્ય, તેટલું જ જ્ઞાનનાં સ્થૂળ ઉપકરણોને આપવા અને લેવામાં પુણ્ય-કાર્ય મનાવા લાગ્યું.

જ્ઞાનભંડારોની સ્થાપના અને તેનો વિકાસ

એક બાજુ શાસ્ત્રસંગ્રહ અને લખાણનો વધતો જતો મહિમા અને બીજી બાજુ સંપ્રદાયોની જ્ઞાન વિષેની હરીફાઈઓ—આ બે કારણોને લીધે પહેલાંની એકવારની મોઢે ચાલી આવતી જ્ઞાનસંસ્થા આખી જ ફેરવાઈ ગઈ અને મોટા મોટા ભંડારરૂપમાં દેખા દેવા લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરેક ગામ અને શહેરના સંઘને એમ લાગે જ કે અમારે ત્યાં જ્ઞાનભંડાર હોવો જ જોઈએ. દરેક ત્યાગી સાધુ પણ જ્ઞાનભંડારની રક્ષા અને વૃદ્ધિમાં જ ધર્મની રક્ષા માનતો થઈ ગયો. પરિણામે આખા દેશમાં, એક છેડેથી બીજા છેડા સુધી, જૈન જ્ઞાનસંસ્થા ભંડારરૂપે વ્યવસ્થિત થઈ ગઈ. ભંડારો પુસ્તકોથી ઊભરાતા ચાલ્યા. પુસ્તકોમાં પણ વિવિધ વિષયોનું અને વિવિધ સંપ્રદાયોનું જ્ઞાન સંધરાતું ગયું. સંઘના ભંડારો, સાધુના ભંડારો અને વ્યક્તિગત માલિકીના પણ ભંડારો—એમ ભગવાનના શાસનમાં ભંડાર, ભંડાર અને ભંડાર જ થઈ ગયા ! એની સાથે જ મોટો લેખકવર્ગ ઊભો થયો, લેખનકળા વિકાસ પામી અને અભ્યાસીવર્ગ પણ ભારે વધ્યો. છાપવાની કળા અહીં આવી ન હતી ત્યારે પણ કોઈ એક નવો ગ્રંથ રચાયો કે તરત જ તેની સેંકડો નકલો થઈ જતી અને દેશના બધે ખૂણે વિદ્વાનોમાં વહેંચાઈ જતી. આ રીતે જૈન સંપ્રદાયમાં જ્ઞાનસંસ્થાની ગંગા અવિચ્છિન્નપણે વહેતી આવી છે. જ્ઞાન તરફની જીવતી જૈન ભક્તિને પરિણામે આજે પણ એ ભંડારો એટલા બધા છે અને એમાં એટલું બધું વિવિધ તેમ જ જૂનું સાહિત્ય છે કે તેનો અભ્યાસ કરવા માટે વિદ્વાનો પણ ઓછા પડે છે. પરદેશના અને આ દેશના કોડીબંધ શોધકો અને વિદ્વાનોએ આ ભંડારોની પાછળ વર્ષો ગાળ્યાં છે અને એમાંની વસ્તુ તથા એનો પ્રાચીન રક્ષાપ્રબંધ જોઈ તેઓ ચકિત થયા છે.

બ્રાહ્મણ અને જૈન ભંડારો વચ્ચે ફેર

બ્રાહ્મણ સંપ્રદાયના અને જૈન સંપ્રદાયના ભંડારો વચ્ચે એક ફેર છે, અને તે એ કે બ્રાહ્મણના ભંડારો વ્યક્તિની માલિકીના હોય છે, જ્યારે જૈન ભંડારો બહુધા સંઘની માલિકીના જ હોય છે; અને ક્વચિત્ વ્યક્તિની માલિકીના હોય ત્યાં પણ તેનો સદુપયોગ કરવા માટે તે વ્યક્તિ માલિક છે, અને દુરુપયોગ થતો હોય ત્યાં મોટેભાગે સંઘની જ સત્તા આવીને ઊભી રહે છે. બ્રાહ્મણો આસો મહિનામાં જ પુસ્તકો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંથી ચોમાસાનો ભેજ ઉડાવવા અને પુસ્તકોની સારસંભાળ લેવા ત્રણ દિવસનું સરસ્વતીશયન નામનું પર્વ ઊજવે છે; જ્યારે જૈનો કાર્તિક શુદી પંચમીને જ્ઞાનપંચમી કહી તે વખતે પુસ્તકો અને ભંડારોને પૂજે છે, અને એ નિમિત્તે ચોમાસામાંથી સંભવતો બગાડ ભંડારોમાંથી દૂર કરે છે. આ રીતે જૈન જ્ઞાનસંસ્થા, જે એકવાર માત્ર મૌખિક હતી તે, અનેક ફેરફાર પામતી પામતી, અને ઘટાડોવધારો અને અનેક વિવિધતા અનુભવતી અનુભવતી આજે મૂર્તરૂપે આપણી સામે છે.

[દ્રઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૩૭૩-૩૭૫]

જૈન ભંડારોની અસાંપ્રદાયિક દૃષ્ટિ

સેંકડો વર્ષોથી ઠેર ઠેર સ્થાપન થયેલા મોટા મોટા જૈન જ્ઞાન-ભંડારોમાં ફક્ત જૈન શાસ્ત્રોનું કે અધ્યાત્મશાસ્ત્રનું જ સંગ્રહ-સંરક્ષણ નથી થયું, બલ્કે એની મારફત અનેક પ્રકારનાં લૌકિક શાસ્ત્રોનું અસાંપ્રદાયિક દૃષ્ટિએ સંગ્રહ-સંરક્ષણ પણ થયું છે. વૈદક, જ્યોતિષ, મંત્રતંત્ર, સંગીત, સામુદ્રિકશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, કાવ્ય, નાટક, પુરાણો, અલંકાર અને કથાગ્રંથો તેમ જ બધાં દર્શનોનાં મહત્ત્વનાં શાસ્ત્ર—આ બધાંનું જૈન જ્ઞાનભંડારોમાં કેવળ સંગ્રહ-સંરક્ષણ જ નથી થયું, બલ્કે એના અધ્યયન અને અધ્યાપન દ્વારા કેટલાક વિશિષ્ટ વિદ્વાનોએ એવી પ્રતિભામૂલક નવી કૃતિઓની રચના કરી કે જે બીજે દુર્લભ છે, અને મૌલિક કહી શકાય એવી છે. જૈન જ્ઞાનભંડારોમાંથી એવા ગ્રંથો પણ ઉપલબ્ધ થયા છે, જે બૌદ્ધ વગેરે અન્ય પરંપરાઓના છે, અને આજે દુનિયાના બીજા કોઈ પણ ભાગમાં મૂળ સ્વરૂપે હજી સુધી ઉપલબ્ધ થયા નથી.

[દ્રઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૫૧૮-૫૧૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮

પર્યુષણ અને સંવત્સરી

જૈન તહેવારોનો ઉદ્દેશ

જૈન તહેવારો સૌથી જુદા પડે છે અને તે જુદાઈ એ છે કે જૈનોનો એક પણ નાનો કે મોટો તહેવાર એવો નથી કે જે અર્થ અને કામની ભાવનામાંથી અથવા તો ભય, લાલચ અને વિસ્મયની ભાવનામાંથી ઉત્પન્ન થયો હોય. અગર તો તેમાં પાછળથી સેળભેળ થયેલી એવી ભાવનાનું શાસ્ત્રથી સમર્થન કરવામાં આવતું હોય. નિમિત્ત તીર્થંકરોના કોઈ પણ કલ્યાણકનું હોય અગર બીજું કાંઈ હોય, પણ એ નિમિત્તે ચાલતા પર્વ કે તહેવારનો ઉદ્દેશ માત્ર જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ તેમ જ પુષ્ટિ કરવાનો જ રાખવામાં આવેલો છે. એક દિવસના કે એકથી વધારે દિવસના લાંબા, એ બન્ને તહેવારો પાછળ જૈન પરંપરામાં માત્ર એ એક જ ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

પર્યુષણ પર્વ : અષ્ટ અષ્ટાહ્નિકા

લાંબા તહેવારોમાં ખાસ છ અઠ્ઠાઈઓ આવે છે. તેમાં પણ પર્યુષણની અઠ્ઠાઈ એ સૌથી શ્રેષ્ઠ ગણાય છે; તેનું મુખ્ય કારણ તેમાં સાંવત્સરિક પર્વ આવે છે એ છે. આ આઠે દિવસ લોકો જેમ બને તેમ ધંધોધાપો ઓછો કરવાનો, ત્યાગ-તપ વધારવાનો, જ્ઞાન, ઉદારતા આદિ સદ્‌ગુણો પોષવાનો અને ઐહિક, પારલૌકિક કલ્યાણ થાય એવાં જ કામો કરવાનો પ્રયત્ન કરે છે. જ્યાં જુઓ ત્યાં જૈન પરંપરામાં એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાર્મિક વાતાવરણ, અષાડ મહિનાનાં વાદળોની પેઠે, ઘેરાઈ આવે છે. આવા વાતાવરણને લીધે અત્યારે પણ આ પર્વના દિવસોમાં નીચેની બાબતો સર્વત્ર નજરે પડે છે: (૧) ધમાલ ઓછી કરીને બને તેટલી નિવૃત્તિ અને કુરસદ મેળવવાનો પ્રયત્ન. (૨) ખાનપાન અને બીજા કેટલાક ભોગો ઉપર ઓછોવત્તો અંકુશ. (૩) શાસ્ત્રશ્રવણ અને આત્મચિંતનનું વલણ. (૪) તપસ્વી અને ત્યાગીઓની તેમ જ સાધર્મિકોની યોગ્ય પ્રતિપત્તિ-ભક્તિ. (૪) જીવોને અભયદાન આપવાનો પ્રયત્ન. (૬) વેર-ઝેર વિસારી સહુ સાથે સાચી મૈત્રી સાધવાની ભાવના.

શ્વેતાંબરના બન્ને ફિરકાઓમાં એ અઠવાડિયું પજુસણ તરીકે જ જાણીતું છે અને સામાન્ય રીતે બન્નેમાં એ અઠવાડિયું એકસાથે જ શરૂ થાય છે અને પૂરું પણ થાય છે, પણ દિગંબર સંપ્રદાયમાં આઠને બદલે દશ દિવસો માનવામાં આવે છે અને પજુસણને બદલે એને દશલક્ષણી કહેવામાં આવે છે, તથા એનો સમય પણ શ્વેતાંબર પરંપરા કરતાં જુદો છે. શ્વેતાંબરોના પજુસણ પૂર્ણ થયાં કે બીજા દિવસથી જ દિગંબરોની દશલક્ષણી શરૂ થાય છે.

[દર્શનચિંતન ભા૦ ૧, પૃ૦ ૩૩૫-૩૩૭]

આ અઠવાડિયામાં આપણે ભગવાન મહાવીરની પુણ્યકથા સાંભળવા અને તેના મર્મ ઉપર વિચાર કરવા પૂરો અવકાશ મેળવી શકીએ. ભગવાને પોતાની કઠોર સાધના દ્વારા જે સત્યો અનુભવ્યાં હતાં અને તેમણે પોતે જ જે સત્યોને સમકાલીન સામાજિક પરિસ્થિતિ સુધારવા અમલમાં મૂકયાં હતાં અને લોકો એ પ્રમાણે જીવન ઘડે એ હેતુથી જે સત્યોનો સમર્થ પ્રચાર કર્યો હતો, તે સત્યો સંક્ષેપમાં ત્રણ છે:

(૧) બીજાના દુઃખને પોતાનું દુઃખ લેખી જીવનવ્યવહાર ઘડવો, જેથી જીવનમાં સુખશીલતા અને વિષમતાનાં હિંસક તત્ત્વો પ્રવેશ ન પામે. (૨) પોતાની સુખસગવડનો, સમાજના હિત અર્થે, પૂર્ણ ભોગ આપવો, જેથી પરિગ્રહ બંધન મટી લોકોપકારમાં પરિણમે. (૩) સતત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાગૃતિ અને જીવનનું આંતરનિરીક્ષણ કરતા રહેવું, જેથી અજ્ઞાન કે નબળાઈને કારણે પ્રવેશ પામતા દોષોની ચોકી કરી શકાય અને આત્મપુરુષાર્થમાં ઓટ ન આવે.

[દશ્ચિં૦ ભા ૧, પૃ૦ ૪૮૩-૪૮૪]

સંવત્સરી : મહત્પર્વ

સાંવત્સરિક પર્વ એ મહત્પર્વ છે. બીજાં કોઈ પણ પર્વો કરતાં એ મહત્ છે. એની મહત્તા શેમાં છે એ જ સમજવાનું રહે છે.

કોઈ પણ વ્યક્તિએ ખરી શાન્તિ અનુભવવી હોય, અગવડ કે સગવડ, આપદા કે સંપદામાં સ્વસ્થતા કેળવવી હોય અને વ્યક્તિત્વને ખંડિત ન થવા દેતાં તેનું આંતરિક અખંડપણું સાચવી રાખવું હોય તો એનો એકમાત્ર અને મુખ્ય ઉપાય એ છે કે તે વ્યક્તિ પોતાની જીવનપ્રવૃત્તિના દરેક ક્ષેત્રનું બારીકાઈથી અવલોકન કરે. એ આન્તરિક અવલોકનનો હેતુ એ જ રહે કે તેણે કયાં કયાં, કેવી કેવી રીતે, કોની કોની સાથે નાની કે મોટી ભૂલ કરી છે તે જોવું. જ્યારે કોઈ માણસ સાચા દિલથી નમ્રપણે પોતાની ભૂલ જોઈ લે છે ત્યારે તેને તે ભૂલ, ગમે તેટલી નાનામાં નાની હોય તોય, પહાડ જેવી મોટી લાગે છે અને તેને તે સહી શકતો નથી. પોતાની ભૂલ અને ખામીનું ભાન એ માણસને જાગતો અને વિવેકી બનાવે છે. જાગૃતિ અને વિવેક માણસને બીજા સાથે સંબંધો કેમ રાખવા, કેમ કેળવવા એની સૂઝ પાડે છે. એ રીતે આન્તરિક અવલોકન માણસની ચેતનાને ખંડિત થતાં રોકે છે. આવું અવલોકન માત્ર ત્યાગી કે ફકીર માટે જ જરૂરી છે એમ નથી, પણ તે નાની કે મોટી ઉંમરના અને કોઈ પણ ધંધા અને સંસ્થાના માનવી માટે સફળતાની દૃષ્ટિએ આવશ્યક છે, કેમ કે તે દ્વારા એ મનુષ્ય પોતાની ખામીઓ નિવારતાં નિવારતાં ઊંચે ચડે છે અને સૌનાં દિલને જીતી લે છે. આ એક સાંવત્સરિક પર્વના મહત્ત્વની મુખ્ય વ્યક્તિગત બાજુ થઈ. પરંતુ એ મહત્ત્વ સામુદાયિક દૃષ્ટિએ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારવાનું છે; અને હું જાણું છું ત્યાં લગી, સામુદાયિક દૃષ્ટિએ આન્તરિક અવલોકનનું મહત્ત્વ જેટલું આ પર્વને અપાયું છે તેટલું બીજા કોઈ પર્વને બીજા કોઈ વર્ગે આપ્યું નથી. તેથી સમજાય છે કે સામુદાયિક દૃષ્ટિએ આન્તરિક અવલોકનપૂર્વક પોતપોતાની ભૂલ કબૂલવી અને જેના પ્રત્યે ભૂલ સેવાઈ હોય તેની સાચા દિલથી માફી માગવી અને સામાને માફી આપવી એ સામાજિક સ્વાસ્થ્ય માટે પણ કેટલું અગત્યનું છે.

આને લીધે જ જૈન પરંપરામાં પ્રથા પડી છે કે દરેક ગામ, નગર અને શહેરનો સંઘ અંદરોઅંદર ખમે-ખમાવે; એટલું જ નહિ, પણ બીજા સ્થાનના સંઘો સાથે પણ તે આવો જ વ્યવહાર કરે. સંઘોમાં માત્ર ગૃહસ્થો નથી આવતા, ત્યાગીઓ પણ આવે છે; પુરુષો જ નહિ, સ્ત્રીઓ પણ આવે છે. સંઘ એટલે માત્ર એક ફિરકા, એક ગચ્છ, એક આચાર્ય કે એક ઉપાશ્રયના જ અનુગામીઓ નહિ, પણ જૈન પરંપરાને અનુસરનાર દરેક જૈન. વળી, જૈનોને જૈન પરંપરાવાળા સાથે જ જીવવું પડે છે એવું કાંઈ નથી; તેઓને બીજાઓ સાથે પણ એટલું જ કામ પડે છે, અને ભૂલ થાય તો તે જેમ અંદરોઅંદર થાય તેમ બીજાઓના સંબંધમાં પણ થાય છે જ. એટલે ખરી રીતે ભૂલ સ્વીકાર અને ખમવા-ખમાવવાની પ્રથાનું રહસ્ય એ કાંઈ માત્ર જૈન પરંપરામાં જ પૂરું થતું નથી, પણ ખરી રીતે એ રહસ્ય સમાજવ્યાપી ક્ષમણામાં છે. તે એટલે સુધી કે આવી પ્રથાને અનુસરનાર જૈન સૂક્ષ્મ-અતિસૂક્ષ્મ અને અગમ્ય જેવા જીવવર્ગને પણ ખમાવે છે, તેના પ્રત્યે પોતે કાંઈ સજ્ઞાન-અજ્ઞાનપણે ભૂલ કરી હોય તો માફી માગે છે.

ખરી રીતે આ પ્રથા પાછળની દૃષ્ટિ તો બીજી છે, અને તે એ કે જો માણસ સૂક્ષ્મ-અતિસૂક્ષ્મ જીવ પ્રત્યે પણ કોમળ થવા જેટલો તૈયાર હોય તો તેણે સૌથી પહેલાં જેની સાથે પોતાનું અંતર હોય, જેની સાથે કડવાશ ઊભી થઈ હોય, પરસ્પર લાગણી દુભાઈ હોય તેની સાથે ક્ષમા લઈ-દઈ દિલ ચોખ્ખાં કરવાં

[દશ્ચિં૦ ભા૦ ૧, પૃ૦ ૩૫૪-૩૫૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org